काशी वह तीर्थ या धार्मिक नगरी है, जिसे सभी बड़े महात्माओं ने अपनी जन्मस्थली या कर्मस्थली बनाया । इन संतो ने जहाँ सामाजिक संशोधन किया वहीं भक्ति, कर्म और ज्ञान की महत्ता की जो त्रिवेणी जनमानस तक प्रवाहित की । उसके फलस्वरूप कालान्तर में हिन्दू और मुसलमान एक दूसरे के अत्यधिक निकट आ गये । मनुष्य मात्र में आत्मगौरव एवं राष्ट्रीय भाव का प्रादुर्भाव हुआ, साहित्य की उन्नति हुई, सामाजिक सद्भावना का जन्म हुआ तथा संकीर्ण भावनाओं का तिरस्कार हुआ ।

*इन संतो के अनुयायी आज भी काशी में साधनारत है और किसी न किसी रूप से सामाजिक या* धार्मिक सुधार की ओर अग्रसर है । साथ ही यह संदेश है, मानवमात्र के लिए, जो एकत्व और भाईचारे की आवाज़ काशी में इन संतों द्वारा उठायी गई, उससे हम उज्ज्वल भविष्य के प्रति अवश्य आशान्वित रहेंगे ।

પાછો ફરીને જોઈશ નહીં. આગળ ને આગળ ચાલ્યો જા. મનમાં સહેજ પણ સંકોચ નહિ રાખ. ગમે તે થાય, ગમે તેનો સામનો કરવો પડે પણ એમાંથી પોતાની શક્તિ અનુસાર શુભ મેળવવાની પ્રતિજ્ઞા લઈને એને જ તારો એક માત્ર મદદગાર માન. એવું કરવાથી ભૂલો અને ખામીઓ છતાં તું કલ્યાણને માર્ગે જ આગળ વધીશ. આમ કરવાને બદલે જો તું બે ભાગમાં વહેંચાઈ જઈશ, અડધો પ્રભુનો ને અડધો બીજાનો, તો આખી બાજી બગડી જશે.

**કવિવર ટાગોર**

# 'गांधीजयंती' नाटक में गांधी

◆

**डो. कपिला पटेल***

श्री डी.विजय भास्कर रचित 'गांधीजयंती' तेलुगु नाट्यकृति है। इसका हिन्दी अनुवाद आर. शान्ता सुंदरीने किया है। नंदी पुरस्कार से पुरस्कृत 'गांधीजयंती' नाटक गीता प्रकाशन, हैदराबाद, लखनउ एवं दिल्ली से प्रकाशित हुआ है। उसका प्रथम संस्करण २००५ में आया।

तेलुगु नाट्यक्षेत्र में विजय भास्कर एक जानामाना नाम है। अब तक तेलुगु में उन्होंने १८ नाटक लिखे हैं, इन सभी नाटकों का मंचन हो चुका है।

'गांधी जयंती' नाट्यकृति तेरह दृश्यो में प्रस्तुत की गई है। इस नाटक के दृश्य छोटे छोटे हैं। प्रत्येक दृश्य कुछ न कुछ नई समस्या लेकर आता है और प्रत्येक दृश्य मंचनयोग्य है। संवादो में बोलचाल की भाषा है जो इसकी एक विशेषता है। 'गांधीजयंती' नाटक में गांधी जी की मृत्यु के बाद स्वतंत्र भारत में चारों और फैले हुए भ्रष्टाचार और हिंसा केन्द्रस्थ हैं। यहाँ गांधी जी के एक एक आदर्श एवं सिद्धांत की हत्या होती दिखाई पड़ती है। यहाँ असत्यवादी, भ्रष्टाचारी, शोषणखोर राजनेता गांधी जी के नाम पर अपने स्वार्थ को पुष्ट करते दिखाई पड़ते हैं। अहिंसा की प्रशंसा करने वाले ये नेतागण अपने साथियों की हत्या करने से भी पीछे हटनेवाले नहीं है। गांधी जी के विचार की मीठी मीठी बातें करनेवाले ये नेता परस्पर धिक्कार के कीचड़ में किलविलाते नज़र आते हैं। ये लोग गांधी के बताये हुए रास्ते पर चलते हैं लेकिन अपने अपने ढ़ंग से अपना उल्लू सिद्ध करने के लिए।

'गांधीजयंती'का प्रथम दृश्य यमलोक का है। सूर्य की प्रार्थना के बाद यमराजा न्यायासन पर बैठकर पापीओं को प्रविष्ट करने की आज्ञा करते हैं। तब गांधी जी को महापापी के रूप में हाज़िर किया जाता है। क्योंकि उन्होंने अयोग्य देश और प्रजा को स्वतंत्रता दिलाई और उस महापाप का प्रतिफल गांधी जी ने नहीं देखा, इसीलिए यमराजा यह महापाप का दंड़ भुगतने के लिए गांधी जी को भारत देश में तीस दिन के लिए वापस भेज देते हैं।

'गांधीजयंती' के दिन बिजली के कड़ाके के साथ गांधी की समाधि में दरार पड़ती है और गांधी जी पुनः जीवित होकर बाहर आते हैं। गांधी जी को देखकर स्वातंत्र्यसेनानी राजाराम खुशी से फूला नहीं समाता। लेकिन यहाँ सत्य एवं अहिंसा तो आकाशकुसुम हो गए हैं, जैसी राजाराम की बात सुनकर बापू दुःखी हो जाते हैं। बाद में गांधी जी स्वतंत्र भारत की दुर्दशा के कईं दृश्य अपनी आँखो से देखते हैं। स्वार्थी नेतागण गांधी को प्रजा के बीच असली गांधी के रूप में प्रस्तुत करते हैं। बाद में नेतागण बापू की खिदमत करने के बहाने उनके आसपास कुत्ते की तरह दूम हिलाकर घूमते रहते हैं। बापू को जब उन लोगों का मतलब समझ में आता है कि छोटी सी सत्ता पाने के कारण यह नेतागण सब कुछ करने को तैयार हो जाते हैं। तब बापू सभी नेताओं को ड़ाँटते हैं। इन्टरनेट - ईमेल द्वारा ग्रामविकास करनेवाले नेताओं को गांधी जी कहते हैं कि पहेले गाँवो को जिलाओं-वरना आप जो भी Development कर रहे हैं न, वह ऐसा लगेगा जैसे लाश को सजा रहे हों, Please go away ! फिर भी गांधी जी की बात ये स्वार्थी एवं भ्रष्टाचारी नेताओं की समझ में नहीं आती। तब बापू भ्रष्टाचार रोकने के लिए प्रजा का प्रतिनिधि बनकर नेताओं को सुधर जाने की चेतावनी देते

*व्याख्याता, गुजराती विभाग, म. दे. समाजसेवा महाविद्यालय, गूजरात विद्यापीठ, अहमदाबाद

हैं। टी.वी. पर गांधी का भाषण सुनकर और उनकी लोकप्रियता देखकर सभी नेता गबरा जाते हैं। हमारी बिल्ली हमीं से म्यांउ करे, यही स्थिति नेतागण सह नहीं पाते। इसीलिए शासक पक्ष का नेता पुलिस कमिश्नर के साथ गुफ्तगू करके गांधी को हटाने का षड्यंत्र करता है। फिर सभी पक्षों के नेतागण उसमें शामिल हो जाते हैं।

अंतिम दृश्य कोर्ट के हैं। बडे प्रभावशाली दृश्यों हैं। धोखेबाज़ नकली गांधी ने भूकंपपीड़ित लोगों की सहायता के लिए चंदा इकठ्ठा किया और लाखों रुपये जमा किये। इन तथ्यों के बारे में जानकारी हांसिल करके जब अेम.एल.ए यादगिरि ने उसे धमकाया कि मैं राज की बात का खुलासा कर दूंगा तो नकली गांधी ने बड़ी निर्ममता से उसकी हत्या कर दी। इस तरह भ्रष्टाचारी नेताओं ने गांधी को खूनी और देशद्रोही ठहरा दिया। गांधी जी ने स्व बचाव के लिए बहुत सी दलीलें की, फिर भी गांधी जी नाकामयाब रहें। असत्यवादी एवं अन्यायी नेतागण गांधी को फाँसी के फँदे तक पहुँचाने में कामयाब रहें। अंत में गांधी जी ने अपनी आखिरी ख्वाहिश में फिर से जन्म लेने की बात बताई। लेकिन इस बार वह गांधी बनकर नहीं जन्म लेंगे, जो एक गाल पर मार खाकर दूसरा गाल दिखाते थे। लोकतंत्र को खा जाने वाले नेतागण-राक्षसगण को तहसनहस करने के लिए वे जड़चेतन में सभी जगह व्याप्त होकर रहेंगे। अन्याय के किलों को और अंधकार की दीवारों को दूर करेंगे। यह कहकर गांधी जैसे उपर उठते हैं वैसे ही फाँसी का फंदा दूर जाता है। बाद में गांधी जी पुष्पक विमान में बैठकर स्वर्ग में जाते हुए दिखाई पड़ते हैं।

इस नाटक में आरंभ से बारह दृश्यों तक सत्यवादी एवं अहिंसावादी, न्यायपरायण गांधी जी अंतिम दृश्य में अन्यायी एवं भ्रष्टाचारी नेताओं के प्रति आगबबुला हो जाते हैं। गीता के ग्यारहवे अध्याय के विराटरूपधारी कृष्ण की वाणी जैसी वाणी गांधीमुख से सुनाई पड़ती है। तीसरे दृश्य से अंतिम दृश्य तक महात्मा गांधी जी नकली गांधी के रूप में नेताओं द्वारा तिरस्कृत होते दिखाई देते हैं। हाँ, असली गांधी के रूप में नेतागण गांधी जी को अवश्य स्वीकार करते है, लेकिन कब ? अपना स्वार्थ सिद्ध करना है तब ! अपनी कुर्सी को संभालना है तब ! चंदा इकठ्ठा करना है तब ! महँगाई जैसे विकट प्रश्नो पर से प्रजा का ध्यान हटाना है तब !

इस तरह 'गांधी जयंती' में गांधीमूल्यों एवं आदर्शो की पराजय बताकर गांधी-सिद्धांतो की विडंबना होती दिखाकर, गांधी जी को धोखेबाज़, देशद्रोही एवं हत्यारा कहलाकर गांधी को भ्रष्टाचारी नेताओं द्वारा फाँसी के फंदे तक पहुँचाकर, फिर भी अंत में देवाधिदेव इन्द्र द्वारा महात्मा गांधी का आदर सत्कार बताकर नाट्यसर्जक ने गांधी और गांधीविचार के प्रति अपनी आस्था एवं स्नेह की भावना को मूर्तरूप दिया है। इस तरह 'गांधीजयंती' नाटक वर्तमान परिवेश में भी प्रस्तुत व प्रासंगिक दिखाई देता है।

# અમદાવાદના શાહવાડી વિસ્તારનાં સોમનાથ મહાદેવ અને કાશીવિશ્વનાથનાં મંદિર

◆

ડૉ. ભારતી શેલત

અમદાવાદના પરા વિસ્તારમાં સુએજ ફાર્મ નજીક જૂની શાહવાડીમાં આવેલું પ્રાચીન સોમનાથ મહાદેવનું મંદિર ઈ.સ.ની ૧૨મી-૧૩મી સદીમાં બંધાયું હોવાનું જણાય છે. આ મંદિરમાં કોઈ શિલાલેખ નથી. પરંતુ બારોટના ચોપડાની નોંધ અનુસાર મહીજ ગામ (બારેજડી નજીક)ના પટેલ કાનાના પરિવારના સભ્યો સંવત ૧૨૦૦ની આસપાસ શાહવાડીમાં વસ્યા અને ત્યાં એમણે સોમેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું. ત્યાંથી, થોડે દૂર ગંગાજલીઓ કૂવો ખોદાવ્યો. દસ્તાવેજમાં જણાવ્યા અનુસાર શાહવાડીમાં નાગનું સ્થાનક છે. મહાદેવના લિંગની ફરતી આરસપહાણની પેડી છે. આ પેડીમાં ચોવીસ મણ જેટલું દૂધ સમાતું હોવાનું જણાય છે. શાહવાડીથી થોડે દૂર અમદાવાદના માર્ગમાં કાશી વિશ્વનાથનું મંદિર આવેલું છે, જેનો ઉલ્લેખ દસ્તાવેજમાં કરેલો છે. દસ્તાવેજ અનુસાર ભાદા ગામના પટેલ કિશોરદાસ, જીજીભાઈ, નથુભાઈ, પ્રભુદાસ, ધરમદાસ, મહીજના વિઠ્ઠલદાસ, ઝુ(ઝું)ડાલના મૂળજી, કુબેરદાસ, કાલીદાસ, ગિરધરદાસ તેમજ કુબડથલાના પટેલ પીતાંબરદાસ કુબેરદાસે કાશીની યાત્રા કરી. પરત ફર્યા બાદ ગામમાં બ્રહ્મભોજન કરાવ્યું. દક્ષિણામાં એક મહોર, પીતાંબર આપી રૂ. ૨૦,૦૦૦ ના ખર્ચે ગામ ચોર્યાસીની નાત કરી. ચૌહાણ ખેતાજીએ ગામથી આથમણી દિશામાં તળાવ બંધાવ્યું. સોનાનો વેડ બારોટ કાનજી પચાંણને આપ્યો. સં. ૧૩૫૫ જેઠ શુદિ ૩ ને મંગળવારે (૧૩ મે, ઈ.સ. ૧૨૯૮) શાહવાડીથી મહીજ ગામ જઈને વસ્યા. પહેલું ગામ ઝરડકા, ત્યાં દેવીના સ્થાનકવાળી ભાગોળે થઈ ત્યાંથી ગઢી ગામ અને ત્યાંથી મહીજ વાસ કર્યો. ગામમાં રબારીનો નેસડો હતો. એક પાટી પરમારની, એક પાટી વાણિયાની, એક સુથારની અને એક ભરવાડની, એમ ચાર પાટીઓ વસી. ચહુવાણ ભોજોજી, ચહુવાણ ખેતોજી મહીજમાં વસ્યા. ખેતાજીએ તળાવડી કરાવી, જે ગામથી આથમણી દિશામાં છે. સં. ૧૩૧૪માં ગામનું તોરણ બાંધ્યું. ગામની વચ્ચે ચોરામાં વેરાઈ ભવાનીનું સ્થાનક છે. મહીઆ રબારીના નામ પરથી મહીજ વસ્યું. જે કાંનકૂવોની પાસે, ષાંડીઓ કૂવોની પાસે, આડા તળાવની પાળે, પેપરવડ ગામની પાસે છે.

સોમનાથ મંદિરના હાલના પૂજારી અવિનાશભાઈ રાવળે જણાવેલ અનુશ્રુતિ મુજબ ગામલોકોએ વેરાવળ-સોમનાથ ચાલતા જઈ ત્યાંથી જ્યોતિ લાવી અહીં અખંડ દીપની સ્થાપના કરી અને બ્રહ્મભોજન નાત ચોર્યાશી કરી. સરખેજના મોઢ બ્રાહ્મણોને કાયદેસરની મંદિરની સેવા કરવાનો હક આપ્યો. અહીં પાંચ અઘોરી બાવાઓએ તપ કરીને સમાધિ લીધેલ છે. એ પાંચેયની સમાધિઓ અને ધૂણો મંદિર પરિસરમાં છે.

## કાશી વિશ્વનાથ મંદિર

જૂની શાહવાડીમાં સોમનાથ મહાદેવના મંદિરથી બેએક કિલોમીટર દૂર કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરની બહારના ભાગમાં જમણી તરફ એક છૂટક પથ્થર ઉપર લેખ કોતરેલો છે, જેની મિતિ સં. ૧૬૪૬, પોષ સુદિ ૩, સોમવાર (૨૯ ડિસે., ઈ.સ. ૧૫૮૯) છે. આ શિલાલેખ પાછળથી કોતરાયેલો જણાય છે. મૂળ મંદિરમાંના લિંગની સ્થાપના તાજેતરમાં બનાવેલા નવા મંદિરમાં કરી છે. જ્યારે મૂળ મંદિરમાં હાલ ખાખી અખાડાના સાધુઓની જમાતે સેવા માટે પોતાની પાસે રાખેલ લાલજી શાલિગરામ અને ગણપતિની પ્રતિમાઓ પધરાવેલી છે. મંદિરના પરિસરમાં લગ. ૧૭મી - ૧૮મી સદીની ગણપતિ અને

નંદિની પ્રતિમાઓ ખંડિત અવસ્થામાં પડેલી છે.

શાહવાડીનો વિસ્તાર અમદાવાદની સ્વતંત્ર બાદશાહીના સમયમાં બનેલો હતો. એમાં બાગ હતો. એની જમીન ૬૨ વીઘાં હતી અને ૫૦ વીઘાં બહારની જમીન પણ એ બાગની ગણાતી. એમાં ચાર બળદની જોડ, આઠ માળી તથા ઝાડુ વાળનારની નિમણૂક થતી. મુબારિઝ, ઉલ્મુલ્કની સૂબેદારીના સમય (૧૭ સદીનો પૂર્વાર્ધ) સુધી સૂબાના દીવાનની હકુમતમાં આ બગીચો હતો અને મહારાજા અભેસિંહના અમલમાં એને સૂબાએ પચાવી પાડ્યો હતો.

## દસ્તાવેજનો પાઠ

गाम महीजडू

१. भाई દनो परवार वेरांणो : पटेल : कानानो परवार :

२. दुधी वाडे वक्षोः पटेल वरणांना गोधरे वसा :

३. पटेल : अषाईना : हलारमा वसा : धोराजीने पू -

४. गणे : पटेल : जगमालनो : मालवामो गडगडीऐ

५. पीपटनी अेगअेः सवत १२ ना वरषे : गांम थलते -

६. जथी उचटनी ने गाम सा(शाह)वाडीमो वसा : सोमेस[-★]

७. र मादेवनुं देरुं करावुं तांथी अरुवसः गंगाजली

८. ओ कुवोनी पाओ : चारीमो : जारे बरवरस -

९. नी अनावसटी पडी : तारे नागना माथामो-

१०. थी : सोमनाथ मादेवनी पेदास थई : सावाडीमो

११. थांनक छे : आरसपाणनी पेडी छे : चोवीस मण

१२. दुध माअ छे : कासी वीसवनाथनुं देरु छे :

१३. अमदावादना मारगमो छे :

१४. भादाना : कीसोरदास : जीजीभाई : नथुभा -

१५. ई : प्रभुदास : ध्ररमदास :

१६. नगरतनबः वीठलदासनीः पी : महीजा ३१८

१७. कीसोरदासना : नागब : मुलजी : छाभाई :

१८. कुबेरदासः कालीदासः गीरधर्दास

१९. ता रामबः नी पी. झुडाल

२०. बीजीः गोरभः काभाई नीपीः कुबडथला. पीतांमर : ३९

२१. पः कुबेरदासः कासीनी जात्रा कारीः भ्रमभोज

२२. दषणा हाथ ओडः मोरः १ आपीः बाजे पीतांमर

२३. आपुः नातमेलो करोः रुपीआ वीसहजार वाच

२४. री मंडावीने : घोडीरोझी : कडां हेम ना आषा : वेड

२५. सोनानो आपो: बारोट: कांनजी पचाणने आपु:
२६. सवत १३५५ ना वरषे : जेठ सुदी : ३ दने : वार भोमे :
२७. गांम : सावाडीथी: गांम महीजडे वसा : पेलु गांम :
२८. झरडका देवीने पाधर बसी । गढी गाम वासु
२९. ताथी महीजडू : वास: रबारीनो नेसडो हतो :
३०. एक पाटी : परमारनी हती :
३१. एक पाटी वांणियानी हती : अेक पाटी : सोथा
३२. नी : अेकपाटी : भरुवाडनी अेवी पाटीआं चारे
३३. वासु : चहुवांण : भोजोजी : चहुवाण : षेतोजी :
३४. महीजडु वासु : षेताजीअे : तलावडी करावी : गा-
३५. मथी आथमणी छे : सवत १३१४ना वरषे : गामनुं तो [-*]
३६. रण बांधु : वेराई भवांनीनुं थांनक गांम वचे छे :
३७. चोरामो छे : महीआ रबारीने नामे महीजडु वासु :
३८. कांन कुवोनी पाओ षांडीओ कुवोनी पाओ : आडा तला [-*]
३९. वनी पाले : पेपरवड गांमनी पासे छे.

—x—

*Tell me not in mournful numbers*
*Life is but an empty dream.*
*For the soul is dead that slumbers*
*And things are not what they seem to be.*

*Life is real, life is earnest*
*And the grave is not its goal.*
*Dust thou art to dust return*
*Was not spoken of the soul.*

**H.G.Longfellow**





# અમેરિકાની વિશ્વપ્રસિદ્ધ યુનિવર્સિટી હાર્વર્ડની વિશેષતાઓ અને પરંપરા

◆

ડૉ. ભાનુમતી શાહ*

યુ.એસ.એ.ના બોસ્ટન શહેરમાં આવેલી હાર્વર્ડ યુનિવર્સિટી જગપ્રસિદ્ધ છે. બોસ્ટન શહેર પણ ઇતિહાસ-ગાથાઓથી ભરપૂર છે. એને એનો સંસ્થાનગત વૈભવ છે, જેમાં સંસ્થાનગત ચર્ચો પણ છે. ને છતાં આ એ આધુનિક શહેર પણ છે જ. એની વાસ્તુકલા શૈલીમાં જીવંતતા ધબકે છે. ધમધમતા ઉદ્યોગો, વિવિધ સંસ્કૃતિઓ તથા અગત્યનાં કલાધામો અહીં આવેલાં છે. બોસ્ટન હાર્બર ક્રાંતિકારી યુદ્ધ માટે જાણીતું છે. વિશ્વ-પ્રખ્યાત માછલીઘર, સાયન્સ મ્યુઝિયમ, ઐતિહાસિક ગલીઓમાં ફરવા માટેની અસંખ્ય તકો, મનોરંજન માટે ટાપુઓમાં લઈ જવા માટેની દરિયાઈ બોટો આ બધાથી આ શહેર શોભે છે.

બોસ્ટન અને કેમ્બ્રિજની નજીકમાં જ ઍટલાન્ટિકનો સમુદ્રકિનારો, હુંફાળો દરિયો, એના કિનારા પરથી Cape God to Maine ના દેખાતાં ગામડાં, સ્કીલોપ્સ જંગલો તથા ઐતિહાસિક સ્થળો, અમેરિકાના ભૂતકાળને સ્મરાવે છે.

('યુએસ ન્યૂઝ' મેગેઝિનમાં હમણાં જ પ્રગટ થયેલા સમાચાર પ્રમાણે રેંકીંગમાં હાર્વર્ડ યુનિ. પ્રથમ નંબરે આવે છે.)

હાર્વર્ડ યુનિવર્સિટીની સ્થાપના ૧૬૩૬માં થઈ. ત્યારથી એણે જગતને વિશ્વપ્રસિદ્ધ મહાનુભાવો વિવિધ સ્તરે આપ્યા છે. વિદ્યાર્થીઓની શક્તિઓને વિકસાવવા આથી જ એને બમણો પાનો ચડે છે. અહીં અમેરિકાનાં પચાસ રાજ્યો, તેમજ વિશ્વભરનાં શહેરો તથા ગામોમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવે છે. એ પછી પબ્લીક સ્કૂલ, પ્રાઈવેટ સ્કૂલ, કોઈપણ સ્તર, કે કોઈ પણ ધર્મના હોય, અહીં કોઈ બાધ રખાતો નથી.

હાર્વર્ડ બધાને એકસરખી રીતે શૈક્ષણિક સુવિધા આપવા પ્રયત્ન કરે છે. પ્રવેશ કેવળ શૈક્ષણિક સિદ્ધિઓ તથા અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીએ લીધેલા ભાગને આધારે અપાય છે ! આર્થિક સદ્ધરતા કે એનો અભાવ એવું કશું જોવામાં આવતું નથી. ૭૦ ટકા વિદ્યાર્થીઓ નાણાંકીય સહાય મેળવે છે. વિદ્યાર્થીઓ વિવિધ શોખો એ રસરુચિ ધરાવતા હોય છે. મોટા ભાગના બધા ખૂબ જ નિપુણ વિદ્યાર્થીઓ હોય છે. જેઓ પુસ્તકાલય, પ્રયોગશાળાઓ, સેમિનાર, ચર્ચાઓ વગેરેમાં રસ ધરાવે છે. વિદ્યાર્થીઓમાંના ઘણાએ રાજકીય જ્ઞાન, સામાજિક સેવા ક્ષેત્રો, તથા પત્રકારત્વમાં કામ કરેલું હોય છે. કેટલાક કલાકારો, રમતવીરો, અભિનેતાઓ અને સંગીતકારો પણ હોય છે. એમના ધ્યેયોનું વૈવિધ્ય અપાર હોય છે. તો કેટલાકની પાસે હજુ કોઈ નિશ્ચિત ધ્યેય નથી પણ હોતું. તેમ છતાં આ બધામાં એક સમાનતા જરૂર છે, ને તે બૌદ્ધિક જિજ્ઞાસા, ઉછળતા યૌવનની અપાર શક્તિ, તેઓએ સમાજ, કુટુંબ, તથા દેશને આપેલાં વચનોને પરિપૂર્ણ કરવાની ઝંખના તથા આતુરતા.

આવા વિદ્યાર્થીઓ હમેશાં એમના રસરુચિને સઘન રીતે પોષે એવી યુનિ.ની શોધમાં હોય છે. પછી ભલે એમની પસંદગીનું ક્ષેત્ર તત્ત્વજ્ઞાન, ફોટોગ્રાફી, ફિઝીક્સ, સાહિત્ય, ભાષાશાસ્ત્ર, એન્જિનિયરીંગ કે પર્યાવરણનો અભ્યાસ હોય. તેઓ એવા શિક્ષકો અને મિત્રોની શોધમાં હોય છે, જેઓ તેમને જીવનભર સાથ આપે.

હાર્વર્ડ વિદ્યાર્થીઓને અપૂર્વ તકો પૂરી પાડે છે. અભ્યાસેતર કોર્સની સંખ્યા અને વિશેષતા અહીં

---

* ૯, રિધમ બંગલોઝ, મણિરત્નમ્ બંગલોઝની પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

ભરપૂર છે. લગભગ ૩૫૦૦ જેટલા કોર્સ અહીં ચાલે છે. દરેક વિભાગમાં વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓ લેવામાં આવે છે.

અહીંની લાઈબ્રેરી પણ વિશ્વપ્રસિદ્ધ છે. પંદર લાખ જેટલાં પુસ્તકો અહીં છે. અનેકવિધ વિદ્યાશાખાઓ, કલાશાખાઓ, સાંસ્કૃતિક શાખાઓ, અહી કાર્યરત છે. ત્રણસો જેટલાં તો વિદ્યાર્થી સંગઠનો છે. પેઢી દર પેઢી હાર્વર્ડ બધાં જ ક્ષેત્રોના વિદ્યાર્થીઓને એમના ક્ષેત્રમાં સર્વોત્તમ સ્થાન અપાવવા ઘણો મહત્ત્વનો ફાળો આપે છે. પછી એ શિક્ષણ હોય, કલા હોય, પ્રાઈવેટ ઉદ્યોગ હોય કે સમાજ સેવાનું ક્ષેત્ર હોય. અહીંનો દરેક વિદ્યાર્થી પણ પોતાના ક્ષેત્રમાં ઉત્તમ કરવા કટિબદ્ધ હોય છે. ૩૫૦ થી પણ વધુ વર્ષોથી આ યુનિવર્સિટીએ સમગ્ર જગતને નેતૃત્વ પૂરું પાડે એવા મહાનુભાવો તૈયાર કર્યા છે.

૧૮૭૯ માં Radcliffeએ યુવતીઓને હાર્વર્ડમાં સમાવિષ્ટ કરવાનું મહત્ત્વનું કામ કર્યું. ૧૮૯૯ માં તો પછી એ હાર્વર્ડનો જ એક ભાગ બની ગઈ. જે ઍડવાન્સ સ્ટડી માટેનો એક મહત્ત્વનો વિભાગ છે. કોઈ પણ વ્યક્તિ આ સંસ્થામાં ઍડવાન્સ કામ કરી શકે છે. સ્ત્રીઓ તથા સમાજના લાભાર્થે કામ કરતી આ એક ઉત્તમ સંસ્થા છે.

હાર્વર્ડની House system એ Home at Harvard જાણે બીજું ઘર ! શરૂથી જ હાર્વર્ડ કૉલેજે અભ્યાસ અને રહેઠાણ વચ્ચે સેતુ સ્થાપવા પ્રયાસ કર્યો છે. જેની મૂળ રચના ઑક્સફર્ડ અને કેમ્બ્રિજમાં છે. સાચી રહેવાસી કૉલેજ સ્થાપવાનો મૂળ હેતુ વિદ્યાર્થીઓને સમૂહજીવનની તાલીમ મળે એ છે. હાર્વર્ડના ચાર સૈકાના ઇતિહાસમાં સાથે અભ્યાસનો અર્થ જ છે સાથે રહેવું, સાથે જીવવું.

પહેલા વર્ષના નવા વિદ્યાર્થીઓ માટે રહેવાની ખાસ વિશિષ્ટ સગવડ કરવામાં આવે છે, જે પછીનાં ત્રણ વર્ષનો પાયો બની રહે છે. આ પ્રકારનું સમૂહજીવન વિદ્યાર્થીઓને પરસ્પરની નજીક લાવવામાં ખૂબ મદદગાર બની રહે છે. એમની અંડર ગ્રેજ્યુએટ કેરિયર માટે મોટાભાગના વિદ્યાર્થીઓ કૅમ્પસમાં જ રહેવું પસંદ કરે છે. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ બેત્રણની સંખ્યામાં સાથે રહે છે. બાર હાઉસમાંથી પોતાના બ્લોકની પસંદગી વિદ્યાર્થી કરી શકે. પોતાના ડીનની સલાહ પ્રમાણે આ વ્યવસ્થા કરાય છે.

પ્રથમ વર્ષના બધા જ ૧,૬૭૫ વિદ્યાર્થીઓ હાર્વર્ડ યાર્ડમાં રહે છે. નવા વિદ્યાર્થીના ડીનની ઑફિસ ૧૭ બ્લૉક વચ્ચે ફાળવાય છે. આ ઉપરાંત અગણિત સલાહકારો પણ સાથે હોય છે. જેઓ વિદ્યાર્થીઓને શૈક્ષણિક તેમજ શિક્ષણેતર તકો મેળવવામાં મદદરૂપ બને છે. ૩૩૦ થી ૪૫૦ વિદ્યાર્થીઓનો સમાવેશ, ૧૨-૧૨ના હાઉસની વ્યવસ્થા કરવામાં આવે છે. દરેક હાઉસને એનો આગવો ભોજનખંડ હોય છે. કોમનરુમ, રીહર્સલ માટેની જગ્યા તેમજ અન્ય સુવિધાઓ પૂરી પડાય છે. સિનિયર વિદ્યાર્થીઓ દરેક હાઉસના વિદ્યાર્થીઓના Master તરીકે કામ કરે છે. હાઉસનો સ્ટાફ અને આ Master સાથે મળી હાઉસની પ્રવૃત્તિઓની વ્યવસ્થા કરે છે. તથા વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર સંબંધો સ્થાપવાનું કામ પણ કરે છે ! ટ્યુટરો વિદ્યાર્થીઓને અનેકવિધ વિષયોનું માર્ગદર્શન પૂરું પાડે છે. એડમિશન, સ્કૉલરશીપ, ફેલોશીપ વગેરેની માહિતી પણ આપે છે.

આ ઉપરાંત હાઉસમાં વિદ્યાર્થીઓ બૌદ્ધિક, સાંસ્કૃતિક તથા અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ યોજવા તથા એમાં ભાગ લેવા માટેની વ્યવસ્થા કરવામાં અગત્યનો ફાળો આપે છે. A-13th House વિવિધ ક્ષેત્રના પસંદગી પામેલા વિદ્યાર્થીઓ માટે સોશ્યલ તેમજ શૈક્ષણિક કાર્યક્રમો માટેની જગ્યા પૂરી પાડે છે !

**પ્રવૃત્તિઓ અને પરંપરા :**

આ બધાનો મધ્યવર્તી ઉદ્દેશ અભ્યાસ અને જીવન વચ્ચેનો સેતુ સ્થાપવાનો છે. હાર્વર્ડની હાઉસ સિસ્ટીમ બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ તથા પરંપરા વિશેની સમજણ પૂરી પાડવાનું કામ કરે છે. આ હાઉસ

એવાં છે જ્યાં નિરંતર શિક્ષણ પ્રક્રિયા ચાલ્યા કરે છે. એ પછી ડાઈનીંગ હોલ હોય, ટ્યુટોરિયલ્સ કે સેમિનારો હોય. વર્ગ પહેલાં અને એ પછી સાંજે વિદ્યાર્થીઓને એમના અધ્યાપકો તથા સેકશન લીડર સાથે જમવાની છૂટ આપવામાં આવે છે. દરેક હાઉસ સિનિયર કોમનરુમ ડીનરની વ્યવસ્થા કરે છે. આવા Formal ભોજન વિદ્યાર્થીઓને, અધ્યાપકોને, શિક્ષણશાસ્ત્રીઓને, અનુગામી વિદ્યાર્થીઓને આમંત્રિત કરવાની તક પૂરી પાડે છે. આ હાઉસીસ સમગ્ર વર્ષ પર્યંત પોતાની આગવી રીતે શૈક્ષણિક તેમજ સામાજિક પરંપરાઓ જાળવી રાખવા કટિબદ્ધ હોય છે. સાપ્તાહિક ચર્ચાઓ, ફિલ્મ સોસાયટી, નાટ્યજૂથો, સાપ્તાહિક કાર્યક્રમ વગેરેનાં આયોજન કરવામાં આવે છે !

આ ઉપરાંત રમતગમત ક્ષેત્રને પણ પૂરતું પ્રાધાન્ય અપાય છે. દરેક હાઉસ પોતાની આગવી એથલેટીક ટીમ ઊભી કરે છે. જેમાં હોકીથી માંડી સ્ક્વોશ સુધીની રમતોનો સમાવેશ કરાય છે. વર્ષને અંતે આમાંથી ઘણી ટીમો આંતરકૉલેજ સ્પર્ધાઓમાં મહત્ત્વનું સ્થાન પામે છે. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ પણ આમાં ભાગ લે છે.

પ્રત્યેક હાઉસને એની 'સેલ્ફ ગવર્નીંગ બૉડી' હોય છે. આ હાઉસ કમિટિ ઉપર મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. એટલું જ નહિ પડોશના જાહેર સેવાકીય કાર્યક્રમોમાં પણ મદદરૂપ બને છે. વિદ્યાર્થીઓના રચનાત્મક વિચારો અને શક્તિઓ આ બધી પ્રવૃત્તિઓને સફળ બનાવવામાં ઉપકારક બને છે. સ્થાપના-કાળથી આજ સુધીમાં હાર્વર્ડે એવા વિદ્યાર્થીઓ તૈયાર કર્યા જેમણે જગતના ઉત્તમ લેખકો, વૈજ્ઞાનિકો, રાજકારણીઓ, સંગીતકારો, કલાકારો તથા સ્કોલરો તરીકે પ્રસિદ્ધિ મેળવી છે.

જહૉન એડમ્સ (૧૭૫૬), જહૉન ક્યુન્સી એડમ્સ (૧૭૮૭), રાલ્ફ વાલ્ડો ઍમર્સન (૧૮૨૧), ઑલીવર વૅન્ડેલ હૉલ્મ્સ (૧૮૬૧), હેન્રી જૅમ્સ (૧૮૬૩), થીઑડૉર રુઝવેલ્ટ (૧૮૮૦), ફ્રૅંકલીન ડીલેનો રુઝવેલ્ટ (૧૯૦૪), ટી.એસ. ઍલિયટ (૧૯૧૦), લીયોનાર્ડ બર્નસ્ટીન (૧૯૩૯), જહૉન ફીઝગલ્ડ કેનેડી (૧૯૪૦), જહૉન ઉપડીકે (૧૯૫૪), સ્ટૉકાર્ડ ચેનીંગ (૧૯૬૫), બૉની રાઈટી (૧૯૭૨), યોયોમા (૧૯૭૭), મીરા સૉર્વીનો (૧૯૮૯), જો સ્હુવા રેડમેન (૧૯૯૧), નટાલે પૉર્ટ મૅન (૨૦૦૩) વગેરેનો સમાવેશ થાય છે.

હાર્વર્ડ એના સંશોધન તેમજ અધ્યયન, બંને ક્ષેત્રને કારણે સમાજને ઉપયોગી નીવડે છે ! વ્યાપ અને ગુણવત્તા બંને અદ્‌ભુત છે. વિદ્યાશાખાઓ, શૈક્ષણિક સુવિધાઓ, પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો, મ્યુઝિયમ અને સંશોધનકેન્દ્રો બધું જ અન્ય સંસ્થાઓ કરતાં શ્રેષ્ઠ છે.

અભ્યાસ માટે ખૂબ જ નિષ્ણાત અધ્યાપકો રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને સંશોધનાત્મક તકો પણ પૂરી પડાય છે. તો શિક્ષણેતર પ્રવૃત્તિઓનો વ્યાપ પણ વિશાળ છે. અહીંની ફેકલ્ટીઓ વૈવિધ્યપૂર્ણ અને વિશાળ છે. નિપુણ શિક્ષકોનું અંગત માર્ગદર્શન દરેક વિદ્યાર્થીને મળે છે. અધ્યાપકોની સજ્જતા તેમજ નિપુણતા નોંધપાત્ર છે.

આર્ટ્સ તેમજ સાયન્સના અધ્યાપકો વિદ્યાર્થીને વર્ગમાં તો શીખવે જ છે. પણ વર્ગ બહાર પણ સતત માર્ગદર્શન આપતા રહે છે. અધ્યાપકો પ્રસંગોપાત્ત ડાઈનીંગ હૉલમાં વિદ્યાર્થીઓ સાથે જમે છે. હાઉસ માસ્ટર્સના મિલન સમારંભોમાં હાજરી આપે છે. સેંકડો વિદ્યાર્થીઓ ફેકલ્ટી મૅમ્બર્સ સાથે નિકટતાથી કામ કરે છે. ને અધ્યાપકોની સાથે સંશોધનકાર્યમાં પણ જોડાય છે. અધ્યાપકો સાથેના અંગત સંબંધો સમગ્ર જીવન પર્યંત એમને લાભદાયી નીવડે છે. આ સંબંધો ક્યારેક જીવનભરની મૈત્રીમાં પરિણમે છે.

હાર્વર્ડના વિદ્યાર્થીઓને અસાધારણ સુવિધાઓ અપાય છે. વિશ્વની સૌથી વિશાળ લાઇબ્રેરીનાં દ્વાર

સદા એમને માટે ખુલ્લાં રહે છે ! બે ડઝન કરતાંય વધુ મકાનો વૈજ્ઞાનિક સંશોધન માટે ફાળવવામાં આવ્યાં છે. જેમાં પ્રયોગશાળા, ખગોળશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, બાયોકેમિસ્ટ્રી, કેમિસ્ટ્રી, કમ્પ્યુટર સાયન્સ, ઇલેક્ટ્રીકલ કમ્પ્યુટર સીસ્ટમ, મિકેનીકલ એન્જિનિયરીંગ, ભૂસ્તરશાસ્ત્ર, ફિઝીક્સ તથા એપ્લાઇડ ફિઝીક્સ.

અહીંની કમ્પ્યુટરીંગ સુવિધા વિશિષ્ટ પ્રકારની છે. પ્રયોગશાળા, લાઈબ્રેરી, ફેકલ્ટીઝ, એડમીનીસ્ટ્રેટીવ ઑફિસોને એ પરસ્પર સાંકળી લે છે. વિદ્યાર્થીઓ વાયરલેસ વડે માહિતી મેળવી શકે છે. (લાઇબ્રેરીના ઓનલાઇન કેટલૉગમાંથી) કે ઇન્ટરનેટ વડે પણ મેળવી શકે. પોતાની રુમમાંથી પણ ઘણી વિગતો પ્રાપ્ત કરી શકે છે.

યુનિવર્સિટીમાં અનેક મ્યુઝિયમો છે. જેમાં વિશ્વનું નોંધપાત્ર કલેકશન છે. તથા નેચરલ હિસ્ટરી મ્યુઝિયમનું પણ મહત્ત્વ ઘણું છે. હાર્વર્ડ વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રના લિબરલ એજ્યુકેશન માટેની ઘણીબધી તકો પૂરી પાડે છે. અહીં ૩,૫૦૦ અભ્યાસક્રમોની સુવિધા અપાય છે. જે વિદ્યાર્થી માટે વિષયપસંદગી માટેનું વિશાળ આકાશ ઊભું કરી આપે છે.વિદ્યાર્થીઓના રસરુચિ અનુસાર ખાસ ક્ષેત્રો પર વધુ ધ્યાન આપવામાં હંમેશ સંસ્થા તથા અધ્યાપકો અથાક મહેનત કરે છે.

પાનખર અને વસંત બંનેમાં થઈને ચાર સેમિસ્ટર વિદ્યાર્થીએ કરવાના હોય છે. વિદ્યાર્થી અઠવાડિયામાં સરેરાશ બાર કલાક વર્ગમાં ભણે છે. એ સિવાય બહાર તથા લાઈબ્રેરીમાં સતત અભ્યાસ વિદ્યાર્થી કરતો જ રહે છે. અભ્યાસના વિષયોની પસંદગી એમના શૈક્ષણિક સલાહકારો સાથે સલાહમશવરા કરીને કરાય છે. દરેક સેમેસ્ટરની શરૂઆતમાં ખરીદીનો સમય સપ્તાહને અંતે આપવામાં આવે છે. વિદ્યાર્થી એનાં ચાર વર્ષના અન્ડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામની જરૂરિયાત મુજબ સગવડો ઊભી કરી લે છે.

યુનિવર્સિટીએ ફાળવેલા અસંખ્ય અભ્યાસક્રમોમાંથી મુક્તપણે વિદ્યાર્થી પસંદગી કરી શકે છે. વધુ સક્ષમ વિદ્યાર્થીઓ એમના બૌદ્ધિક વિકાસમાં અદ્‌ભુત ઊંડાણ ધરાવે છે. તેથી આર્ટ્સ તથા સાયન્સ માટે અહીં કોઈ ચોક્કસ ભેદરેખાને સ્થાન નથી. વિદ્યાર્થી એમની તૈયારી પ્રમાણે શક્ય તેટલો વધુ ઝડપથી પોતાનો અભ્યાસક્રમ પૂરો કરી શકે છે.

હાર્વર્ડની દસ ગ્રેજ્યુએટ સ્કૂલ એમના વિદ્યાર્થીઓને સ્પેશ્યલ પ્રોગ્રામ માટે સંમતિ આપે છે. જે વિદ્યાર્થીની ઝળકતી કારકિર્દી માટે ઉત્તમ તક પૂરી પાડે છે. આમાં ફેકલ્ટી, એમના અભ્યાસક્રમની રચના, વિદ્યાર્થીઓના મન, વર્ગ, શૈક્ષણિક સુવિધાઓ તથા વર્ગની વ્યવસ્થા બધાંને ધ્યાનમાં લેવામાં આવે છે.

વધુ પૉપ્યુલર અભ્યાસક્રમો વિશાળ લેકચરહૉલમાં લેવાય છે. ૯૦૦ થી વધુ અભ્યાસક્રમો એવા છે, જેમાં પંદર કે તેથી પણ ઓછા વિદ્યાર્થીઓના જૂથને ખાસ ધ્યાન આપી અધ્યાપકો ભણાવે છે.

**પ્રથમ વર્ષ**

દરેક વિદ્યાર્થીના અભ્યાસનું વ્યક્તિગત રીતે આયોજન કરાય છે. પ્રથમ વર્ષે જે તે જૂથના સલાહકાર દ્વારા તથા બાકીનાં ત્રણ વર્ષ વિભાગીય સલાહકાર વડે માર્ગદર્શન અપાય છે. નવા વિદ્યાર્થી માટે કોઈ ચોક્કસ પ્રોગ્રામ હોતો નથી. વિદ્યાર્થી પોતાના લેવલ પ્રમાણે સલાહકારોના માર્ગદર્શન મુજબ નિર્ણય લે છે. તેમ છતાં ફેકલ્ટી એક સેમિસ્ટર કૉર્સ દ્વારા વિદ્યાર્થી લખવાની કળાને વધુ વિકસાવે એવી અપેક્ષા જરૂર રાખે છે. વિદેશી ભાષાની સજ્જતા કેળવવા પર પણ ભાર મૂકાય છે. આ ઉપરાંત અસંખ્ય સેમિનાર ઍટેન્ડ કરવા માટે પણ રસરુચિ પ્રમાણે પસંદગી કરવાની રહે છે.

હાર્વર્ડમાં અભ્યાસની ૪૦ થી વધુ શાખાઓને ૩,૫૦૦ અભ્યાસક્રમની સુવિધા છે. દરેકમાં વિદ્યાર્થીને એના રસરુચિ પ્રમાણે ખાસ ચોક્કસ તાલીમ અપાય છે. ઘણા વિભાગીય સેમિનારો દસ કે તેથી પણ ઓછા

વિદ્યાર્થીઓને સમાવે છે, જેમાં નાનાં જૂથોમાં અધ્યાપકો વધુ ધ્યાન આપી શકે છે. મોટાભાગના વિદ્યાર્થીઓ ઑનર્સ લાઈન પસંદ કરે છે. ને એ માટે નિબંધ તૈયાર કરે છે. તથા સંશોધનાત્મક પ્રોજેક્ટ વિભાગીય અધ્યાપકો તથા ટ્યુટરની મદદથી પૂરા કરે છે.

કોર કરીક્યુલમ એ હાર્વર્ડની જરૂરિયાત છે ને ફિલોસોફી પણ. દરેક હાર્વર્ડ ગ્રેજ્યુએટ વિશાળ સંદર્ભમાં શિક્ષણ પામે એ હાર્વર્ડની પોલીસી છે. સાથે સાથે એ કોઈક ચોક્કસ શાખામાં વિશિષ્ટ તાલીમ મેળવે, તથા જ્ઞાનની વિશાળ ક્ષિતિજોને આંબે એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે. રોજિંદી કેળવણી ઉપરાંત આમાં સાત અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવે છે. સામાન્ય જ્ઞાન માટે ફેકલ્ટીએ નવો સરસ પ્રોગ્રામ ઘડી કાઢ્યો છે. જેના માટે 'ટાસ્ક ફોર્સ' નો રિપોર્ટ પણ બનાવાયો છે. ઘણી જુદી જગ્યાએથી ને જુદા જુદા બૅકગ્રાઉન્ડમાંથી આવતા હોવા છતાં વિદ્યાર્થીઓ જ હાર્વર્ડની મહામૂલી મૂડી છે. વિદ્યાર્થીઓની પાસે શક્તિઓનું અપાર વૈવિધ્ય હોય છે. એમના રસરુચિ, એમની મહત્ત્વાકાંક્ષા આ બધું ભણવા માટેની એમની તમન્ના સૂચવે છે. વર્ગ તથા વર્ગની બહાર ડાઈનીંગ હૉલ કે પ્રયોગશાળામાં પણ એમની શક્તિનો પરિચય મળે છે. મોડી રાતની ચર્ચાઓ, ડીનર ટેબલચર્ચા, પણ એમના અભ્યાસ તથા અનુભવોનું કીમતી ભાતું બને છે.

અનુભવો-વિચારોની આપલે માટે વર્ષ દરમિયાન માત્ર અમેરિકાના જ નહિ વિશ્વભરના વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને વિદ્યાર્થીઓના લાભાર્થે આમંત્રણ અપાય છે, જેમાં લેખકો, બૌદ્ધિકો, રાજકારણીઓ, સંસ્કારસ્વામીઓ, કલાકારો, ધર્મવેત્તાઓ તથા વૈજ્ઞાનિકોનો સમાવેશ થાય છે ! ખાસ વ્યાખ્યાનો, સેમિનાર, કલાના પ્રયોગો, આ બધા વિદ્યાર્થીઓ માટે યોજાય છે.

'ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિક્સ' જે જ્હૉન. એફ. કેનેડી સ્કુલ ઑફ ગવર્નમૅન્ટમાં આવ્યું છે, તેની સ્થાપના ૧૯૬૬માં પ્રેસીડેન્ટ કેનેડીની સ્મૃતિમાં થઈ હતી. આ સંસ્થાનો હેતુ વિદ્યાર્થીઓને શિક્ષણશાસ્ત્રીઓ, રાજકારણીઓ, પોલીસી મેઈકર્સ તથા એક્ટીવિસ્ટો સાથે સાંકળવાનો છે. જેથી તેઓનું નેતૃત્વ ખીલી શકે, તથા જાહેર સેવાના કાર્યમાં તેઓ કામ કરી શકે. સંસ્થા વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનાં વ્યાખ્યાનો યોજે છે. સરકારી તેમજ જાહેર કાર્યોને લગતું જ્ઞાન અપાય છે. આ કાર્યક્રમો વિદ્યાર્થીઓ તથા રાજકારણી નેતાઓ, તેમજ સામાજિક કાર્યકરો વચ્ચે સેતુ બાંધવાનું કામ કરે છે.

જ્હૉન એફ કેનેડી જુનિયર ફૉરમ ૧૯૭૮થી વધુ કાર્યશીલ છે, જેણે સેંકડો કાર્યક્રમો કર્યા છે. જે ૬,૫૦,૦૦૦ થી વધુ લોકોએ કેબલ ટેલિવિઝન પર એ જોયા છે. આ સંસ્થાએ યુ.એસ.પ્રેસિડેન્ટ H.W.Bush, Bill Clinton, Gerald Ford ને આમંત્ર્યા છે. આ ઉપરાંત નોબેલ શાંતિપુરસ્કાર વિજેતા કોફી અનાન, યાસર અરાફત, દલાઈ લામા, શીરીન એબેડી, મોહમદ અલબરાડી, મીખાઈલ ગોર્બોચોવ, વાન્ગરી મથાઈ, શીમોન પીર્સ, ડેસમોન્ડ ટુટુ, લેક વેલ્સીયા તથા અન્ય અનેક અગ્રણીઓને આમંત્ર્યા છે. તેમજ યુનિયન વ્યવસ્થાપક સીઝર ચાવેઝ, ઈતિહાસકાર ડોરીસ, કેરનસ ગુડવીન, રેવરન્ડ જીઝ જેક્સન, તથા આયર્લેન્ડના ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ મેરી રોબીન્સન પણ આ સંસ્થાના મહેમાન બની ચૂક્યાં છે.

૨૦૦૬માં આ સંસ્થાએ હાર્વર્ડ કેનેડી સ્કૂલ ઑફ ગવર્નમૅન્ટનાં ત્રીસ વર્ષનાં જાહેર વ્યાખ્યાનોની વીડીયો તૈયાર કરી છે. વિશ્વભરના મહાનુભાવોનાં વ્યાખ્યાનોનો એમાં સમાવેશ કરાયો છે.

'ધી હાર્વર્ડ ફાઉન્ડેશન' વિવિધ પ્રદેશના લોકો વચ્ચેના પરસ્પરના સાંસ્કૃતિક સહકાર વડે સંબંધોને ઘનિષ્ઠ બનાવવાનું કામ કરે છે.' સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વ્યાખ્યાનો યુનિવર્સિટીના બધા જ વિદ્યાર્થીઓ માટે યોજાય છે. એશિયન અમેરિકન ફૂડ ફેસ્ટીવલ, તથા કલ્ચરલ ફેસ્ટીવલ પણ યોજવામાં આવે છે. આફ્રિકન ફિલ્મ સિરીઝ પણ દર્શાવાય છે. 'કલ્ચરલ રીધમ્સ' નામનો વિભાગ હાર્વર્ડના સાંસ્કૃતિક વૈવિધ્યને વિદ્યાર્થીઓના

જુદા જુદા પ્રોગ્રામો વડે વાચા આપે છે.

કોર કરિક્યુલમનો વ્યાપ વિદેશી સંસ્કૃતિ, વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક અનુભવોને વિશાળ બનાવવાનું કાર્ય કરે છે. ને વિવિધ સાંસ્કારિક પરંપરા માટેના નૂતન પાસાંઓને ઉજાગર કરે છે.

ઐતિહાસિક અભ્યાસ (a) મહત્ત્વના સમકાલીન વૈશ્વિક પ્રશ્નોને સમજવામાં મદદરૂપ બને છે.

ઐતિહાસિક અભ્યાસ (b) વિવિધ ઘટનાઓની ઝીણવટભરી વિગતો પર વધુ ધ્યાન આપે છે.

સાહિત્ય અને કલાનો વિભાગ કલાત્મક અભિવ્યક્તિને સમજવાની વિવેચનાત્મક સમજ આપે છે.

લિટરેચર એન્ડ આર્ટ્સ (a) સાહિત્યનાં પુસ્તકો તથા સાહિત્યિક વિશ્લેષણ પર વધુ ભાર મૂકે છે !

લિટરેચર એન્ડ આર્ટ્સ (b) વિદ્યાર્થીનાં દશ્યાત્મક પાસાં તેમજ મૌખિક સાક્ષરતાનો વિકાસ કરે છે.

લિટરેચર એન્ડ આર્ટ્સ (c) સાંસ્કૃતિક ઇતિહાસની વિશિષ્ટ પળોને જીવંત કરે છે તથા જે તે સમાજમાં કલા કેવી રીતે પ્રવર્તમાન છે એ દર્શાવે છે.

મૉરલ રીઝનીંગ માનવ અનુભવમાંથી જન્મતા પ્રવર્તમાન પ્રશ્નોને ચર્ચવા માટે વિદ્યાર્થીઓને પ્રેરે છે.

ક્વોન્ટીટેટીવ રીઝનીંગ વિદ્યાર્થીઓ માટે ગાણિતિક તથા સંખ્યાગત વિચારોના વળાંકોને પ્રગટ કરે છે.

કેટલાક અભ્યાસક્રમો ગાણિતિક તથા આંકડાકીય, બુદ્ધિના થીયરીટીકલ પાસા પર ભાર મૂકે છે. જ્યારે બીજા કેટલાક પ્રાકૃતિક વિજ્ઞાન, સમાજવિદ્યાઓને સમજવા માટેની વિશિષ્ટ પદ્ધતિઓ પર ભાર મૂકે છે.

સાયન્સ વિજ્ઞાનને સમજવાના નેચરલ ફીનોમીનાને ઉજાગર કરે છે. સંશોધનાત્મક પદ્ધતિઓ વિકસાવે છે જે અંતે વિશ્વનાં વૈજ્ઞાનિક તારણોમાં પરિણમે છે. સાયન્સ (a) ભૌતિક વિજ્ઞાનને કેન્દ્રમાં રાખે છે. ને સાયન્સ (b) બાયોલોજિકલ, ઉત્ક્રાંતિવિષયક, તેમજ પર્યાવરણ વિજ્ઞાન તરફ વધુ ધ્યાન આપે છે.

સોશ્યલ વિશ્લેષણ વિદ્યાર્થીઓને કેન્દ્રિય ખ્યાલો તથા પદ્ધતિઓ(સમાજવિદ્યા)ની સમજ આપે છે !

**વર્ગની બહાર ચાલતી અભ્યાસેતર પ્રવૃત્તિઓ**

હાર્વર્ડની ખૂબી એ છે કે વર્ગની બહારની પ્રવૃત્તિઓમાં પણ એનું મહત્ત્વનું શિક્ષણકાર્ય થતું હોય છે. જ્યાં વિદ્યાર્થીઓના પરસ્પરના સંબંધો વધુ ગાઢ બનતા હોય છે. અહીં ૩૫૦ થી વધુ વિદ્યાર્થીસંગઠનો છે. જેનું સ્વરૂપ વિદ્યાર્થીઓના બદલાતા રસ-રુચિ અનુસાર બદલાતું રહે છે. હાર્વર્ડ આ સંગઠનોને અભૂતપૂર્વ સધિયારો આપે છે. પ્રૉફેશન તરીકે ઊંડો ને શોખ ખાતર થોડો અભ્યાસ કરવો હોય તો બંને કરી શકાય છે. દશ્યાત્મક કલાઓમાં વિદ્યાર્થીઓ ગાય, નૃત્ય કરે, નાટક કરે, (વ્યક્તિગત કે સમૂહમાં). આમાં કેટલાંક જૂથનું નેતૃત્વ વિદ્યાર્થીઓ પોતે કરે છે. કેટલાંકને ફેકલ્ટી માર્ગદર્શન પૂરું પાડે છે. બધાં જ જૂથો જુદે જુદે સ્થળે પ્રોગ્રામો કરે છે. કેટલાંક જૂથો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પોતાના કાર્યક્રમો કરે છે. આ બધાની તૈયારી માટે કૉલેજ નજીકમાં હૉલ, રેકોર્ડિંગ, સ્ટુડિયો, રીહર્સલ માટેની જગ્યા, પ્રેક્ટીસ રુમ વગેરેની વ્યવસ્થા કરી આપે છે. હાર્વર્ડ ચિત્ર, શિલ્પ, માટીકામ, ફોટોગ્રાફી, ફિલ્મનિર્માણ માટેનો સ્ટુડિયો તથા પ્રદર્શન માટેની જગ્યાની વ્યવસ્થા પણ કરી આપે છે. 'ઑફિસ ઓફ ધી આર્ટ' વિદ્યાર્થીઓને આ બધા માટે મદદ કરે છે.

હાર્વર્ડના એક તૃતીયાંશથી વધુ વિદ્યાર્થીઓ વિવિધ પબ્લીક સર્વિસ પ્રોગ્રામમાં જોડાય છે. બોસ્ટનના વિસ્તારમાં વિવિધ કાર્યક્રમો તેઓ કરે છે. રાજકીય પાસામાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે રાજ્યશાસ્ત્રની સંસ્થા વિવિધ કાર્યક્રમો માટેની તક પૂરી પાડે છે. સ્ટુડન્ટ ગવર્નમૅન્ટમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે Books House માં તથા કૉલેજ કેમ્પસમાં કાર્યક્રમો યોજાય છે. માત્ર સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટેના જ પચાસથી વધુ

સંગઠનો છે. દરેક પ્રવૃત્તિમાં દરેક ધર્મના વિદ્યાર્થીઓ પ્રતિનિધિત્વ કરે છે. વિદ્યાર્થીઓને રાજકારણ વિશેના પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવાની છૂટ હોય છે.

હાર્વર્ડના મિડિયા ઓર્ગેનીઝેશનની તો વાત જ શું કરવી ? એની સંખ્યાની ગણતરી અશક્ય છે. પત્રકાર, કવિ, જોક્સકાર કે સંપાદક થવા માટેની ઉજ્જવળ તક અહીં સાંપડે છે. અગણિત અખબારોના અગણિત વાચકો છે. આ ઉપરાંત રાજકીય શૈક્ષણિક તથા સાહિત્યિક જર્નલ તથા મેગેઝીનોનો પાર નથી. ટેલિવિઝન તથા રેડિયો સ્ટેશનની સુવિધા નિરાળી છે. મુવી થિયેટર, બુકસ્ટોર્સ આઈસ્ક્રીમ શોપ, તથા કાફેની સુવિધા પણ છે.

ઉનાળાની બપોર કે સાંજે વીન્ડોશોપીંગ કરવાની મઝા વિદ્યાર્થીઓ માણે છે. અથવા ચાર્લ્સ નદીની આજુબાજુ જોગીંગ કે સાઈકલીંગ પણ કરે છે. ને મિત્રો સાથે પીત્ઝા ડીઝર્ટ ખાય છે.

**એથલેટીક્સ આંતર કૉલેજ તથા ઈન્ટ્રામ્યુરલ ક્લબ**

એથલેટીક્સે હાર્વર્ડના વિદ્યાર્થીઓના જીવનમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે. અહીં આંતર કૉલેજિયન યુનિવર્સિટીની ૪૧ ટીમ, યુવક-યુવતી બંને થઈને કાર્યરત છે. દેશની બધી કૉલેજોમાં પ્રથમ એથલેટીક્સ વિભાગ ત્રીસ કરતાં વધુ પ્રોગ્રામો આપે છે (રીક્રીએશન તથા વ્યક્તિગત સ્પોર્ટ્સ બંને થઈને).

હાર્વર્ડની એથલેટીક સુવિધાઓ અદ્‌ભુત રીતે અધિક ગુણવત્તાસભર તેમજ વૈવિધ્યસભર છે. ફૂટબોલ સ્ટેડિયમથી માંડી આઈસ રીંક, વેઈટ રુમ થી માંડી એરોબીક સ્ટુડિયો સુધી. સ્પોર્ટ સેન્ટર તથા રમતગમતનાં સાધનો સતત વપરાતાં રહે છે. ૭૫ ટકા થી વધુ વિદ્યાર્થીઓ કોઈને કોઈ સ્તરે એથલેટીક પ્રવૃત્તિમાં ભાગ લે છે. યુનિ. ટીમનું વૈવિધ્ય ઘણું છે. જેમાં બેઝબોલ, બાસ્કેટબોલ, ક્રુ, ક્રોસ કન્ટ્રી, ફેન્સીંગ, ફીલ્ડ હોકી, ફૂટબોલ, ગોલ્ફ, આઈસ હૉકી, લેક્રોસ સેઈલીંગ, સ્કીઈંગ, સોસર, સોફ્ટબોલ સ્કવોશ, સ્વીમીંગ, ડાઈવીંગ, ટેનીસ, ટ્રેક અને ફીલ્ડ, વૉલી બૉલ, વૉટર પૉલો, રેસલીંગનો સમાવેશ થાય છે.

**ક્લબ ટીમ્સ**

ઓટોમોટીવ સોસાયટી અને રેસીંગ ટીમમાં બેડમીંટન, બોલરુમ ડાન્સ, બાસ્કેટ બૉલ, બૉલીંગ, બૉક્સીંગ, ચીયર લીડીંગ, ક્રીમ્સન ડાન્સ, સાઈકલીંગ, ફીગર સ્કેટીંગ, હેટકીડો, હૉટ એર બલુનીંગ, (Juji tsy, કેન્ડો, કોરીયન કરાટે, kungfu, racquet ball, રોડરનીંગ, રુગ્બી, શૂટીંગ, shotokan, arate, સ્કીઈંગ, સ્નોબોર્ડીંગ, ટેબલ ટેનીસ, taekwondo tai chi/kungfu ટેનીસ, ultimate-fri sbios.

વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓ સંખ્યાબંધ ઈનામો તથા સ્કૉલરશીપ મેળવે છે. કેમ્બ્રીજ બોસ્ટન અને ન્યૂ ઇંગ્લંડ કલા, મનોરંજન, તથા આઉટ ડોર્સ માટેનું મહત્ત્વનું કેન્દ્ર છે. કેમ્બ્રીજ વિવિધ કૉમ્યુનીટીવાળું શહેર છે. ન્યૂ ઇંગ્લંડ ટાઉન સૌંદર્ય વડે વધુ આકર્ષણ ધરાવે છે. લીલાંછમ વૃક્ષોવાળાઓક સૌને મોહી લે છે. ચાર્લ્સ નદીના લીલા હરિયાળા ઘાસવાળા કિનારા એના સૌંદર્યમાં ઓર ઉમેરો કરે છે. કેમ્બ્રિજ એ બોસ્ટનના વૈવિધ્ય સભર લોકોવાળાં કેન્દ્રમાંનું એક છે. સરસ દુકાનો આંતરરાષ્ટ્રીય રેસ્ટોરાં, બુક સ્ટોર્સ, સ્ટ્રીટ કાફે, ઇલેકટ્રીક મ્યુઝિયમ સ્ટોર્સ, આ બધું આજુબાજુની શેરીઓ રોકી લે છે. સ્પોર્ટીંગ ઇવેન્ટ્સ, થિયેટર કૉન્સર્ટ્સ, તેમજ વિવિધ પ્રકારના શેરી નાટકના અભિનેતાઓ પણ પડોશીઓ અને મુલાકાતીઓને હાર્વર્ડ સ્કવેર તરફ ખેંચી લાવે છે.

**હાર્વર્ડમાં પ્રવેશ અને નાણાંકીય મદદ**

હાર્વર્ડમાં પ્રવેશ મેળવવાની કોઈ ચોક્કસ ફૉર્મ્યૂલા નથી. શાળાની શૈક્ષણિક ઉપલબ્ધિ મહત્ત્વની ખરી.

પણ એ ઉપરાંત બીજા ઘણા માપદંડોનો વિચાર પ્રવેશસમિતિ કરે છે. જેમ કે કોમ્યુનીટી સાથેની સંલગ્નતા, અભ્યાસેતર પ્રવૃત્તિઓ, અને એ અંગેનો બહોળો અનુભવ, પ્રભાવશાળી વ્યક્તિત્વ, મુશ્કેલીઓનો સામનો કરવાની તથા એના પર વિજય મેળવવાની શક્તિ આ બધું જ ધ્યાનમાં લેવામાં આવે છે.

ટેસ્ટના ગ્રેઈડ અને સ્કોર શૈક્ષણિક સિદ્ધિઓને આંકવા માટે બરાબર છે, પણ માત્ર એના પર જ આધાર ન રખાય, અન્ય પડકારો માટે પણ વિદ્યાર્થી તૈયાર હોવો જોઈએ. માત્ર બાહ્ય માહિતીઓ પ્રાપ્ત કરવા પૂરતી જ હોંશિયારી પર્યાપ્ત નથી.

હાર્વર્ડ સૈકાઓથી એ ખ્યાલ રાખે છે, કે વિદ્યાર્થીની પસંદગી વખતે એનું આર્થિક સ્તર મહત્ત્વનું ન ગણવું. બધા જ આર્થિક સ્તરના વિદ્યાર્થી તથા વાલીઓ માટે તેથી જ હાર્વર્ડ આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. તો વિદ્યાર્થીનું નાગરિકત્વ પણ ધ્યાનમાં લેવામાં આવતું નથી. કોઈપણ દેશનો, રાજ્યનો, કે ગામનો રહીશ હાર્વર્ડના અન્ય માપદંડોમાં બંધબેસતો હોય તો એને પ્રવેશ અપાય છે.

પાત્રતાપાત્ર દરેક વિદ્યાર્થીને નાણાંકીય મદદ પણ કરવામાં આવે છે. નાણાંકીય મદદ માટેની કમિટિ મદદ માટેનું પૅકેજ નક્કી કરી છે. સ્કોલરશીપ, લોન કે પાર્ટ ટાઈમ જોબના રૂપે એ અપાય છે.

**હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના અભિપ્રાયો :**

"The other day, I stepped out of my dorm to see Harvard Yard filled with students everywhere. To the right of me were students laying in a circle reading and working on their laptops. To the left of me were students engaged in touch football. Behind me was a girl practicing her baton twirling and in front of me was a boy practicing his violin for music tryouts. There were so many other people rushing through the Yard to classes, dorms, sports practices, music rehearsals, and who knows where else ! I found myself standing still trying to absorb everything. Within twenty feet of me were twenty kids engaged in twenty different activities that represented twenty different passions. Every day here you run into someone new doing something different about which they are wholeheartedly passionate and I can't help but think to myself, 'Wow, this is why I love Harvard."

**Ellie Bressman, '10, New York, NY**
*Harvard College The Guide,* p. 25

"As a black student from the South, I wasn't sure if I would fit in at Harvard. But when I got here and saw the variety of student organizations and extra-curricular activities, I realized that I would find my niche somewhere. Not only has Harvard been one of the most welcoming places, but also it has been a place that has opened my eyes to the world's diversity of people, cultures and beliefs."

**Matthew Clair '09, Brentwood, TN**
*Harvard College The Guide,* p. 35

"Harvard has allowed me to push myself to a higher level in life - not just academically, but as a person with higher levels of aspirations, friendships, fun, and thought. I had been waiting for a place like this all of my life - and I know that once I leave, I will never be the same."

**Natasha Alford '08, Syracuse, NY**
*Harvard College The Guide,* p. 48

"My biggest worry was that the people here would be stuck up and snobby, and that all they'd like to do was study. I was completely wrong, and the people here are anything but snobby and boring–yes, they're **intelligent**, but they don't brag about it or try to make other people feel stupid; the people here are just **really friendly and like to have fun"** !

**Tanya Thompson '06, Cincinnati, OH**
*Harvard College, The Guide,* p. 32

"It was Freshman Fall, and I was sitting in Lamont Library on a Wednesday evening poring over class notes for my midterm the next day, when I got an email inviting me to a free dinner and concert with the Institute of Politics. It was tempting, but I knew I had to finish studying for the exam. A few minutes later, another email was sent informing us that included in the group that night would be the former Prime Minister of New Zealand, Jenny Shipley. That was the last straw. One minute I'm in the library and the next I'm sitting with the Prime Minister of New Zealand at a table for four at a restaurant, where we spent two solid hours talking about what inspired her to public service, her most significant accomplishments in office, and her conversations with world leaders ranging from Bill CLinton to Vladimir Putin. I don't remember how my midterm went the next morning, but I'll always remembr that night with New Zealand's Prime-Minister."

**Matthew Downer '07, Signal Mountain, TN**
*Harvard College, The Guide,* p. 19

### સંદર્ભ ગ્રંથ

હાર્વર્ડ કૉલેજ જર્નલ, ૨૦૦૮-૨૦૦૯
સૌજન્ય : 'અચલા' મેગેઝીન, સપ્ટેમ્બર, ૨૦૦૮

## અભિનંદન

તા. ૨૭ માર્ચ, ૨૦૧૦ ના રોજ વિશ્વરંગભૂમિ દિવસે ડૉ. કૃષ્ણકાંત કડકિયાને, ભવાઈ ક્ષેત્રે એમણે કરેલા અસાધારણ પ્રદાન બદલ, 'બટુભાઈ ઉમરવાડિયા લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવૉર્ડ' થિએટર ઍન્ડ મીડિયા સેન્ટર, અમદાવાદ તરફથી એનાયત કરવામાં આવ્યો. એ જ રીતે પપેટ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ શ્રી મહિપતભાઈ કવિને પણ એ જ સંસ્થા તરફથી એવૉર્ડ અર્પણ થયો. બંને મિત્રોને અમારા હાર્દિક અભિનંદન.

# એકાદશી-માહાત્મ્ય

◆

## હરિપ્રસાદ શાસ્ત્રી*

હિંદુ ધર્મનાં વ્રતોમાં એકાદશીનું વ્રત ઘણો મહિમા ધરાવે છે. ભાવિક જનો આ દિવસે ઉપવાસ કરે છે, હરિસ્મરણ કરે છે, દેવદર્શન જાય છે ને બને તો તે એકાદશીના માહાત્મ્યની કથા સાંભળે છે. આ માહાત્મ્યની કથા સામાન્ય રીતે સંસ્કૃત ભાષામાં હોઈ સહુને તે સહેલાઈથી સમજાતી નથી. સંતકવિ છોટમે (સં. ૧૮૬૮-૧૯૪૧) આથી એકાદશી માહાત્મ્યનાં આખ્યાન સામાન્ય જનતા સહેલાઈથી સમજી શકે તેવી સરળ શૈલીમાં કાવ્યસ્વરૂપે ગુજરાતી ભાષામાં રચ્યાં છે. કવિએ એની રચના સં. ૧૯૨૦ માં શરૂ કરેલી ને સં. ૧૯૨૨માં પૂરી કરી.

વર્ષના ૧૨ માસ ને દરેક માસનાં બે પખવાડિયાં. આથી આખા વર્ષ દરમિયાન કુલ ૨૪ એકાદશી આવે. આ એકાદશીઓનું માહાત્મ્ય બ્રહ્મવૈવર્તપુરાણ, ભવિષ્યોત્તરપુરાણ, મત્સ્યપુરાણ, બ્રહ્મપુરાણ, કૂર્મપુરાણ, બ્રહ્માંડપુરાણ, પદ્મપુરાણ અને વરાહપુરાણ જેવાં અનેક પુરાણોમાં નિરૂપાયું છે. એકાદશી માહાત્મ્યની કથાઓમાં સામાન્ય રીતે તે તે એકાદશીનું નામ, એની વિધિ અને એનો મહિમા દર્શાવાય છે એટલું જ નહિ એ વ્રત કરનાર કોઈ નર કે નારીને લગતો કોઈ બોધપ્રદ પ્રસંગ પણ નિરૂપવામાં આવે છે. એકાદશી માહાત્મ્યને લગતાં આખ્યાન મોટે ભાગે શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરના સંવાદરૂપે આલેખાયાં છે. કેટલાંક આખ્યાનોમાં એમને બદલે બ્રહ્મા અને નારદનો અથવા કોઈ ઋષિ અને રાજાનો સંવાદ આપવામાં આવ્યો છે. ચોવીસમાંથી વીસ એકાદશીઓનું માહાત્મ્ય ફલપ્રાપ્તિની દૃષ્ટાન્તકથા સાથે રજૂ કરવામાં આવ્યું છે, જ્યારે બાકીની ચાર એકાદશીઓનું માત્ર માહાત્મ્ય જ જણાવવામાં આવ્યું છે. સંસ્કૃત પુરાણકથાઓમાં પણ આ ચાર એકાદશીઓના માહાત્મ્યમાં કોઈ દૃષ્ટાંતકથા આપવામાં આવી નથી. વળી એમાં તો પ્રબોધિની એકાદશીના માહાત્મ્યમાં પણ કોઈ કથા આપી નથી, જ્યારે કવિ છોટમે રચેલા એના આખ્યાનમાં એક રસપ્રદ કથા નિરૂપવામાં આવી છે. વળી આ કથા ગુજરાતની એક પ્રાચીન પાટનગરી વલભીને લગતી છે એ વિશેષ નોંધપાત્ર છે.

પુરાણોમાં એકાદશીઓનો આરંભ કે ઉત્પત્તિ એકાદશીથી કરવામાં આવે છે, જે કારતક વદમાં આવે છે. એમાં એકાદશીની ઉત્પત્તિને લગતો પ્રસંગ આવતો હોઈ ઉચિત છે.

આ સંદર્ભમાં એક બીજો મુદ્દો નોંધપાત્ર છે, ચાંદ્ર માસના શુક્લ પક્ષમાં માસનું નામ સમસ્ત ભારતમાં એક સરખું હોય છે, પરંતુ એના કૃષ્ણપક્ષની બાબતમાં બે ભિન્ન પદ્ધતિઓ પ્રવર્તે છે. ગુજરાતમાં આપણે જેને કારતક વદ કહીએ, એને ઉત્તર ભારતમાં માગશર વદ કહે છે. ઉત્તર ભારતમાં પૂર્ણિમાન્ત માસ ગણાય છે, જ્યારે ગુજરાતમાં અમાન્ત માસ પ્રવર્તે છે. ઘણાં પુરાણ ઉત્તર ભારતમાં રચાયાં હોઈ એમાં માસના કૃષ્ણપક્ષના નામ માટે પૂર્ણિમાન્ત પદ્ધતિનાં નામ પ્રયોજાયાં છે. કવિ છોટમે એ અનુસાર પોતાનાં આખ્યાનોમાં એ નામ આપ્યાં છે. પરંતુ કવિ છોટમના આ ગુજરાતી આખ્યાન-કાવ્યમાં જ્યાં જ્યાં કૃષ્ણ પક્ષમાં પૂર્ણિમાન્ત પદ્ધતિનાં નામ આપેલાં છે ત્યાં ત્યાં સંપાદકે એને બદલે અમાન્ત પદ્ધતિનાં નામ પ્રયોજ્યાં છે. કવિ છોટમની આ અપ્રસિદ્ધ કૃતિને સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયે ઈ.સ. ૧૯૭૩માં પ્રકાશિત કરી છે ને એનું સંપાદન આ લેખકે કર્યું છે.

પુરાણોમાં એકાદશીની ઉત્પત્તિ અંગેની કથા આપવામાં આવી છે તેમાં એકાદશી તિથિનું કોઈ લક્ષણ

---

* પૂર્વ અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

દર્શાવ્યું નથી.

આ બાબતમાં નોંધવું જોઈએ કે શુક્લ એકાદશીના આરંભે સૂર્યચંદ્રનો નવપંચમ યોગ અને કૃષ્ણ એકાદશીના આરંભે એનો ત્રિ-એકાદશી યોગ હોય છે.

એકાદશી વ્રતનો દિવસ નક્કી કરવા માટે સ્માર્ત અને ભાગવત સંપ્રદાયોમાં મતભેદ પ્રવર્તે છે. આ બાબતમાં કવિ છોટમ પોતાનો મત જણાવે છે કે

આઠમને એકાદશી ચૌદસ છઠ ને ત્રીજ;
પૂર્વવેધ કરવી નહિ, સૂર્યોદય સત્ય નિજ.
દસમવેધી એકાદશી, કરવી નહિ નિરધાર;
બારસવેધી જે કરે, તેનું પુણ્ય અપાર. (પૃ.૨૬)

જો હોય એકાદશી, એક ઘડી ઉદયાત્;
વળતી હોય દ્વાદશી તે કરવી સાક્ષાત્. (પૃ.૨૪)

આ પુરાણોક્ત વિષયમાં આધુનિક કવિને પોતાનાં મંતવ્ય રજૂ કરવા માટે ઘણો ઓછો અવકાશ રહેલો છે. છતાં કવિ છોટમે એકાદશીનું વ્રત કરનારે એની યથાર્થ વિધિ ઉપરાંત શુદ્ધ આચાર વિચારના પાલનને સવિશેષ ધ્યાનમાં રાખવાનું છે એમ અનેક ઠેકાણે ભારપૂર્વક જણાવ્યું છે.

કવિ છોટમે રચેલા 'એકાદશી માહાત્મ્ય' માં દરેક પખવાડિયાની એકાદશી અંગે આ પ્રમાણે નિરૂપાયું છે.''

**૧. અભયા એકાદશી (કારતક વદ)**

મત્સ્ય પુરાણમાં એનો મહિમા જણાવ્યો છે. એમાં શ્રીકૃષ્ણ અર્જુનને જણાવે છે કે જયારે મોટુ નામે દાનવે દેવોના નિવાસ ઝૂંટવી લીધા ત્યારે ઇન્દ્રાદિ દેવ વિષ્ણુ ભગવાન પાસે ગયા. વિષ્ણુએ એ દાનવ સાથે યુદ્ધ કર્યું. વિષ્ણુના સંકલ્પથી પ્રગટ થયેલી રૂપવતી કન્યાઓએ દાનવનો વધ કર્યો ને વિષ્ણુએ એ એકાદશીને વરદાન આપ્યું કે જો તારું વ્રત કરશે તે વૈકુંઠ પામશે. આ વ્રતનો મહિમા મત્સ્યપુરાણમાં કહ્યો છે. કવિ છોટમે મલાતજ ગામમાં સં. ૧૯૨૦ માં આ કાવ્ય રચ્યું.

**૨. મોક્ષદાયિની એકાદશી (માગશર સુદ)**

આ એકાદશીનો મહિમા શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યો. ગોકુલના વૈખાનસ રાજાએ સ્વપ્નમાં પોતાના પિતાને નરકમાં પડેલા જોયા. આથી દુઃખી થઈ રાજાએ વિપ્રોને એનો ઉપાય પૂછ્યો. વિપ્રોના કહેવાથી રાજા પર્વત મુનિ પાસે ગયા. મુનિએ પિતાના કુકર્મની વાત કરી રાજાને આ એકાદશીનું વ્રત કરવા જણાવ્યું. આ મોક્ષદાયિની એકાદશીનું માહાત્મ્ય બ્રહ્મપુરાણમાં જણાવ્યું છે.

**૩. સફલા એકાદશી (માગશર વદ)**

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને આ એકાદશીનો મહિમા દર્શાવ્યો. ચંપાવતી નગરીમાં રાજા મહિષમંતનો જયેષ્ઠ પુત્ર લુપક ઘણો દુરાચારી હતો. આથી સર્વ સ્વજનો તેનો સંગ ન કરતા. આથી લુપક વનમાં જઈ રહ્યો. ત્યાં તેને અનાયાસે ઉપવાસ અને જાગરણ થયાં. એ પિતા પાસે ગયો ને પિતાએ એને આવકારી પોતાનું રાજય સુપરત કર્યું. કવિ છોટમે આ કૃતિ સં. ૧૯૨૨ માં રચી.

**૪. પુત્રદાયિની એકાદશી (પોષ સુદ)**

શ્રીકૃષ્ણને પૂછતાં તેમણે યુધિષ્ઠિરને આ એકાદશીનો મહિમા કહ્યો. ભદ્રાવતી નગરીમાં સુકેતુ માન

નામે રાજા હતો. એને કોઈ પુત્ર નહોતો, તેથી તે બહુ દુઃખી થઈ અઘોર વનમાં એકલો ગયો. ત્યાં એક સરોવર પાસે અનેક મુનિઓને જોયા. તેઓ રાજાને વિશ્વદેવા ઋષિના આશ્રમે લઈ ગયા એ મુનિએ રાજાને પુત્રદા એકાદશીનો મહિમા દર્શાવ્યો. રાજા એ વ્રત કરી પુત્ર પામ્યો. બ્રહ્મપુરાણમાં આ વ્રતનો મહિમા બનાવ્યો છે. કવિ છોટમે આ કથા સં. ૧૯૨૨માં રચી.

**૫. ષટ્તિલા એકાદશી (પોષ વદ)**

ગભસ્ત ઋષિએ દાલવ ઋષિને આ એકાદશીનો મહિમા દર્શાવ્યો. મૃત્યુલોકમાં એક બ્રાહ્મણી દેવો-પાસના કરતી, પરંતુ અન્નદાન દેતી નહિ. આથી એને સ્વર્ગમાં પણ મૃત્તિકા-પિંડ જ પ્રાપ્ત થયાં. પરંતુ એને ષટ્તિલા એકાદશીના વ્રતથી સુખ પ્રાપ્ત થયું. આ વ્રતનો મહિમા ભવિષ્યોત્તર પુરાણમાં કહ્યો છે.

**૬. જયા એકાદશી (મહા સુદ)**

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને આ એકાદશીનો મહિમા કહ્યો, જે પદ્મપુરાણમાં દર્શાવાયો છે. અહિપુરમાં ઈન્દ્રને અપાર વૈભવ પ્રાપ્ત થયો, પુષ્પવતી નામે ગાંધર્વ કન્યાએ માલ્યવંત ગાંધર્વને પ્રેમવશ કર્યો. અમર્યાદ પ્રણય-ચેષ્ટાને લીધે તેઓને પિશાચયોનિ પ્રાપ્ત થઈ. માઘ સુદ એકાદશીએ તેઓને અનાયાસે ઉપવાસ થયો, તેના પ્રતાપે તેઓ દિવ્યદેહ પામ્યાં. તેઓએ ઈન્દ્રને આ એકાદશીના વ્રતનો મહિમા જણાવ્યો.

**૭. ઉમા એકાદશી (મહા વદ)**

રાજા માંધાતા એક સમયે લોમશત ઋષિ પાસે આવ્યો. ને આ એકાદશીનો મહિમા પૂછવા લાગ્યો. ચૈત્રરથ નામે દેવ ઉદ્યાન હતું. ત્યાં મેધાવી નામે મુનિ ભારે તપ કરતા હતા. ઈન્દ્રે તેનો તપોભંગ કરવા મંદઘોષા નામે અપ્સરાને મોકલી. તેણે મુનિનો તપોભંગ કર્યો. પશ્ચાત્તાપ થતાં મુનિ પિતા ત્રવન પાસે આવ્યા. પિતાએ તેને આ એકાદશીનો મહિમા કહ્યો. પેલી અપ્સરા મુનિના શાપથી ડાકણ થઈ ને ત્યાં કૌતુક કરવા લાગી. એ જોઈ શૂરસેન રાજા પણ નવાઈ પામ્યો. ત્યારે એક પરદેશી બ્રાહ્મણ રાજા પાસે આવ્યો, એણે ઉપાય આદરી એ ડાકણના ચમત્કારનો ભંડો ફોડ્યો. એકાદશીના પુણ્યના પ્રતાપે એ ડાકણ દિવ્ય સ્વરૂપ પામી એવો આ એકાદશીનો મહિમા છે.

**૮. આમલી એકાદશી (ફાગણ સુદ)**

અયોધ્યામાં માંધાતા રાજા હતો ને એના ગુરુ વસિષ્ઠ હતા ગુરુએ એને આ એકાદશીનો મહિમા જણાવ્યો. યોગનિદ્રામાં શેષશાયી વિષ્ણુ ભગવાનના મુખમાંથી થૂંક નીકળ્યું ને તેમાંથી આમલી વૃક્ષ થયું. તેની નીચે બેઠેલા દેવો અને ઋષિઓને આ એકાદશીનો ઉપવાસ થયો. ચંદ્રા નામે નગરમાં પુષ્પમિત્ર નામે એક વિદ્યાવંત પંડિત હતો. તેને રત્નપ્રભા નામે રૂપવતી પત્ની હતી. આ દંપતીએ રેવાને તીરે આ એકાદશીનું વ્રત કરી એ વનમાં વૃક્ષોની શોભા માણી. પુષ્પમિત્રે સંગીતથી અને રત્નપ્રભાએ નૃત્યથી મોજ માણી. આમલી વૃક્ષ નીચે તેઓને ઉપવાસ અને જાગરણ થયાં. તેના પ્રતાપે તેઓને પોતાની સર્વ સંપત્તિ પ્રાપ્ત થઈ. મત્સ્યપુરાણમાં જણાવેલ આ માહાત્મ્ય છોટમે સં. ૧૯૨૨ માં ગાયું.

**૯. જયા એકાદશી (ફાગણ વદ)**

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને આ એકાદશીનો મહિમા કહ્યો. ભગવાને રામનો અવતાર લીધો. સુગ્રીવે લંકા જવા સેના તૈયાર કરી, પરંતુ સાગર ઓળંગવો મુશ્કેલ હતો. ત્યારે રામ બગદાલવ ઋષિ પાસે ગયા. તેમણે રામને જયા એકાદશીના વ્રતનો ઉપાય દર્શાવ્યો. એ વ્રતના પ્રતાપે રામ વાનરસેના સાથે સમુદ્ર ઓળંગી શક્યા. કૂર્મપુરાણમાં સંસ્કૃતમાં કહેલી આ કથા છોટમે ગુજરાતીમાં ઉતારી.

### ૧૦. પદ્મલલિતા એકાદશી (ચૈત્ર સુદ)

આ એકાદશીની કથા વરાહપુરાણમાં કહી છે. એનો મહિમા વસિષ્ઠે દિલીપ રાજાને કહેલો. પાતાળના રાજા પુંડરીકના નગરમાં તુંબરું ગંધર્વ અને લલિતા અપ્સરા સંગીત અને નૃત્ય દ્વારા રાજસભાને પ્રસન્ન કરતાં. તેઓની કામચેષ્ટા જોઈ પુંડરીકે તેઓને શાપ દીધો, બંને ભયાનક દાનવ થઈ ગયાં. વિંધ્યાચલમાં શૃંગી મુનિએ લલિતાને એ યોનિમાંથી છૂટવા આ એકાદશીના વ્રતનો ઉપાય બતાવ્યો. આ કથા છોટમે દોહા- ચોપાઈમાં રચી.

### ૧૧. વરૂથિની એકાદશી (ચૈત્ર વદ)

યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણે આ એકાદશીનો મહિમા દર્શાવ્યો. એમાં કન્યાવિક્રયના દુરાચારની નિંદા કરી છે, ને કન્યાદાનનો મહિમા દર્શાવ્યો છે. ભવિષ્યોત્તર પુરાણમાં આ કથા કહી છે, કવિ છોટમે ગુજરાતીમાં ઉતારી છે.

### ૧૨. મોહિની એકાદશી (વૈશાખ સુદ)

શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને આ એકાદશીનો મહિમા કહેતાં રામને વસિષ્ઠ મુનિએ દર્શાવેલ મહિમા દર્શાવે છે. એની દૃષ્ટાંતકથામાં એ કહે છે કે ભદ્રાવતી નગરીમાં દ્યુતિમાન રાજા અને ધનપાલ નામે ધનિક વૈશ્ય હતા. ધનપાલે પરમાર્થનાં અનેક કાર્ય કરેલાં. એને પાંચ પુત્ર હતા. પાંચમો પુત્ર ઘણો દુરાચારી હતો, તેને પિતાએ કાઢી મૂક્યો. તેને વનમાં કૌણ્ડિન્ય મુનિનો સત્સંગ થયો. મુનિએ એને પાપદોષનિવારણ માટે મોહિની એકાદશીનો મહિમા દર્શાવ્યો. કૂર્મપુરાણમાં કહેલી આ કથા કવિ છોટમે સં. ૧૯૨૨માં ગુજરાતીમાં રચી.

### ૧૩. અપરા એકાદશી (વૈશાખ વદ)

યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણે આ એકાદશીનો મહિમા કહ્યો. આ સંવાદ બ્રહ્માંડપુરાણમાં આવેલો છે, તેને છોટમે ગુજરાતી ભાષામાં કહ્યો છે.

### ૧૪. નિર્જલા એકાદશી (જેઠ સુદ)

હસ્તિનાપુર આવેલા વ્યાસ મુનિએ આ એકાદશીનો મહિમા ભીમને કહ્યો. ભીમ કહે, બધા મને એકાદશીનો ઉપવાસ કરવા કહે છે, પણ મારાથી ભૂખ્યા રહેવાય નહિ. આથી એક ઉપવાસે ચાલે તેવો ઉપાય બતાવો. મુનિ કહે, જેઠ સુદની એકાદશીએ અન્ન તથા જળ ન લેવાથી તને સર્વ એકાદશીનું ફળ મળશે. ભીમે આવી એક નિર્જલા એકાદશી નિરાહાર રહીને કરી. બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલી આ કથા છોટમે આ આખ્યાનમાં રચી.

### ૧૫. યોગિની એકાદશી (જેઠ વદ)

આ એકાદશીનો મહિમા શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને દર્શાવ્યો. અલકા નગરીમાં કુબેર શિવપૂજા કરતો. હેમમાલી નામે માળી એને એ માટે રોજ બાગનાં પુષ્પ આપતો. એક દિવસ પત્ની-સંગમાં લીન થઈ એ પુષ્પ આપવાનું ચૂકી ગયો, તેથી કુબેરે એને શાપ દીધો. એને કોઢ થયો ને એ વનમાં ભટકવા લાગ્યો. એને એ કષ્ટ-નિવારણ માટે માર્કંડેય મુનિએ આ એકાદશીનું વ્રત કરવા સૂચવ્યું. બ્રહ્મવૈવર્ત પુરાણમાં આવેલી આ કથા છોટમે રજૂ કરી છે.

### ૧૬. પદ્મા (વિષ્ણુશયની) એકાદશી (અષાડ સુદ)

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને આ એકાદશીનો મહિમા પૂછ્યો. માંધાતા રાજાના રાજ્યમાં ભયાનક દુકાળ પડ્યો. રાજાએ અંગિરા મુનિને એનું કારણ પૂછતાં મુનિએ કહ્યું ને એક શૂદ્ર વિના અધિકારે તપ કરે છે તેથી

દુકાળ પડ્યો છે. આથી તમે આ એકાદશીનું વ્રત કરો. એ વ્રત કરાતાં વૃષ્ટિ થઈ. ચાતુર્માસનાં વ્રત આ એકાદશીથી શરૂ થાય છે. સર્વ એકાદશીઓમાં આ વિષ્ણુશયની એકાદશી અપાર મહિમા ધરાવે છે. એનો મહિમા ભવિષ્યોત્તર પુરાણમાં ગાયો છે, તે છોટમે અહીં દર્શાવ્યો છે.

**૧૭. કામિકા એકાદશી (અષાડ વદ)**

યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણ કહે, આ એકાદશીનો મહિમા નારદને બ્રહ્માએ કહેલો. એના વ્રતનો મહિમા અપાર છે. બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલો એનો મહિમા અહીં છોટમે ગુજરાતીમાં કહ્યો છે.

**૧૮. પુત્રદાયિની એકાદશી (શ્રાવણ સુદ)**

શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને કહે, માહિષ્મતી નગરીમાં મહીજિત નામે રાજા હતો તેને પુત્ર ન હોવાનું ભારે દુઃખ હતું. એણે પ્રજાજનોને પોતાના દુઃખની વાત કરી. પ્રજાજનો લોમશ ઋષિ પાસે ગયા. મુનિ કહે, રાજા પૂર્વ જન્મમાં વણિક હતો, તેણે ઉનાળામાં ગાયને જળ પીવા ન દઈ પોતે જળ પીધું તેથી તે વાંઝિયો રહ્યો છે, મુનિએ આ પાપના નિવારણ માટે પુત્રદાયિની એકાદશીના વ્રતનો ઉપાય દર્શાવ્યો, તેના પ્રતાપે રાજાને ત્યાં પુત્રજન્મ થયો. ભવિષ્યોત્તર પુરાણમાં કહેલી આ કથા છોટમે કહી છે.

**૧૯. અજા એકાદશી (શ્રાવણ વદ)**

યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણ કહે, સત્યવાદી હરિશ્ચંદ્રે સત્યપાલન માટે અનેક કષ્ટ વેઠ્યાં. ગૌતમ ઋષિએ એને કષ્ટ નિવારવા માટે અજા એકાદશીનું વ્રત કરવા જણાવ્યું. આ વ્રત કરવાથી એનાં સર્વ સંકટ દૂર થયાં. એનો મહિમા બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યો છે, તે છોટમે, ગુજરાતીમાં કહ્યો.

**૨૦. વામન એકાદશી (ભાદરવા સુદ)**

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને આ એકાદશીનો મહિમા જણાવ્યો. ત્રેતાયુગમાં બલિ રાજાએ ઈન્દ્રાસન લેવા શત યજ્ઞ કરવા ધાર્યું, ત્યારે ઈન્દ્રની વિનંતીથી વિષ્ણુ ભગવાને વામન સ્વરૂપ ધારણ કરી, ત્રણ પગલાં ભૂમિ માગી. પછી ભગવાને ત્રિવિક્રમ રૂપ ધરી, એક પગલે પૃથ્વી, બીજા પગલે આકાશ અને ત્રીજા પગલે બલિને કબજે કર્યો. એની વિનંતીથી ભગવાન ચાર માસ એની પાસે પાતાલમાં રહે છે, આ ચાતુર્માસનો મહિમા ઘણો છે. આ કથા છોટમે સં. ૧૯૨૨માં રચી.

**૨૧. ઈન્દિરા એકાદશી (ભાદરવા વદ)**

યુધિષ્ઠિરને પૂછવાથી શ્રીકૃષ્ણે આ એકાદશીનો મહિમા દર્શાવ્યો. સત્યયુગમાં માહિષ્મતી નગરીમાં ઈંદ્રસેન રાજા થયો. એક દિવસ નારદ મુનિ એની પાસે આવ્યા. એમણે જણાવ્યું કે યમલોકમાં મને તમારા પિતાએ કહેવરાવ્યું કે મારો પુત્ર ઈન્દિરા એકાદશીનું વ્રત કરી મને અર્પણ કરી સ્વર્ગ પ્રાપ્તિ કરાવે. નારદે રાજાને એ એકાદશીના વ્રતની વિધિ બતાવી. એ વ્રત વડે પિતાનો ઉદ્ધાર થયો. બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલી આ કથા છોટમે અહીં કહી છે.

**૨૨. પાશાંકુશા એકાદશી (આસો સુદ)**

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને આ એકાદશીનો મહિમા દર્શાવ્યો. એનું વ્રત કરવાથી સર્વવિધ પુણ્ય પ્રાપ્ત થાય છે. આ કથા બહ્મવૈવર્ત પુરાણમાં કહી છે, તે છોટમે ગુજરાતીમાં રજૂ કરી છે.

**૨૩. રમા એકાદશી (આસો વદ)**

આ એકાદશીનો મહિમા કહેતાં શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે : મુચુકુંદના વંશમાં એક રાજાને ચંદ્રભાગા નામે પુત્રી હતી. એનો પતિ શોભન સાસરીમાં આવ્યો ત્યારે એકાદશી હતી. શોભને સસરાની બીકે એકાદશીનો

ઉપવાસ કર્યો ને જાગરણ પણ કર્યું, પરંતુ એમ કરતાં એ મૃત્યુ પામ્યો. પણ રમા એકાદશી વ્રતના પ્રતાપે શોભન મંદરાચલ પાસે એક દેવનગરનું આધિપત્ય પામ્યો. ત્યાં એક દિવસ સોમશર્મા નામે બ્રાહ્મણ આવ્યો. એને શોભન કહે, મને એકાદશી વ્રતના પ્રતાપે આ નગરી મળી છે, પરંતુ એણે એ વ્રત શ્રદ્ધા વિના કરેલું, તેથી આ સુખ ટકવાનું નથી. જો ચંદ્રભાગા એનું પુણ્ય આપે તો જ એ ટકે. આ જાણી ચંદ્રભાગા એ બ્રાહ્મણને લઈ પતિ પાસે ગઈ ને પોતાનું વ્રતફળ એને અર્પણ કર્યું. આ કથા બ્રહ્મવૈવર્ત પુરાણમાં લખી છે. ને એ છોટમે સં. ૧૯૨૨ માં ગુજરાતીમાં રજૂ કરી.

**૨૪. પ્રબોધિની એકાદશી (કારતક સુદ)**

આ એકાદશીનો મહિમા યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને પૂછ્યો. અગાઉ નારદે પણ બ્રહ્માને એ પૂછેલો. ત્યારે બ્રહ્માએ આ એકાદશીના એકભુક્ત, નક્તભોજન અને કેવલ ઉપવાસનો મહિમા કહેલો. શ્રીકૃષ્ણે આ વ્રતની વિધિ વિગતવાર કહી.

પછી એની દષ્ટાંતકથા પણ કહી. અગાઉ સાગરતીરે વલભી નામે નગરી હતી, ત્યાં દામોદર નામે એક ધનાઢ્ય વેપારી રહેતો હતો. એ ધન ને ધાન દેતો. એક સમયે ત્યાં ભારે દુકાળ પડ્યો. ત્યારે એક ધીવર (માછીમાર) દામોદર પાસે આવ્યો ને આજીજી કરી અઢળક ધન પામ્યો. એના બહોળા પરિવારે માછલાં મારી સાગર ખાલી કર્યો. આથી સાગરે કુપિત થઈ પુત્રી લક્ષ્મીને આજ્ઞા કરી એ વણિકને નિર્ધન બનાવી દીધો. દરિદ્ર થઈ ગયેલો વણિક દેશાટન કરવા નીકળી પડ્યો. સ્વર્ગમાં કલ્યાણ કંદોઈ નામે મિત્રને ત્યાં ગયો, કલ્યાણે એને કહ્યું, તને કંઈ પાપ લાગ્યું છે, તો કોઈ ઋષિને પૂછી જુઓ. પછી પેલો વણિક વાત્રક-સાબરમતીના સંગમ પર આવેલા વૌઠામાં વસેલા વૃદ્ધ મુનિ પાસે ગયો. મુનિએ એને એનો દોષ જણાવ્યો ને પ્રબોધિની એકાદશીનું વ્રત કરવા સલાહ આપી. વળી એ વ્રતની વિધિ પણ કહી. વણિકે એકાદશીનું વ્રત કર્યું. વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયા. બ્રહ્માંડપુરાણમાં કહેલો આ વૃત્તાંત છોટમે સં. ૧૯૨૨ માં મલાતજ (તા. પેટલાદ)માં લખ્યો. આવો એ એકાદશીનો મહિમા છે. આ કથાનો વૃત્તાંત ગુજરાતને લગતો હોઈ આપણા માટે સવિશેષ મહત્ત્વનો ગણાય.

# ગુજરાતનાં ૫૦ વર્ષ, ભારતનાં ૬૨ વર્ષ અને કાલજયી 'સ્ત્રી વિમર્શ'

◆

**ડૉ. પુનિતા હર્ણે+**

બ્રિટિશ સરકાર આપણા ઉપમહાદ્વીપને બે દેશોમાં વહેંચીને વિદાય થઈ. ભારત દેશમાં આપણે ભાષાના આધારે રાજ્યરચના કરી. પણ આપણું ગુજરાત રાજ્ય ભાષાને આધારે થયેલ રાજ્યરચનાના પ્રથમ તબક્કામાં રચાયેલું રાજ્ય નથી. 'પોતાની ઓળખ અલગ છે' એવી લાગણી સતત જેમને થતી રહી છે એ પ્રજાએ સંઘર્ષના રસ્તે મેળવેલું, રચેલું અને સ્થાપિત કરેલું રાજ્ય છે. 'આઝાદી આંદોલન'થી મેળવેલા ભારતમાંથી 'મહાગુજરાત આંદોલન' મારફતે મેળવેલું આ અનોખું રાજ્ય છે. આ રાજ્ય ૫૦ વર્ષનું થયું છે.

આ રાજ્યમાં હાલમાં વસતાં સ્ત્રી-પુરુષો, અહીં આવીને વસી ગયેલાં અને અહીંના જેવાં જ થઈ ગયેલાં સ્ત્રી, પુરુષો, અહીંથી દૂર જઈને વસ્યાં હોય છતાં અહીંના જેવાં જ રહેલાં અને રહેવા મથ્યા કરતાં સ્ત્રી-પુરુષો અને ગુજરાત પ્રદેશ 'ગુજરાત રાજ્ય' બન્યું એ પહેલાંથી કોઈપણ ખાસ ઓળખ ધરાવતા નહોતા એવા આ પ્રદેશના લોકોમાંથી માત્ર સ્ત્રીઓ અને પરિવર્તનના પ્રવાહો – ગુજરાત સંદર્ભે અઘરું લાગે છે અને વાત પતે ત્યારે અધૂરું પણ લાગે.

એ સર્વવિદિત છે કે, રચનાત્મક કાર્યક્રમોથી માંડીને ઔદ્યોગિક વિકાસ વચ્ચેની અનેક ક્ષેત્રોથી સમૃદ્ધ ગુજરાત રાજ્યની વિકાસ વાર્તામાં ગુજરાતી સ્ત્રીઓ પુરુષોની સાથે લાગોલગ રહી છે. વિશ્વમાં સ્ત્રીઓની સ્થિતિ અંગેની ચર્ચાઓ - અભ્યાસો થોડાં સો વર્ષો પૂર્વે જ શરૂ થયાં છે – જ્યારે આપણા દેશમાં આ અંગેની અભ્યાસની પરંપરા ઘણી જૂની છે.

**સ્ત્રીઓ - પૃષ્ઠભૂમિ**

ભારતીય દાર્શનિકો, નૃવંશશાસ્ત્રીઓ, ઇતિહાસકારો, ભાષાશાસ્ત્રીઓ, સારસ્વતો અને સમાજશાસ્ત્રીઓએ 'સ્ત્રી' અને તેના દરજ્જા અંગે અનેક સંશોધનો કર્યાં છે. આ અભ્યાસોમાં વૈદિકયુગની નારીથી માંડીને સ્વાતંત્ર્યોત્તર યુગની નારીની સ્થિતિની જે તે વિષયના સંદર્ભમાં ચર્ચાઓ થઈ છે. વૈદિક યુગની સ્ત્રી સક્ષમ હતી, સ્વયંસિદ્ધા હતી, શિક્ષિત હતી અને સમાન દરજ્જો ધરાવતી હતી. એ ગૌરવપ્રદ સ્થિતિથી માંડીને સ્ત્રીઓ આજે અનુઆધુનિક યુગમાં એક 'સામગ્રી' બનીને રહી ગઈ છે ત્યાં સુધી સ્ત્રીઓ અંગે જે કોઈ અભ્યાસો થયા અને થઈ રહ્યા છે; તેમાં સ્ત્રીના વિકાસ, દરજ્જા, સ્થિતિ માટે કયાં કયાં પરિબળો કામ કરે છે તે જોવાનો પ્રયાસ થયો છે. આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી છીએ. આપણે ત્યાં પુરુષોની સરખામણીએ ૩,૫૫,૧૮,૯૦૯ સ્ત્રીઓ ઓછી છે. (પ્રોવિઝનલ સેન્સસ ૨૦૦૧ના આધારે). આપણા દેશની સ્ત્રીઓમાં સાક્ષરતાશિક્ષણ, આરોગ્ય જેવા પાયાના પ્રશ્ને જાગૃતિ ઊભી કરવાનું કામ તથા સમાજકારણ અને શાંતિ, પ્રગતિ માટે સૌને સક્રિય કરવાનું કામ પ્રત્યેક નાગરિકનું છે. આ કામગીરીની અસર અને પરિણામ સમાજ, સમાજની સ્ત્રીઓ ઝીલે છે, અનુભવે છે અને પ્રતિબિંબિત પણ કરે છે. ગુજરાતીમાં સ્ત્રીઓ અંગેની વાત ઉપરોક્ત તમામના અવલોકનના આધારે જ માંડી શકાય. ગુજરાતની સ્ત્રીઓ અંગે આઝાદી આંદોલન પછી અને ખાસ કરીને '૬૦ના દાયકા પછીની વાત કરીએ એ પહેલાં ગુજરાતી સ્ત્રીઓની જાહેરજીવન પ્રવેશની કામગીરી અંગે જોઈએ તો કંઈક આવું દેખાય છે.

---

+ રીડર, પત્રકારત્વ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**ગાંધીયુગ :**

ગાંધીજીના હિન્દુસ્તાન પુનઃ આગમન સમયે સમગ્ર દેશ સામાજિક આંદોલનો અને સુધારા પ્રયાસોને કારણે પ્રગતિશીલ અને ગતિશીલ બની ચૂક્યો હતો. સ્ત્રીઓ પોતાના માટે અને અન્ય બહેનો માટે કામ કરવા આગળ આવી ચૂકી હતી. ગાંધીજીના આગમન પછી તેમની પ્રવૃત્તિઓને ચોક્કસ હેતુ, આયોજન અને માર્ગદર્શન મળ્યાં.

ગાંધીયુગ એક સ્પષ્ટ રાજકીય યુગ હતો. જેમાં સ્ત્રીઓની ભાગીદારી સમાજની અનિવાર્યતા છે. આંદોલનની સફળતા માટેની જરૂરિયાત છે – એ મુદ્દે કરવામાં આવી હતી. કેટલીક બહેનો સ્વબળે, આપબળે, કુટુંબબળે જોડાઈ હતી જ્યારે કેટલીક બહેનો સામાજિક રીતે જ અગ્રેસર હોઇ ગાંધીજી સાથે જોડાઈ. દેશમાં ઠેકઠેકાણે મહિલાસંગઠનો આ સમયગાળા દરમિયાન રચાયાં.

પ્રથમ વિશ્વ યુદ્ધ બાદ જે મહિલાસંગઠનોની રચના થઈ તે મહિલાઓના સંગઠિત પ્રયત્નોનું પરિણામ હતું. જેમાં શિક્ષણ અને સમાજસેવા માટેના નિશ્ચિત કાર્યક્રમોને પાયામાં મૂકવામાં આવ્યા હતા. ૧૯૨૭માં પૂનામાં 'ઓલ ઇન્ડિયા વુમન્સ કૉન્ફરન્સ'ની શરૂઆત થઈ. રાજકીય અધિકારો મુખ્યત્વે મતાધિકાર મેળવવો તેમનું મુખ્ય લક્ષ્ય હતું. રાજકીય ગતિવિધિથી અળગા રહી સામાજિક-આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ કરવી તેમનું મુખ્ય ધ્યેય હતું. તેમ છતાં ૧૯૪૨માં ગાંધીજીની 'હિંદ છોડો'ની હાકલ થતાં તેઓ સૌ તેમાં જોડાઇ ગયાં.

**સ્વાતંત્ર્યોત્તર યુગ (૧૯૪૭ થી ૧૯૭૪)**

આદર્શના પાયા પર ગાંધીજીની વિચારસરણી મુજબ દેશના નાગરિકોએ સંગઠિત થઇને આઝાદી મેળવી. દેશ આઝાદ થયો અને અચાનક આ આદર્શવાદ પણ ધૂંધળો થવા લાગ્યો. આઝાદ દેશમાં લોકો આંદોલન દરમિયાન પોતે કરેલાં નાનાં મોટાં ત્યાગ-બલિદાન માટે કંઈને કંઈને લાભ મેળવી લેવાની વેતરણમાં વ્યસ્ત થઈ ગયા. સામાન્ય માનવી - 'સ્ત્રીઓ' અને તેમના પ્રશ્નો હાંસિયામાં ધકેલાઈ ગયા. જે નારી સંસ્થાઓનો ટેકો લઈને દેશ આઝાદ થયો, એ સંસ્થાઓ અને તેના કાર્યોનું કોઈ મહત્ત્વ રહ્યું નહીં. મહિલા નેતાઓ પુરુષ નેતાઓની જેમ લાભની દુનિયામાં વ્યસ્ત થઈ ગયાં. એ સમયની દેશની મહિલાઓની સ્થિતિ એવી હતી કે, તેમને મતાધિકાર તો મળતાં મળી ગયો હતો પણ તેનો યોગ્ય ઉપયોગ કરવાની તેમની ક્ષમતા ન હતી.

અહીં ભારતની જ નહીં વિશ્વવ્યાપી સામાજિક માનસિક્તા કારણરૂપ બની. જેમ કે, દેશની આઝાદી માટે ક્રાંતિકારી આંદોલનોમાં ભાગ લેવા માટે મહિલાઓને આહ્વાન કરવામાં આવે છે, તેઓ દેશની સાંસ્કૃતિક સંરચનાત્મક મર્યાદાઓ તોડીને બહાર આવે છે, તેઓ આંદોલનમાં ભાગ લે છે. ક્રાંતિકારી સંગઠનોમાં તેમને દરેક મુદ્દો સંકુચિત પુરુષવાદી દૃષ્ટિકોણથી જોવાનું શીખવવામાં આવે છે. મહિલાઓના હિત માટેના પ્રશ્નોને દેશના હિતની સામે વ્યક્તિગત પ્રશ્નો કહીને પાછળ ધકેલી દેવામાં આવે છે. આઝાદી મેળવ્યા બાદ અચાનક એવું જોવામાં આવે છે કે, સમાજ એ પરિવર્તનો માટે તૈયાર નથી હોતો જે તેણે ક્રાંતિ કે લડત દરમિયાન સ્વીકાર્યો હોય.

**સ્ત્રી-પુરુષ સમાનતાનો સરકારી પ્રયાસ :**

આઝાદ ભારતમાં સરકારે મહિલાઓના વિકાસ અને સમાજમાં એમની સ્થિતિની સુધારણા માટે અનેક સંવૈધાનિક, કાયદાકીય, અને પ્રશાસનિક પગલાં લીધાં. સંવિધાને સમાનતાની વાત કરી, એ પછી મહેનતાણાંની હોય કે પછી રોજગારીની. સમાનકામ માટે સમાન વેતનનું આશ્વાસન મળ્યું. મહિલાઓને પ્રસૂતિ માટેની સવેતન રજાઓ આપીને કાયદાને વધુ માનવીય બનાવાયો. દહેજ વિરુદ્ધનો કાયદો બન્યો. મિલકતના અધિકારોનું ક્ષેત્ર પણ વિશાળ બન્યું. પંચવર્ષીય યોજનાઓ મારફતે મહિલાઓના વિકાસ માટેની

અનેક યોજનાઓ ઘડાઈ.

આ દરમિયાન ૧૯૭૧માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના આગ્રહને કારણે ભારતમાં મહિલાઓની સ્થિતિ સંબંધી સમિતિ CSWI ની રચના કરવામાં આવી, જેણે ૧૯૭૫માં પોતાનો અહેવાલ 'ટુવર્ડઝ ઇક્વોલીટી' રજૂ કર્યો. આ અહેવાલથી દેશમાં નારીવિષયક ચેતના ઊભી થઇ. જેમાં એક તો સ્ત્રીઓને માત્ર કલ્યાણકારી કામોના લક્ષ્યાંકના રૂપમાં જોવાતી. તેને બદલે રાષ્ટ્રીય વિકાસમાં મહત્ત્વના ઉત્પાદક તરીકે જોવામાં આવી, તથા મહિલાઓનો એવા સમૂહના સ્વરૂપમાં સ્વીકાર કરવો પડ્યો જેના પર આર્થિક પરિવર્તનની પ્રક્રિયાઓનો પ્રતિકૂળ અથવા તો વિપરીત પ્રભાવ પડ્યો હતો.

**આઝાદી પછીનાં નવાં મહિલા સંગઠનો અને આંદોલનો**

૧૯૫૪માં અખિલ ભારતીય મહિલા સંઘની સ્થાપના થઈ. (એન.એફ.આઇ.ડબલ્યુ) દેશના દક્ષિણ ભાગમાં ખેડૂતો, આદિવાસીઓ અને પછાત વર્ગોના મજૂરોના વેતન માટેનાં જે કોઈ આંદોલનો થયાં તેમાં આ સંઘ તથા મહિલાઓએ મહત્ત્વની કામગીરી બજાવી. પશ્ચિમ બંગાળના જમીનવિહોણા ખેડૂતોના આંદોલનમાં પણ સ્ત્રીઓ તેમની સાથે રહી. ગુજરાતમાં સ્ત્રીઓ અગાઉથી જ ઘણી અગ્રેસર હતી. ખેડૂત આંદોલનમાં સ્ત્રીઓએ પુરુષોની સાથોસાથ કામ કર્યું. જેમાં ગુજરાત અને ગુજરાતી સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે જ.

એ દિવસોમાં જ્યારે જ્યારે મૂડીવાદી અને સામ્યવાદી વિચારધારાઓ પરસ્પર ટકરાઈ ત્યારે બંને પક્ષે સ્ત્રીઓએ નેપથ્યમાં રહીને ટેકો આપ્યો. જુદા જુદા રાજકીય પક્ષોએ તેમની મહિલા પાંખ શરૂ કરી. મોંઘવારી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દે લડવા માટે સ્ત્રીઓ જ પહેલ કરતી. પછીના દાયકામાં દહેજ અને અત્યાચાર સામે સ્ત્રીઓએ જ મોટી રેલીઓ કાઢી. આ બધું એ દાયકાઓમાં જે તે પક્ષોના અંગત સ્વાર્થ માટે જે માત્રામાં અને જ્યારે જરૂરી હતું ત્યારે તેવડું જ થયું કદાચ એ મહિલાઓની 'ભીડ' ભેગી કરવાના કાર્ય જેવું હતું — તેમને 'સંગઠિત' કરવાનું નહીં. તત્કાલીન પ્રણાલિએ સ્ત્રીઓનો ઉપયોગ કરીને તેમને નિષ્ક્રિય છોડી દીધી. આવું જ્યારે જ્યારે થયું ત્યારે સ્ત્રીઓને 'જ્યાંથી' લાવવામાં આવી હતી તેનાથી પણ પછાત સ્થિતિમાં મૂકી દેવામાં આવી.

**ઈ.સ. ૧૯૭૨ થી ૧૯૭૪**

દેશમાં 'ચીપકો' આંદોલને મહિલાઓના જનઆંદોલનના સ્વરૂપમાં પાયાની ભૂમિકા ભજવી. આ આંદોલનમાં મહિલાઓ કોઈના સમર્થક તરીકે આવી ન હતી — આ એમનું પોતાનું આંદોલન હતું. જેને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી હતી. આ આંદોલનને લીધે ભારતીય મહિલાઓની સ્થિતિમાં કોઈ પરિવર્તન આવ્યું નહીં.

પછીનાં વર્ષોમાં ભારતના રાષ્ટ્રીય અને પ્રાદેશિક રાજકારણમાં મહિલાઓની ભાગીદારી કોઈ કારણસર ઘટવા લાગી. આઝાદી આંદોલનમાં ભાગ લેનાર મહિલાઓએ સત્તામાં કામગીરી સ્વીકારી પણ એ પછીના વર્ષોમાં જે રીતે બીજી પેઢી શરૂ થવી જોઈએ તે થઈ નહીં. ચૂંટણીપંચના આંકડા અનુસાર, લોકસભામાં ૧૯૫૨માં ૪૮૯ બેઠકો હતી જેમાંથી ૧૪ બેઠકો સ્ત્રીઓની હતી. જે ૧૯૭૧માં ૨૧ની થઈ. આમ, પરસ્પર વિરોધી પરિસ્થિતિઓ સર્જાતી રહી.

બંધારણે મતાધિકાર આપ્યો હોવા છતાં પણ મહિલાઓ પોતાના મત માંગવા આગળ આવી નહીં એજ રીતે તેમણે શિક્ષણ મેળવ્યું, નોકરીઓ મેળવી પણ તેમની સામાજિક સ્થિતિમાં અપવાદ સિવાય ખાસ પરિવર્તન આવ્યું નહીં. સ્ત્રીઓનું સામાજિક, માનસિક પછાતપણું વધતું ચાલ્યું. લગ્નમાં જે દહેજપ્રથા શહેરો અને પૈસાપાત્ર લોકો સુધી સીમિત હતી તે હવે ગામડાંઓ સુધી એ એવાં ઘરોમાં ઘર કરી ગઈ જ્યાં તેનું

નામોનિશાન ન હતું. દહેજમૃત્યુ નામે મૃત્યુનો નવો પ્રકાર સ્ત્રીઓને માથે લખાયો.

આઝાદી બાદ સમગ્ર દેશમાં વર્ગ, જાતિ, સંપ્રદાય, ક્ષેત્ર અને ભાષાને હાથો બનાવીને જે ભેદભાવ થયો તેનું પરિણામ હિંસામાં જ આવ્યું. હિંસા દરમિયાન સૌથી વધુ ભોગવવાનું સ્ત્રીઓને જ આવે છે, સામાજિક શોષણ અને ગરીબીની શિકાર મહિલાઓ બજાર તરફ વળી. આ સમયગાળા દરમિયાન વેશ્યાવૃત્તિનું પણ વ્યવસાયીકરણ થઈ ચૂક્યું હતું. આમ, કાયદો અને માનવીય મૂલ્યોની મજાક ઉડાવતા હોય તેવા તમામ કુરિવાજો પુનઃસ્થાપિત થઈ ગયા.

ગુજરાતના સંદર્ભમાં વિશેષ વાત કરીએ તો, ગાંધીજીની અસર હેઠળ આઝાદી આંદોલનમાં સૌથી વધુ ઝડપથી મહિલાઓ ગુજરાતમાંથી આગળ આવી હતી. '૬૦ના દસકામાં ભારતદેશ તેના બાલ્યકાળમાં હતો ત્યારે મહિલાઓએ વિવિધ ક્ષેત્રોમાં જવાબદારી સ્વીકારી શિક્ષણ લીધું. આર્થિક રીતે સદ્ધર બની પણ તેની કમાણી તેની પોતાની નહતી. તેની પર તેના પતિ, બાળક અને અધિકારીનો હક હતો. તેનો પોતાનો નહીં.

આ અનુગાંધી યુગ - અનુઆધુનિક યુગ પણ હતો. પશ્ચિમની લગોલગ પહોંચવાની ઉતાવળ સ્ત્રીઓ અને પુરુષો બંનેમાં હતી. મૂલ્ય હ્રાસની વચ્ચે વચ્ચે ક્યાંક આદર્શો ડોકિયા કરી જતા. 'ગુલામ' દેશમાં જન્મેલા નાગરિકો તરીકે 'આઝાદ' દેશમાં શ્વાસ લેતા થયા. ગાંધીજીની અસર હેઠળ દેશના સ્ત્રી-પુરુષોની બીજી પેઢી એ મૂલ્યોને અનુસરવા કે વિરોધ કરવો કે પછી તે મૂલ્યોને છોડી જ દેવા તેની વચ્ચે અટવાતી જ રહી. આ દસકામાં સ્ત્રીઓ માટે દેશના બંધારણ મારફતે ઘણી જોગવાઈઓ કરાઈ. પણ જે સ્ત્રીઓ એક બુદ્ધિશક્તિ અથવા પ્રેરણાના બળે અત્યંત વેગથી બહિર્મુખ થઈ હતી, તે સ્વાતંત્ર્યોત્તર યુગમાં 'पुनर्मूषको भव'ની જેમ પાછી ઉંદર બનાવી દેવાઈ અને દરમાં - ઘરમાં ધકેલી દેવાઈ. ગાંધીયુગની પ્રગતિશીલતા વ્યક્તિગત સ્વાર્થ અને ઉદ્દેશહીનતામાં ગૂંગળાવા લાગી.

**'૭૦નો દાયકો : 'રાજકીય કટોકટી અને ઊભરતી સ્ત્રીશક્તિ'**

આ સમયગાળા દરમિયાન દેશમાં ઇન્દિરા ગાંધીના નેતૃત્વની આણ વર્તાતી હતી. આઝાદી આંદોલનના અગ્રણીઓનાં સંતાનોમાં સૌથી મેધાવી એવા ઇન્દિરા ગાંધીએ દેશને વૈશ્વિક ફલક પર સ્થાપિત કરી બાંગ્લાદેશને મુક્ત કરી, દેશમાં આંતરિક વિરોધને દાબી દઈ — કટોકટી લાદીને સ્થાપિત કર્યું કે 'સ્ત્રી હોય કે પુરુષ - સત્તાસ્થાને ટકી રહેવા માટે કંઈ પણ કરવું પડે તે સઘળું માન્ય છે.' તેમની સમકાલીન અને અનુગામી સ્ત્રીઓએ આ વાતને ઝીલી અને દેશમાં અનેકવિધ ક્ષેત્રે તેની અસર દેખાઈ. ગુજરાતી સ્ત્રીઓ પણ આમાંથી બાકાત નહોતી.

દેશનો મધ્યમવર્ગ સાધારણ શિક્ષણ અને મધ્યમ દરજ્જાની નોકરીઓમાં ખુશ હતો અને દેશની તે સમયની ૨૫ થી ૪૦ વર્ષની વયની સ્ત્રીઓ મજૂરીથી માંડી ડૉક્ટર અને રાજકારણથી માંડીને શિક્ષણ-અભિનય ના અવનવાં ક્ષેત્રોમાં હિંમતથી તથા શાલીનતા અને સૌજન્યના સુભગ સમન્વયથી મક્કમ ડગલે આગળ વધી રહી હતી. પશ્ચિમની અસર હેઠળ જ્યાં યુવક-યુવતીઓમાં હિપ્પી સંસ્કૃતિનો ઉદય થઈ રહ્યો હતો તો તત્કાલીન ફિલ્મોમાં ભૂખ-તરસ-જમીનના મુદ્દે ફિલ્મો બનતી નહોતી. પણ નોકરી માટે શહેરમાં આવતો, મજૂરી કરતો, માલિકની દીકરીના પ્રેમમાં પડતો - નાસીપાસ થતો યુવાન બતાવાઇ રહ્યો હતો. અહીં પ્રતિબિંબિત થતી સ્ત્રીના ભાગે ગીતો ગાવા અને રડવા સિવાય કંઈ ખાસ કરવાનું રહેતું નહોતું. આમ, મજૂરના અધિકારકેન્દ્રી રાષ્ટ્રીય માહોલમાં સ્ત્રીઓએ નેપથ્યમાં રહીને શિક્ષણ લેવા-દેવામાં પોતાની ઇતિશ્રી સમજી. આજ દાયકામાં પશ્ચિમી વિશ્વમાં 'નારીવાદ'ની ચળવળ શરૂ થઈ. દુનિયાભરમાં સ્ત્રીએ પોતાના અધિકારો માટે એકત્રિત થઈ અને 'વિમેન્સ લિબરેશન મુવમેન્ટ'માં જોડાઈ. આપણા દેશમાં, ગુજરાતમાં પણ તેની અસરો ઝીલાઈ. પણ મહિલાઓએ જે અધિકારો માટે લડત ચલાવી હતી. તેમાંના મોટાભાગના તો

ભારતમાં સંવિધાન મારફતે દેશ આઝાદ થયો એ દિવસથી જ સ્ત્રીઓને અપાયા હતા – આથી ભારતમાં આ મુવમેન્ટનું આત્યંતિક સ્વરૂપ બની શક્યું નહીં. વળી, ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓના અધિકારો માટે લડવું એવી ફિલસૂફી પ્રચલિત ન હતી. કારણ અહીં 'ત્યાગીને ભોગવી જાણો' એ વાતનું મહત્ત્વ પ્રસ્થાપિત થઈ ચૂક્યું હોઈ અને નારીમુક્તિનો અર્થ માત્ર સમસ્યાઓમાંથી કે પ્રશ્નોમાંથી જ મુક્તિ નહીં – પણ આત્મિક ઉન્નતિ અને આધ્યાત્મિક ઉન્નતિ સુધી વિસ્તરેલો હોઇ નારી આંદોલનોને દેશમાં અને ગુજરાતમાં છેક '૮૦ના દાયકામાં મહત્ત્વ મળવા લાગ્યું.

**'૮૦ નો દાયકો 'માનસિક અવઢવનો યુગ'**

મુક્તિની ઝંખના અને પરંપરાગત મૂલ્યોનું જતન – આ બંને અંતિમો વચ્ચે ભારતીય સ્ત્રીઓ અથડાવા લાગી. અત્યાર સુધી જે પરિવર્તનો તેના જીવનમાં આવનારાં હતાં તે તમામ તેના સુધી આવ્યાં અને તેણે સ્વીકાર્યાં – પણ હવે તે ખુદ પરિવર્તનો માટે પ્રયત્નશીલ બની રહી હતી છતાં હજુયે અંતરઆત્માથી મજબૂત ન હોય તેવું વર્તાતું. તત્કાલીન ભારતીય ફિલ્મોએ આ વાતને બહુ જ સરસ રીતે ફિલ્મોના માધ્યમથી પ્રતિબિંબિત કરી. જ્યાં 'હિમ્મતવાલા', 'તોહફા' જેવી દક્ષિણભારતીય સ્પર્શવાળી ભારતીય ફિલ્મોમાં આધુનિક નાયિકા અંગપ્રદર્શન કરતી દેખાડાઈ અને ડ્રીમ સિકવન્સ સોંગ્સમાં પરંપરાગત દૈવી વસ્ત્રો અને અલંકારોમાં નૃત્ય કરતી એ દેખાડાઈ. 'તેજાબ', 'નામ' જેવી ફિલ્મોએ તત્કાલીન યુવક-યુવતીઓની સ્થિતિનું ચિત્રણ કર્યું. આ સમય દરમિયાન શિક્ષણની અસર હેઠળ સ્ત્રીઓએ પોતાનો અને કુટુંબનો પાયો મજબૂત કર્યો પણ સાથોસાથ જે જવાબદારી વહેંચવી જોઈએ તે વહેંચી નહીં. આમ, ઘરકામ અને નોકરી એમ બેવડો બોજો વેંઢારતી મહિલાઓનો સમયગાળો કહી શકાય.

'માઇન્ડલેસનેસ ડિકેડ' તરીકે જાહેર થયેલા આ દાયકામાં અનેક મહિલાઓએ પણ વ્યક્તિગત વિશ્વ-વિક્રમી સિદ્ધિઓ હાંસલ કરી. પણ ગામડામાં સ્ત્રીઓની સ્થિતિમાં કોઈ ખાસ ફેર પડ્યો નહતો.

**'૯૦નો દાયકો ઉદારીકરણ અને સૌંદર્ય-સભાનતાનો સમય :**

ટીવી દેશમાં પ્રસરી રહ્યું હતું. ગામડાંઓમાં પણ તેણે લોકોને ગતિશીલ કર્યા હતા. દેશનું અર્થતંત્ર હવે દેશમાં જ સમાઇ શકે તેમ ન હતું. વૈશ્વિક સ્તરે અનેક કંપનીઓને 'ભારત એક મોટું બજાર' ભાસતું હતું. ભારતના દરવાજે દસ્તક દઈ રહેલી એ કંપનીઓને માટે આપણે ૧૯૯૧માં દરવાજા ખોલ્યા. ભારતની સુંદરીઓ અચાનક વિશ્વસુંદરી અનેક વર્ષ સુધી લાગલગાટ બનવા લાગી. કારણ કે ભારતીય બજારોમાં વિદેશી માલ પ્રસ્થાપિત કરવા માટે ભારતીય ચહેરો જરૂરી હતો.

આર્થિક અને સામાજિક સલામતીના મુદ્દે સ્ત્રીઓ સ્વતંત્ર રીતે વિચાર કરતી થઈ. પરિવાર, કારકિર્દી કે પોતાનો વિકાસ આ ત્રણેય વચ્ચે અટવાઈ ન જવાય તે માટે આયોજન કરતી થઈ. આ સમયગાળામાં રાજકીય ક્ષેત્રે ભાગ લેવાની ઉદાસીનતા દેખાવા લાગી. ગ્રામીણ સ્ત્રીઓ સુધી ટીવી પહોંચ્યું પણ શિક્ષણ નહીં. ફિલ્મો પહોંચી પણ ઉદ્યોગ નહીં. આમ, આપણા દેશનો મહિલાઓનો મોટો સમુદાય ઘણું બધું જાણતો હોવા છતાં નિષ્ક્રિય હતો. શહેરમાં સ્ત્રીઓ જ આઝાદી મેળવી તેનાં પરિણામો તેમણે જુદી જુદી રીતે ભોગવ્યાં અથવા તો દરેકને તે માટેની કિંમત ચૂકવવી પડી. શિક્ષિત સ્ત્રીઓ, કમાતી સ્ત્રીઓ બંધબારણે માર ખાય છે અને ગ્રામીણ સ્ત્રીઓ ગામ વચ્ચે બધાનાં દેખતાં. આમ, માર ખાતી, હારતી, ઝઝુમતી, પડતી-આખડતી તોય બાળકો માટે, ઘર-વર માટે, ભવિષ્ય માટે વળી પાછી 'હશે – કંઈ નહીં', હવે પછી નહીં ચલાવું, આ છેલ્લી વાર. આવું તો કંઈ કેટલુંય બબડતી પણ ઊભી થતી સ્ત્રી એટલે - ૨૧મી સદીના ઉંબરે આવીને ઊભી રહેલી સ્ત્રી. જે પોતાની દીકરીઓના હાથમાં, વહુઓના હાથમાં એક હિંમત અને બીજી ક્ષમતાની જ્યોત આપીને નેપથ્યમાં ઊભી હતી.

## ૨૧ મી સદી : આર્થિક સલામતીથી માંડીને જીવન મેળવવાને સંઘર્ષનો દાયકો

સ્ત્રી બાળ ઓછા થવાની બૂમો ઘણાં વર્ષોથી પડાતી હતી. આ દાયકો અચાનક સૌને ચોંકાવી દેનારા કેટલાંક સત્યોને પોતાની તાસક પર લઈને આવ્યો. દહેજમૃત્યુથી મરતી સ્ત્રીઓ હવે ગયા જમાનાની વાત હતી. સ્ત્રીને જન્મવા જ નહીં દેવાની અને કૂખ જ કબરસ્તાન બની જાય એ સ્થિતિ આ દસકાની વાસ્તવિકતા છે. બાળકીઓના અધિકારો, શિક્ષણ, આરોગ્ય, સલામતી માટે આજેય છોકરીની ચિંતા કરાતી નથી. નાની બાળકીઓ સાથેના કુકર્મો બળાત્કારના કિસ્સાઓએ માઝા મૂકી છે. ગેંગરેપના કિસ્સાઓથી શિક્ષણધામ અને સાધુબાવાઓના આશ્રમો કુખ્યાત છે જ. ધર્મે સ્ત્રીઓનું શારીરિક માનસિક શોષણ એ હદે કર્યું છે કે, સ્ત્રીઓ, પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થઈ જાય છે.

સમૂહ માધ્યમોએ આ સમયગાળામાં સ્ત્રીઓનો, તેના દેહનો ભરપૂર ઉપયોગ કર્યો. સ્ત્રીમુક્તિ આંદોલનોનો ગુજરાતમાં કોઈ અચંબો નથી. અહીં મળેલી અને મેળવેલી તથા સંભાળીને રાખેલી ઘણી મુક્તિ છે.

આજ દાયકામાં સ્ત્રીઓ ઉદ્યોગોથી માંડીને એન્ટરપ્રીનિયોર સુધીના ક્ષેત્રોમાં, કવિથી માંડીને પ્રવાસી સુધી અને શિક્ષકથી લઈને અવકાશયાત્રી સુધીના તમામ પદ ઉપર પહોંચી છે. તેમ છતાં તેની સામે તેની જાતિને કારણે થતા વર્તમાન વલણના પ્રશ્નો આજે પણ વણઉકલ્યા છે. જેમકે,

- આજે પણ સ્ત્રીનું શરીર એક ‘વીકર સેક્સ’ છે એવું માનવામાં આવે છે. માન્યતાઓ એવી પણ છે કે, કેટલાંક કામો કરવામાં સ્ત્રીઓએ પડવું જ નહી.’
- આજે પણ સ્ત્રીઓ સાથે ગુનાખોરીના કિસ્સા, દુર્ઘટના, દુર્વ્યવહાર વધુ થાય છે. બધાં જ પોલીસ ચોપડે નોંધાતાં નથી.
- સ્ત્રીઓ મજૂર છે, ખેતી કરે છે પણ ખેડૂત ગણાતી નથી. ખેતરમાંથી કે કંપનીમાંથી જ્યારે કર્મચારીઓ છૂટા કરવાની વાત આવે ત્યારે સ્ત્રીઓનો સૌથી પહેલો ભોગ લેવાય છે જેમાં પુરુષોની અને સ્ત્રીઓની સર્વસંમતિ મોટાભાગે હોય છે.
- બાળકોને જન્મ આપવા તેનો ઉપયોગ થાય છે પણ એક વધુ બાળકી જીવંત રાખવા, જન્મ આપવા માટેના સંઘર્ષમાં ટકી શકતી નથી.

આ અવલોકનો છે - વિધાન નહીં.

- પતિવ્રતા અને સતીપ્રથા નામના દૂષણો આજે પણ ક્યાંક અસ્તિત્વમાં છે. આજે ય ચિતામાં ચડાવી દેવી કે સમાધિ આપી દેવી જેવી ઘટનાઓ બને છે.
- ભૂત-ડાકણ માત્ર સ્ત્રીઓના શરીરમાં જ આવે છે.
- નગ્ન કરીને મેંશ ચોપડીને સ્ત્રીઓને ગામમાં ફેરવવાના કિસ્સા આજેય બને છે. છાપામાં છપાય છે – પછી – ?
- દીકરીને ભણાવવાનો કોઈ મતલબ નથી એવી માન્યતા હજુ ઠેર ઠેર પ્રવર્તે છે.
- દહેજ મૃત્યુ આજે ય છે જ. સ્ત્રીઓને મારી નાંખવાના નવાં કારણો, સાધનો, પદ્ધતિઓ શોધાઈ ચૂક્યાં છે.
- પરંપરાગત કલા અને ગ્રામોદ્યોગમાં વ્યસ્ત રહેતો સ્ત્રીવર્ગ છૂટક મજૂરી તરફ વળી ગયો છે.
- કાયદા મારફતે મિલકતમાં સમાન અધિકાર મળ્યો હોવા છતાં કોઈકના કાયદા માટે લાગણીના આધારે

સંબંધોની દુહાઈ દઈને તેનો હક છોડવા મજબૂર કરાય છે.

- ડિસ્ટન્સ મેરેજ અને લીવ-ઇન રિલેશનશીપ માટેનો વિરોધ ઓછો થતો જાય છે.
- 'જાત માટેની સભાનતા વધતી ચાલી છે. 'સ્ત્રીત્વ'નો ઉપયોગ કરવાનો છોછ ઓછો થતો દેખાય છે.

**શું કરવાનું છે ?**

- ભેટમાં મળેલા (કોઈપણ કારણોસર) નવા નવા રોગ સામે લડવાનું છે. સામાજિક સૂત્રનો સામનો કરીને પણ જીવતા રહેવાનું છે, લડવાનું છે.
- આજે પણ સ્ત્રીઓ અંધશ્રદ્ધામાં અટવાય છે અને શ્રદ્ધા રાખીને થાપ ખાય છે. વિશ્વાસ મૂકી દેવાની સ્ત્રી સહજ ટેવમાંથી તેને બહાર કાઢવાની છે.
- ઈર્ષાનો ભોગ બને છે. બનતી રહેશે. સ્ત્રીઓની પણ અને પુરુષોની પણ. તેનો સામનો કરવાનું શીખવવાનું છે.
- માર ખાય છે, મારી નંખાય છે, મારે છે અને મારી પણ નાંખે છે. સ્ત્રીઓમાં હિંસક તત્ત્વ હવે દબાઈને રહેતું નથી. તે સારું કે ખોટું તેની ચર્ચા કરવાને બદલે તેના સમ્માન અને અધિકારના રક્ષણનો વિચાર કરવાનો છે.
- પોતાના શરીરને સાચવવાની અને ઉપયોગ કરવાની એમ બે અંતિમ સ્થિતિ વચ્ચે સ્ત્રીઓના 'સ્વ' અંગેના ખ્યાલો સ્પષ્ટ થઈ રહ્યા છે. એ ક્યાં જઈને પહોંચશે – માત્ર જોયા કરવાનું છે !
- 'એકલી હોય તોય અટૂલી નહીં' થી માંડીને ભીડમાં હોય તોય એકલી અને કુટુંબ વચ્ચે હોય તોય નોંધારી એવી સ્ત્રીઓથી ખીચોખીચ આ દુનિયામાં દીકરીઓને, સ્ત્રીઓને પોતાનો ઓરડો, ટેબલ, સંદૂક, ખૂણો આકાશ, બારી... મળે ? .. આ યાદીમાં ઉમેરણ થઈ શકે. હજુ ઘણું કરવાનું બાકી છે. અહીં વાતનો અંત નથી. ઉઘાડ છે. કહ્યું 'તું ને ! .. અધૂરું લાગશે.

**હે મારા પ્રભુ**

સંજોગો વિકટ હોય ત્યારે
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ.
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ.
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે
શાંતિ કેમ રાખવી તે મને શીખવ.
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે
ખંતથી તેમાં લાગ્યા કેમ કહેવું તે મને શીખવ.
કઠોર ટીકા ને નિંદાનો વરસાદ વરસે ત્યારે,
તેમાંથી મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ.
પ્રલોભનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ.

# સામાન્ય બરનું છતાં પ્રભાવક નાટક 'લલિતાદુઃખદર્શક'

◆

નિવ્યા પટેલ*

'લલિતાદુઃખદર્શક' (ઈ.સ. ૧૮૬૫)ને આજે જ્યારે આપણે તપાસીએ છીએ ત્યારે એ ખ્યાલ રાખવો જોઈએ કે દોઢ સદી પૂર્વેની આ કૃતિની અપીલ બદલાયેલા સામાજિક સાંસ્કૃતિક સંદર્ભમાં સીમિત થઈ ચૂકી છે. તેથી ભૂતકાલીન કોઈ કૃતિને તપાસતાં હોય ત્યારે તે સમયની સાહિત્યિક રૂઢિઓ, શિક્ષણ, તે સમયગાળાના વાચક-પ્રેક્ષક સમુદાયને નજર સામે રાખવો જોઈએ. આવા સંદર્ભોની વચ્ચે જો આપણે 'લલિતાદુઃખદર્શક'નું મૂલ્યાંકન કરીએ તો તે ગાળામાં આ કૃતિ કયા સંદર્ભે નવતર હતી તે પ્રમાણી શકાય.

૧૯મી સદીમાં ખાસ કરીને બ્રિટન અને અમેરિકામાં સ્ત્રી-સમાનતા, સ્ત્રીઓને મતાધિકાર જેવી ચળવળોએ સ્ત્રીઓનો દરજ્જો ઊંચો આણવાના પ્રયત્નો થતા હતા. ભારતમાં ૧૯મી સદીના નવજાગરણ વખતે નારીવિમર્શ કેન્દ્રમાં આવ્યો હતો. બ્રિટિશ સંસ્કૃતિના પરિચયે આપણી સંસ્કૃતિનાં સારાં અને નરસાં પાસાંઓ ખુલ્લાં પડ્યાં હતાં. પ્રકાંડપંડિત રાજા રામમોહનરાય અંગત જીવનની એક જ ઘટનાને કારણે વિક્ષુબ્ધ થઈને સતીપ્રથા વિશે જંગ છેડે છે તો બીજી તરફ દુર્ગારામ, દલપતરામ, નર્મદ, નવલરામ, કરસનદાસ મૂળજી, જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે અને અન્ય સામાજિક વિચારકોએ સ્ત્રીકેળવણી માટે જોરદાર હિમાયત કરી હતી પરંતુ 'દીકરી ભણે તો વિધવા થાય' એવી અંધશ્રદ્ધા પણ ઘર કરી ગઈ હતી ! દીકરીઓને મોટે ભાગે ત્રણથી અગિયાર વર્ષની વય વચ્ચે પરણાવી દેવાતી. પત્નીને ખોટી રીતે શિક્ષા થતી હોય તો પોતે સ્વરક્ષણમાં એક શબ્દ પણ બોલી શકે નહીં, કારણ કે એને બાળપણથી જ શીખવવામાં આવ્યું હોય છે કે પતિ એ જ પરમેશ્વર છે. આવી સામાજિક પરિસ્થિતિમાં બાળલગ્નોને કારણે શારીરિક, માનસિક તેમજ રસ-રુચિનાં કજોડાં, બાળવૈધવ્ય, બાળમાતાઓના આરોગ્યના પ્રશ્નો, કેળવણીમાં અંતરાય જેવા અનેક પ્રશ્નો ઊભા થયેલા. અલબત્ત આવા પ્રશ્નો ખાસ મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગમાં વિશેષ હતા. આવા પ્રશ્નોને વાચા આપવા તે સમયના સર્જકોએ કાવ્યો, નાટકો કે નિબંધો લખ્યા. તદુપરાંત સામાજિક આંદોલનો પણ કર્યાં. સામાજિક સુધારક મંડળો પણ આવા પ્રશ્નોને લઈને નિબંધ હરીફાઈ કે ચર્ચાસભાઓ યોજતાં. શ્રી રણછોડભાઈ ઉદયરામ દવે પણ આ સમયે બાળલગ્નને કારણે સર્જાતાં કજોડાંના પ્રશ્નને લઈને સંવત ૧૯૨૨ના પોષ માસમાં એટલે કે ઈ.સ. ૧૮૬૫ના ડિસેમ્બર માસમાં પ્રથમ કરુણાન્ત નાટક 'લલિતાદુઃખદર્શક' લખે છે. આ નાટક વાંચી યા જોઈ લોકો તાત્કાલિક આનંદ મેળવી બેસી ન રહે, પરંતુ તેમાંથી કંઇક બોધ લે એવી એમની તીવ્ર ઇચ્છા હતી અને તે બોધ પણ સામાજિક રૂઢિરિવાજો સંબંધે લે તો જ તેમાંથી કાંઇ શ્રેય નીપજે, એ તેમનો હેતુ હતો. વળી આ નાટકની પ્રસ્તાવનામાં આ રચના રચવાનો હેતુ સ્પષ્ટ કરતાં રણછોડભાઈ પોતે જણાવે છે કે :

> *''ન્હાનપણમાં લગ્ન કરવાની આપણા લોકોમાં ચાલ પડી ગઈ છે, તેમાં વળી કહેવાતાં કુલીન ઘર ખોળવા જાય છે, તેથી કરીને, સારા વરને નઠારી કન્યા, ને સારી કન્યાને નઠારો વર મળે છે; કેમકે, સારા નરસા ગુણ ઉપર લક્ષ આપવું જોઈએ, તેને બદલે માત્ર નામનાં જ કુળ ઉપર લક્ષ આપવામાં આવે છે. જેમ કે, સારા ગુણનો કોઈ વર હોય, પણ તેનું કુળ જરા નીચું ગણાતું હોય, તો તેને પસંદ નહીં કરતાં, ગમે તેવા પણ, નામના જ કહેવાતા આવેલા કુલીન ઘરના વરને પસંદ કરે છે. વળી, છેક નાનપણમાં લગ્ન થાય છે, તેથી ગુણ અવગુણ બરોબર જણાઈ આવતા નથી, તેને લીધે ઘણા દંપતી*

---

* અધ્યાપક, ગુજરાતી વિભાગ, આંકલાવ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ

*દુઃખ પામે છે...જો માતાપિતાને કન્યાનું સારું જ ઇચ્છવું હોય તો તેમણે કહેવાતા કુલીન વરને માટે જ ફાંફાં નહીં મારતા ગુણી વર સાથે તેનું લગ્ન થવા દેવું...''*

આ વિચાર ઉપરથી તેમજ ગામમાં ભજવાતી ભવાઇઓમાં અનેક પ્રકારની અશ્લીલતા, બીભત્સતા, અશિષ્ટ સંવાદોથી ભવાઈ ઉપર અભાવ ઉપજવાથી 'લલિતાદુઃખદર્શક' જેવું સામાજિક નાટક લખે છે. રણછોડભાઈએ અનુવાદ સમેત ચૌદ જેટલાં શિષ્ટ નાટકો આપણને આપ્યાં છે. છ છ દાયકા સુધી તેમણે રંગભૂમિની સેવા કરી છે. 'નાટ્યપ્રકાશ' જેવો સિદ્ધાંતગ્રંથ પણ આપ્યો છે. શરૂઆત તેમણે સામાજિક નાટકોથી કરી છે. આરંભમાં તેમણે ઈ.સ. ૧૮૬૨માં 'જયકુમારી વિજય' ને ઈ.સ. ૧૮૬૫માં 'લલિતાદુઃખદર્શક' લખ્યું; પણ 'લલિતાદુઃખદર્શક' તો ગુજરાતી લોકસમુદાય ઉપર પ્રબળ અસર પાડેલી ને રણછોડભાઈ સિદ્ધહસ્ત નાટ્યકાર, રંગભૂમિના પિતા તરીકે ઓળખાવા લાગ્યા. આ બન્ને નાટકોમાં અનેક ભિન્નતાઓ છે છતાં બન્ને એકબીજાનાં પૂરક ગણાય તેવા છે.

શ્રી હર્ષદરાય દેસાઈ આ બન્ને નાટકો વિશે વાત કરતાં નોંધે છે :

*''બાળલગ્ન, સ્ત્રીકેળવણી ને ગુણનાં કજોડાં એ ત્રણે એ સમયના કૂટ પ્રશ્નો હતા, એમાં સમાજનું વાસ્તવિક દર્શન હતું ને મનુષ્યની સદસદ્વૃત્તિઓનો વિનિયોગ હતો. એ વાસ્તવિક દર્શનનું બીજ સ્થાપી-વિકસાવી રણછોડભાઈએ નાટ્યસર્જનની શરૂઆત કરીને 'જયકુમારી વિજય' નાટક ને 'લલિતાદુઃખદર્શક' લખ્યાં. લલિતાદુઃખદર્શકના પ્રકાશનથી જ એક સિદ્ધહસ્ત નાટ્યકાર તરીકે એ વધારે પંકાયા. 'જયકુમારી' કરતાં 'લલિતા'માં અનેક ભિન્નતાઓ છે : એક સુખમય પરિણામવાળું છે, બીજું સાદ્યંત કરુણરસભર્યું છે. એકમાં પુખ્ત ઉંમરનાં સમાનગુણી સ્ત્રીપુરુષનાં (સ્વેચ્છાપૂર્વક) લગ્ન છે, બીજામાં બાળલગ્ન ને મૂરતીઆના ગુણને બદલે કુળને પ્રાધાન્ય આપી માબાપે ગોઠવેલા લગ્નથી પરિણમતા કડવા અનુભવોનો ભંડાર છે. એકનો આરંભ સંસ્કૃત નાટ્યાનુસાર છે; બીજામાં એનો અભાવ છે એટલું જ નહીં પણ 'મધુરેણ સમાપયેત્' એ આજ્ઞાસૂત્રને ઉવેખી નવો માર્ગ કરુણાન્ત સ્વીકારવાની દક્ષતાપૂર્વક હામ ભીડી છે.''*[1]

આ બન્ને નાટકોએ રણછોડભાઈને કીર્તિ અપાવી હતી તેમજ સમાજ ઉપર ભારે અસર પાડી હતી. એના અનેક શો પણ ભજવાયા હતા. આમ છતાં બન્ને નાટકોને સમગ્ર સંદર્ભે જોઈએ તો 'લલિતાદુઃખદર્શક' નાટકમાં પ્રચુર મેલોડ્રામેટિક તત્ત્વો હોઇને સર્જકતાનો ગ્રાફ નીચે ઊતરતો દેખાય છે. આ સુધારો કે લોકજાગૃતિ એમના અનુગામી નાટકોમાં દેખાતો નથી એનું આજે આપણને આશ્ચર્ય થાય છે. છતાંય એ કાળે આ પ્રકારના સામાજિક નાટકની પહેલ કરનાર તરીકે આપણે બિરદાવવા ઘટે. આ પછી ઈ.સ. ૧૮૭૧માં 'તારામતી સ્વયંવર' અને 'હરિશ્ચંદ્ર' નાટક મૂળ તમિળ ભાષામાંથી અંગ્રેજીમાં થયેલ ભાષાંતર પરથી ગુજરાતીમાં લખેલ છે. ઈ.સ. ૧૮૭૬માં 'પ્રેમરાય અને ચારુમતી' લખે છે એ કોઈ મધ્યકાલીન અદ્ભુત રસકથાની ફોરમવાળું છે. ઈ.સ. ૧૮૭૮માં 'બાણાસુરમદમર્દન' હરિવંશ ઇત્યાદિ કથા પરથી તો 'મદાલસા અને ઋતુધ્વજ' માર્કંડેય પુરાણની કથા પરથી રચે છે. ઈ.સ. ૧૮૯૩માં મહાભારતના નલોપાખ્યાન ઉપરથી 'નળદમયંતી' નાટક લખે છે તો ઈ.સ. ૧૯૨૦માં 'નિંદ્યશૃંગારનિષેધ' રૂપક લખે છે જેમાં પોતાનાં નાટકોની પ્રસ્તાવનામાં તથા પોતાના 'નાટકનો પ્રારંભ' ઉપર ત્રણ લેખોમાં રણછોડભાઇએ ઉરના ઉદ્ગારો કાઢ્યા છે, તેમાં ગુજરાતી નાટક તથા રંગભૂમિ વિશેની કેટલીક ઘણી ઉપયોગી માહિતી આપી છે; અને અમુક પ્રકારની ઝીણવટ તથા ખૂબીથી આપણી રંગભૂમિના દોષો સચોટ દેખાડી, ઘટતા ચાબખા પણ માર્મિક રીતે માર્યા છે. ત્યારબાદ ઈ.સ. ૧૯૨૨માં લખેલ 'વેરનો વાંસે વશ્યો વારસો' નાટક ફ્રેંચ ઇતિહાસ ઉપરથી યુરોપિયન નામો સહિત ગુજરાતીમાં રચવામાં આવ્યું છે. જ્યારે ઈ.સ. ૧૯૨૩માં લખેલ 'વંઠેલ વિરહનાં કૂડાં કૃત્ય' એ સમુદ્ર ઉપરની આગબોટમાંની

કરપીણ કથા છે. આ ઉપરાંત 'વિક્રમોવર્શીય' નાટક (ઈ.સ. ૧૮૬૮), 'માલવિકાગ્નિમિત્ર' (ઈ.સ. ૧૮૭૦) તથા 'રત્નાવલી' નાટિકા (ઈ.સ. ૧૮૮૯) સંસ્કૃતમાંથી કરેલ ભાષાંતરો છે. એ સિવાય રાસમાળા ભાગ : ૧ - ૨ (ઈ.સ. ૧૮૭૦-૧૮૯૨), 'ગુજરાતી હિતોપ્રદેશ' (ઈ.સ. ૧૮૮૯), 'લઘુસિદ્ધાન્ત કૌમુદી' (ઈ.સ.૧૮૭૪), 'શેક્સપિયર કથાસમાજ' (ઈ.સ. ૧૮૭૮) તથા 'બર્થોલ્ડ' (ઈ.સ. ૧૮૬૫) જેવા નોંધપાત્ર એમના અનુવાદો છે. ઈ.સ. ૧૯૦૨ થી ૧૯૦૭ દરમિયાન પિંગળ ઉપર નોંધપાત્ર કાર્ય કરીને 'રણપિંગળ' જેવો શાસ્ત્રીય ગ્રંથ રચેલ છે; તો 'આરોગ્યતાસૂચક' (ઈ.સ.૧૮૫૯), 'કુલ વિશે' નિબંધ (ઈ.સ. ૧૮૬૭) જેવા નિબંધગ્રંથો લખેલ છે તો 'સંતોષ સુરતરુ' (ઈ.સ. ૧૮૬૬), 'પ્રાસ્તાવિક કથાસંગ્રહ' (ઈ.સ. ૧૮૬૬), 'પાદશાહી રાજનીતિ' (ઈ.સ. ૧૮૯૦) જેવા પ્રકીર્ણ ગ્રંથો પણ રચેલ છે. એમણે 'યુરોપિયનોનો પૂર્વપ્રદેશ આદિ સાથે વ્યાપાર' ભાગ ૧ થી ૫ (ઈ.સ. ૧૯૧૫-૧૬-૧૮) જેવો વ્યાપારવિષયક ગ્રંથ પણ આપેલ છે. 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકે તેઓનું પત્રકારિત્વ પણ બહુ જ બોધક, રસપ્રદ તથા ઊંચી કોટિનું પુરવાર થયું હતું. એટલે આપણે જોઈ શકીએ છીએ કે તેઓ અનેક વિષયો પરત્વે એક 'જીવતો જાગતો એન્સાઈક્લોપીડીઆ' હતા[૨]. બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. આમ જોવા જોઈએ તો ઈ.સ. ૧૮૩૭ થી ૧૯૨૩ એટલે કે છ્યાસી વર્ષના એમના આયુકાળમાં તેઓએ એકસઠ પુસ્તકો લખ્યાં અને એમાંય એમના જીવનના બાવીસમા વર્ષથી એમણે લેખનકાર્યની શરૂઆત કરેલ ત્યારથી ઈ.સ. ૧૯૨૩ સુધી એટલે કે ચોસઠ વર્ષ સુધી લેખનકાર્ય કર્યું. એટલે કે પુસ્તકોને ઉંમરના વર્ષદીઠ ફાળવવામાં આવે તો લગભગ એક વર્ષનું એક, એમ ગણાય.

રણછોડભાઈ પહેલાંનો કાળ એ રંગભૂમિ માટે 'Dark age' જેવો હતો[૩]. રણછોડભાઈએ આવીને ગુજરાતી રંગભૂમિને આ અંધારયુગમાંથી ઉગારી અને તેને પુનર્જન્મ આપ્યો. આજે આટલાં વર્ષોના ગાળા પછી અને સાહિત્ય ને સમાજમાં અદ્‌ભુત પલટો આવ્યા પછી રણછોડભાઈએ કરેલી સેવાનું યોગ્ય માપ આપણે ન કાઢી શકીએ. એમનાં નાટકોમાં આપણને આજની દષ્ટિએ ઘણું આકર્ષણ ન લાગે. એમાં મૌલિકતા કે નવીનતા પણ ન લાગે એ સ્વાભાવિક છે. છતાં, આપણે હકીકત, સમય અને સંજોગોને ભૂલવાં ન જોઈએ. એટલે જો રણછોડભાઈ ન થયા હોત તો ગુજરાતી રંગભૂમિને અને સાહિત્યને એટલી ખોટ જ ગઈ હોત.[૪]શ્રી હરિલાલ ભરુચા તો રણછોડભાઈને 'ગુજરાતના શેક્સપિયર'ની ઉપમા આપતાં નોંધે છે :

*'મહાન આંગ્લ કવિ અને નાટ્યકાર શેક્સપિયરે અંગ્રેજી રંગભૂમિનો ઉદ્ધાર કર્યો તે જ પ્રમાણે ગુજરાતી રંગભૂમિનો ઉદ્ધાર કરવાનું મહાસ્વપ્ન ગુજરાતમાં સેવનાર અને તે માટે જીવનભર પ્રયાસ કરનાર રણછોડભાઈ ઉદયરામ હતા. જે નાટકે રણછોડભાઈને નાટ્યકાર તરીકેનો કીર્તિકળશ ચઢાવ્યો અને જે નાટક આજે પણ ગુજરાતીઓના સ્મરણપટમાં જીવંત છે તે તેમનું 'લલિતાદુ:ખદર્શક' નાટક હતું... તે એટલું લોકપ્રિય અને સફળ નીવડ્યું છે કે તેની છ આવૃત્તિઓ પ્રગટ કરવી પડી. હિંદુ સમાજના ભીતરમાં જે દાવાનળ ધુંધવાતો હતો તેનું આબેહૂબ ચિત્ર પહેલી જ વાર નાટકના તખ્તા પર સચોટ રીતે રજૂ થયું.*[૫]

શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા તો 'લલિતાદુ:ખદર્શક' ને 'સરસ્વતીચંદ્ર'ની કાચી સામગ્રી તરીકે જુએ છે ને નોંધે છે :

*''લોકનાટ્ય ભવાઈના 'કજોડાના વેશ'માંથી લોકપ્રિય નાટક તરીકે વિસ્તરેલું આ નાટક કેટલેક અંશે 'સરસ્વતીચંદ્ર'ની કાચી સામગ્રી બન્યું હતું. 'બુદ્ધિસાગર', 'ચંદ્રાવલી', જેવાં પાત્રનામો, કનકપુરી (જે 'સરસ્વતીચંદ્ર'માં સુવર્ણપુર બન્યું) જેવું નગરનામ, લલિતાને વરેલા નંદનકુમારનો ગણિકાપ્રસંગ કે લલિતાની નદીમાં પડવાની ઘટના - જેવી કાચી સામગ્રીએ 'સરસ્વતીચંદ્ર'ના પ્રશિષ્ટબંધને ખાસ્સું એવું પોષણ પૂરું પાડ્યું હશે એવી અટકળ અસ્થાને નથી.''*[૬] અલબત્ત, નાનાલાલે પણ 'લલિતાદુ:ખદર્શક'માં

*'સરસ્વતીચંદ્ર'માંની ન્હાનકડી રસકથાનુંયે બીજ જોયું છે."*[૭]

'લલિતાદુઃખદર્શક' પાંચ અંકનું ચાલીસ પ્રવેશોમાં વહેંચાયેલું દીર્ઘનાટક છે. તેમાં આવતી વિવિધ પદ્યરચનાઓ-ગીતો વિવિધ વૃત્ત તથા રાગરાગિણીઓમાં વહેંચાયેલી છે. લલિતા નામની કુલીન, સંસ્કારી, ગુણવાન, સમજુ અને શિક્ષિત યુવતીના લગ્ન બાળવયે સ્નેહપુરના કુલીન ગણાતા દંભરાજ વ્યાપારીના અસંસ્કારી, અશિક્ષિત અને અણસમજુ નંદનકુમાર સાથે થયા છે પણ પ્રિયંવદા નામની ગણિકાના અને છળદાસ નામના એક લોભી કપટી મિત્રના સકંજામાં ફસાયેલા નંદન પોતાની બધી મિલકત એક પછી એક ગુમાવતો જાય છે. લલિતાની ઉંમર થઈ હોવા છતાં નંદન એને સાસરે બોલાવતો નથી. સસરા દંભરાજ પુત્રવધૂ લલિતાને સાસરે તેડાવે છે ત્યારે પહેલા દિવસથી જ સાસુ કર્કશા તેમજ નણંદ કજિયાબાજ (નામ પ્રમાણે ગુણ ધરાવતા)ના ત્રાસથી અનેક વિટંબણાનો ભોગ બને છે. પહેલી જ રાતથી ત્યક્તા બનેલી લલિતાને ગાંસડી બાંધી વાડીમાં મૂકી આવવામાં આવે છે. ત્યાં પહેલાં પુરણમલના હાથમાં અને પછી ત્યાંથી ભાગતા શિકાર કરવા નીકળેલા પર્વતપુરીના રાજાના હાથમાં સપડાય છે. ત્યાંથી ઊગરવા માટે મહેલની પાછળ દેખાતી નદીમાં પડે છે તો ચંદ્રાવલી વેશ્યાના હાથમાં ફસાય છે. ત્યાંથી ભાગે છે તો કુભાંડીના હાથમાં લલિતા સપડાય છે. એટલામાં દૂરથી વાઘ આવતા કુભાંડીને વાઘ પકડે છે. ત્યાંથી બચેલી લલિતા આખરે અથડાતી-કૂટાતી પોતાના વતનના પુરાલયમાં રાત ગાળે છે. લોકો ભૂત સમજી બેસે છે. માતાપિતા પણ ભૂત સમજી બેસે છે, કારણ કે લલિતાનું કાસળ કઢાવતાં પહેલાં લલિતાનું સર્પદંશથી મૃત્યુ થયું છે એવા ખોટા સમાચાર લલિતાના માતા-પિતાને પહોંચેલા હતા, છેવટે લોકસમક્ષ પોતાની કથની રજૂ કરી લલિતા અંતે કેડમાં કટારી ખોંસી આત્મહત્યા કરે છે.

આ નાટક વિશે શ્રી અડાલજા નોંધે છે તે અત્યંત સત્ય છે કે : "લલિતાદુઃખદર્શક"માં આલેખાયેલા કજોડાના અત્યંત કરુણ ચિતારે પહેલી જ વાર હિંદુ ઘરના મજબૂત બિડાયેલા દ્વાર પાછળની હિંદુ સ્ત્રીની લગ્નસ્થ વેદનાને બારણાની ભોગળો તોડી નાખીને છતી કરી. આ નાટકનો અવાજ એટલો બુલંદ હતો કે કુરિવાજોથી ગ્રસાયેલા જડ સમાજના બધિર કાનને પણ સાંભળવાની ફરજ પડી."[૮]

આ નાટકે સમાજ પર જોરદાર અસર પાડી કે ઘણાં અનિષ્ટ વિવાહ તોડી નંખાયાના, મૂર્ખ મૂરતિયાને નંદન નામનું બિરુદ મળ્યાના પણ કેટલાયે પ્રસંગો બનેલા. આજે આ બધું વિચારીએ છીએ ત્યારે નવાઈ લાગે કે ટીવી કે રેડિયો જેવા લોકશિક્ષણના સાધનોનું કામ એ જમાનામાં રંગભૂમિએ ઉપાડી લીધું હશે !

શ્રી હિંમતલાલ અંજારિયા પણ આ સંદર્ભે નોંધે છે કે :

> *"લલિતાદુઃખદર્શક" તો તેના જમાનામાં એટલી સરસ અસર કરી હતી કે જમાનાઓ ગયા, છતાં "મારા પંથીરામ પ્રણામ રે" કે નંદનકુમારનો કાગળ અને લલિતાની અજબ સહનશીલતા હજી ગુજરાતીઓની વાતોમાં સ્થાન પામી રહેલ છે.'*[૯]

શ્રી નંદનાથ કેદારનાથ દીક્ષિત પણ આ સંદર્ભે નોંધે છે :

> *"જ્યારે લલિતા પંથીરામને પ્રણામ કરીને 'સમાચાર' શા લાવ્યા ?" એમ પૂછે છે અને પંથીરામ કહે છે કે 'બેન લલિતા ત્હારો પતિ તો મૂર્ખ જેવો લાગે છે. 'ખરે રાભા જેવો ભયભીત થયેલો બળદિયો' - ભડકેલા બળદ જેવો છે', ત્યારે સભામાં રમૂજ અને ક્રોધ વ્યાપી રહેતાં. ઘણા છોકરાઓ કજોડાની કન્યાને ઉત્તેજિત કરતા હોય અને ચીડવતા હોય તેમ આ પંક્તિ રસ્તે જતાં લલકારતા."*[૧૦]

આ નાટકે તો પ્રેક્ષકોના જે જમાનામાં હૈયાં વલોવ્યાં હતાં અને પોતાના કુટુંબની આ કથની છે, બદનક્ષી છે એમ વાત વાયે પણ ચઢેલી ને દાવા પણ મંડાયેલા. દાવા મંડાયા પછી તે સમેટી લેવામાં શાણપણ

છે એમ ઘણાને પાછળથી સમજાયું અને એ દાવાપ્રકરણ પૂરું થયેલું.[૧૧]

આ નાટકે બાળમાનસ પર કેવી અસર કરેલી તે શ્રી મણિભાઈ દ્વિવેદી પોતાનો એક અંગત પ્રસંગ નોંધતા જણાવે છે :

*''ગુજરાતી સાહિત્યમાં સૌથી પહેલું મેં 'લલિતાદુ:ખદર્શક' નાટક વાંચ્યું. પછી વાંચ્યું 'જયકુમારી વિજય' નાટક. ત્યારે કેટલું સમજ્યો હોઈશ તે તો કોણ જાણે ! અંગ્રેજી ત્રીજી ચોપડી ભણતો પણ એ નાટકો વાંચી મન ફટક્યું. નાટ્યકાર બનવાની ઈચ્છા થઈ આવી. 'રંભા' નામનું નાટક લખ્યું અને એક મેડીએ ચઢી બાળમિત્રો સાથે તે ભજવવા લાગ્યો. એમાં ઈંદ્રનો એક પ્રવેશ હતો. મેડી પર હીંચોળા માટે મઢેલાં કડાંએ ગોદડાંનો એક મોટો વીંટો લટકતો હતો. એક ખેલાડીની ખાંધે ચઢી અમારા નાટકના ઈંદ્રને વીટાનાં દોરડાં પકડી લટકી રહેવાનું હતું અને પ્રસંગ આવ્યો એ રીતે અંતરિક્ષમાંથી રંગભૂમિ પર હાજર થવાનું હતું. અમારો પ્રસંગ લંબાયો. વીંટાને દોરડે વળગેલો ઈંદ્ર અકળાયોને કકડભુસ કરતો તૂટી પડ્યો. તેનો હાથ મોચવાયો અને અમને વડીલોનો આદુપાક મળ્યો. તે દિવસથી હું નાટ્યકાર બનતો અટક્યો.''*[૧૨]

આ નાટક સૌ પ્રથમ ઈ.સ. ૧૮૭૭માં 'ગુજરાતી નાટક મંડળી'એ અને ત્યારબાદ ઈ.સ. ૧૮૯૪માં 'મુંબઇ ગુજરાતી નાટકમંડળી' એ ગેઈટી થિએટરની રંગભૂમિ પર લગભગ સવા વર્ષ સુધી પ્રત્યેક રવિવારે બપોરના ત્રણથી રાત્રિના નવ વાગ્યા સુધી ભજવેલું. કોઈ વાર રાત્રે આ નાટક ભજવાય ત્યારે એમાંથી અમુક પ્રવેશો કાપી નાખીને ભજવાતું. સ્ત્રીઓ માટે તો અલગ વ્યવસ્થાઓ પણ ઊભી કરવામાં આવતી. આ નાટકથી પ્રેરાઈને નવોદિત નાટ્યકારોએ પણ સામાજિક અનિષ્ટોને નાટ્યબદ્ધ કરવા દુ:ખદર્શક નાટકોની ભરમાર શરૂ કરી દીધી હતી !

શ્રી ચુનીલાલ રામચંદ્ર શેલત પણ આ સંદર્ભે નોંધે છે કે :

*''ગુજરાતી ભાષાના કોઈપણ પુસ્તકે ગુજરાતીઓના સામાજિક માનસને વધારેમાં વધારે હચમચાવી મૂક્યું હોય એની ગણના કરવામાં આવે તો તેમાં સ્વ. રણછોડભાઈના રચેલા 'લલિતાદુ:ખદર્શક'ને અવશ્ય પ્રથમ સ્થાન મળે. ગઈ પચ્ચીશી પહેલાંની પચ્ચીશીમાં સાધારણ વસ્તીવાળા શહેર- town-માં પણ એ નાટકની કવિતાઓ દર્દભરી લલકારાતી. એટલું જ નહીં પણ, તે અરસામાં ઘણે ભાગે જે નાટકો રચાતાં અને રંગભૂમિ પર ભજવાતાં તેમને પણ પોતાનું વસ્તુ 'લલિતાદુ:ખદર્શક'ની ઘાટી પર બદલાવવાની આવશ્યક્તા સમજાઈ હતી.''*[૧૩]

આવાં દુ:ખદર્શક નાટકોની યાદી આ મુજબ છે :

| | | |
|---|---|---|
| ૧૮૭૧ | 'કજોડાં દુ:ખદર્શક નાટક' | કેશવલાલ મોતીલાલ |
| ૧૮૭૧ | 'વિધવા દુ:ખદર્શક નાટક' | રૂપશંકર ગંગાશંકર |
| ૧૮૭૪ | 'મદ્યપાન દુ:ખદર્શક ચંદ્રમુખનાટક | મ.ર. બાપાલાલ |
| ૧૮૭૭ | 'દ્વિ-ત્રિયા દુ:ખદર્શક નાટક' | દોલતરામ મનસુખરામ |
| | 'બાળવિધવા રૂપવંતી દુ:ખદર્શક' | ભાણજી ગોકુળ પારેખ |
| ૧૮૭૮ | 'રાજ્યપ્રપંચ દુ:ખદર્શક નાટક' | કવિ નીલકંઠ જીવતરામ |
| | 'દુર્ગાગૌરી દુ:ખદર્શક નાટક' | ભાણજી ગોકુળ પારેખ |
| ૧૮૮૨ | 'આર્યપ્રજા અથવા નવી પ્રજા દુર્દશાદર્શક વર્ણસંકર નાટક' | સૈયઢ ભગવાનદાસ બાપાલાલ |
| ૧૮૮૩ | 'કજોડાં દુ:ખદર્શક નાટક' | જગજીવન કા. પંડ્યા |
| | 'કમળા દુ:ખદર્શક નાટક' | કેશવરામ વિશ્વનાથ જોશી |

| | | |
|---|---|---|
| ૧૮૮૪ | 'વિજયાવૈધવ્ય દુઃખદર્શક નાટક' | જે.ત્રિ.પટેલ |
| | 'મોહનદુઃખદર્શક' | જમનાદાસ ભગવાનદાસ |
| | 'વિધવા દુઃખદર્શક નાટક' | પરસોત્તમદાસ મોરારજી ઠાકર |
| | 'વિષય દુઃખદર્શક નાટક' | ઈશ્વરલાલ લલ્લુભાઈ મજમુદાર |
| ૧૮૮૫ | 'બાળવિધવા દુઃખદર્શક નાટક' | તિલકચંદ ના. મંત્રી |
| ૧૮૮૬ | 'કન્યાવિક્રય નિષેધદર્શક' | કે.વિ.ત્રવાડી |
| | 'કજોડા દુઃખદર્શક ફારસ' | શિવલાલ કેશવલાલ ઠાકર |
| | 'વ્યભિચાર દુઃખદર્શક નાટક' | સુંદરજી પૂંજાભાઈ ઠાકર |
| | 'દ્યુતદુઃખદર્શક નાટક' | માણેકચંદ મોતીચંદજી મહાત્મા |
| ૧૮૮૭ | 'કનકાવતી દુઃખદર્શક નાટક' | નરભેરામ મયાશંકર મહેતા |
| ૧૮૮૮ | 'કન્યાવિક્રય ખંડનાટક' | કેશવલાલ હરિવલ્લભદાસ |
| | 'દંતલશેઠ દુઃખદર્શક નાટક' | નાનાલાલ મગનલાલ શાહ |
| ૧૮૯૦ | 'દારિદ્રય દુઃખદર્શક' સુદામા નાટકાભાસ' | જ.એ. પૂજારી |
| ૧૮૯૨ | 'ત્રાસદાયક તેરમા દુઃખદર્શક' | ત્રિકમલાલ બાપાલાલ |
| ૧૮૯૩ | 'નીલવંતી દુઃખદર્શકનાટક' | કીરપારામ ત્રિકમરાય ત્રવાડી |
| ૧૮૯૩ | 'મદનમંજરી દુઃખદર્શક નાટક' | પીતાંબર ભગવાનદાસ |

આ નાટકો વિશે ડૉ. મહેશ ચોક્સી લખે છે.

*''સામાજિક કુરૂઢિઓનો અતિશયોક્તિભર્યો અને લાગણી નીતરતો ચિતાર, સાયાસ કવિતાનો અતિરેક, સંસ્કૃત શૈલીનું આવડે-ફાવે તેવું અનુસરણ, વિષયોનું ચર્વિતચર્વણ, વિચારગાંભીર્ય કે મૌલિકતાની ઊણપ, રણછોડભાઈના નમૂનાનું સગવડિયું માર્ગદર્શન અને ક્યાંક પાંગરતી રંગભૂમિની લખાવટની ઊભડક છાપ - એ આ બીબાઢાળ 'દુઃખદર્શક' નાટકોની દુઃખદ ખાસિયતો.. પ્રખ્યાત સામગ્રીનાં નાટકોનાં પ્રવાહમાં કેટલાક ઉત્સાહી લેખકો સાંપ્રત સમાજસ્થિતિ વિશે પણ સભાન થતા રહ્યા એટલી હકીકતમાં થોડું આશ્વાસન માત્ર લઈ શકાય.''*[૧૪]

તો જશવંત શેખડીવાળા પણ આ સંદર્ભે નોંધે છે :

આ નાટકો ભાવકની દૃષ્ટિએ જોતાં કેવળ દુઃખદાયક બલકે ત્રાસજનક છે ! તેમાં નથી વાચનક્ષમતા, નથી રંગભૂમિક્ષમતા. વસ્તુ, પાત્ર, કાર્ય, ગીત, સંવાદ - તમામનું તેમાં નર્યું સ્થૂલ અતિચિત્રણ થયું છે; કાર્ય નહિવત્ અને કથન-વર્ણન ઝાઝાં છે, વાસ્તવિક કરુણરસ કરતાં કૃતક કરુણરસનો વરવો દાખડો વિશેષ છે. વસ્તુ-પાત્ર કંઈક કરુણગર્ભ ખરો; પરંતુ નિરૂપણ ઢંગધડા વગરનું તેથી તેમના પ્રતિ સમભાવ, આદર કે વિસ્મય ભાગ્યે જ જાગે છે.''[૧૫]

શ્રી સતીશ વ્યાસ પણ આ નાટકો વિશે લખે છે :

*''આ નાટકો 'લલિતાદુઃખદર્શક'નાં આભાસી અનુકરણો છે. એમાં દુઃખદર્શન કરતાં દુઃખદાયકતા વિશેષ છે. 'લલિતાદુઃખદર્શક' કરતાંયે વિશેષ અતિરંજકતા એમાં છે. પણ રણછોડભાઈના આ નાટકે એ સમયે આવો સાચોખોટો પ્રભાવ પાડ્યો હતો એનું નિદર્શન તો આમાંથી મળે જ છે.''*

ઈ.સ. ૧૮૯૩ પછી ડાહ્યાભાઈ ધોળશાજીની અસર હેઠળ 'નવીન દુઃખદર્શક' નામની ભરમારવાળા નાટકો રચાય છે. ''૧૮૯૪માં ભગવાનદાસ દેવશીભાઈ બુકસેલરકૃત 'નવીન લલિતાદુઃખદર્શક નાટક' એ રણછોડભાઈના 'લલિતાદુઃખદર્શક'ને સતત નજર સામે રાખીને લખાયેલ સહેજ ફેરફાર સાથેની કૃતિ મળે છે. આ નાટક પણ છવ્વીસ પ્રવેશોમાં વહેંચાયેલું છે. જો કે તેમાં અંકવિભાજન નથી.''[૧૬]

આ ઉપરાંત કવિ શ્રી લલિતે તો પોતાનું ઉપનામ આ નાટક પરથી જ રાખેલ. તે સંદર્ભે તેઓ નોંધે છે :

''લલિતાદુઃખદર્શક' નામનું તેમનું રચેલું અપૂર્વ નાટક, જૂનાગઢમાં દ્વારિકા નાટકમંડળી ભજવતી ત્યારે વારંવાર જોવા હું જતો. મ્હારા સ્વ. પત્નીનું નામ સૌ. લલિતાગૌરી હતું તેથી, મ્હારા શુભેચ્છકો રમૂજમાં મને 'નન્દનકુમાર' નામથી પજવતા. તેથી મેં પણ 'લલિત'નું ઉપનામ સને ૧૮૯૩માં મ્હારી પ્રથમ કવિતાના કવિસ્વરૂપે ધારણ કરેલું.''[૧૭]

લેખક રણછોડભાઈ પોતે પણ આ રચનાથી અતિપ્રસન્ન હતા. તેઓ પોતે એક સ્થાને નોંધે છે :

*'' 'લલિતાદુઃખદર્શક' કરુણરસ પ્રાધાન્ય છે. હું મહુધે ગયો ત્યારે મારા એકાંતના મેડા ઉપર બેસીને મેં લખવાનો પ્રારંભ કર્યો હતો. વસ્તુસંકલના, ગદ્ય અને પદ્ય તેની તે જ વેળાએ સામટું લખવામાં મારી લેખિની વેગથી ઊછળી રહી હતી. બબ્બે જેટલાં પાનાં લખાઈ રહે કે તેને નીચે સુકાવી દેવા નાખી દેતો હતો. કરુણાના સ્થળોમાં મારું હૃદય પીગળતું અશ્રુપાત કરાવતું. તેનાં ટપકાં મારા લખાતાં પૃષ્ઠો ઉપર પડ્યાં જતાં હતાં... જ્યારે જ્યારે હું પ્રુફ વાંચતો ત્યારે મારી આંખમાંથી આંસુ વહેતાં હતાં.''[૧૮]*

જો કે લેખકનું આ કૃતિ પ્રત્યેનું ભાવનાશીલ વલણ એમને એમ માનવા પ્રેરે છે કે એ કરુણરસ છે પણ લેખકનો આ ભ્રમ છે. અહીં કરુણરસ છે જ નહીં પણ કરુણનો રસાભાસ છે. બીજા શબ્દોમાં કહીએ તો વિભાવ, અનુભાવ કે વ્યભિચારીના સંયોગથી નહીં પણ યાંત્રિક રીતે કહેવાતો કરુણ ઊભો થાય છે. નાટકનો પ્રભાવ પડ્યો એમાં Text કે Performance કરતાં સામાજિક સ્થિતિ વધુ જવાબદાર હતી. સામાજિક સ્થિતિથી ખાસા દૂર પારસી નાટકોની સામે જ્યારે આ Text અને Performances આવ્યા ત્યારે પ્રેક્ષકોએ પોતાના સમાજનું સીધું પ્રતિબિંબ ભાળ્યું અને તેથી આ નાટક અત્યંત સામાન્ય બરનું હોવા છતાં અપ્રતિમ લોકપ્રિયતાને વરી શક્યું.

પ્રો. ડૉ. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક રણછોડભાઈની સંસ્કૃત નાટ્યપરંપરાનું ઉલ્લંઘન કરી વાસ્તવિક ગૃહજીવનની કરુણકથા આલેખવાની હિંમતને બિરદાવતાં નોંધે છે :

*''આપણી પ્રાચીન રંગભૂમિને લગતા નાટ્યશાસ્ત્રોના નિયમોનું ઉલ્લંઘન કરી, ઈંગ્રેજી નાટ્યકારો, (શેક્સપિયર ઈત્યાદિ)ને અનુસરી, કરુણાન્ત કથા આવા ભીષણ રૂપમાં ગુજરાતી રંગભૂમિ ઉપર પ્રથમ ઉતારવી, તેને લોકપ્રિય કરવી અને સાથે સમજુ લોકો સ્થળે સ્થળે વાંચે તેવી રચવી એમાં અસાધારણ આત્મબળ, ઊંડી ધગશ અને બુદ્ધિશક્તિ જોઈએ. આટલે વર્ષે પણ આ નાટક ફરી ફરી વાંચતાં હૃદય દ્રવિત થાય છે ને કંઈક બુદ્ધિ પણ કુંઠિત થાય છે કારણ કે હિંદુગૃહજીવનના આળામાં આળા ભાગને એ સ્પર્શ કરે છે : આર્ય સતીત્વમાં હિંદુ જીવનની મહત્તા માનનાર સહુ વ્યક્તિઓને જ્યારે બાળલગ્નો થાય, કજોડાં થાય અને કુલીનકુળની વેદી ઉપર આવી પવિત્ર, સંસ્કારી બાળાઓ આમ હોમાય ત્યારે, એ દૃશ્ય સચોટ રીતે સારી ભાષામાં કવિતાની મદદથી રંગભૂમિની દરેક દૃશ્ય સામગ્રીને અભિનયકળાસહિત ઉતારવામાં અસાધારણ દીર્ઘદૃષ્ટિ ને હિંમત જોઈએ છીયે; અને તે માટે રણછોડભાઈને ધન્યવાદ ઘટે છે.*

*ગુજરાતી પ્રેક્ષકો ને વાચકોને આ નાટકે ઊંડી અસર કરી છે એમાં શંકા નથી. વાસ્તવિક ગૃહજીવનની કરુણકથા (Domestic tragedy) ને આવા મનહર કલ્પનાના રંગે રંગવાની તે જમાનામાં બીજા કોની જીગર હતી ?''*[૧૯]

તો પ્રો. શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રી આ નાટકની ગાઢ અને પ્રબળ અસરનું સૌથી વિશિષ્ટ કારણ તેની કરુણતા છે તે અંગે નોંધતા લખે છે :

*''નાટકનો ઉત્તર ભાગ અનેક પાત્રોના એક વિનાશથી ગાઢ કરુણ બનતો જાય છે અને તેમાંય નિરપરાધી અને દયાપાત્ર નાયિકા લલિતાની અંતિમ અને શાશ્વત વિદાય નાટકને કરુણરસની પરાકાષ્ઠાએ પહોંચાડે છે, અને પ્રેક્ષકના હૃદયમાં કેવળ શોકાર્મિઓ જ ઉછળાવે છે. આમ સંસ્કૃત નાટકે ભરતનાટ્યશાસ્ત્રના નિયમને અધીન રહી જે ન કર્યું તે રણછોડભાઈએ કરી બતાવ્યું. નાટ્યાચાર્ય ભરતે* मधुरेण समापयेत् *નો સિદ્ધાંત સ્થાપી કેવળ સુખાન્ત નાટકોની જ રચનાને સંમતિ આપી છે. નાટક માત્ર હર્ષ અને સુખમાં જ પરિણમવું જોઈએ એવા અચળ નિયમે સંસ્કૃત સાહિત્યને કરુણાન્ત નાટકના દ્વિતીય પ્રકારથી કાયમ વંચિત રાખ્યું છે. સંસ્કૃત અને ઈંગ્રેજી નાટ્યસાહિત્યના જાણકાર રણછોડભાઈએ ઢાલની બંને બાજુઓ નિરખી, અને આ નવા પ્રકારની રચના કરી. તેમણે અપૂર્વ હિંમત દાખવી, નાટ્યાચાર્યના નિયમને ઉવેખ્યો, કરુણાંત નાટક સર્જ્યું, એક જ સપાટે રંગભૂમિ સર કરી અને પ્રેક્ષકવર્ગ પર પ્રભુત્વ સ્થાપ્યું. કરુણાંત નાટક વધુ આકર્ષક નીવડે છે, તો શા માટે તેની રચના ઈષ્ટ નથી ? માનવજીવન કેવળ સુખથી જ છલોછલ ભરેલું નથી. તેમાં વસ્તુતઃ તો હર્ષ અને વિષાદ બંનેને સ્થાન છે. તો પછી નાટક પણ શાને કરુણમાં ન પરિણમે ?''*[૨૦]

આ નાટક એ સમયે પ્રશંસાપાત્ર બન્યું એ અંગે પ્રફુલ્લ મહેતા પણ નોંધે છે :

*''આ નાટક ટ્રેજેડીનો સારો નમૂનો બનવાને બદલે 'મેલોડ્રામા'ની હદ સુધી પહોંચી જાય છે, પણ એ નાટક કદાચ આ ઘેરા કરુણના રંગોને કારણે જ એ સમયના સમાજમાં સારી એવી પ્રશંસા પામ્યું હતું અને લોકમાનસ પર એની સચોટ અસર પડી હતી.''*[૨૧]

સંસ્કૃત સાહિત્યમાં કરુણાન્ત નાટકના અભાવના અનેક કારણો છે એ જણાવતાં પ્રો. શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રી નોંધે છે :

*''નાટકની મૂળ ઉત્પત્તિ ધાર્મિક વાતાવરણમાં જ થઈ હતી, પ્રારંભમાં કંસહન્તા શ્રીકૃષ્ણ જેવા દેવો તેમાં નાયક તરીકે નિરૂપાતા હોવાથી નાટકને કરુણાંત બનાવવું એ ઈષ્ટ ન હતું; કારણ કે લોકોની ધર્મભાવના દૈવી પાત્રોના પરાભવ કે વિનાશનું નિરૂપણ સાંખી લેવા તૈયાર ન હતી. બીજું કારણ એ છે કે કાળબળે તેમાં નિરૂપાતાં માનવપાત્રોની લોકોત્તરતાએ કરુણાંત નાટકની રચના અશક્ય કરી મૂકી. નાટકના સર્વ પ્રસંગોનું નિયમન કરી નિયત ધ્યેય દોરી જવા સમર્થ હોય તે જ વસ્તુતઃ નાટક ગણાતું. પણ આવું સામર્થ્ય અસામાન્ય માનવીઓનો લોકોત્તર પૃથ્વીપતિઓનો જ ઈજારો મનાતું. તે કુલીન, પરાક્રમી અને ધીરોદાત્ત હતો. આવા ગુણનિધાન ભૂપતિનો પરાભવ કે વિનાશ પ્રેક્ષકો કલ્પી શકતા જ નહિ, અને નાટ્યકારો તેથી તેને નિરૂપતા જ નહિ. સમર્થ નરાધિપ સરખા નાયકને નાટકના અંત ભાગમાં વિષાદ કે વિનાશની ખીણમાં ન હડસેલી દેવાય, પરિણામે નાટક કદી કરુણાંત બની જ ન શક્યું. પણ સંસ્કૃત સાહિત્યમાં કરુણાંત નાટકના અભાવનું એક ત્રીજું કારણ હજુ બાકી રહે છે. આ જન્મે નહિ તો આવતે જન્મે, અંતે તો સાધુઓ જ ઉગરે છે ને દુષ્ટોનો વિનાશ થાય છે; ગીતાના ગાનાર શ્રીકૃષ્ણ માહારાજનો આ કોલ નાટકમાં પણ ધ્યાનપાત્ર બને છે... આ બધાં કારણોને લીધે સંસ્કૃત નાટક કેવળ સુખાન્ત જ રહ્યું અને કરુણાન્ત નાટકનો નવો પ્રકાર કાયમ માટે અણસર્જ્યો જ રહ્યો.''*[૨૨]

આ નાટકમાં નિરૂપાયેલો કરુણરસ નાટકનું ગૌરવ વધારવામાં કેટલો ઉપકારક બન્યો છે તે વિશે શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવે નોંધે છે :

''નાટકના વિષય ઉપરાંત જે કરુણરસ એમાં સભરભર્યો છે તે ગ્રંથનું ગૌરવ વધારવામાં ખાસ ઉપકારક થઈ પડ્યો છે. ''આ વાદ્યને કરુણગાન વિશેષ ભાવે'' એમ કહેનારા સદ્‌ગત સાક્ષરશ્રી નરસિંહરાવભાઈનો કરુણરસ પ્રત્યેનો પક્ષપાત ગુજરાતને અત્યારે જાણીતો છે. એ પક્ષપાત એમનો પોતાનો જ નહીં પણ સમગ્ર દુનિયાનો છે એ ખરી વસ્તુસ્થિતિ હાસ્યરસની અનેક રચનાઓ જ્યારે રચાય છે અને સામયિકપત્રો તરફથી ખાસ 'હાસ્યઅંકો' જ્યારે બહાર પાડવામાં આવે છે ત્યારે પણ આપણે અવગણી શકીએ નહીં : શેક્સપિયરે હાસ્યપ્રધાન, ઐતિહાસિક તેમજ દુઃખપરિણામી નાટકો લખ્યાં છે, છતાં એમનાં એ નાટકોમાં વિશેષ ગૌરવ તો કરુણરસથી ભરેલાં એમનાં દુઃખપરિણામી નાટકોને અસર કરનારી આ રચનાઓ વડે જ એમનાથી આપી શકાયો છે. મ્હેં શેક્સપિયરનાં બધાંએ નાટકો વાંચ્યાં હતાં, પણ અત્યારે '*Much Ado About Nothing*' અથવા '*All's Well That Ends Well*' માં શું આવે છે તે હું ભૂલી ગયો છું. 'હેમ્લેટ', 'કિંગલિયર', 'મૅકબેથ', 'ઑથેલો' એ કૃતિઓ હૃદયપટ પર એવી ને એવી કોતરાયેલી રહે છે તેનું મ્હોટામાં મ્હોટું કારણ એનો કરુણરસ છે. કાલિદાસના 'શાકુન્તલ' કરતાં ભવભૂતિનું 'ઉત્તરરામ' ચઢી જાય એમ છે એવું કેટલાક વિવેચકો કહે છે તે તેના કરુણરસને લીધે. રઘુવંશના 'અજવિલાપ' અને કુમારસંભવના 'રતિવિલાપ' વખણાય છે અને મ્હોડે પણ કરાય છે, કારણ કે એ વિલાપો એમાંના કરુણરસને લીધે વધારે ઊંડી અસર કરે છે. આપણો 'રડતો કવિ કલાપી' યુવાન હૃદયને આટલું આકર્ષે છે તે શેને લીધે ? નરસિંહરાવની 'સ્મરણસંહિતા' સર્વને ગમે છે તે શેને લીધે ? મહાકવિ પ્રેમાનંદના 'નળાખ્યાન' પ્રત્યે સમગ્ર ગુજરાતના નરનારીઓ પક્ષપાત ધરાવે છે તે શેને લીધે ? એ જ કરુણરસ 'લલિતાદુઃખદર્શક' નાટકમાં પણ ભર્યો છે, તે વાચકના હૃદયને આર્દ્ર બનાવે છે અને આત્માના ઊંડાણ સુધી પહોંચી તેને ગૌરવ અર્પે છે...

...'લલિતાદુઃખદર્શક' નાટકમાં ભરતમુનિએ સ્થાપેલી પ્રણાલિકાનો ભંગ કરતાં રણછોડભાઈ અચકાયા નથી એ બીના ખાસ નોંધવા જેવી છે. લલિતાએ આટલું આટલું દુઃખ અનુભવ્યું ત્યારપછી છેવટે 'સૌ સારાં વાનાં થયાં' એવો અંત જો કવિએ આણ્યો હતો તો આખા નાટકની ખૂબી મારી જાત એવું ત્હમને નથી લાગતું ? નાટક જોઇને લોકો હસતે મ્હોડે ઘેર જાય એટલો જ જો નાટ્યકારનો આશય હોય તો તો એવો જ કંઇક અંત આણવો પડે. પણ સમાજની ક્રૂર રૂઢિનો જે ભોગ થાય તેના કષ્ટ એવી રીતે દૂર થઈ શકતાં જ નથી. મૃત્યુમાં જ એ દુઃખનો અંત આવી શકે. આ સત્યનું નાટકકારને સંપૂર્ણ જ્ઞાન હતું. એ સત્ય પીછાનવા જેટલી કોમળ લાગણી એ ધરાવતા હતા. મૃત્યુ સિવાય અન્ય કોઈ રીતે એ દુઃખનો અંત આણવામાં જે અનૌચિત્ય રહ્યું હતું તે એમની કેળવાયેલી રસવૃત્તિ સ્પષ્ટ જોઈ શકતી હતી. આથી પ્રણાલિકાભંગ કરતાં એમણે લેશ પણ સંકોચ ન રાખ્યો અને પરિણામે કરુણરસ ઝરતું અને દુઃખપરિણામી એક અજોડ નાટક ગુજરાતને પ્રાપ્ત થયું.''[૨૩]

આ નાટકના ઉદ્‌ગમ પાછળની મૂળ પ્રેરણા અંગ્રેજી નાટકમાં રહેલી છે તેમજ સંસ્કૃત અને ભવાઇની અસર પણ એમાં જોઈ શકાય છે. આ નાટક રંગભૂમિ પર સફળ થયેલું છે. ભલે તેમાં સાહિત્યિક ગુણવત્તા નહિવત્ હોય. આપણે ત્યાં નાટક લખવાની શરૂઆત ઈ.સ. ૧૮૫૧માં 'લક્ષ્મી' નાટક કે ઈ.સ. ૧૮૬૨માં 'ગુલાબ' નાટકથી થઈ પણ આ નાટકે ગુજરાતી નાટકને એક ચીલો પાડી આપ્યો હતો. સુધારો, લોકમનોરંજન પૂરું પાડવા આજની જેમ સાધનો નહીં હોવાથી પ્રેક્ષકસમુદાયને સુગરકોટેડ ક્વીનાઇનની જેમ વાત ગળે ઉતારવાની હતી. જેથી ક્યારેક અનેક મર્યાદાઓ આજે આપણને દેખાય. પાત્રો type પ્રકારના લાગે. લેખક ઘણીવાર બોલતા હોય એમ પણ લાગે. પાત્રોચિત ભાષા ક્યારેક ઉચિત અનુચિત પણ લાગે. સંવાદો પણ ક્યારેક મુખર બની જતા હોય, ક્યારેક અત્યંત લાંબા અર્થહીન લાગે. તો ક્યારેક માર્મિક કટાક્ષ, રમૂજો ને

હાસ્યપ્રસંગો પણ ઊભા કરે તો ક્યારેક વેદનાને વાચા પણ અર્પે. જેમકે લલિતા અને પ્રભાવતી વચ્ચેના સંવાદો જોઈએ તો જે ભવાઇ ઉપર રણછોડભાઈને રોષ હતો તે જ ભવાઈનું જ એલીમેન્ટ્સ-નાટ્યતત્ત્વ લાગે.

''લલિતા : અરે ! આ પ્રમાણે મારા જેવી હજારો અને લાખો લાચાર છોકરીયો દુઃખી હશે તેની દાઝ કોઈ દિલે લેતું નથી. 'પશુ દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય'. અરે ! આવી નિર્દોષ દીકરીઓના ત્રાસ લેનારા, પોતાના ઘરની ખોટી પ્રતિષ્ઠા વધારવાને માટે નામના કુલીન પણ રજસ, પાપી, ચંડાલ અને પતિત પતિઓને પરણાવીને, ગરીબ અબળાઓને દુઃખમાં નાખનારા પાપિયોના ઉપર બ્રહ્માંડ ટૂટી પડજો અને જગતમાં વરસાવાને બદલે પરમેશ્વરના કોપનો વરસાદ ટૂટી પડજો....''

''પ્રભાવતી : અરે પિતા અને માતાઓ, ભાઈ અને બહેનો ! તમારી સર્વેની આંખો આંસુથી ભરાઇ ગઈ છે, તે ઉપરથી તમારો લલિતા ઉપરનો પ્રેમ જણાઇ આવે છે. તમારાં સર્વેનાં મન હમણાં ગળગળિત થયાં છે, પણ આવાં દુઃખ ઘણી અબળાઓ સહન કરે છે અને તેનું કારણ તમારી અણસમજણ વિના બીજું કાંઇ નથી. નઠારા ચાલતા આવેલા ચાલથી જે હાનિ અને દુઃખ થાય છે તે જોવું હોય તો આ મારી સખીને જુવો.''

''પ્રભાવતી : એની વીતક વાતો સાંભળીને અવિચારથી પોતાની વાહાલી દીકરિયોને દુઃખદરિયામાં નાખનાર તેમના મા-બાપ બોધ લેશે. અરે ! મારી સખીના દાખલા ઉપરથી જો કોઈ બોધ લેશે નહીં તો પરમેશ્વર તેના ઉપર રુઠશે અને તેના ઉપર વિપત્તિ વરસાવશે.''

અહીં પ્રેક્ષકોની સીધી સંડોવણી કરતા આ સંવાદ લેખકના ઉદ્દેશને મુખર રીતે મૂકે છે. તે ગાળે કદાચ સીધો સંદેશો આપવો લેખકને યોગ્ય લાગ્યું હશે તેથી નાટકના પાત્રો પ્રેક્ષક સાથે સીધી વાત માંડે છે. પ્રેક્ષકો સાથેનું આ પ્રલંબ સંભાષણમાં લેખક છડેચોક ઢોલનગારા પીટીને સીધો સંદેશો આપે છે અને કદાચ તે કાળે આ જરૂરી પણ હશે. આ ઉપરાંત માળી અને પંથીરામના સંવાદોમાં નંદનકુમાર અને લલિતાનો પરિચય જોઈ શકાય છે. નંદનકુમાર અને પંથીરામ વચ્ચેના સંવાદમાં લલિતાને કાગળ આપવા બાબાતનો હળવાશભર્યો સંવાદ જોઈ શકાય છે. ખાસ કરીને એ સમયે પતિ પત્નીનું ને પત્ની પતિનું નામ બોલતી નહીં હોય એવી સામાજિક સ્થિતિ વ્યક્ત થાય છે. તો ખારવા પાસેથી લલિતાને ચંદ્રાવલી પોતાને ત્યાં લઇ આવે છે ત્યાર પછીના લલિતા અને ચંદ્રાવલી વચ્ચેના સંવાદો એકદમ ટૂંકા ટૂંકા વાક્યોવાળા જોવા મળે છે. આ સંવાદ ઉપરથી લલિતા ઘણે દૂર નીકળી આવી છે તેમજ આ પ્રદેશથી અજાણ છે એની માહિતી મળે છે.

આમ તો સાવ ટૂંકા કથાનકમાં રંગભૂમિક્ષમતાનો અવકાશ ઓછોવત્તો નજરે પડે છે. અહીં અગિયાર પુરુષપાત્રો, નવ સ્ત્રીપાત્રો તથા અન્યપૂરક પાત્રોનો સમાવેશ કરેલો છે. કેટલાંક પાત્રો તો યથાનામ ગુણ ધરાવે છે. મૂર્ખ નંદન, યથાનામ કર્કશા ને કજીયાબાઇ, વફાદાર પંથીરામ અને ગોવર્ધનરામની કુમુદની યાદ આપતી તેની Forerunner જેવી કંઈક અંશે લલિતા એ સર્વનાં ચિત્રણ રણછોડભાઇની પાત્રાલેખન શક્તિ માટે ઘણું કહે છે.[૨૪] પંથીરામનું પાત્રચિત્રણ સરસ થયું છે એની બોલચાલના લહેકા તો તે વખતની ભાષાલઢણોનું ને ક્વચિત્ રંગલાની રમૂજનું પ્રતિનિધિત્વ કરાવે છે. પંથીરામ લલિતાનો પત્ર લઈ સ્નેહપુર જવા નીકળે છે ત્યારની એકોક્તિ :

*''હવે તો આ સ્નેહપુર હોય તો બહુ સારુ; પગે રસ ઘણો ઉતરયો, પણ ચાલ રે પ્રાણિયા જરા આગળ. અરે ! આજ તો મારાથી નથી ચલાતું, પગ તો પાકા ગુંમડા જેવા થઈ ગયા છે. એમાં કોઈનો વાંક નથી પણ મારો છે. લલિતાએ તો ઘોડાસરમાંથી એક જલદ ઘોડો લેવા મને કહ્યું હતું, તે મારી મતલબ માટે નહિ, પણ એની મતલબ માટે. મનમાં એવું તો, જે ઘોડા હોય તો તો વરને વહેલો*

*કાગળ પોહોંચે, બાઈને તો મહિનામાં જવાબ વાંચવો હતો ને બંદા આ બેઠા. એને તો જોબન વહી જાય છે, પણ મારે શું વહી જવાનું છે, પીવાનું પાણી ? બેઠા તે આપણા બાપનું.''*

રણછોડભાઈ ભવાઈથી સંપૂર્ણ મુક્ત નથી જ થયા તે રંગલાની રમૂજ જેવા પંથીરામના પાત્રમાં જોઈ શકાય છે.

પાત્રાનુસાર ભાષા રણછોડભાઈએ પ્રયોજી છે. સુલક્ષણા, સદ્‌ગુણી લલિતા પતિને 'પ્રાણનાથ', 'પ્રિયપતિ'થી સંબોધે છે તો દુષ્ટ પતિ નંદનકુમાર પત્ની લલિતાને 'રાંડ શંખણી' જેવી ગાળોથી સંબોધે. પર્વતપુરીનો રાજા પુરણમલને 'તારી માનો ચંડાલ મારું ધમકી આપવા જા છ ?' કહે એમાં રાજાની ખુમારી કરતાં દાદાગીરી દેખાય તો 'બાઈ શાબ ! ઠીક થયું જે તું આવી, નહિ તો અમને બહુ વીતત, કમ જે હવારે તો વાહણ હંકારી અમારે જવાનું છે. તે આ બાઇને મૂકીને જવાત નહિ.' - જેવા શબ્દોમાં ખારવા બોલીનો રણકો સંભળાય છે તો 'ઉસકું બાંધ કે રખી હૈ સો કિસ તરે સેં ઓ રંડી ભાગ જાયગી ? બંધ કરનેકા અચ્છા બંદોબસ્ત નહિ હૈ, સો ઐસીને ઐસી રખકે આયાહું - જેવી ભાષામાં પૂરણમલના પાત્રનો પરિચય મળી રહે છે.

નાટ્યકાર રણછોડભાઈએ આ નાટકમાં 'મોરનાં ઈંડાં ચીતરવાં નથી પડતાં', 'વાવ્યું તેવું લણશે', 'ડુંગરા દૂર થકી રળિયામણા', 'રાત થોડી ને વેશ ઘણા', 'દેખવું નહિ ને દાજવું નહિં', 'ઘોડું ઘોડાસરમાં ને કન્યા સાસરે શોભે', 'કજિયાનું કાળું મ્હોં', 'ખાડો ખોદે તે પડે' જેવી કહેવતો; તો વળી 'દુઃખના ઝાડ ઉગવાં', 'મ્હોમાં જીભ ઘાલવી', 'ફૂંફવાડો રાખવો', 'બળતામાં ઘી હોમવું', 'દેશ તેવો વેશ', 'આંધળી બેહેડા ફોડે', 'ધમ પાંચશેરી લેવડાવી, પાનું પડવું જેવા રૂઢિપ્રયોગો; તો 'પથ્થરના ભમરડા જેવો' (નંદનકુમાર) અને 'ગુલાબના ફૂલ જેવી', 'કરમાયેલા કમળ જેવી' (લલિતા) વગેરે ઉપમાઓ; તેમજ 'ગ્રહણ' ને બદલે 'ઘૈણ', 'બ્રાહ્મણ'ને બદલે 'ભામણ' જેવા કેટલાય બોલચાલના શબ્દોનો ઉપયોગ કર્યો છે.

આ નાટકમાં લલિતા અને પંથીરામ બન્ને કવિતારસિયાં છે એટલે લલિતા નંદનને પત્ર લખે તો કવિતામાં લખે, લલિતા એની બહેનપણી પ્રભાવતી સાથે વાત કરે તો બન્ને પરસ્પર પદ્યમાં કરે, સાસરે જતી લલિતાને માતા શિખામણ આપે તો પણ પદ્યમાં આપે, લલિતા વિલાપે ચડે, જનસમૂહને પોતાના વીતકો જણાવે, પ્રથમ વાર પતિને જુએ તો પણ તે પદ્યમાં વાત કરે.

પ્રથમ વાર લલિતા પતિને જુએ ત્યારે સ્વગત જે પંક્તિ ઉચ્ચારે છે તે જુઓ :

*''અરે છે એ કાળો, નહિ મુખ રૂપાળુ કઈ મળે,*
*ખરે રાભા જેવો, નયન નહિ ચેષ્ટા કશી કળે;*
*અરે એ તો કાંઈ, નમન નહિ મારું સમજિયો,*
*જુવે મારા સામું, ભયભિત થયેલો બળદિયો.''*

*''નથી રસ્તો બીજો, પતિ પર અભાવો ક્યમ કરું,*
*ભલે રૂડો ભૂંડો, પ્રિય પતિ ગણીને મન ઠરું.''*

અહીં લલિતા જેવા સુશિક્ષિત-સદ્‌ગુણી પાત્રના મુખે આવી ભાષા ઉચિત નથી લાગતી અને પડ્યું પાનું નિભાવ્વી લેવાની વૃત્તિવાળી સહનશીલ લલિતાના દર્શન થાય છે.

આ નાટકમાં આવતા નગરવર્ણનો પ્રેમાનંદની યાદ અપાવે. પંથીરામ દંભરાજની હવેલી જોવા રાજમાર્ગ પર ગીતો ગાતો નીકળે છે. ત્યારે નગરનું, નગરની વચ્ચે મૂકાયેલી ટપાલપેટી અને ઝારીધારી સ્ત્રીના પૂતળાનું વર્ણન નોંધપાત્ર છે. શ્રોતાઓને શહેરનો એક ભાસ ઊભો કરવા માટે રણછોડભાઈએ પંથીરામના

મુખે એકોક્તિ દ્વારા એ રજૂ કર્યું છે. રંગભૂમિ પર મંચસજ્જાના અનેક પ્રશ્નો ઊભા થતા હશે ત્યારે લેખક આવું એક પદ્ય મૂકીને એ પ્રશ્નોના ઉકેલ શોધી લેતા હશે. જેમકે :

*''વચ્ચે મનુષ્યકાર, પૂતળું લોહનું દેખું,*
*મુખ ફાડેલું ઘણું, પેટ ગાગર શું પેખું.*
*લલાટ પર છે લેખ, પત્ર પાઠવવા કાજે*
*પેટે તાળું જડ્યું, શિવલિંગ જેવું રાજે.''*

*''પણે ઉભી કોઈ નાર ઝારી બે કરમાં લઈને,*
*પાણી પંથી ને પાય, ધાર તો ઝીણી દઈને.''*

નગરની જે કંઈ શોભા દેખાય છે તે તેનું વર્ણન કરતાં કહે છે :

*''વાહ વાહ રે શહેર, સ્નેહપુર સારું શોભે,*
*ભવ્ય ભલો દેખાવ, દેખીને ચિતડું લોભે.''*

એમ કહ્યા પછી કિલ્લો, તોપ, પાણીમાં પડતી કાંગરાની છાયા ને દ્વારા-દરવાજાનું વર્ણન વિશિષ્ટ છે.

લલિતા અનેકના ત્રાસમાંથી છૂટીને ભયાનક જંગલમાં પહોંચી જાય છે ને વર્ણન કરે છે તે આ પ્રમાણે આરંભાય છે :

*''હાર આ દેખુ ડુંગર તણી, વાંકી ચૂકી જણાય;*
*ઊંચીનીચી તેમાં ટેકરી, ગણતાં તે ન ગણાય,*
*પેલા પ્રવાહ ડુંગર તણા, એ તો વેહેતા રે જાય;*
*સર્પ જેવા દેખાય છે, જાણે ડંસવા ધાય.''*

આ વર્ણન વાંચતા જ 'નળાખ્યાન'માં દમયંતી ગાઢ જંગલમાં એકલી પડે છે ને પ્રેમાનંદ જે વર્ણન કરે છે તે યાદ આવે. પરંતુ અતિવિસ્તૃત વર્ણન દ્વારા કથાપ્રવાહ થંભી જતો પણ લાગે.

આ નાટકમાં પ્રયોજેલ પદ્યોમાં છંદો તથા રાગોનું વૈવિધ્ય નજરે પડે છે. જેમકે પ્રભાવતીના મુખમાં મૂકાયેલ 'સહિયર લલિતા તું, રે બની કેમ આવી, પદ્યમાં માલિની છંદ, નંદનના સંદર્ભે મુખમાં મૂકાયેલ 'અરે છે એ કાળો, નહિ મુખ રૂપાળું કંઈ મળે' પદ્યમાં શિખરિણી છંદ, લલિતાના સંદર્ભે પર્વતપુરીના રાજાના મુખમાં મૂકાયેલ 'આ તો કોઈ મનહર ખરે, વાડી ખીલી ભરેલી' પદ્યમાં મંદાક્રાન્તા છંદ, લલિતાને સ્નેહપુરની વાત સંભળાવતા પંથીરામના મુખમાં મૂકાયેલ 'હું નગર પાસે બહુ ઉલાસે' પદ્યમાં હરિગીત છંદ તેમજ 'કરવો કોઈ ઉપાય, બાળ્યે હવે શું નીપજે ! (પંથીરામ)માં સોરઠા, 'બની બની નહિ બને, ખરી એ જ છે વાત (લલિતા)માં રાગ દોહરો, 'દંભરાજ તું દેવાંસી નર, ડિંઘંબર સરખી છે કાય (પંથીરામ)માં સવૈયા, 'મારા પંથીરામ પ્રણામ રે, સમાચાર શા લાવ્યો(લલિતા)માં રાગ પરજ, સહિયર દુઃખ શું કાળવું, મન ભડકે બળે છે (લલિતા)માં રાગ બેલાવર, 'કેમ મિત્ર મારા શું કરિયે (દંભરાજ)માં રાગ મારૂ, તો 'વાહ વાહ રે શહેર, સ્નેહપુર સારૂં શોભે (પંથીરામ)માં લાવણીની ચાલના પ્રયોગમાં નાટ્યકાર રણછોડભાઈની કવિત્વશક્તિનો પરિચય થાય છે. જો કે ડૉ. મહેશ ચોક્સી નોંધે છે તેમ : ''નાટકની બહુધા બિનજરૂરી કવિતાની અપેક્ષાએ સંવાદશૈલી પરત્વે જોઈતું ધ્યાન અપાયું નથી.''[૨૫] પરંતુ ભવાઈ અને વળી મરાઠી નાટકમંડળીઓમાં પણ સંગીત એક મહત્ત્વનું તત્ત્વ હતું એથી ટેવાયેલા અને એવું ગુજરાતી નાટકમાં જોવાની આશા રાખનારા પ્રેક્ષકસમૂહને ખાતર નાટકોમાં ગીતોનો ઉપયોગ રણછોડભાઈએ વધારે કર્યો હશે. પણ વધુ પડતો પદ્યનો ઉપયોગ કથાને નીરસ બનાવે છે.

રણછોડભાઇએ આ નાટકમાં પત્રપ્રયુક્તિ પ્રયોજી છે. લલિતાનો તેના પતિ નંદનકુમારને લખેલ 'સ્વસ્તશ્રી રે સ્નેહપુર સ્થાન, શોભે સારૂં રે' - જેવી પંક્તિથી શરૂ થતો પદ્યાત્મક પત્ર તો લલિતાને સાસરે તેડવાતા દંભરાજે લખેલ પત્રમાં આ પત્રપ્રયુક્તિ જોઈ શકાય છે. આ ઉપરાંત આ નાટકમાં લેખકે અનેક ઠેકાણે સ્વપ્નપ્રયુક્તિનો પણ ઉપયોગ કર્યો છે. જેમકે લલિતા એક ભયાનક સ્વપ્ન જુએ છે તેમાં સાસરે પ્રથમ રાત્રિએ જ કોઈ કાળપુરુષ પતિને બાંધી કપડાં-ઘરેણાં ઉતારી લે છે ને લલિતાને ઊંડી ખાઇમાં ધકેલી દે છે. અહીં એ સ્વપ્ન લલિતાને માથે આવી રહેલા ભયાનક સંકટોનો સંકેત વ્યક્ત કરી દે છે. તો પાંચમા અંકમાં માતા કમળાને પણ લલિતા સ્વપ્નમાં આવીને એની ઉપર પડેલા દુઃખોની વાતો કરતી અને જતી દેખાય છે. એટલે માતાને એનો જીવ કમોતે ગયો છે અને ભૂત થઇને આવી રહેલી દેખાય છે - જે હવે પછી આવનાર લલિતાના દર્શનના દૃશ્યની આ પૂર્વભૂમિકા લેખક રચી દે છે.

આ નાટકમાં એકોક્તિઓ અનેક જગ્યાએ આવે છે. જેમ કે નાટકના આરંભમાં મૂકાયેલી 'ચંપાનગરીથી નીકળ્યાને મને આજે પૂરેપૂરો એક મહિનો થયો...' જેવા વાક્યથી શરૂ થતી પંથીરામની એકોક્તિ તો 'રાજાની રાણિયોને કેદખાનામાં પૂરી મૂકવાનો હિંદુસ્થાનમાં ચાલ સાંભળતી તે વાત ખરેખરી...' જેવા વાક્યથી શરૂ થતી પર્વતપુરીના રાજાના મહેલમાં પૂરાયેલી લલિતાની લાંબી એકોક્તિ, તેમજ કનકાપુરીની ગણિકા ચંદ્રાવલીને ત્યાં એક ઓરડામાં પૂરાયેલી લલિતાની 'મને શું સ્વપ્ન આવ્યું ? જેવા પ્રશ્નથી શરૂ થતી લાંબી એકોક્તિઓ નાટકના કથાપ્રવાહને થંભાવનારી બને છે.

મેથ્યુ આર્નોલ્ડે કહ્યું છે કે 'Literature is a criticism of life' તે મુજબ સાહિત્યમાં તત્કાલીન સમાજજીવનની સમીક્ષા થતી હોય છે. અહીં પણ રણછોડભાઇએ તત્કાલીન સમાજને બરાબર ઝીલ્યો છે. એ સમાજના પ્રશ્નો, માન્યતાઓ, વિચારો આદિને રણછોડભાઇએ કેવી રીતે નિરૂપ્યા છે તે જોઈએ.

લલિતા ઉચ્ચવર્ગની ગુણવાન, સમજુ અને શિક્ષિત સ્ત્રી છે. પતિ નંદન મૂર્ખ, ચારિત્ર્યહિન છે એની એને ખબર હોવા છતાં પણ તેનો એ વિરોધ નથી કરી શકતી. કદાચ એ સમયની ઉચ્ચવર્ગની સ્ત્રીઓ બોલી શકતી નહીં હોય ! પોતાની ઉપર પડેલા દુઃખોનું મૂળ પૂર્વભવનાં કર્મોમાં કે પાપપુણ્ય અંગેની માન્યતામાં એ જુએ છે ને કહે છે : પેલા ભવે મેં ખરાબ કર્મ કર્યાં હશે, પુણ્યદાન વીસરી ગઈ હઈશ, સરોવરની પાળ તોડી હશે, પરબડી તોડી પાડી હશે, ધાવતાં બાળક વછોડ્યાં હશે... એમ અનેક કારણો ગણાવે છે. વળી નસીબ કે વિધિના લેખ આગળ કોઇનું કંઈ ચાલતું નથી એવી માન્યતા ને ઇશ્વરમાં શ્રદ્ધા હશે જે લલિતા અને પ્રભાવતી વચ્ચેના આ સંવાદમાં જોઈ શકાય છે. લલિતા કહે છે :

*''શાને જન્મી સારા કુળમાં, પૈસામાં મૂકો પૂળો;*
*વિદ્યા ભણાવી શા કારણે, એથી વાગે છે શૂળો.*
*શાને માબાપે સજાવીને, કર્યો આવડો કેર;*
*જન્માવી તો ગળથુથીમાં, ઘોળી પાવું'તું ઝેર.*
*જોયા વિના માત-તાતે તો, બળતી આગમાં નાંખી;*
*કોમળ શાને કરી મને, જેથી ના શકું સાંખી.''*
*પ્રભાવતી એનો જવાબ આપે છે તે જુઓ :*
*''પણ હવે શું કીજિયે બની ગઈ રે આલી,*
*આપણા હાથમાં નહિ કાંય રે જી;*
*સમજીને સે'વું માથે જે પડ્યું રે આલી,''*

બીજી એક જગ્યાએ લલિતાને પંથીરામ કહે છે 'લખ્યા વિધાત્રી લેખ, તે મિથ્યા થતો નથી કે

નંદનકુમારને શોધવા નીકળેલા બુદ્ધિસાગર અને દંભરાજ વચ્ચેની વાતચીતમાં બુદ્ધિસાગર કહે છે, 'જેવું બનવાનું તેવું બનશે, જેવું વાવ્યું તેવું લણશે.' તો સસરા દંભરાજને લલિતા આશ્વાસન આપતાં કહે છે 'તમારે કશો બળાપો કરવો નહિ. ઈશ્વર સર્વ વાતે સારાં વાનાં કરશે.'

એ સમયે છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ હશે તે માળીના મુખેથી કહેવાય છે. માળી પંથીરામને નંદનકુમાર વિશે વાત કરે છે ત્યારે કહે છે :

*''દંભરાજ ઉંમરે પહોંચવા આવ્યા છે ને એકનો એક છોકરો છે તેથી જેમ કરે છે તેમ કરવા દે છે. એક બીજી છોકરી છે, પણ છોકરા ઉપર જેટલો વાહાલ એટલો છોકરી ઉપર શાનો હોય ?''*

તો દીકરીની ઉંમર વધતાં મા-બાપને થતી ચિંતા જીવરાજ અને કમળાના સંવાદમાં જોવા મળે છે. એકની એક દીકરી હોય તો ઘરજમાઈ રાખવાની પ્રથા તે વખતે પણ હશે તે પિતા જીવરાજના મુખેથી કહેવાયું છે :

'મારી ધારણા એવી છે કે હાલ બેચાર મહિના લલિતાને એને સાસરે રહેવા દેવી, પછીથી હું ત્યાં જઇને નંદનકુમારને તેડીને પાછી આણીશ... ને આપણે હવે છોકરાંની આશા નથી. અવસ્થા પણ થવા આવી છે, માટે નંદનકુમારને ઘર-જમાઇ કરીને રાખીશું તે ખાઇ પીઇની બન્ને જણ આનંદ કરશે, તે દેખીને આપણો પણ આત્મા ઠરશે.'

અન્ય વ્યક્તિને પોતાના કુકુર્મોની જાણ થઈ જાય તો તે વ્યક્તિને પૈસા, સોનું, ચાંદી, ઝર-જવેરાત આપીને મોં બંધ કરી દેવાની પ્રથા હશે જે અહીં પંથીરામ અને નંદનકુમાર વચ્ચેના સંવાદોમાં જોઈ શકાય છે. પંથીરામને નંદનકુમારના કુકર્મોની ખબર પડી જતાં નંદનકુમાર પંથીરામને હીરાની વીંટી, પોંહોંચી, ગળાનો ગળચવો ને સોનાનું ગુચ્છું મોં બંધ રાખવા માટે આપે છે.

આ ઉપરાંત ચોઘડિયું જોઈને દીકરીને સાસરે વિદાય કરવી, સાસરે જતી દીકરીને મા શિખામણ આપે, સાસરામાં સાસુ-નણંદનો ત્રાસ, જાણ્યા વગર હાજીહા કરવાનો સ્ત્રીનો સ્વભાવ, સ્ત્રી પોતે પોતાને દાસી માને, જ્યોતિષમાં માનવું, મૃત્યુ પછી સ્નાન કરવું, ભૂત-પ્રેતમાં માનવું, નગરોમાં ગણિકાનું વર્ચસ્વ વગેરે એ સમયના સમાજમાં પ્રચલિત હતું તે આ નાટકમાં નજરે પડે છે.

રણછોડભાઈએ આ નાટકમાં રંગસૂચનો પણ ક્યાં ક્યાં મૂક્યાં છે. જેમકે : આશ્ચર્ય પામીને, કાગળ આવે છે, હસતે મ્હોડે, ગુસ્સે થઈને, પોતાના ગાલમાં લપડાક મારે છે, માળીને, રસ્તે ચાલતાં, ચાલતાં જવા માંડે છે, શાલ પાઘડી બગલમાં મારી, તેમ જ બધી બાયડીયોને વગેરે. તો દશ્ય પણ આ નાટકમાં અનેક દર્શાવાયા છે. જેમકે સ્નેહપુર, દંભરાજની હવેલી, નંદનકુમારનું શયનગૃહ, નંદનકુમારની વાડી, માળીની ઓરડી, પ્રિયંવદાનું ઘર, રાજમાર્ગ, ચંપાનગરી, જીવરાજની હવેલી, ધર્મશાળા, પુરાલય, રાજમાર્ગ ચંદ્રાવલીનું શયનગૃહ, ખારવાઓની ઝૂંપડી તથા વન.

અહીં સંસ્કૃત નાટકનો વિદૂષક કે લોકનાટ્ય ભવાઇનો રંગલો ગેરહાજર છે પણ રંગલા જેવું પાત્ર પંથીરામની એકોક્તિથી નાટકના આરંભનો સીધો ઉપાડ થાય છે. પંથીરામ ચંપાનગરીથી લલિતાનો પત્ર લઇ નીકળ્યો છે. આ પત્ર લલિતાના પતિ નંદનકુમારને સ્નેહપુર પહોંચાડવાનો છે. તે પગપાળા નીકળ્યો હોવાથી એક મહિનાને અંતે સ્નેહપુરની ભાગોળે આવી પહોંચે છે; ને તે જે જુએ છે તેનું પ્રેક્ષકો સમક્ષ વર્ણન કરતો જાય છે. ત્યાંથી આ નાટક આરંભાય છે. તો નાટકનો અંત લલિતાના જ મુખેથી જ કહેવાયેલી તેની પોતાની વીતકકથા, લલિતાનો આપઘાત અને તેની સખી પ્રભાવતીના હિંદુ સમાજને અપાયેલા ઉપદેશથી આવે છે જે ઉપદેશની શરૂઆત :

*''ધિ:ક હિંદુ ભાઈ ધિ:ક છે, ધિ:ક નામ તમારૂં*
*ખોટી તમારી રીતથી, બાળો જીવતર અમારૂં.''*

જેવી પંક્તિથી થાય છે અને એનો અંતઃ

*''ચેતી લલીતાના ભોગથી, અમારાં દુ:ખ બાળોઃ*
*નહિ તો પ્રભુજી રિસાવીને, કોપ કરસે કાળો.*
*ધિ:ક હિંદુ ભાઈ ધિ:ક છે.''*

પંક્તિથી આવે છે. અંતે લેખક લલિતાના અગ્નિસંસ્કારની જગ્યાએ સ્મરણસ્તંભ કરાવી નીચે પ્રમાણે લેખ કોતરાવ્યો એમ સૂચન કરીને દોહરા છંદમાં લખે છે.

ललिता लक्षणवंती जे, जागत शेठनी बाळ,
त्राशि हिंदु चालथी, कीधो तेणे काळ. १
न्हानपणे परणावतां, निपजे शो परिणाम,
ते बतलावाने चण्यो स्मरणस्तंभ आ ठाम. २
कुलीन, नामनो वर जुवे, कथणे केवुं काम,
ते बतलावाने चण्यो, स्मरणस्तंभ आ ठाम. ३
गमती जोड मळ्या विना, दिल रे' केवो डाम,
ते बतलावाने चण्यो, स्तरणस्तंभ आ ठाम. ४

અહીં આપણે જોઈ શકીએ છીએ કે મધ્યકાલીન પરંપરાની અસર રણછોડભાઈમાં પણ જોવા મળે છે. શ્રી અનંતરાય રાવળ આ સંદર્ભે નોંધે છે :

''નીતિ એ કલાની વિષકન્યા છે એવું નવું જ્ઞાન તેમના જમાનાના લોકો નહોતા શીખ્યા. 'કલા ખાતર કલા'ના શંખનાદો પણ ન્હોતા અથડાતા થયા તે વખતે. દલપત, નર્મદ અને સૌ એ યુગના લેખકોની સાહિત્યપ્રવૃત્તિમાં મુખ્ય હેતુ હતો લોકશિક્ષણનો. રણછોડભાઈ પણ એ જ જમાનાનું ફરઝંદ, એટલે તેમનાં નાટકોમાં મુખ્ય ઉદ્દેશ નીતિબોધનો કે લોકસુધારણાનો તેમણે રાખેલો. પંચતંત્ર કે હિતોપદેશની વાતોમાં અંતે 'માટે આ પરથી બોધ એ લેવાનો કે...' એમનાં ઉપદેશકથન કે તારતમ્ય આવે છે તેમ રણછોડભાઈનાં લગભગ બધાં જ નાટકોને અંતે ઘણાં પાત્રો ભેગાં મળી એક ગીત ગાતાં હોય છે જેમાં આખા નાટકનું નૈતિક તારતમ્ય રજૂ કરવામાં આવ્યું હોય છે. 'લલિતાદુઃખદર્શક'માં 'નાનપણે તમે પરણાવો પુત્રી, કહેવાતું શોધો કુળ, ગુણ કે અવગુણ કંઈ જુઓ નહિ, તેમાં મળે બધું ધુળ' -એ લલિતાની આપવીતી પરથી નિતરતો સુધારાબોધ રજૂ થાય છે. આ બધું સહેજ ચોખલિયું લાગે છે, નહિ ? આપણે ભલે વધુ સુધર્યા હોઈએ, સીધો કે નૈતિક ઉપદેશ કલામાં ક્ષતિકર છે એમ માનતા હોઈએ, તો પણ નથી લાગતું કે આજથી છ દાયકા (આજે દોઢ સદી પૂર્વે) પહેલાંના જમાનામાં પ્રેક્ષકો નાટકશાળામાંથી નાટકને અંતે આવતો બોધ સાંભળી એ ગુંજતા ગુંજતા ઘેર જાય તે એ જમાનામાં તો ગમ્મત સાથે જ્ઞાન આપવાનો સરસ માર્ગ હતો ? નાટક જોવા જનાર તત્કાલીન બહોળા જનસમૂહને - ને તેમાં સ્ત્રીઓ પણ હતી એ ધ્યાન રાખો - આથી ઉત્તમ સંસ્કારદાન આ નાટકો કરી શકતાં એ તેની જેવી તેવી સિદ્ધિ નથી. રણછોડભાઈએ કેટકેટલા માનવીઓને નીતિ કે સદાચારને પંથે નહિ ચડાવ્યા હોય ? દલપતરામે ને નર્મદે કવિતા તથા ભાષણ ઇત્યાદિથી સુધારો પ્રબોધ્યો, તો રણછોડભાઈએ 'જયકુમારીવિજય', 'લલિતાદુઃખદર્શક' જેવાં નાટકોથી લોકોની આંખ ઉઘાડી, તેમને વિચારતા કીધા ને ભાષણ, ગદ્યનિબંધ કે કવિતા કરતાં નાટક દશ્ય હોવાથી એની અસર વધુ પ્રબળ હોય એમાં શંકા ખરી ?''[૨૬]

શ્રી સુંદરજી ગો. બેટાઈના શબ્દોમાં કહીએ તો :

*''સાહિત્યના એ શિષ્ટ પ્રકારનો વિકાસ કરવા, તેની શુદ્ધિ જાળવવા, રંગભૂમિની અવનત દશા દૂર કરવા જે ચાર-પાંચ વ્યક્તિઓએ ઉત્સાહયુક્ત પ્રયત્નો કર્યા છે ત્હેમાં સ્વ. રણછોડભાઈ અગ્રણી છે એ વાત ગુજરાતી નાટ્યસાહિત્યના ઈતિહાસમાં સુસ્પષ્ટ અક્ષરે લખાયેલી છે.''*[૨૭]

અંતે હું એટલું જ કહીશ કે આજે પણ મધ્યમવર્ગી સ્ત્રીની પીડા કે વર્કિંગવુમનના અનેક પ્રશ્નો આપણી સામે ઊભા જ છે પણ આપણા પ્રમુખ નાટ્યકારો એ તરફ ગતિ કરતા નથી તેનું આશ્ચર્ય છે. સ્ત્રીની ઓળખને 'પીળું ગુલાબ અને હું', 'જાલકા', 'અશ્વમેધ' કે 'ગાંધારી' જેવાં નાટકોના સંદર્ભે જોઈએ તો 'લલિતાદુઃખદર્શક' જે પરંપરા ઊભી કરી હતી તેને બદલે કઈ દિશામાં ફંટાયા છે તેનાં ઉદાહરણો છે. આજે પણ સમાજમાં આવી અનેક લલિતાઓના પ્રશ્નો છે. કદાચ દુઃખોનું સ્વરૂપ બદલાયું છે પણ નવા રણછોડભાઈ ઉદ્ભવતા નથી. આપણે એમની રાહ જોવાની રહી. ભાઈઓએ જો નારીસમસ્યાનું રણ છોડી દીધું હોય તો બહેનોએ હવે આ ક્ષેત્રે ઝંપલાવવું પડશે. નવલકથાના ક્ષેત્રે જે રીતે 'સાત પગલાં આકાશમાં' (કુંદનિકા કાપડિયા) કે 'બત્રીસ પૂતળીની વેદના' (ઈલા આરબ મહેતા) એ ઉચ્ચ અને મધ્યમવર્ગની સ્ત્રીઓની સમસ્યા મૂકી છે તેવું નાટકક્ષેત્રે બનતું નથી. તેથી આવી અપેક્ષા રાખવાનું મન થાય એ સ્વાભાવિક છે.

## સંદર્ભ નોંધ


૧. 'સ્વ. દી.બ. રણછોડભાઈ ઉદયરામ એક વિહંગાવલોકન', શ્રી હર્ષદભાઈ દેસાઈ, ''રણછોડભાઈ ઉદયરામ શતાબ્દી સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ. ૧૮૧

૨. ડૉ. જયશંકર વી. આચાર્ય, 'ગુર્જર રંગભૂમિના પ્રખર શુભેચ્છકનું સંસ્મરણ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ. ૨૨૫.

૩. K.M.Munshi, '*Gujarat & Its Literature*', p. 248

૪. શ્રી હરિલાલ ભરૂચા, 'સ્વ. રણછોડભાઈ-ગુજરાતના શેક્સપિયર', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ. ૨૧૫

૫. એજન, પૃ. ૨૧૪

૬. ચંદ્રકાન્ત ટોપીવાળા, 'લલિતાદુઃખદર્શક'નું સુખમૂલ્ય', 'શબ્દસૃષ્ટિ', જાન્યુ. ૨૦૦૩, પૃ. ૨૭

૭. ન્હાનાલાલ દલપતરામ કવિ, 'પ્રશસ્તિઓ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૯૪

૮. શ્રી વર્ષા અડાલજા, 'નાટક-રંગભૂમિ અને સમાજ', ગુજરાતી સાહિત્ય પરિષદ ૩૪મું અધિવેશન, મુંબઈ, ૧૯૮૭, પૃ.૨

૯. શ્રી હિંમતલાલ અંજારિયા, 'સ્વ. દી.બ. રણછોડભાઈ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૨૨૬.

૧૦. શ્રી નંદલાલ કેદારનાથ દીક્ષિત, 'સાચો ગુજરાતી સાક્ષર', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૧૫૯

૧૧. શ્રી રાજેન્દ્રરાવ સોમનારાયણ દલાલ, 'સ્વ. રણછોડભાઈ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ. ૨૧૮

૧૨. શ્રી મણિભાઈ દ્વિવેદી, 'ગુજરાતનો મહાન સાહિત્યકાર', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૨૨૦

૧૩. શ્રી ચુનીલાલ રામચંદ્ર શેલત, 'પુરુષસિંહ રણછોડભાઈ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૨૨૨

૧૪. મહેશ ચોકસી, 'ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ', પ્રકા. ગુજરાત સંગીત નૃત્ય નાટ્ય

અકાદમી, અમદાવાદ, ૧૯૬૫, પૃ. ૧૦૯
૧૫. જશવંત શેખડીવાળા, 'આરંભકાલીન ગુજરાતી નાટકો', ''નાટક'', અંક ૨૮, જુલાઈ-સપ્ટે. ૨૦૦૪, પૃ.૧૮
૧૫એ. સતીશ વ્યાસ (સંપા.), 'લલિતાદુઃખદર્શક' ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૦૧, પૃ. ૧૮
૧૬. પ્રા. જગદીશ જ. દવે, 'ગુજરાતી અને મરાઠી સામાજિક નાટકો' (૧૮૫૦-૧૯૦૦). નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૦, પૃ. ૧૨૯
૧૭. કવિશ્રી લલિત, 'રસાક્ષર શ્રી રણછોડભાઈ ઉદયરામનો મ્હારો પરિચય', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૨૦૯.
૧૮. 'નાટકનો પ્રારંભ', રંગભૂમિ-સંવત ૧૯૭૯, ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૫૬.
૧૯. પ્રો. ડૉ. રમણલાલ યાજ્ઞિક, 'ગુજરાતનો આદિ નાટ્યકાર', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૨૩૭
૨૦. પ્રો. શંકરલાલ શાસ્ત્રી, 'દી.બ. રણછોડભાઈ અને રંગભૂમિ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૧૫૭
૨૧. પ્રફુલ્લ મહેતા, 'ગુજરાતી નાટકોમાં સમાજચિત્ર', પૃ. ૪૨.
૨૨. પ્રો. શંકરલાલ શાસ્ત્રી, 'દી.બ. રણછોડભાઈ અને રંગભૂમિ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૧૫૮
૨૩. શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવે, 'સ્વ. સાક્ષર શ્રી દી. બ. રણછોડભાઈ ઉદયરામ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૧૭૦
૨૪. શ્રી ઉમીઆશંકર જે. મહેતા, 'સ્વ. સાક્ષારશ્રી દી.બ. રણછોડભાઈ ઉદયરામ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૨૩૦
૨૫. મહેશ ચોક્સી, 'ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ', પ્રકા. ગુજરાત સંગીત નૃત્ય નાટ્ય અકાદમી, અ'વાદ, ૧૯૬૫, પૃ. ૧૦૨.
૨૬. શ્રી અનંતરાય રાવળ, 'નાટ્યકાર રણછોડભાઈ', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ.૧૪૯.
૨૭. શ્રી સુંદરજી બેટાઈ, 'સંદેશ અને સ્મારક', ''ર.ઉ.શ. સ્મારક ગ્રંથ'', મુંબઈ, એપ્રિલ, ૧૯૩૮, પૃ. ૨૧૭.

## ચેતના

મૈત્રીભાવનું પવિત્ર ઝરણુ મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનો અર્ઘ્ય રહે.
દીન, ક્રૂર ને ધર્મ વિહોણા દેખી દિલમાં દરદ રહે,
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચિંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું.
મૈત્રાદિ આ ચાર ભાવના હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરના પાપ તજીને મંગળ ગીતો એ ગાવે
પ્રભુ ! મંગળ ગીતો એ ગાવે.

# મંગલમૂર્તિ શ્રીગણપતિ

◆

**રઘુવીર જ. મકવાણા***

મંગલમૂર્તિ શ્રીગણપતિનું આ મોઝેઇક (Mosaic) ગાંધીનગર-નિવાસી શ્રીમતી પ્રફુલ્લાબહેન રમેશભાઈ ઝાલાવાડિયાના મકાન(પ્લો. ૪૪૪/૧ સે. ૮બી)ની પશ્ચિમાભિમુખ દીવાલ પર પ્રવેશદ્વારની ડાબી બાજુએ પહેલા મજલાની બારીની બરોબર નીચે બનાવેલ છે.

શ્રીગણપતિનું આ મોઝેઇક ૧.૮૫ મીટર લાંબું અને ૧.૦૫ મીટર ઊંચું છે. એ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. બે બાજુ મનોહર ફૂલવેલ અને વચ્ચે મંગલમૂર્તિ શ્રીગણપતિ બિરાજમાન છે.

મંગલમૂર્તિશ્રી ગણપતિ ગજાનન છે. બાકીનું શરીર માનવાકાર છે. તેમના મોટા મુખમાં સૂપડાં જેવા બે કાન અને બે ઝીણી, તેજસ્વી આંખો છે. તેમની સૂંઢ લાંબી છે. તે શક્તિનું પ્રતીક છે. તે બુલડોઝર અને ક્રેન જેવું શક્તિશાળી કામ કરી શકે છે. તે સૂંઢથી નાનામાં નાનું તણખલું પકડી શકે છે. વિશાળ વૃક્ષને હચમચાવી શકે છે. સૂંઢની બે બાજુ એકએક દંતૂશળ છે. ડાબી બાજુનો દંતૂશળ આખો છે. જમણી બાજુનો દંતૂશળ અડધો છે. બન્ને દંતૂશળ શ્વેત છે. પરશુરામના પરશુથી તેમનો એક દંતૂશળ તૂટી ગયો તેવી કથા છે. આ બધી કથાઓ કાલ્પનિક છે.તેનો પ્રતીકાત્મક અર્થ છે : તેમનો ડાબી બાજુનો દંતૂશળ આખો છે, તેથી તે 'એક દંત' નામથી સંબોધાય છે. એકદંતમાંનો 'एक' શબ્દ સર્વ શક્તિમાન માટે પ્રયોજાય છે. 'दन्त' શક્તિસૂચક છે. માટે એક દંત સર્વ શક્તિમાન, સર્વશ્રેષ્ઠ છે. તેમજ એકદંત શ્રદ્ધાનું અને જમણી બાજુનો તૂટેલો દંત મેધાનું પ્રતીક છે. શ્રીગણપતિનું મસ્તક હાથીનું છે. જે બુદ્ધિમાની અને ગંભીરતાનું દ્યોતક છે. હાથીને સર્વ પશુઓમાં સૌથી વધુ બુદ્ધિશાળી પશુ માનવામાં આવે છે. તેમ સમાજનો આગેવાન પણ એવો જ બુદ્ધિમાન હોવો જોઈએ તેવું સૂચવે છે. તેમને માછલી આકારની બે આંખ છે. આંખના સફેદ અંતરાવરણમાં કાળી કીકી દીપે છે. તેની પાંપણ કાળી છે. આંખો પર તલવાર આકારની કાળી ભ્રમર સોહે છે. તેમની ઝીણી અને તેજસ્વી આંખો દીર્ઘદૃષ્ટિની સૂચક છે. તેમના સૂપડાં જેવા બે કાનનો ઉપરનો ભાગ આછા સ્લેટીઆ રંગનો છે. મોટા કાન ઉત્કૃષ્ટ ભ્રમણશક્તિના સૂચક છે. તે આગળ પાછળ હાલ્યા કરે છે. તે શ્રદ્ધાળુ ભક્તોના અંતરાયો દૂર કરવાના સૂચક છે. તેમજ ડહાપણના પણ દ્યોતક મનાય છે. તેમ સમાજનો આગેવાન પણ સર્વનું ધ્યાનપૂર્વક સાંભળે તેવું સૂચવે છે. તેમનું મોટું મુખ નિર્ભયતા અને આત્મિક શક્તિનું પ્રતીક છે.

શ્રીગણપતિ ફૂલ પાંખડી કિનારીવાળા પોપટી રંગના આસન પર પર્યંકાસને સન્મુખ બિરાજેલ છે. તેમની બેસવાની મુદ્રા આપણને સંવેગ અને આવેગના આકર્ષણથી મુક્ત રહેવાનું સૂચવે છે. તેમનો વર્ણ આછો ગુલાબી છે. તેઓ ચતુર્ભુજ છે.તેમના ડાબા ઉપરના હાથમાં આછી આસમાની ધારવાળું વિઘ્નરાજ આસમાની પરશુ છે. તેનો હાથો લીલો, લાલ કથ્થાઇ અને સફેદ રંગનો છે. તેનો ઉપરનો ભાગ મંદિરના શિખર જેવો શંકુ આકારનો છે. આ પરશુ કલાત્મક વીંઝણા જેવું છે. તે તેજસ્વી અને કલાત્મક છે. તેને અંગુષ્ઠ, તર્જની અને મધ્યમાંથી કલાત્મક ઢબે પકડેલ છે. તેમના હાથમાં રહેલ પરશુ પુરાણી પરંપરાઓ, સંસ્કારો અને માયા મમતાના વ્યર્થ બંધનો કાપવાનું સૂચવે છે. તેમજ આસુરી શક્તિઓનો ધ્વંસ કરવાનું સૂચવે છે. તેમણે ઉપલા જમણા હાથે લીલો લાલ, અને પીળા રંગનો શંખ મુઠ્ઠી વાળીને પકડેલ છે. તેમનો નીચેનો ડાબો હાથ વરદમુદ્રામાં છે. વરદાની મુદ્રા નિર્ભયતા અને શાન્તિનું વરદાન સૂચવે છે. તેઓ ભક્તોને સદાય આશિષ

* પ્લોટ નં. ૪૪૨/૨, ગોકુલ સોસાયટી, સેક્ટર ૮ બી, ગાંધીનગર-૩૮૨ ૦૦૭

આપી શક્તિઓ પ્રદાન કરતા રહે છે. તેમનાં વિવિધ આયુધ દંડનાયકનાં પ્રતીક છે. તેમના નીચેના જમણા હાથમાં મોદક ભરેલ પાત્ર છે. તેઓ જમણી બાજુ સૂંઢવાળીને મોદક પાત્રમાંથી મોદક લેતાં જણાય છે. તેઓ એકાગ્ર ચિત્તે લાડુ આરોગતા જણાય છે. મોદ એટલે હર્ષ કે આનંદ. જે આનંદ કરાવે તે મોદક-લાડુ. મોદક સાત્ત્વિક અને તંદુરસ્ત આહારનું પ્રતીક છે. એટલે કે, ભૂખ સંતોષાય અને શરીર તંદુરસ્ત રહે તેવો સાત્ત્વિક આહાર આરોગવો જોઈએ એમ સૂચવે છે. 'ગણેશ શિવનું આકાશી તત્ત્વ છે. માટે તે વિશ્વના વિસ્તારમાં સર્વત્ર ફેલાયેલા છે. માટે સર્વ ચીજોમાં તેમનો વાસ કલ્પેલો છે. તેના વિશાળ ઉદરમાં અસંખ્ય કે અગણિત મોદક સમાઈ શકે છે. આ મોદક તે આકાશમાં તરતાં અગણિત વિશ્વનાં તત્ત્વોનું પ્રતીક છે. પદ્મ પુરાણ મોદકને મહા બુદ્ધિના પ્રતીક તરીકે સમજાવે છે.[1] હાથમાં રહેલા લાડુ સૌને આનંદ અને ખુશી પ્રદાન કરવાનું સૂચવે છે. મોદક જેવા મીઠા બનવાનું કહે છે. જ્યારે કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મળે, વિજય પ્રાપ્ત થાય, સિદ્ધિ સાંપડે ત્યારે લાડુ વહેંચવાની પરંપરા જોવા મળે છે. તેથી લાડુ પરિશ્રમ, તપસ્યા, બુદ્ધિબળની સફળતા વ્યક્ત કરે છે. પ્રસન્નતાને અભિવ્યક્ત કરે છે.

શ્રીમહાકાય ગણપતિ લંબોદર છે. વિષ્ણુ અને શિવે અર્પણ કરેલ મોદક ખાઈ ખાઈને તેમનું પેટ લંબોદર થઈ ગયું છે. તેથી તેમને લંબોદર તરીકે પણ સંબોધાય છે. તેઓ સર્વની વાતો સાંભળી પોતાના વિશાળ પેટમાં સમાવી દેવાનું સૂચવે છે. આમ લંબોદર સમાવવાની શક્તિનું દ્યોતક છે. સમાજનો આગેવાન પણ મોટા પેટો કે સાગર-પેટો હોવો જોઈએ. તેમના લંબોદર પર શ્વેત યજ્ઞોપવીત સોહે છે.

શ્રીગણપતિએ પીળું પીતાંબર ધારણ કરેલ છે. તેમની કટિએ પીળી કોરનો લાલ અને કથ્થાઇ રંગનો કટિપટ સોહે છે. તેના ખુલ્લા છેડા તેની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. તેમના બન્ને પાયે આછા આસમાની રંગના પાદવલય અને બન્ને હાથે પીળા રંગના કટકવલય સોહે છે. બન્ને હાથે લાલ, ઘેરા લીલા, સોનેરી અને આછા ગુલાબી રંગના બાજુબંધ ધારણ કરેલ છે. તેમના કંઠે સોનેરી રંગનું લાલ પેંડલવાળું લોકેટ અને આછા ગુલાબી મણકાનો પ્રલંબહાર સોહે છે. તેમાં પાંત્રીસ મણકા છે. તેમજ પીળા પેંડલવાળો લાલ તથા લીલા મણકાઓનો હાર સોહે છે. તેમાં સોળ લાલ મણકા, ચૌદ લીલા મણકા અને એક પીળો મણકો છે. તેમના સ્કંધે રાની રંગની કિનારીવાળો કથ્થાઇ અને આસમાની વર્ણનાં ફૂલોનો વર્તુળાકાર સુંદર મનમોહક તોરો કે સ્કંધમણિ આચ્છાદિત છે. સર્વ ગણોના સ્વામી કે નાયક શ્રીગણપતિએ શિરોભૂષણમાં એક શિખીવાળો પીળા, ક્રીમ અને લાલ રંગનો કરંડમુકુટ ધારણ કરેલ છે. તેની કિનારી લાલ અને ક્રીમ રંગની છે. તેની મધ્યમાં ક્રીમ, લાલ અને પીળા રંગની કલગી છે. તેના ઉપરના ભાગમાં લાલ વર્તુળાકાર આભરણ છે. નીચે પીળા અને લાલ રંગનાં ફૂમતાં ફરફરે છે. કરંડ મુકુટનો શિરોભાગ મંદિરના શિખર જેવો શોભે છે. તે ક્રીમ, લાલ અને પીળા રંગનો છે. તે તેની શોભામાં ચાર ચાંદ લગાવી દે છે. શ્રીગણપતિ નાનાવિધ વસ્ત્રાલંકારોથી દેદીપ્યમાન છે.

શ્રીગણપતિના પગ અન્ય દેવોની તુલનામાં નાના અને ટૂંકા છે. ટૂંકા પગ ઉચ્ચ બુદ્ધિમત્તાનું લક્ષણ ગણાય છે. એક સમયે ઉમા-મહેશ કૈલાસધામમાં બિરાજ્યાં હતાં. એવામાં એમના બન્ને સુપુત્રો ત્યાં આવી પહોંચ્યા હવે તમે ઉંમરલાયક થયા છે. એટલે અમે નક્કી કર્યું છે કે, જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી સૌ પહેલાં આવે તેનું લગ્ન પ્રથમ કરવું. કાર્ત્તિકેય તે પોતાના વાહન મોર પર આરૂઢ થઈ પૃથ્વીની પ્રદક્ષિણાએ સંચર્યા. મહાકાય ગણપતિને થયું કે, ભાઈ કાર્ત્તિકેય પૃથ્વીની પ્રદક્ષિણા કરીને સૌ પ્રથમ આવી પહોંચશે. પરંતુ ચતુર ગણપતિના ચિત્તમાં ચમકારો થયો કે, 'પૃથ્વીની પ્રદક્ષિણા તો માતાપિતાનાં શ્રીચરણોમાં જ સમાયેલ છે.' તે માતાપિતા પાસે આવ્યા. તેમને બન્નેને બાજઠ પર બેસાડી પૂજા-અર્ચના કરી. તેમની સાત વાર પ્રદક્ષિણા કરી. વેદમાં ઉલ્લેખ છે કે, 'જો પુત્ર માતાપિતાની સાત વાર પ્રદક્ષિણા કરે તો પૃથ્વીની પ્રદક્ષિણા કર્યાનું ફળ પામે.'[2] આ રીતે ઉત્કટ બુદ્ધિપ્રતિભાથી શ્રીગણપતિએ પોતાના ભાઇને મહાત કર્યા ને માતાપિતાની પ્રસન્નતા પામ્યા. આમ

'ગણેશ બુદ્ધિ અને સિદ્ધિના દેવ છે. તેથી ડહાપણ અને ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે.'[૩]

શ્રીગણપતિના જમણા પગ પાસે તેમનું વાહન ઉંદર છે. તેના શરીરની અંગભંગિ જોતાં તે ક્રિયાશીલ છે. ઉંદર ઘોર અંધકારમાં પોતાનો ખોરાક શોધી કાઢે છે. તેની આ શક્તિ ગુપ્તચર જેવી છે. તે શ્રીગણપતિનો ગુપ્તચર છે. આ ગુપ્તચર ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં ગુપ્ત માહિતી મેળવી ગણોના નાયક શ્રીગણપતિને પહોંચાડે છે. રાષ્ટ્રની સુરક્ષા અને સંરક્ષણ માટે ઉંદર જેવા ગુપ્તચર જોઈએ. વળી ઉંદર જ એક એવું વાહન છે જે શ્રીગણપતિને ઘર ઘર સુધી પ્રવેશ કરાવે છે. 'ઉંદર એ માયાનું પ્રતીક છે. ઉંદરની માફક માયા પણ ફૂંકી ફૂંકીને કરડે છે. ફૂંકી ફૂંકીને કરડનારી આ માયાને ફક્ત જ્ઞાની-તત્ત્વજ્ઞાની જ અંકુશમાં રાખી તેના પર સવાર થઈ શકે.[૪]

આ મોઝેઈક મકાન માલિકના પરિવારજનોની ઈચ્છાથી બનાવડાવ્યું છે. શ્રીગણપતિનું જ મોઝેઈક શા માટે આલેખવું ? એમ પૂછતાં તેઓ કહે છે કે, 'આપણે હિન્દુઓ શ્રીગણેશને વિઘ્નહર્તા દેવ માનીએ છીએ. તે રિદ્ધિસિદ્ધિના દેનાર છે. તેથી માંગલિક કાર્યોના શુભારંભે પૂર્વે તેમની પૂજા-અર્ચના કરવામાં આવે છે. એથી ગૃહપ્રવેશદ્વાર પર મંગલમૂર્તિ શ્રીગણપતિની સ્થાપના કરવાનું ઈષ્ટ લાગ્યું.[૫]

આ બાબતે ધર્મશાસ્ત્રો કહે છે : ગણપતિની મૂર્તિ સાક્ષાત્ ઓમકાર જેવી દેખાય છે. ધર્મશાસ્ત્રોમાં ગણેશને ઓમકારાત્મક માનવામાં આવ્યા છે. ઓમકારાત્મક હોવાને કારણે ગણેશને સર્વ દેવતાઓમાં તેમની પહેલાં પૂજા કરવામાં આવે છે. આમ કોઈ પણ શુભ કાર્યનો આરંભ કરતાં પહેલાં ગણેશની પૂજા કરવામાં આવે છે.[૬]

ગજાનન ગણેશને પરાત્પર બ્રહ્મના અવતાર માનવામાં આવે છે. અને પરાત્પર બ્રહ્મને 'મહાગણપતિ' કહેવામાં આવે છે.''[૭] ગણપતિના ઉપાસકોની એવી શ્રદ્ધા છે કે, મહાગણપતિ(પરમાત્મા)એ પોતાની ઈચ્છાથી અનંત વિશ્વમાં અનંત બ્રહ્માંડની રચના કરી અને હરેક બ્રહ્માંડમાં પોતાના અંશથી ત્રિમૂર્તિ પ્રગટ કરી, તે દૃષ્ટિથી બધા સંપ્રદાયોના હિન્દુઓમાં સર્વ મંગલકાર્યોના આરંભ પહેલાં ગૌરી-ગણેશની પૂજા થાય છે. યાત્રાના આરંભે ગણપતિનું સ્મરણ કરવામાં આવે છે. પુસ્તક, પત્ર, રોજમેળ-ખાતાવહીની શરૂઆત કરતાં પહેલાં વેપાર-વાણિજ્યના પ્રારંભ પહેલાં, વાસ્તુ સમયે, વિવાહ-લગ્ન કરતાં પહેલાં, વિદ્યા-આરંભે અને યુદ્ધ કરવા જતાં પહેલાં મંગલમૂર્તિ ગણપતિનું સ્તવન કરવામાં આવે છે. અથવા श्रीगणेशाय नमः લખવાની પરંપરા ચાલી આવે છે. (શ્રદ્ધાળુ ઉપાસકો, ભક્તોને વિશ્વાસ છે કે,) સમસ્ત વિઘ્નોનો નાશ કરવાની શક્તિ શ્રીગણેશમાં વિદ્યમાન છે. (જેમ સૂર્ય ગાઢ અંધકારનો નાશ કરે છે, તેમ વિઘ્નોના સમૂહનો નાશ મંગલમૂર્તિ શ્રીગણપતિ કરે છે.) એટલા માટે ગૃહ-પ્રવેશદ્વાર પર ગણેશની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે.'[૮] પછી તે શિલ્પ-પ્રતિમા હોય, કે ચિત્ર-પ્રતિમા હોય અથવા કાષ્ઠ-પ્રતિમા પણ હોઇ શકે છે.

શ્રીગણપતિએ વિઘ્નહર્તા તરીકે સ્થાન પ્રાપ્ત કરી પંચાયતન (વિષ્ણુ, શિવ, દુર્ગા, સૂર્ય અને ગણેશ) દેવોમાં પણ એક સ્વતંત્ર સ્થાન મેળવ્યું છે.'[૯]

સમસ્ત ભારતવર્ષમાં શ્રીગણપતિ અને તેમની પૂજાનો પ્રચાર સર્વ સામાન્ય બન્યો છે, તેટલું જ નહિ, પણ શૈવ, શાક્ત કે વૈષ્ણવ પંથોમાં પણ તેમણે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમના જેટલું સામાજિક સ્થાન હિન્દુ સમાજમાં બીજા કોઈ પણ દેવે પ્રાપ્ત કર્યું હોય તેમ જણાતું નથી. કારણ કે, શિલ્પશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે દરેક ઘરના દ્વાર ઉપર ગણપતિનું સ્વરૂપ મૂકવું આવશ્યક છે.[૧૦]

આજે પણ ગણપતિનું દેવગણોમાં અગ્રગણ્ય સ્થાન છે. તેમની કેવળ પંચદેવોમાં વિષ્ણુ, શિવ, દુર્ગા, સૂર્ય અને ગણેશમાં જ ગણના નથી થતી, બલ્કે તેમને આદિ પૂજ્ય ગણવામાં આવે છે.'[૧૧]

'ગણપતિ એ વિદ્યાના દેવ છે. વિઘ્નવિદારક અને સંકટનિવારણ કરનાર દેવ તરીકે પૂજાય છે. કોઈ પણ સારું કામ આરંભતાં પહેલાં એમની સ્તુતિ અને આરાધના કરવાની પ્રથા છે.'[૧૨]

'વ્યક્તિની જેમ રાષ્ટ્રને પશુબળ (કાર્ત્તિકેય), સંપત્તિબળ (લક્ષ્મી) અને જ્ઞાન-બળ (સરસ્વતી) અવશ્ય જોઈએ; પરંતુ બુદ્ધિહીનને માટે બળ, સંપત્તિ અને જ્ઞાન નિરર્થક જ નહીં બલ્કે આત્મ-સંહાર માટે પ્રબળ અસ્ત્ર સિદ્ધ થતાં હોય છે. એટલે માનવતાના આદિ દેવ બુદ્ધિના મહાકાય ગણપતિ વિદ્યમાન છે. તેમની વિશાળ બુદ્ધિ અને શરીરના પ્રચંડ ભાર નીચે સર્વ વિઘ્નોના પ્રતીક રૂપ ઉંદર લાચાર બની જાય છે.'[૧૩]

મહાબુદ્ધિશાળી અને પરાક્રમી શ્રીગણપતિનું પૂજન કોઈ પણ દેવના પૂજન કરતાં પહેલાં કરવાની પ્રથા છે.

મંગલમૂર્તિ શ્રીગણપતિ તેમના ભક્તોનાં તમામ સંકટો અને વિઘ્નોનો નાશ કરનાર સર્વ રિદ્ધિસિદ્ધિને અર્પનાર, ફળદાયી દેવ માનવામાં આવે છે. જેમ સૂર્ય ગાઢ અંધકારનો નાશ કરે છે તેમ શ્રદ્ધાળુ ભક્તોનાં વિઘ્નોના સમૂહનો નાશ કરનાર શ્રીગણપતિ છે.

પુરાણોમાં રુદ્ર, મરુત આદિ અસંખ્ય ગણ પ્રસિદ્ધ છે. તેમના નાયક અથવા પતિને વિનાયક કે ગણપતિ કહે છે. સમસ્ત દેવમંડળના નાયક પણ ગણપતિ જ છે, જો કે શિવપરિવાર સાથે તેમનો સંબંધ છે.

'આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈશું તો આપણી ઇન્દ્રિયોનો એક ગણ છે. એ ગણનો પતિ મન છે. કોઈ પણ કાર્યને સિદ્ધ કરવું હોય તો આપણો આ ગણપતિ ઠેકાણે હોવો જોઈએ. તેથી ગણપતિને પ્રથમ પૂજવાનો મતલબ કે મનને કાર્યના પ્રારંભ પહેલાં શાન્ત અને સ્થિર કરવાનું, જેથી કોઈ વિઘ્નો ઊભાં જ ન થાય. અને કાર્ય સરળ રીતે પાર પાડી શકાય.'[૧૪]

**વર્ણ - વિધાન :**

શ્રીગણપતિનું મોઝેઇક ઘેરા વાદળી રંગની પૂર્ણ ચંદ્રાકાર પૃષ્ઠભૂમિ પર બનાવવામાં આવેલ છે. શ્રીગણપતિનો વર્ણ આછો ગુલાબી છે. કલાકારે તેમનાં વસ્ત્ર પરિધાન, આભૂષણો અને અસ્ત્ર-શસ્ત્રમાં હળવા રંગ પ્રયોજ્યા છે. જેવા કે, આછો પીળો, આછો પોપટી, આછો આસમાની અને આછો લાલ ઇત્યાદિ. દેવ-દેવીઓ વસ્ત્રાભૂષણ વિના શોભે નહીં. તેમની મૂર્તિઓ આપણે અલંકૃત જોવા ટેવાયેલા છીએ. વસ્ત્ર-પરિધાન, અલંકારો અને આભૂષણોથી શોભિત મૂર્તિનાં દર્શન નાસ્તિકોને મન ભાવન લાગે છે. દેવદેવીઓને ગમે છે એ આપણી શ્રદ્ધા છે. અહીં કલાકાર ભક્તો અને ભગવાનનું સૌભાગ્ય સૌંદર્ય એકરૂપ થઈને ઝળહળી ઊઠ્યું છે. જેમ સૌભાગ્યવતી સુવર્ણ-ભૂષણથી શોભી ઊઠે એમ પૂર્ણ ચંદ્રાકાર ઘેરી વાદળી પૃષ્ઠભૂમિ પર પૂર્ણિમાના ચંદ્રની પ્રભાની જેમ શ્રીગણપતિની આભા સોળે કળાએ ખીલી ઊઠી છે. નહિતર સિદ્ધહસ્ત કુશળ કળાકાર વિના આવી ઉત્તમ કૃતિ ન સરજાત.

ઘેરા તેજસ્વી વાદળી રંગની પૃષ્ઠભૂમિ શ્રીગણપતિના મોઝેઇકને ઓપ આપી પ્રભાવક બનાવે છે. ઘેરી વાદળી પૃષ્ઠભૂમિને કારણે મંગલમૂર્તિ શ્રીગણપતિ ધ્યાનાર્હ લાગે છે. પહેલી નજર તેમની પર ઠરે છે. તેમની અંગભંગિ, ઘેરા તેજસ્વી રંગોને કારણે શ્રીગણપતિનું મોઝેઇક સ્પષ્ટ, સુંદર આકર્ષક અને આહ્લાદક લાગે છે.

શ્રીગણપતિના મોઝેઇકની અભિવ્યક્તિમાં પ્રયોજેલ ધ્યાનાકર્ષક તેજસ્વી રંગોવાળી સિરામિક ટાઇલ્સના ટુકડાઓના જડતર બારીકી નજાકત લાવણ્ય અને રમ્ય વળાંકો પ્રતિમાને ઉઠાવદાર અને પ્રભાવક બનાવે છે. વસ્ત્ર-પરિધાન અને આભૂષણોના રંગની પસંદગી શ્રીગણપતિના વ્યક્તિત્વને ઓપ આપી ઉપસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

શ્રીગણપતિનું વાહન ઉંદર હળવા ભૂરા રંગમાં આલેખીને કલાકારે રંગ પસંદગીમાં પોતાની પ્રૌઢતા બતાવી છે. ઘેરા વાદળીરંગમાં તે દૂરથી જ સ્પષ્ટ દેખાઇ આવે છે. શોભા રંગોની છે. તે વ્યક્તિત્વનો નિર્દેશ કરે છે.

પૃષ્ઠભૂમિ અને ગણપતિનું મોઝેઇક બનાવવામાં વિવિધ રંગીન સિરામિક ટાઇલ્સના ભૌમિતિક આકારો બનાવવામાં જેવા કે, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, અર્ધ વર્તુળ આદિ ટુકડાઓનો ઉપયોગ કર્યો છે. તેમાં ત્રિકોણકાર ટુકડાઓનું બાહુલ્ય છે. આ ટુકડાઓના જડતરમાં સ્વચ્છતા અને સુઘડતાનો ખ્યાલ રાખવામાં આવ્યો છે.

આ મોઝેઇકના કલર કૉમ્બીનેશનમાં લોકકલાની છાપ જોવા મળે છે.

**નયનરમ્ય અને મનમોહક ફૂલવેલ :**

શ્રીગણપતિના મોઝેઈકની ડાબે જમણે એક એક નયનરમ્ય અને મનમોહક ફૂલવેલના મોઝેઇકનું આલેખન કરેલ છે.

આ ફૂલવેલને પોપટી રંગનું વક્રાકાર થડ છે. તેને ગુલાબી રંગનું એકએક ફૂલ, આછા પોપટી રંગનાં ચાર પાન અને એક ફૂલગુલાબી કળી છે. ગુલાબી રંગના ફૂલને વર્તુળાકાર કેસર છે. ડાબી બાજુનું કેસર બે ત્રિકોણાકાર અને બે અર્ધ વર્તુળાકાર સિરામિક ટાઇલ્સના ટુકડા જડીને બનાવેલ છે. જમણી બાજુનું કેસર એક ત્રિકોણાકાર, એક લંબચોરસ અને બે અર્ધવર્તુળાકાર સિરામિક ટાઇલ્સના ટુકડા જડીને બનાવેલ છે. કેસર ઉપસેલું છે. વર્તુળાકાર કેસરની ફરતે ફૂલમણિને પાંચ ગુલાબી રંગની પાંખડીઓ છે. ફૂલ શ્રીગણપતિ તરફ નમેલાં છે. ડાબી બાજુના ફૂલની પાંખડીઓ ૧૧ ત્રિકોણાકાર, ૯ લંબચોરસ આકાર, ૨ અર્ધ વર્તુળાકાર અને ૩ ચોરસ આકારના સિરામિક ટાઇલ્સના ટુકડાનો ઉપયોગ કરી બનાવેલ છે. ફૂલ ઉપર આછા પોપટી રંગનાં બે પાન છે તેને ઘેરા પોપટી રંગની નસ છે. એક પાન શ્રીગણપતિ બાજુ અને બીજું પાન કિનારી તરફ નમેલું છે. આ બન્ને પાન આછા પોપટી રંગનાં છે. છ સિરામિક ટાઇલ્સના ટુકડા જોડીને બનાવેલ છે. આ બન્ને પાન ઉપર આછા પોપટી રંગનાં બે પાન અને એક ફૂલગુલાબી કળી છે. શંકુ આકારનું પાન પાંચ સિરામિક ટાઇલ્સના ટુકડા જોડીને બનાવેલ છે અને ફૂલગુલાબી કળી પણ પાંચ સિરામિક ટાઇલ્સના ટુકડા જોડીને બનાવેલ છે. આ બન્ને એકમેકને સમાન્તર ઝૂલે છે. ચોથું પાન અડધું વળેલું છે. કેમકે તેની વચ્ચેની નસ ઉપર દેખાય છે. તેનો આકાર હોકી કે ચામર જેવો છે. તે શ્રીગણપતિ તરફ નમેલ છે. તે નમીને શ્રીગણપતિને જાણે ચામર ઢોળતાં હોય એવું ભાસે છે. આ ફૂલવેલ જાણે રિદ્ધિ સિદ્ધિના પ્રતીકરૂપ ન હોય !

આ ફૂલવેલની પૃષ્ઠભૂમિ કથ્થાઇ રંગના સિરામિક ટાઇલ્સનાં વિવિધ ભૌમિતિક આકારના ટુકડાઓ જડીને બનાવેલ છે.

કથ્થાઇ રંગની આ પૃષ્ઠભૂમિ પર પોપટી, આછા પોપટી અને ગુલાબી રંગની ફૂલવેલ દીપી ઊઠી છે.

આ બન્ને ફૂલવેલમાં ફૂલ, પાન અને ફૂલ ગુલાબી કળીની સંખ્યા એક સરખી છે. તેમજ બન્ને ફૂલવેલનું વર્ણવિધાન એક સમાન છે. જાણે બે જોડિયા બહેનો ન હોય !

આ સમગ્ર મોઝેઇક બે પૃષ્ઠભૂમિ પર આલેખેલ છે. શ્રીગણપતિ ઘેરા વાદળી રંગના સિરામિક ટાઇલ્સના ટુકડા જડીને બનાવેલ પૃષ્ઠભૂમિ પર આલેખિત કરેલ છે. જ્યારે બે મનોહર ફૂલવેલ કથ્થાઇ રંગના સિરામિક ટાઇલ્સના વિવિધ ભૌમિતિક આકારના ટુકડા જડીને બનાવેલ પૃષ્ઠભૂમિ પર આલેખિત કરેલ છે.

*આમ, જુદા જુદા વર્ણની પૃષ્ઠભૂમિ પર આલેખન કરી બન્ને મોઝેઇકને જુદાં પાડવા યુક્તિ કરી છે.* ઘેરા વાદળી રંગ અને કથ્થાઇ રંગની પૃષ્ઠભૂમિ પર આ મોઝેઇકનો ઉઠાવ ચિત્તાકર્ષક બન્યો છે.

ફૂલવેલની બનાવટમાં કુદરતી રંગોવાળા સિરામિક ટાઇલ્સના ટુકડાઓ પ્રયોજવાથી તે આબેહૂબ અને

નૈસર્ગિક લાગે છે. આ મોઝેઇક જોનાર પ્રસન્ન થઈ જાય એવી એની રચના કરી છે. ચિત્રકળાની દૃષ્ટિએ આ મોઝેઇક સ્થિર-જીવન Still-life કલાકૃતિ કહેવાય.

કિનારી : આ સમગ્ર મોઝેઇકની ચોતરફ ફૂલવેલની પૃષ્ઠભૂમિને કારણે કથ્થાઇ રંગની કિનારી બંધાઈ છે. તે સમગ્ર મોઝેઇકની ચારે બાજુ સફેદ સિરામિક ટાઇલ્સના ચોરસ, લંબચોરસ, ટુકડાઓ જડીને પહોળી કિનારી બાંધી છે.

સાહિત્યમાં જેમ અલંકારનું મહત્ત્વ છે, તેમ ચિત્રકળા, મોઝેઇક અને શિલ્પ આદિમાં અલંકારની અગત્ય છે. કલાકારો પોતાની સૂઝબૂઝ અનુસાર અલંકારો પ્રયોજતા હોય છે.

અહીં અનુપ્રાસ સદશ વેલની સમાન્તર બુટ્ટીઓથી મોઝેઇકની કિનારી સુશોભિત કરી મનમોહક બનાવી છે. તેમાં ચાર પાંખડીની એક બુટ્ટી પછી બે પાંખડીની એક બુટ્ટી એમ ફૂલબુટ્ટીની પુનરાવૃત્તિ કરી ચારે બાજુને અલંકૃત કરી છે. સફેદ કિનારીમાં સમચોરસ ભૌમિતિક આકારની ડાર્કક્રીમ ચાર પાંખડીની બુટ્ટી અને કથ્થાઇ રંગની બે પાંખડીની બુટ્ટીથી ચોતરફ કિનારી મઢીને સોહામણી બનાવી છે. જે નયનરમ્ય અને મનોહર છે. તેમાં દક્ષિણ દિશાની કિનારીમાં ચાર પાંખડીની ૩૧ બુટ્ટી અને બે પાંખડીની ૩૨ બુટ્ટી છે. ઉત્તર દિશાની કિનારીમાં ચાર પાંખડીની ૩૧ બુટ્ટી એ બે પાંખડીની ૩૦ બુટ્ટી છે. પૂર્વ દિશાની કિનારીમાં ચાર પાંખડીની ૧૫ બુટ્ટી અને બે પાંખડીની ૧૫ બુટ્ટી છે. પશ્ચિમ દિશાની કિનારીમાં ચાર પાંખડીની ૧૬ બુટ્ટી અને બે પાંખડીની ૧૫ બુટ્ટી છે. ઉત્તર અને દક્ષિણ દિશાની કિનારીમાં ચાર પાંખડીની ૩૧-૩૧ બુટ્ટી છે. જ્યારે પૂર્વ અને પશ્ચિમ દિશાની કિનારીમાં બે પાંખડીની ૧૫-૧૫ બુટ્ટી છે. ઉત્તર-દક્ષિણની બે પાંખડીની અને પૂર્વ-પશ્ચિમની ચાર પાંખડીની બુટ્ટીમાં અસમાનતા જોવા મળે છે. જ્યારે ફૂલવેલમાં સમાનતા દૃષ્ટિગોચર થાય છે. ચિત્રકળાની જેમ મોઝેઇકમાં કિનારી અંલકૃત કરવા વેલ, કોમળ પુષ્પોને પસંદ કરવામાં આવે છે. તેથી કિનારી બહુ સુંદર, લયાત્મક, ઉઠાવદાર અને ધ્યાકર્ષક બની રહી છે.

મોઝેઇક એ રંગીન કાચ, રંગીન પથ્થર, આરસ ઇત્યાદિના નાના નાના ટુકડાઓ જોડીને બનાવેલ ચિત્ર, કળાકૃતિ કે અલંકરણ છે. સ્નાનગૃહની દીવાલ પર લાદી-ટાઇલ્સ જડવાની પદ્ધતિએ આ કળાકૃતિ બનાવવામાં આવે છે.

આ મોઝેઇક સન ૧૯૯૯માં બનાવવામાં આવેલ છે.

## પાદટીપ

૧. ડૉ. પ્રિયબાળાબહેન જે. શાહ, 'હિન્દુ મૂર્તિવિધાન', ૧૯૭૪, પૃ. ૧૫-૧૬
૨. ઉપરોક્ત, પૃ. ૧૬ ૩. ઉપરોક્ત, પૃ. ૧૬
૪. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે, 'સંસ્કૃતિ પૂજન', ૧૯૯૦, પૃ. ૧૧૦
૫. શ્રીમતી પ્રફુલ્લાબહેન ૨. ઝાલાવાડિયા સાથેની મુલાકાત. તા. ૧૩-૭-૨૦૦૮.
૬. साँवलिया, बिहारीलाला वर्मा, 'भारत में प्रतीकपूजा : आरंभ और विकास', १९८९
૭. डॉ. राजबली पांडेय, 'हिन्दू-धर्मकोश', १९८८, पृ. २२४
૮. साँवलिया, बिहारीलाल वर्मा, वही, पृ. ६
૯. કનૈયાલાલ ભા. દવે, 'ગુજરાતનું મૂર્તિવિધાન', ૧૯૯૩, પૃ. ૧૪૯
૧૦. ઉપરોક્ત, પૃ. ૧૪૯ ૧૧. साँवलिया, बिहारीलाल वर्मा, वही, पृ. ६
૧૨. બેરિસ્ટર બિહારીલાલ દેરાસરી, 'પૌરાણિક કથાકોશ', ખંડ ૧, ૧૯૮૮, પૃ. ૧૭૭-૧૭૮
૧૩. साँवलिया, बिहारीलाल वर्मा, वही, पृ. २१३
૧૪. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે, ઉપર્યુક્ત, પૃ. ૧૧૦-૧૧૧

# શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અને ગાંધીજી

◆


**ડૉ. શાન્તિકુમાર એમ. પંડ્યા***


મહાત્મા ગાંધીજી હિન્દુ ધર્મગ્રંથો પૈકી સહુથી વધારે શ્રીમદ્‌ભગવદ્‌ગીતાથી પ્રભાવિત હતા. ૧૮૮૯માં એમનો પ્રથમવાર ગીતાનો પરિચય થયો. ગાંધીજીના સંપર્કમાં આવેલા બે અંગ્રેજો ગીતા વાંચવા અને સમજવા માગતા હતા. એમની ઇચ્છા હતી કે ગાંધીજી, એમની સાથે ગીતા વાંચે અને એમણે વાંચવી પડી. એમણે પોતે "વાંચવી પડી" એ શબ્દમાંના ફરજ પડી એવા સૂચિતાર્થને ક્ષોભ સાથે સમજાવ્યો છે. ખરેખર એમને એ વખતે એ ગ્રંથ વાંચવાની ઇચ્છા ન હતી પણ વિદેશીઓ પોતાના દેશના અને પોતાના ધર્મગ્રંથ વિશે કંઈક પૂછે અને પોતાને ન આવડે એ બાબત એમને શરમજનક લાગી. એમણે પોતાની સ્થિતિનો નિખાલસ એકરાર કરતાં નોંધ્યું છે કે "ગીતાના સંસ્કૃતશ્લોકો સમજી શકે કે સમજાવી શકે એટલું સંસ્કૃતનું જ્ઞાન એમને ન હતું એટલે સર્વપ્રથમ અંગ્રેજ મિત્રોએ એમને આપેલા એડવીન આર્નોલ્ડના ગીતાના અનુવાદથી ગીતાધ્યયનનો આરંભ કર્યો." ગાંધીજીએ આ ગીતાનુવાદને ઉત્તમોત્તમ કહ્યો છે.[1] આખું પુસ્તક એમણે આદ્યન્ત વાંચી કાઢ્યું અને ગાંધીજી આ ધર્મકાવ્યના તત્ત્વજ્ઞાન અને અભિગમ પર મુગ્ધ થયા. એમાં પણ બીજો અધ્યાય અને બીજા અધ્યાયના અંત ભાગમાં આવેલાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો દર્શાવતા શ્લોકો ઉપર તે આજીવન મુગ્ધ રહ્યા. "આશ્રમભજનાવલિ"માં આ શ્લોકોને સ્થાન આપીને એમણે એમનો આ શ્લોકો માટેનો વિશેષ પ્રેમ અને આદર્શ પુરુષ અંગેની એમની વિભાવના સુપેરે પ્રગટ કરી છે. આ શ્લોકોની પોતાના માનસ ઉપર પડેલી અમીટ છાપ દર્શાવતાં ગાંધીજી નોંધે છે, "બીજા અધ્યાયના છેલ્લા ઓગણીસ શ્લોકો મારા હૃદયમાં અંકાયેલા છે. તેમાં મારે સારું બધા ધર્મો આવી જાય છે. તેમાં સંપૂર્ણ જ્ઞાન છે. તેમાં કહેલા સિદ્ધાંતો અચલિત છે. બુદ્ધિનો પણ સંપૂર્ણ પ્રયોગ છે પણ એ બુદ્ધિ સંસ્કારી બુદ્ધિ છે. તેમાં અનુભવજ્ઞાન છે."[2] ગાંધીજીએ પોતે ગીતાનો અનુવાદ આપ્યો અને એને 'અનાસક્તિયોગ' કહ્યો. સ્વ. શ્રી ડૉલરરાય માંકડે જો કે ગીતાના યોગને "બુદ્ધિયોગ" કહ્યો છે એ ગાંધીજીના ઉપર્યુક્ત ઉદ્ધરણના સંદર્ભમાં સૂચક લાગે છે. અલબત્ત ગાંધીજી 'અનાસક્તિયોગ'ની પ્રસ્તાવનામાં ગીતાને બુદ્ધિગમ્ય નહિ પણ હૃદયગમ્ય છે એમ કહે છે અને તેથી તે અશ્રદ્ધાળુ માટે નથી એમ સ્પષ્ટ સૂચવે છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતા ૧૯ શ્લોકો ગાંધીજીને મન ગીતાજીનો અર્થ સમજવાની ચાવી છે. એમનો એ માટેનો અભિનિવેશ એટલી હદ સુધીનો છે કે તેઓ કહે છે કે, "તેનાથી (તે ૧૯ શ્લોકોથી) વિરોધી અર્થવાળાં વાક્યો આવે તો એનો ત્યાગ કરવાની હું સલાહ આપું."[3]

ગીતા કર્મવિમુખ અર્જુનને પુનઃ કર્મમાં પ્રવૃત્ત કરવા માટે હતી. અર્જુનના અત્યંત નિકટના મિત્ર તરીકે શ્રીકૃષ્ણ અર્જુનની પ્રકૃતિને સાંગોપાંગ સમજતા હતા. એમણે જોયું કે અર્જુનનો વિષાદ આવેશમય અને તેથી જ ક્ષણિક હતો. સ્વજનોને જોઈને એમના પ્રત્યેની આસક્તિથી તે મોહ અને વિષાદગ્રસ્ત હતા. "હું ભીખ માગીશ પણ લડીશ નહિ" એવો અર્જુનનો નિર્ણય પ્રતીતિ પ્રેરિત ન હતો. પોતાના નિર્ણયની યોગ્યતા વિશે એ પોતે અવઢવમાં હતો. એમ ન હોત તો એ કૃષ્ણને શરણે ગયો જ ન હોત. એ પોતે બીજા અધ્યાયમાં સ્પષ્ટ એકરાર કરે છે કે :

> कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
> यच्छ्रेयः स्यान्निश्चितं, ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ २.७

---


★ નિવૃત્ત અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

શ્રીકૃષ્ણની અર્જુન માટેની મૈત્રી એના અંતર્યામી થવા જેટલી સૂક્ષ્મ અને ગહન હતી. એ જોઈ શક્યા કે અર્જુન ઉન્મનસ્કાવસ્થા (Depression)નો ભોગ બન્યો છે અને એમાંથી મનની રક્ષણાત્મક લાક્ષણિકતાએ (Defence michanism) 'પ્રજ્ઞાવાદ' સર્જ્યો છે. આથી શ્રીકૃષ્ણે પોતાના ઉપદેશના પ્રારંભમાં જ ''प्रज्ञावादांश्च भाषसे'' (૨.૧૧) એમ કહીને એને હળવો ઉપાલંભ આપ્યો છે. અર્જુન ધર્મયોદ્ધો હતો. ક્ષત્રિય હતો અને ધર્મને માટે આખરી શ્વાસ સુધી લડી લે એ તત્કાલીન ક્ષત્રિયોની ઓળખ (identity) હતી. અર્જુને એ ઓળખ ગુમાવી હતી. જે વસ્તુનો શોક ન કરવો જોઈએ એનો એ શોક કરતો હતો એટલે તો એને પ્રજ્ઞાવાદી કહ્યો છે. જે નિર્ણયની યોગ્યતા વિશે એને પોતાને જ પ્રતીતિ ન હતી અને એ પોતે જ અવઢવમાં હતો ત્યાં એની બુદ્ધિએ એના આવેશજનિત નિર્ણયને યોગ્ય ઠરાવવા જાતજાતની દલીલો શોધી કાઢી. અર્જુને અત્યાર સુધી શાસ્ત્રોમાં જે સાંભળ્યું હતું અને સાંભળવા યોગ્ય ગણ્યું હતું એને આધારે પ્રજ્ઞાવાદની એક મહાજાળ રચી કાઢી હતી. એમાંથી એ વહેલામાં વહેલી તકે મુક્ત થાય એ જરૂરી હતું. શ્રીકૃષ્ણ એને કહે છે :

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥ २.५२

''જ્યારે તારી આ બુદ્ધિ મોહરૂપી કળણને પાર કરી જશે ત્યારે તું સાંભળવા યોગ્ય અને સાંભળેલાથી છૂટીશ.'' આ સંદર્ભમાં સત્યના શોધકની પ્રથમ શરત તરીકે શ્રી કૃષ્ણમૂર્તિએ આપેલું સૂત્ર ''Freedom from the known'' સહેજે યાદ આવી જાય છે. શ્રીકૃષ્ણે અઢાર અધ્યાયમાં અર્જુનને જાત જાતના પ્રશ્નો નિઃસંકોચ પૂછવા દઈને એનું પ્રતીતિકર નિરાકરણ કરતાં અર્જુનને ભ્રમમુક્ત કરી એણે ગુમાવેલી ઓળખ એને પાછી આપી છે. અર્જુનનો મોહ દૂર થાય છે. સંદેહો શમી જાય છે અને હવે હું તમે કહેશો એમ કરીશ'' એમ એ જરા પણ દ્વિધાભાવ વિના અઢારમા અધ્યાયમાં કહે છે.

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाऽच्युत ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥१८.७३॥

પણ મોહ નષ્ટ થયા પછી અર્જુને શું કરવાનું હતું ? લડવાનું હતું. અને લડવામાં અહિંસા તો અપરિહાર્ય. કૃષ્ણ અર્જુનને વારેવારે પાનો ચઢાવતા હતા કે तस्माद्योगाय युज्यस्व (૨.૫૦), ''युध्यस्व विगतज्वरः । (૩.૩૦), कर्म ज्यायो ह्यकर्मणः । (૩.૮) – અર્જુનને સ્પષ્ટ રીતે લડવાની શીખ આપતી ગીતા ''અહિંસા''નું પ્રતિપાદન કેવી રીતે કરે ? આ પ્રશ્ન ગાંધીજીના અનુયાયીઓને સહુથી વધારે થયો છે. 'સત્ય' અને 'અહિંસા'ને એના પૂરા પરિપ્રેક્ષ્યમાં સમજી લેનારા ગાંધી બાપુએ પ્રશ્નકર્તાઓને પૂરી સમજણ અને સ્વસ્થતાથી એમના પ્રશ્નોના જવાબ આપ્યા છે અને એમાંજ મહાત્માજીનું જીવનદર્શન કેટલું સ્થિર અને અખિલાઈપૂર્ણ હતું તે જોઈ શકાય છે.

૧૯૨૫ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થયેલા 'નવજીવન'ના અંકમાં એમણે ''ગીતા અને અહિંસા'' વિશે પોતાના વિચારો વિશદતાથી રજૂ કર્યા છે. એમાં સત્ય અને અહિંસાનો સંબંધ પણ એમણે વણી લીધો છે. ગીતા શાસ્ત્ર છે અને શાસ્ત્ર સમજવા માગતા જીજ્ઞાસુમાં શ્રદ્ધા, સંસ્કાર અને અનુભવની આવશ્યકતા રહે છે. ગાંધીજી જણાવે છે કે ''શાસ્ત્રાર્થનો બીજો નિયમ એ છે કે તેના દરેક અક્ષરને ન વળગતાં તેનો ધ્વનિ તપાસવો. તેનું રહસ્ય જોવું. (ગીતા કે ) જ્યાં યુદ્ધવર્ણન કે હિંસાનું પ્રતિપાદન નથી ત્યાં તેની ઉપર ભાર દેવો તદ્દન અયોગ્ય મનાય, અને જો કેટલાક શ્લોકોને અહિંસાની જોડે ગોઠવવાનું મુશ્કેલ છે તો આખી ગીતાને હિંસાના ચોકઠામાં મૂકવી એથી પણ મુશ્કેલ છે.'' ''ગીતાજીનો સર્વાંશે અર્થ હિંસા નથી પણ અહિંસા છે, એમ બીજો અધ્યાય જે વિષયનો આરંભ કરે છે ને અઢારમો જે પૂર્ણાહુતિ કરે છે તે બતાવે છે. વચ્ચે જુઓ તો પણ

તે જ છે. ક્રોધ વિના, રાગ વિના, દ્વેષ વિના, હિંસા સંભવતી જ નથી, અને ગીતા તો ક્રોધાદિને ઓળંગી ગુણાતીતની સ્થિતિએ આપણને પહોંચાડવા મથે છે.'' વધુમાં ગાંધીજી કહે છે, આમાં (ગીતામાં) સ્થૂળ યુદ્ધને તો અવકાશ જ નથી એમ કહેવાનો આશય નથી. જેને અહિંસા સૂઝી જ નથી તેણે કાયર થવું એવો ધર્મ નથી શીખવ્યો. જે બીએ છે, સંઘરે છે, જે વિષયમાં રમે છે તે હિંસા યુદ્ધ કરશે જ, પણ તે તેનો ધર્મ નથી. ધર્મ તો એક જ છે. અહિંસા એટલે મોક્ષ. મોક્ષ એટલે સત્યનારાયણનો સાક્ષાત્કાર પણ પાછી પાનીને આમાં ક્યાંયે અવકાશ નથી. આ વિચિત્ર જગતમાં હિંસા તો ચાલ્યા જ કરવાની, તેમાંથી નીકળી જવાનો માર્ગ ગીતા બતાવે છે, પણ સાથે ગીતા એમ પણ બતાવે છે કે કાયર થઈ ભાગ્યે (ભાગવાથી) હિંસામાંથી નહીં નીકળાય. જે ભાગવાનું કરે તે તો મારે ને મરે''. સત્ય અને અહિંસાનો સંબંધ સ્પષ્ટ કરતાં તેઓ કહે છે, ''સત્ય તો હકાર છે. અહિંસા નકાર છે. સત્ય વસ્તુનું સાક્ષી છે, અહિંસા વસ્તુ છતાં તેનો નિષેધ કરે છે. સત્ય છે, અસત્ય નથી. હિંસા છે, અહિંસા નથી. છતાં અહિંસા જ હોવી જોઈએ. એ જ પરમ ધર્મ છે. સત્ય સ્વયંસિદ્ધ છે, અહિંસા તેનું સંપૂર્ણ ફળ છે. સત્યમાં તે છુપાયેલી પડી જ છે. પણ તે સત્યની જેમ વ્યક્ત નથી તેથી ભલે તેને માન્ય કર્યા વિના મનુષ્ય શાસ્ત્ર શોધે ! તેમ છતાં તેનું સત્ય તેને અહિંસા જ શીખવશે.''

સત્યને અર્થે તપશ્ચર્યા તો છે જ. સત્યનો સાક્ષાત્કાર કરનારા તપસ્વીએ ચોમેર વર્તી રહેલ હિંસામાંથી અહિંસા દેવ જગત આગળ પ્રગટાવીને કહ્યું, ''હિંસા માયા છે, મિથ્યા છે, અહિંસા એ જ સત્ય છે. અહિંસા વિના સત્યનો સાક્ષાત્કાર અસંભવિત છે.''[૪]

મહાત્મા ગાંધીજીએ એ બાબત એમના ગીતાના અનુવાદ (અનાસક્તિયોગ)ની પ્રસ્તાવનામાં નિઃસંકોચ સ્વીકારી છે કે ''ગીતા એ અહિંસાનું પ્રતિપાદન કરવા માટે કે યુદ્ધનો નિષેધ કરવા માટે લખાયેલો ગ્રંથ નથી.'' ''અહિંસાનું પ્રતિપાદન ગીતાનો વિષય નથી. કેમકે ગીતાકાળની પૂર્વે પણ અહિંસા પરમધર્મરૂપે મનાતી હતી. ગીતાને તો અનાસક્તિનો સિદ્ધાન્ત બતાવવો હતો. બીજા અધ્યાયમાં જ આ વાત સ્પષ્ટ થઈ જાય છે. પણ જો ગીતાને અહિંસા માન્ય હતી અથવા અનાસક્તિમાં અહિંસા સહેજે આવી જાય છે તો ગીતાકારે ભૌતિકયુદ્ધને ઉદાહરણરૂપે પણ કેમ લીધું ? ગીતાયુગમાં અહિંસા ધર્મ મનાતા છતાં ભૌતિક યુદ્ધ સર્વમાન્ય વસ્તુ હોઈ ગીતાકારને એવા યુદ્ધનું ઉદાહરણ લેતાં સંકોચ ન થયો, ન થાય.''

''અનાસકિત' અને કર્મના ફળ તરફ તદ્દન નિઃસ્પૃહા'' ગીતાના કેન્દ્રવર્તી વિષયો છે. ગાંધીબાપુએ એમના અંગત જીવનમાં અને જાહેર જીવનમાં સ્પષ્ટપણે ગીતાથી ઉપદેશાયેલા માર્ગે ચાલવાનો નૈષ્ઠિક પ્રયાસ કર્યો અને આથી જ પોતાની અધિકારવાણીમાં એમણે નોંધ્યું છે કે ''ગીતાના શિક્ષણને પૂર્ણતાએ અમલમાં મૂકવાનો લગભગ ૪૦ વર્ષ પર્યન્ત સતત પ્રયત્ન કરતાં મને તો નમ્રપણે એમ લાગ્યું છે કે સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન વિના સંપૂર્ણ કર્મફલત્યાગ મનુષ્યને વિશે અસંભવિત છે.'' ''હું માનું છું કે જીવ જતો કરીને પણ અહિંસાનું પાલન કરવું એ જ વસ્તુ ગીતાના ઉપદેશમાંથી ફલિત થાય છે. એજ માનવજાતિની ઊંચામાં ઊંચી આકાંક્ષા છે.''[૫]

ગાંધીજીએ પોતાના ગૃહીત વિચારોને અનુકૂળ આવે એવો ગીતામાંથી મારી મચડીને અર્થ કાઢ્યો છે એવા એમના કોઈ ટીકાકારને સ્પષ્ટ જવાબ આપતાં એમણે નોંધ્યું છે કે, ''મારા અગાઉથી કરી રાખેલા કંઈક *વિચારોને અનુકૂળ આવે તે રીતે ગીતાનો કે હિન્દુધર્મનો, મારી મચડીને અર્થ કરવાનો મારો ઈરાદો છે* એ આક્ષેપનો હું ઈન્કાર કરું છું. મારા વિચારો ગીતા, રામાયણ, મહાભારત, ઉપનિષદ આદિના અભ્યાસમાંથી જ ઉદ્ભવેલા છે.''[૬]

ગીતાની યજ્ઞભાવના ગાંધીજીની 'કર્મ દૃષ્ટિ' અને જીવનના અભિગમને અત્યંત ઉપકારક હતી. ગીતા કર્મના બંધનમાંથી મુક્ત થવાનો ઉપાય સૂચવે છે. કર્મ નહિ પણ કર્મપાછળની ભાવના અને કર્મફળની સ્પૃહા

કર્તાને બાંધે છે એટલે ગીતાએ યજ્ઞાર્થ કર્મનો અનુરોધ કર્યો અને યજ્ઞના સીમિત અર્થને વિસ્તારીને વર્ણવ્યો. ગીતા કહે છે :

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः । ૩.૯

યજ્ઞભાવના વિનાનાં કર્મ આ જગતમાં બંધનરૂપ છે. મહાત્મા ગાંધીજીને આ વિચારે પૂરેપૂરા પ્રભાવિત કર્યા છે. ગીતાના વિચારોનું બરાબર દોહન કરીને ગાંધીજીએ યજ્ઞની વ્યાખ્યા આ પ્રમાણે આપી. 'યજ્ઞ એટલે કે આ લોકમાં કે પરલોકમાં કંઈ પણ બદલો લીધા કે ઇચ્છ્યા સિવાય પરાર્થે કરેલું કોઈપણ કર્મ''[૭] પોતાની આ વ્યાખ્યાનો વિસ્તાર કરતાં એમણે આગળ જતાં નોંધ્યું, ''જે કર્મમાં વધારેમાં વધારે જીવોનું વધારેમાં વધારે, કલ્યાણ થાય, ને જે કર્મ વધારેમાં વધારે મનુષ્ય, વધારેમાં વધારે સહેલાઈથી કરી શકે, ને જેમાંથી વધારેમાં વધારે સેવા થતી હોય તે મહાયજ્ઞ અથવા સારામાં સારો યજ્ઞ, એટલે કોઈની પણ સેવાને અર્થે બીજા કોઈનું અકલ્યાણ ઇચ્છવું કે કરવું એ યજ્ઞકાર્ય નથી જ. અને યજ્ઞ સિવાયનું કરેલું કાર્ય એ બંધન છે એમ આપણને ભગવદ્‌ગીતા અને અનુભવ શીખવે છે''. ગાંધીજીએ કરેલી આ યજ્ઞમીમાંસામાં મહાભારતકારની સત્ય વિભાવનાનો પણ કદાચ આકસ્મિક પણે જ સુભગ સમન્વય થયો છે. શ્રીકૃષ્ણે મહાભારતના કર્ણપર્વમાં સત્યની વ્યાખ્યા આપતાં કહ્યું છે :

यद्भुतहितमत्यन्तं तत् हि सत्यं मम ।

જેમાં પ્રાણીઓનું આત્યંતિક કલ્યાણ સમાયું હોય તે સત્ય. આમ યજ્ઞ અને સત્ય લગભગ એકબીજાના પર્યાય બને છે. ગીતાએ જ વિવિધ પ્રકારના યજ્ઞો વર્ણવ્યા છે એથી ઉપનિષદ્‌કારની ''तेन त्यक्तेन भुञ्जीथाः'' વિભાવના વધુ વિશદ બની છે. સમાજે ઊભી કરેલી જે સુવિધાઓ અને સગવડોને પ્રતાપે માણસ પૈસો પ્રાપ્ત કરે, જ્ઞાન મેળવે, કૌશલ્ય હાંસલ કરે કે શક્તિ સંપન્ન કરે એનો અમુક ભાગ સમાજના કલ્યાણને માટે નિઃસ્પૃહભાવે સમર્પી દેવો તે યજ્ઞ. ગીતાના ''सहयज्ञाः प्रजाः सृष्ट्वा'' શ્લોકનું હાર્દ સ્પષ્ટ કરતાં મહાત્માજીએ કહ્યું, ''આવા યજ્ઞ વિના આ જગત એક ક્ષણ પણ ટકી શકે નહિ. અને તેથી જ ગીતાકારે જ્ઞાનની કંઈક ઝાંખી બીજા અધ્યાયમાં કરાવ્યા પછી ત્રીજા અધ્યાયમાં તેને પહોંચવાના સાધનમાં પ્રવેશ કરાવ્યો, ને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે આપણે જન્મથી જ યજ્ઞને સાથે લાવ્યા છીએ. એટલે કે આ દેહ કેવળ પરમાર્થને કારણે આપણને મળ્યો છે, અને તેથી યજ્ઞ કર્યા વિના જે જમે છે તે ચોરીનું જમે છે એવું સખ્ત વાક્ય ગીતાકારે કહી દીધું. શુદ્ધ જીવન ગાળવા ઇચ્છનારનું બધું કર્મ યજ્ઞરૂપે હોય.'' યજ્ઞજીવનની સાર્થકતા સમજાવતાં તેઓ ભાવભરી વાણીમાં કહે છે, ''યજ્ઞમય જીવન એ જીવનકળાની પરાકાષ્ઠા છે, ખરો રસ જ તેમાં છે, કેમકે તેમાંથી રસનાં નિત્ય નવાં ઝરણાં ફૂટે છે. માણસ તે પીતાં થાકતો નથી, ઝરણાં કદી સુકાતાં નથી. યજ્ઞ બોજારૂપ લાગે તો તે યજ્ઞ નથી. ખૂંચે તે ત્યાગ નથી. ભોગને અંતે નાશ છે, ત્યાગને અંતે અમરતા છે.''[૮]

દાંત કે આંખના ડૉક્ટર ફી લીધા વિના દાંતની સારવાર કરે, મોતિયો ઉતારે કે શ્રમિક મહેનતાણા વિના જાહેરકર્મમાં શ્રમ કરે તો એને દંતયજ્ઞ, નેત્રયજ્ઞ કે શ્રમયજ્ઞ એમ ગાંધીજી કહેતા. એમનો માર્ગ તંતોતંત અનુસરનારા વિનોબાજીએ 'ભૂદાનયજ્ઞ' શબ્દ વિશ્વવિદિત બનાવ્યો એનું અહીં પુણ્યસ્મરણ થાય છે.

મહાત્મા ગાંધીજીએ ગીતાનો મુખ્ય ઉપદેશ કયો એ બાબતની પણ વિશદ ચર્ચા કરી છે. ગીતાનો મુખ્ય ઉપદેશ કયો ? અનાસક્તિ કે અહિંસા ? એવો પ્રશ્ન ઉપસ્થાપિત કરીને એનો લાગલો ઉત્તર વાળતાં કહ્યું, ''અનાસક્તિ જ''. પછી એની યથાર્થતા સ્પષ્ટ કરતાં એમણે કહ્યું, ''અનાસક્તિ અહિંસાથી આગળ જાય છે. જેને અનાસક્ત બનવું છે તેણે અહિંસા શીખવી અને આચરવી રહી. એટલે અહિંસા અનાસક્તિના પેટમાં આવી જાય છે; આગળ નથી જતી.[૯] આ ઉપરાંત 'અભય'ને પણ એ ગીતાના એક અગત્યના ઉપદેશ તરીકે

ગણે છે. દૈવી સંપદ્‌નું વર્ણન કરતાં ગીતાકારે 'અભય' ને પ્રથમ ગુણ ગણ્યો એ શ્લોકનો પ્રાસ બેસે માટે કે ગીતાકારને ઉદ્દિષ્ટ હતું એ માટે એ વિવાદમાં પડ્યા વિના એમણે એ વાત ભારપૂર્વક કહી છે કે સત્ય અને અહિંસાના પૂજારીને માટે અભય અનિવાર્ય છે. એમણે પ્રશ્ન કરીને પોતાના કથયિતવ્યને ભારપૂર્વક વ્યક્ત કર્યું છે કે, 'અભય વિના સત્ય શોધ થાય ? અભય વિના અહિંસાનું પાલન કેમ થાય ?[૧૦] ગાંધીજીએ ગીતાના સંદર્ભમાં ''શ્રમધર્મ''ને પણ ખૂબ મહત્ત્વ આપ્યું. ગીતામાં લોકસંગ્રહની ચર્ચામાં ભગવાને પોતે અતંદ્રિત રહીને કર્મ કરવાની વાત કરી ને એમણે શ્રમધર્મનો જ મહિમા કર્યો છે એમ તેઓ માનતા હતા.[૧૧]

યરવડા જેલમાંથી ગાંધીજીએ આશ્રમવાસીઓને, મોકલેલા ગીતા ઉપરનાં બે પ્રવચનોમાં ગાંધીજીએ 'ભક્તિયોગ' અને 'અર્જુન વિષાદયોગ'ની ચર્ચા કરી છે. ભક્તિયોગમાં ભક્તિનો મહિમા કરતાં એમણે કહ્યું, ''ભક્તિ વિના જ્ઞાન ને કર્મ સૂકાં[૧૧] છે ને બંધનરૂપ નીવડવાનો સંભવ છે. એટલે ભક્તિમય થઈને ગીતાનું આ મનન આદરીએ. અર્જુનવિષાદયોગની મીમાંસા કરતાં એમણે કહ્યું,'' ધર્મવેદના, ધર્મજિજ્ઞાસા વિના જ્ઞાન મળે નહિ. જેના મનમાં સારું શું ને માઠું શું એ જાણવાની ઇચ્છા સરખી ન થાય એની પાસે ધર્મવાતો શી ? કુરુક્ષેત્રની લડાઈ એ નિમિત્તમાત્ર છે અથવા ખરું કુરુક્ષેત્ર આપણું શરીર છે. તે કુરુક્ષેત્ર છે તેમ જ ધર્મક્ષેત્ર છે. જો તેને આપણે ઈશ્વરનું નિવાસસ્થાન માનીએ ને કરીએ તો તે ધર્મક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં આપણી સામે રોજ કંઈ ને કંઈ લડાઈ હોય છે અને આવી ઘણીખરી લડાઈ ''આ મારું'' અને ''આ તારું'' એમાંથી થાય છે.''[૧૨]

'ગીતાજયંતી' પ્રસંગે એમણે જયંતીઓની ઉજવણીમાં આચાર અને અનુસરણ પર ભાર મૂકી ગીતાના ઉપદેશની મહત્તા દર્શાવી છે. વિનોબાજીના અનુવાદની પ્રશંસા કરી વિનોબાજીએ ગીતામાતા માટે પ્રયોજેલા 'ગીતાઈ' શબ્દની પ્રશંસા કરી છે. ગીતા પોતાને મન શું છે તે દર્શાવતાં તેઓ કહે છે કે ''મેં ગીતાજીને મારો આધ્યાત્મિક કોશ કહ્યો છે, કારણ કે સંકટવેળાએ તેણે મને કદી છેહ દીધો નથી.''[૧૩] 'ગીતાના કૃષ્ણ' એ વિષય પરનાં એમનાં બે લખાણોમાં[૧૪] એમણે કૃષ્ણને દોષાતીત નથી ગણ્યા છતાં તેઓ કહે છે,'' મારી કલ્પનાના કૃષ્ણને હું પૂર્ણાવતાર, દરેક રીતે નિષ્કલંક, ગીતાનો પ્રેરક અને કરોડો મનુષ્યોના જીવનને પ્રેરણા આપનાર માનું છું.''[૧૫]

'જન્માષ્ટમી'ના પર્વ પર મહાત્મા ગાંધીજીએ આપેલા એક પ્રવચનમાં એમણે કહ્યું છે, ''ભગવદ્‌ગીતા' એવો અસામાન્ય ગ્રંથ છે કે જેને પ્રત્યેક ધર્મનો મનુષ્ય આદરથી વાંચી શકે છે, અને પોતાના ધર્મનાં તત્ત્વ તેમાં જોઈ શકે છે. જો આપણે પ્રત્યેક જન્માષ્ટમીને દિવસે શ્રીકૃષ્ણના ચરિત્રનું સ્મરણ કરતા હોત અને ગીતા પાઠ કરી એનો અમલ કરવાની પ્રતિજ્ઞા કરતા હોત તો, આજની શોચનીય સ્થિતિમાં આપણે ન હોત.''[૧૬]

હિન્દુ વિદ્યાર્થીઓના ગીતા વિશેના અજ્ઞાનથી આઘાત પામેલા મહાત્મા ગાંધીજીએ હિન્દુ છોકરા છોકરીઓએ શક્ય હોય ત્યાં સુધી સંસ્કૃત ભણીને નહિતર શ્રદ્ધેય અનુવાદથી પણ ગીતાનું જ્ઞાન મેળવવું જોઈએ એમ ભારપૂર્વક નોંધ્યું છે.[૧૭] શાળામાં ગીતા શિક્ષણને ઉપકારક ગણવા છતાં રાષ્ટ્રીય શાળાઓમાં ગીતાના શિક્ષણને ફરજિયાત બનાવવાની એમણે સયુક્તિક હિમાયત ન કરી એ એમનું વૈચારિક ઔદાર્ય ગણાય. પાદરીઓને આપેલા એક ભાષણમાં ગાંધીજીએ ઈસુના ગિરિપ્રવચનની પ્રશંસા કરી હોવા છતાં ગિરિપ્રવચનની અપેક્ષાએ પોતે ગીતા અને ઉપનિષદોથી વધારે પ્રભાવિત થયા છે એમ સ્પષ્ટ કહ્યું છે. ગીતા વિશે તો એમનો અનન્યભાવ તિલક મહારાજના ગીતા રહસ્યના પુરોવચનમાં પ્રાપ્ત થાય છે, ''જીવનમાં મોહ અને કસોટીના પ્રસંગોએ અચૂક માર્ગદર્શન કરી શકે એવા શાસ્ત્રગ્રંથની જરૂર મને મારા બાળપણમાં જ સમજાઈ, મેં ક્યાંક વાંચ્યું હતું કે ગીતાના માત્ર સાતસો શ્લોકોમાં સર્વશાસ્ત્રો તેમજ ઉપનિષદોનો સાર ગ્રથિત કરવામાં આવ્યો છે. મેં નિશ્ચય કર્યો. ગીતા વાંચતાં આવડે એટલે હું સંસ્કૃત શીખ્યો. આજે ગીતા મારું બાઇબલ કે કુરાન જ નહિ, એ કરતાં ય સાક્ષાત્ મારી માતા બની રહેલ છે. મારી જન્મદાત્રી તો ઘણા લાંબા સમય પહેલાં ચાલી ગઈ પરંતુ

ત્યારથી આ ગીતામાતાએ મારા જીવનમાં તેનું સ્થાન સંપૂર્ણ ભરી દીધું છે. મુશ્કેલી વખતે હું એનો જ આશ્રય લઉં છું.''[૧૮]

### પાદટીપ

૧. 'ગીતાસંદેશ', સંકલન : પ્રભુ આર. કે., નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૫૯, પૃ. ૧૨
૨. 'નવજીવન', ૧૧-૧૦-૨૫
૩. 'ગીતાસંદેશ', પૃ. ૧૩
૪. એજન, પૃ. ૧૪
૫. 'હરિજનબંધુ', ૪-૧૦-૩૬
૬. 'હરિજનબંધુ', ૪-૧૦-૩૬
૭. 'નવજીવન', પૃ. ૨, ૯-૧૧-૩૦
૮. 'નવજીવન', પૃ. ૨, ૯-૧૧-૩૦
૯. 'હરિજનબંધુ', ૩૧-૮-૪૦
૧૦. 'મંગળ પ્રભાત', પ્રકરણ-૭
૧૧. 'શ્રમધર્મ', 'હરિજનબંધુ', ૩-૧૧-૩૫
૧૨. 'ગીતાસંદેશ', પૃ. ૨૬
૧૩. 'ગીતાસંદેશ', પૃ. ૩૦
૧૪. 'ગીતાજયંતી', 'હરિજનબંધુ', ૧૭-૧૨-૩૯
૧૫. 'યંગ ઇન્ડિયા', તા. ૧૯-૩-૨૫ અને ૧-૧૦-૨૫
૧૬. 'નવજીવન', ૧૧-૯-૨૭
૧૭. 'યંગ ઇન્ડિયા', ૬-૮-૨૫
૧૮. તિલક મહારાજનાં 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતારહસ્ય' અથવા 'કર્મયોગશાસ્ત્ર'ના પ્રારંભમાં મૂકેલાં ગાંધીબાપુનાં બનારસ અને કાનપુરનાં ભાષણોમાંથી પસંદ કરેલું ઉદ્ધરણ.

# સ્ત્રીશિક્ષણના દ્યોતક : વિદ્યાગૌરી નીલકંઠ, શારદાબહેન મહેતા અને હંસા મહેતા★

◆

નિકીતા સોલંકી+

**પૂર્વભૂમિકા :**

વિદ્યાબહેન નીલકંઠ, શારદાબહેન મહેતા અને હંસાબહેન મહેતા ૧૯-૨૦મી સદીના મહત્ત્વના સ્ત્રી શિક્ષણવિદો - સ્ત્રી શિક્ષણના દ્યોતક હતા, પરંતુ તેમની શૈક્ષણિક સિદ્ધિઓ રાતોરાત કે આપોઆપ થઈ ન હતી, તેની પાછળ ગુજરાતના શ્રીમંતો, દાતાઓ, બ્રિટિશ શાસન અને ખ્રિસ્તી મિશનરીઓના શૈક્ષણિક વિકાસ સંદર્ભના દાયકાઓના કઠિન પ્રયત્નો હતા. તેથી ઉપરોક્ત ત્રણ સ્ત્રી નેતાઓને સ્ત્રીશિક્ષણના દ્યોતક તરીકે મૂલવતાં પહેલાં તેમના સમય અગાઉની સ્ત્રીશિક્ષણ વિકાસયાત્રાની આછી ઝાંખી અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે, જે વિદ્યાબહેન, શારદાબહેન અને હંસાબહેનના સ્ત્રીશિક્ષણના પ્રયત્નોને સમજવામાં વધુ મદદરૂપ થશે.

ગુજરાતના ઇતિહાસમાં ૧૯મી સદી સમાજપરિવર્તનની સદી ગણાય છે. તે દરમિયાન ગુજરાતમાં સ્ત્રી-સમાજસુધારણાની પ્રવૃત્તિઓ કેન્દ્રસ્થાને હતી, પરંતુ તે સ્ત્રીસમસ્યાઓમાં વિધવાપુનર્લગ્ન નિષેધ, બાળલગ્ન, કજોડા-લગ્ન, દૂધપીતીનો ચાલ વગેરેથી આગળ વધી શકી ન હતી. વિકાસ માત્ર માટે અનિવાર્ય એવી સ્ત્રીશિક્ષણ વિશે કોઈ જ હિલચાલ ૧૯મી સદીના પૂર્વાર્ધ વર્તાતી ન હતી. ''બ્રિટિશ આગમન પૂર્વે ભારતમાં સ્ત્રીને દેવી તરીકે અથવા તો ગુલામ કે અબળા તરીકે જોવામાં આવતી હતી, પરંતુ ક્યારેય સ્ત્રી એક માનવ છે કે એનું આગવું વ્યક્તિત્વ છે એનો સ્વીકાર કરવામાં આવ્યો નહોતો.''[૧] એનો અર્થ એ થયો કે સ્ત્રીઓને માટે રસોડું અને તેથી આગળ વધી ઘરની ચાર દીવાલો તેની સરહદો હતી.

એટલે તો નવલરામે લખવું પડ્યું કે,

*''ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં ઘૂમે છે,*
*બાઈનું ચિત્ત તો ચૂલા માંહ્ય.''*

ગુજરાતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના પછી પણ સ્ત્રીશિક્ષણ વિશે આશાસ્પદ વાતાવરણ ન હતું. ઉદા. તરીકે ''ઈ.સ. ૧૮૧૩માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાની સત્તા નીચેના પ્રદેશોમાં કેળવણી ખર્ચની જોગવાઇ કરી. આ ચાર્ટરમાં હિંદી સ્ત્રીઓની કેળવણી અર્થે નાણાં ખર્ચવાની કોઈ જોગવાઈ ન હતી.''[૨] આવી કરુણ સ્થિતિમાં સ્ત્રીશિક્ષણ અંગેની સંસ્થાકીય અને વૈયક્તિક પ્રવૃત્તિઓ શરૂ થાય તે જરૂરી બન્યું હતું. ૧૯મી સદીના મધ્યભાગ સુધી ગુજરાતી સમાજસુધારકો અન્ય સુધારાની સાથે ક્યારેક સ્ત્રી કેળવણીનો પણ નામોલ્લેખ કરતા, પરંતુ તે લઘુ સભાઓ, સંમેલનો પૂરતું મર્યાદિત હતું. ''૧૮૪૦માં એક 'બૉર્ડ ઑફ એજ્યુકેશન' સ્થપાયું. તે વખતે નર્મદાશંકરે કન્યાકેળવણી અને સમાજસુધારાનો જુવાળ ફેલાવ્યો. છતાં કન્યાકેળવણી કીડીને વેગે વધતી હતી.''[૩]

૧૯મા સૈકાના મધ્યભાગમાં વૈયક્તિક અને સંસ્થાકીય ધોરણે સ્ત્રીશિક્ષણનાં પગરણ મંડાતાં જોઈ

---

★ ગુજરાત ઇતિહાસ પરિષદના જયપુર ખાતેના ૨૫મા અધિવેશન પ્રસંગે યોજાયેલ નિબંધસ્પર્ધામાં સુવર્ણચંદ્રકપ્રાપ્ત નિબંધ.

+ વ્યાખ્યાતા, ઇતિહાસ વિભાગ, એમ.એન. કૉલેજ, વિસનગર.

શકાય છે. ગુજરાતના પ્રથમ મહિલા સમાજસુધારક અને કેળવણીકાર તરીકેની નામના પામેલ હરકોર શેઠાણઈએ સ્ત્રીશિક્ષણમાં પાયાની ભૂમિકા ભજવી હતી. ''૧૮૪૮માં સ્થપાયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (આજની 'વિદ્યાસભા') સાથે હરકુંવર પહેલેથી સંકળાયાં હતાં. હરકુંવરે ૧૮૫૦માં એક કન્યાશાળા સ્થાપીને તેનો વહીવટ સોસાયટીને સોંપ્યો હતો.''[૪] આ રીતે પ્રથમ કન્યાશાળાની સ્થાપનાની સાથે ગુજરાતમાં સ્ત્રી કેળવણીનો સીમાસ્તંભ રોપાયો. સ્ત્રીકેળવણી સંદર્ભે હરકોર શેઠાણીની સાથે મગનભાઈ કરમચંદનું નામ પણ મહત્ત્વનું છે. તેમણે અમદાવાદ શહેરમાં બે કન્યાશાળાઓ શરૂ કરવા માટે રૂા. ૨૦,૦૦૦નું દાન આપ્યું.[૫] તેમના દાનથી ઈ.સ. ૧૮૫૦માં બે કન્યાશાળાઓ સ્થપાઈ. આમ ભદ્રવર્ગીય શ્રીમંતો દ્વારા સ્ત્રીશિક્ષણનાં બીજ રોપાયાં. આનાથી વધુ વિકસતું દૃષ્ટાંત જોઈએ :

૩૦ માર્ચ, ૧૮૫૧ના રોજ મુંબઈમાં 'બુદ્ધિવર્ધક સભા'ની સ્થાપના કરવામાં આવી હતી. ''બુદ્ધિવર્ધક સભામાં ભાષણો તો ઘણા વિષય પર થયા હતા, તો પણ તેનું મોટામાં મોટું કામ સ્ત્રીકેળવણીનું હતું. સભામાં ૧૮૫૧ થી ૧૮૬૦ સુધીમાં ઘણાં ભાષણો થયાં. તેમાં ચર્ચાયેલ વિષયોમાં 'સ્ત્રીકેળવણી' (નર્મદાશંકર, ૧૮૫૩), 'દેશાટન' (કરસનદાસ, ૧૮૫૩), 'દેશાભિમાન' અને 'વૈધવ્યચરિત્ર' (નર્મદાશંકર, ૧૮૫૯-૬૦)એ વિષયો વિશેષ પ્રસિદ્ધિ પામ્યા.''[૬] દલપતરામ પણ સ્ત્રીશિક્ષણના હિમાયતી હતા. તેમણે કાવ્યરૂપે જણાવ્યું હતું કે, ''તમારી દીકરીઓને ઘરેણાં આપશો તો પતિ છીનવી લેશે, પરંતુ જ્ઞાન આપશો તો તે જબરદસ્તીથી લઈ શકશે નહિ.''[૭] આ પરથી સ્પષ્ટ થાય છે કે અન્ય સામાજિક પ્રશ્નો અને તેના ઉકેલની વિશદ ચર્ચા સાથે સુધારામાં હવે સ્ત્રીશિક્ષણ પણ સ્થાન પામ્યો હતો. તે સ્ત્રીઓના શિક્ષણના સંદર્ભમાં આશાનું કિરણ હતું, તેમ છતાં કોઈ પણ બાબતનું મૂલ્યાંકન સમય અને સ્થાનને અવગણીને કરી શકાતું નથી. આ સમય એવો હતો જ્યારે સ્ત્રી સંદર્ભના શિક્ષણ સિવાયના પ્રશ્નો પરત્વે વધુ ગાંભીર્ય કેળવાયું હતું અને તે સમયની માંગ પણ હતી જ, કારણ કે જ્યારે સ્ત્રીનું અસ્તિત્વ જ જોખમમાં હોય ત્યારે તેને માટે યોગ્ય સ્થાન, હક્ક વગેરેની માંગ વધુ પડતી ગણાય. તેમ છતાં દુર્ગારામ (૧૮૦૯-૧૮૭૬), મહીપતરામ રૂપરામ (૧૮૨૯-૧૮૯૧), અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૪-૧૯૦૪), લાલશંકર ઉમિયાશંકર (૧૮૪૫-૧૯૧૨), હરગોવિંદદાસ કાંટાવાળા (૧૮૪૯-૧૯૧૩), ગોવર્ધનરામ મા. ત્રિપાઠી (૧૮૫૫-૧૯૦૭), ઠક્કરબાપા (૧૮૬૯-૧૯૫૧), મણિલાલ નભુભાઈ દ્વિવેદી (૧૮૫૮-૧૮૯૮), મહારાજા સયાજીરાવ ગાયકવાડ (૧૮૬૩-૧૯૩૯), મહારાણી ચિમનાબાઈ, (૧૮૭૧-૧૯૫૮), આનંદશંકર ધ્રુવ (૧૮૬૯-૧૯૪૨) વગેરે સુધારકો દ્વારા સમયે-સમયે સ્ત્રી શિક્ષણનાં નોંધપાત્ર વિચારો અને કાર્યો રજૂ થયાં હતાં. સ્ત્રી શિક્ષણના ક્ષેત્રે ખ્રિસ્તી મિશનરી પ્રવૃત્તિઓને પણ અવગણી શકાય તેમ નથી. ''સ્ત્રીશિક્ષણ બાબતે પ્રથમ સજાગ પ્રયાસ સરકાર દ્વારા થયો, તે પહેલાં સ્ત્રીઓમાં શિક્ષણનો ફેલાવો ઈ.સ. ૧૮૫૪ ખ્રિસ્તી ધર્મગુરુઓ તથા કેટલાક સામાજિક સુધારકોએ કર્યો હતો. લગભગ બધા જ શિક્ષણશાસ્ત્રીઓ કહે છે કે સ્ત્રીશિક્ષણનો શરૂઆતનો ઇતિહાસ એટલે ખ્રિસ્તી ધર્મગુરુઓની પ્રવૃત્તિઓનો ઇતિહાસ.[૮] મિશન શિક્ષણ અસરકારક હોવા છતાં તે વ્યાપક બની શક્યું નહિ. તેની તુલનામાં સ્થાનિક સુધારકોની પ્રવૃત્તિઓ નોંધનીય બની રહી તેનાં કારણો ધાર્મિક હતાં.

ગુજરાતના સુધારકો અને અગ્રણીઓ દ્વારા સ્ત્રીશિક્ષણ સંદર્ભે સ્તુત્ય પ્રયાસોને પરિણામે સ્ત્રીશિક્ષણ માટેની વિવિધ સંસ્થાઓ સ્થપાઇ હતી. ૧૮૭૫માં શેઠ બેચરદાસ અંબાઇદાસ લશ્કરી દ્વારા પોતાની પુત્રી મહાલક્ષ્મીની યાદમાં મોટી રકમના દાનમાંથી 'મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજ' શરૂ થઈ. ''૧૮૭૭માં અન્જુમને ઈસ્લામે મુસલમાન કન્યાઓ માટે શાળા શરૂ કરી. રણછોડલાલ છોટાલાલે ખાડિયામાં ૧૮૯૨માં કન્યાશાળા સ્થાપી. ૧૮૯૫માં જૈન કન્યાઓ માટે જુદી કન્યાશાળા ખોલવામાં આવી. સુરતમાં રાયચંદ દીપચંદ કન્યાશાળા ખુલી.''[૯] ''શિક્ષણના ક્ષેત્રમાં મહારાજા સયાજીરાવે અમુક ધોરણ સુધી છોકરો તથા છોકરીઓનું શિક્ષણ મફત તથા ફરજિયાત કર્યું.''[૧૦] આ રીતે દેશી રાજ્યોના શિક્ષણના ઇતિહાસમાં અપવાદરૂપ બાબત હતી. સયાજીરાવની

પ્રવૃત્તિઓ વિશેષ એટલા માટે હતી કે તેઓ શાસક હોવાથી જે પણ સુધારો ઇચ્છે તેને કાયદા દ્વારા અમલમાં મૂકી શકતા હોવાથી તે વધુ અસરકારક પુરવાર થતું. ''સૌરાષ્ટ્રમાં કન્યાકેળવણીની શરૂઆત કરવાનો યશ તે સમયના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ લેન્ગને ઘટે છે. એમણે પોતાને ખર્ચે રાજકોટમાં કન્યાશાળા શરૂ કરી હતી, જે 'લેન્ગ કન્યાશાળા' તરીકે ઓળખાઇ હતી.''[૧૧] આ રીતે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં સ્ત્રીશિક્ષણ પરત્વે આશાસ્પદ વાતાવરણ ઊભું થયું હતું.

સ્ત્રીશિક્ષણનો આગળનો તબક્કો તે માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરવાનો હતો. સ્ત્રીશિક્ષણના ક્ષેત્રે સંસ્થાકીય અને વ્યક્તિગત ધોરણે થયેલા પ્રયાસો ઉપરાંત ઘરે બેસી ઉપયોગી બને તેવાં પુસ્તકો રચાયાં. જેમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા પ્રકાશિત 'નારીશિક્ષા' (૧૮૮૮) મહત્ત્વનું છે. જેમાં ભૂગોળ, ખગોળ, પદાર્થવિદ્યા, નીતિ તથા ધર્મ વગેરે જેવા ગહન વિષયો પર સંવાદરૂપે ચર્ચા કરવામાં આવી છે. જેમાં એક માતાએ પોતાની કન્યા(દીકરી)ને આપેલ ઉપદેશ ઊડીને આંખે વળગે તેવો છે. ''દીકરી વસંત ! તું હાલ નાની છોકરી છે, ઈશ્વર કૃપાથી તેં ઘણે સારે વખતે પૃથ્વી પર જન્મ લીધો છે. હાલમાં સર્વ ઠેકાણે વિદ્યાની ચર્ચા થઈ રહેલી છે. સ્ત્રીઓ સારુ ઠેકાણે ઠેકાણે નિશાળો સ્થપાય છે. જે સ્ત્રીઓ એક સમયે અજ્ઞાન અને અલ્પ બુદ્ધિવાળી હોવાને લીધે સર્વ લોકોની દયાને પાત્ર હતી તે સ્ત્રીઓ હવે જ્ઞાન મેળવીને વિદ્વાન પુરુષો તરફથી સમ્માન મેળવે છે.''[૧૨]

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવી સંસ્થાઓને કારણે વૈચારિક અને વ્યવહારુ સ્તરે સ્ત્રીઓ માટે હવે શિક્ષણની બાબતમાં ગુણવત્તાસભર વાતાવરણ સર્જાતુ જતું હતું. વધુને વધુ સ્ત્રીઓ શિક્ષણ લેતી થવાને કારણે કેટલીક સ્ત્રીનેતાઓ પણ તૈયાર થઈ હતી. જેમાં ગંગાબહેન યાજ્ઞિક, કૃષ્ણાગૌરી હીરાલાલ રાવલ, જમનાબહેન સક્કઇ વગેરે નામો નોંધપાત્ર છે. આ રીતે 'ચૂલામાં ચિત્ત' વાળી સ્ત્રીઓ હવે સામાજિક ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા સક્ષમ બની હતી.

ઉપરોક્ત પરિપાટી પર અત્રે વિદ્યાગૌરી નીલકંઠ, શારદાબહેન મહેતા અને હંસા મહેતાના પ્રદાનનું વર્ણન અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## (૧) વિદ્યાગૌરી નીલકંઠ : ગુજરાતમાં સ્ત્રીશિક્ષણના અગ્રદૂત (૧૮૭૬-૧૯૫૮)

**જીવન ઘડતર :**

વિદ્યાગૌરી નીલકંઠ એટલે ગુજરાતમાં સ્ત્રી શિક્ષણનું એક એવું વ્યક્તિત્વ કે જેમનું નામ અને કામ બંને શિક્ષણ (વિદ્યા) સાથે સંકળાયેલું રહ્યું હતું. તેમનો જન્મ ૧ જૂન, ૧૮૭૬માં અમદાવાદમાં થયો હતો. કૌટુંબિક વારસા વિશે તેમણે પોતાના પુસ્તક 'ફોરમ' (૧૯૫૫)માં નોંધ્યું છે કે, ''મારું બાળપણ મારા મોસાળમાં ઘણે ભાગે વીતેલું. સ્વ. રા. બ. ભોળાનાથ સારાભાઈ તે મારા પિતામહ થાય.''[૧૩] વિદ્યાબહેને પ્રાથમિક શિક્ષણ રાયપુરની મગનભાઈ કરમચંદ શાળામાંથી મેળવ્યું. ''ગુજરાતી છ ધોરણ સુધી મગનભાઈ કરમચંદ શાળામાં અભ્યાસ કરી એમની મામાની દીકરીઓ સાથે અંગ્રેજી શિક્ષણ લેવા મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજમાં અંગ્રેજી પાંચમા ધોરણમાં દાખલ થયા.''[૧૪]

ઐતિહાસિક વ્યક્તિઓના ઘડતરમાં કુટુંબ, મિત્રમંડળ અને શિક્ષણ વગેરે મહત્ત્વનાં પરિબળો ગણાય છે. જેના માટે 'સંદર્ભજૂથ' (Reference Group) શબ્દ યોજી શકાય. વિદ્યાગૌરી નીલકંઠના જીવન ઘડતરનાં પરિબળોનો વિચાર કરીએ તો સૌપ્રથમ ઉલ્લેખ તેમના કૌટુંબિક વાતાવરણનો કરવો પડે. વિદ્યાબહેનનું બાળપણ તેમના મોસાળમાં વીત્યું. તેનો તેમના જીવનઘડતર પર ઘણો પ્રભાવ પડ્યો હતો. તેમના નાની (ભોળાનાથ સારાભાઈના પત્ની) શિવકાશીગૌરીનું અવસાન વહેલું થવાથી તેમના મોટા પુત્રી જીથુબા (જીજી)

કુટુંબવ્યવહાર સંભાળતા. ''જીજી પોતે ઘણો અભ્યાસ નહોતા કરી શક્યા પણ કન્યાકેળવણીમાં તેમનો રસ ઘણો હતો. ઘરનું વાતાવરણ પણ અભ્યાસનિષ્ઠ. ઘરનાં બાળકોને ફતેહલાલ ગવૈરા રોજ સંગીત શીખવવા આવતા. ફારસીનો અભ્યાસ મુનશીજી પાસે થતો. આ વાતાવરણમાં જીજી નિયમિત 'મુંબઈ સમાચાર' વાંચતાં, એટલું જ નહીં એમાં આવતા અનેક પ્રશ્નોની ચર્ચા પણ ભાઇઓ અને પિતાજીના મિત્રમંડળ સાથે કરતાં.''[૧૫] વિદ્યાબહેનના માસી ઉપરાંત મોસાળ પક્ષનું સમગ્ર કુટુંબ અભ્યાસુ અને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરે તેવું હતું. ભોળાનાથ સારાભાઇના સૌથી નાના પુત્ર રા. કૃષ્ણરાવ ભોળાનાથ (વિદ્યાબહેનના મામા) દ્વારા વિદ્યાબહેનને મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજના અંગ્રેજી વર્ગોમાં દાખલ થવા માટે ઘણો આગ્રહ કરવામાં આવ્યો હતો. તેથી જ વિદ્યાબહેને નોંધ્યું છે કે, ''મારી જાત પ્રત્યે રા. કૃષ્ણરાવને સદા મમતાળુ લાગણી હતી અને મારા જીવનક્રમમાં જે મહત્ત્વનો ભાગ તેમનો હતો તે ખાતર હું સદા તેમની ઋણી રહીશ.''[૧૬] આવા વાતાવરણનો લાભ તો વિદ્યાબહેન પહેલાં તેમના માતા બાળાબહેનને મળ્યો જ હતો. જેને પરિણામે વિદ્યાબહેનને માતા તરફથી પણ અપ્રતિમ સહકાર પ્રાપ્ત થયો હતો. માતાનું ઋણ અદા કરવાના ભાવથી વિદ્યાબહેને ટાંક્યું હતું કે, ''મારા અભ્યાસ માટે તો એટલું જ કહેવું બસ થશે કે તેમની (માતા બાળાબહેન) સહાયતા વિના હું કૉલેજમાં ભણી શકી ન હોત.''[૧૭] વિદ્યાબહેનના પિતા રા. ગોપીલાલ મણિલાલ પણ ઘણા અભ્યાસુ હતા. અમદાવાદના ડિસ્ટ્રિક્ટ કૉર્ટના તેઓ નાજર (અદાલતના એક અમલદાર) હતા. પ્રામાણિકતા માટે તેમને નિવૃત્ત થયા ત્યારે 'Good Service' ચંદ્રક પણ મળ્યો હતો. અંગ્રેજી ભાષા પરનું તેમનું પ્રભુત્વ નોંધપાત્ર હતું.

આ રીતે વિદ્યાબહેનના મોસાળ અને પિયર પક્ષના બૌદ્ધિક અને પ્રોત્સાહક વાતાવરણમાંય તેમનું જે ઘડતર થયું તેના પાયા પર સમગ્ર જીવનની ઇમારત રચાઈ.

વિદ્યાબહેનને મોસાળપક્ષ અને પિયરપક્ષ જેવું જ ઉમદા અને પ્રોત્સાહક વાતાવરણ શ્વસુર પક્ષે મળ્યું હતું. તેમનાં પ્રથમ લગ્ન અમદાવાદની નાગર જ્ઞાતિના ઉચ્ચ કુટુંબમાં થયાં હતાં. તેમના પતિ ભણવામાં પાછળ હતા. વિદ્યાબહેનનાં માતા સુધારકવૃત્તિના હોવાથી તેઓ આ લગ્નના વિરોધી હતા. ચાલી આવતી પ્રણાલીથી વિરુદ્ધ જઈ સુરતના મહીપતરામ રૂપરામ નીલકંઠના વિધુર પુત્ર રમણભાઈ નીલકંઠ સાથે સગાઈ કરી. ૧૮૮૯માં તેર વર્ષનાં વિદ્યાબહેનના લગ્ન ઓગણીસ વર્ષના રમણભાઈ સાથે થયા. આ લગ્ન વિદ્યાબહેન માટે મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થયા હતા, કારણ કે, વિદ્યાબહેનનું વ્યક્તિત્વ તો શરૂઆતથી જ તેજસ્વી હતું પણ તેને પ્રસિદ્ધિ તો લગ્ન પછી જ મળી હતી. તેમણે શિક્ષણ, લેખન, સમાજ વગેરે જેવાં વિધવિધ ક્ષેત્રોમાં જે પ્રદાન આપ્યું તે રમણભાઈ સાથેના લગ્નના કારણે જ. ''રમણભાઈએ પોતાની બીજી પત્નીને અંગ્રેજી છઠ્ઠા અને સાતમા ધોરણના અભ્યાસમાં મદદ કરી, ઘરમાં 'લોજિક' અને સંસ્કૃત શીખવ્યું, એ કૉલેજમાં ગઈ ત્યારે અભ્યાસમાં અનેકવિધ મદદ કરવા ઉપરાંત કૉલેજના ઘણા વિદ્યાર્થીઓના વર્ષ બગાડનાર બીજગણિતમાં સારી મદદ કરી. એના એકેએક દાખલા તેની સાથે ગણ્યા.''[૧૮] આ રીતે વિદ્યાબહેનની લગ્ન પછીની વિદ્યાકીય પ્રગતિનો બધો જ શ્રેય રમણભાઈ નીલકંઠને આપવો ઘટે. પોતે ન્યાયખાતામાં જવાબદાર ભૂમિકા ભજવતા હોવા છતાં પતિ તરીકેની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવી શક્યા હતા. ''૧૮૯૩માં એક મહિના માટે તેઓ અમદાવાદમાં કામચલાઉ સબજજ નિમાયા. મૅટ્રિક થયા પછી વિદ્યાબહેનને કૉલેજમાં જવાનું ન હોવાથી રમણભાઈએ એમને બે ઉપયોગી વિષયો 'લોજિક' અને સંસ્કૃતનો અભ્યાસ કરાવવા માંડ્યો.''[૧૯] ''વિદ્યાબેહન ૧૯૦૧માં લૉજિક અને મૉરલ ફિલોસોફી સાથે મુંબઇ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા.''[૨૦] આ પદવીની સાથે જ વિદ્યાબહેન ગુજરાતનાં પ્રથમ સ્નાતિકા બન્યાં, જે સમયે સ્રીશિક્ષણ અંધકારમય હતું, સ્ત્રીશિક્ષણને વૈધવ્ય સાથે જોડી દેવાતું હતું, આવી પરિસ્થિતિમાં લગ્ન બાદની જવાબદારી સુપેરે નિભાવીને સ્નાતક થનાર વિદ્યાબહેનને મળેલ સિદ્ધિ ઘણી મોટી હતી. ''છોકરી કૉલેજમાં ભણવા જાય તે એ જમાનાના ગુજરાતથી જીરવાય એમ નહોતું. કૉલેજમાં વિદ્યાર્થીઓ વિદ્યાબહેન અને એમની બહેન શારદાગૌરીની મશ્કરીઓ કરે.

નનામા પત્રો લખતા પણ અચકાય નહિ. બહારનું જગત તો એથીય ગંદી મશ્કરીઓ કરે. વડોદરા કૉલેજમાંયે વિદ્યા ને શારદાના ચારિત્ર્ય વિશે વાતો થાય; ત્યાંની વિવાદસભામાં પણ તેમનાં નામ ગાજે. આ સર્વ નિંદા વિદ્યાબહેન ને રમણભાઈ ખૂબ જ શાંતિથી સહન કરી લે.''[૨૧] આવા જડ અને પડકારજનક સામાજિક વાતાવરણ વચ્ચે વિદ્યાબહેને સ્નાતક થઈ સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણના દરવાજા ખોલી નાંખ્યા હતા.

**વિદ્યાબહેનના સ્ત્રીશિક્ષણને લગતા વિચારો :**

વિદ્યાબહેનનું જીવનધ્યેય માત્ર ઉચ્ચશિક્ષણની પ્રાપ્તિનું ન હતું, પરંતુ તેમને પોતાના સુધારાવાદી વિચારોને શિક્ષણના માધ્યમથી વધુ પરિપક્વ રીતે સમાજ સમક્ષ મૂકવા હતા. તેમાં સ્ત્રીશિક્ષણ અંગેના તેમના વિચારો ખૂબ જ મહત્ત્વના છે. જેમાં તત્કાલીન સ્ત્રીસમાજ, સમાજનું સ્ત્રીઓ પરત્વેનું વલણ, સ્ત્રીની મનઃસ્થિતિ વગેરે આપણી સમક્ષ તાદૃશ થાય છે. તેમના ગ્રંથો અને લેખોમાંથી સ્ત્રીશિક્ષણ વિશેના તેમના વિચારો પામી શકાય છે.

વિદ્યાબહેનના સ્ત્રીશિક્ષણ વિશેના વિચારો સ્પષ્ટ હતા. 'નારીકુંજ'માં તેમણે નોંધ્યું છે કે, ''સ્ત્રીઓ પુરુષોથી જુદા જ પ્રકારના મનુષ્ય છે, તેમને અમુક પ્રકારનું જ શિક્ષણ આપવું, તેમને માટે સામાજિક, આર્થિક, ધાર્મિક તથા શૈક્ષણિક જુદાં ધોરણો હોવા જોઈએ એમ માનનાર પૈકી હું નથી. સર્વ ક્ષેત્રોમાં સ્ત્રીઓની પુરુષો સાથે સમાનતા હોવી જોઈએ એમ દૃઢતાપૂર્વક માનું છું. શિક્ષણની બાબતમાં મારી માન્યતા એવી છે કે ઉચ્ચશિક્ષણ જેને કહેવામાં આવે છે એટલે કે ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ એ સર્વસામાન્ય હોય તો ચાલે.''[૨૨] આ રીતે વિદ્યાબહેન સ્ત્રી-પુરુષની દરેક ક્ષેત્રની સમાનતાની હિમાયત કરે છે. આ હિમાયત તેમણે રજૂ કરી ત્યારે સ્ત્રી-પુરુષ વચ્ચે સમાજજીવનના તમામ ક્ષેત્રે અસમાનતાની મોટી ખાઈ હતી. સ્વતંત્રતા મળી હોવા છતાં પણ સ્ત્રીના સ્થાનમાં કોઈ નોંધનીય ફેરફાર થયો નહોતો. સ્ત્રીશિક્ષણ ભલે કંઈક અંશે આગળ વધ્યું હતું પણ સર્વવ્યાપી બની શક્યું નહોતું.

વિદ્યાબહેને જે રીતે સમાજની ઉગ્ર ટીકાઓનો સામનો કરી સ્ત્રીઓ માટે શિક્ષણનો પાયો નાંખ્યો, એ માર્ગ પર સ્ત્રીશિક્ષણ વેગવંતુ બનવાની શક્યતાઓ ઘણી વધી ગઈ હતી. તેનું મૂલ્યાંકન કરતાં 'ગુજરાતની સ્ત્રીકેળવણીનો ઇતિહાસ'ના લેખિકા પ્રવીણા ઠક્કરે નોંધ્યું છે કે, ''આજથી સિત્તેર વર્ષ પહેલાં ગુજરાતમાં સામાન્ય માન્યતા એવી હતી કે ભણેલી સ્ત્રી 'ગૃહિણી' તરીકે નાલાયક નીવડે છે. તે અભિમાની અને ઉછાંછળી હોય છે. પરંતુ વિદ્યાબહેનનો સંસાર અને તેમની સાદાઈ અને વિનય જોતાં આ ખ્યાલો ખોટા સાબિત થયા હતા. વિદ્યાબહેનનાં જીવનનાં સાઠ વર્ષ એટલે ગુજરાતનાં છેલ્લાં સાઠ વર્ષની સ્ત્રીપ્રગતિના ઇતિહાસનાં સાઠ વર્ષ.''[૨૩]

**વિદ્યાબહેનની સ્ત્રીકેન્દ્રિત લેખનપ્રવૃત્તિ :**

વિદ્યાબહેન નીલકંઠ પોતાના જમાનાનાં સ્ત્રી-બૌદ્ધિક હતાં. તેમણે એક બૌદ્ધિકની હેસિયતથી સ્ત્રી-શિક્ષણના વિચારો રજૂ કર્યા હતા. જીવનકાળ દરમિયાન વિદ્યાબહેનના સ્ત્રીકેન્દ્રિ ત્રણ લેખ-સંગ્રહો 'ફોરમ' (૧૯૫૫), 'નારીકુંજ', (૧૯૫૬) અને 'જ્ઞાનસુધા' (૧૯૫૭) પ્રગટ થયા હતા. સાથે તે 'સુંદરી સુબોધ', 'ગુણસુંદરી', 'શારદા' જેવાં સામયિકોમાં લેખો પણ લખતાં હતાં. વિદ્યાબહેને સ્ત્રીશિક્ષણ અંગે ઊંડું અધ્યયન અને ચિંતન કર્યું હતું. વળી, તેઓ શિક્ષણપ્રાપ્તિના સ્વાનુભવને પરિણામે સમાજમાં સ્ત્રીશિક્ષણ પરત્વેની દયાજનક સ્થિતિનો ચિતાર સફળતાપૂર્વક રજૂ કરી શક્યાં હતાં. તેમના જ શબ્દોમાં જોઈએ તો, ''આપણા ગુજરાતમાં સ્ત્રીસમાજ પર પચાસ વર્ષ દૃષ્ટિપાત કરતાં જણાશે કે સ્ત્રીઓનું શિક્ષણ નહિ જેવું હતું. શહેરોમાં પણ ગણતરીની કન્યાશાળાઓ હતી. ગામડાંમાં તો શૂન્ય; જે શાળાઓ હતી તેમાં પણ થોડાં જ મા-બાપ છોકરીઓને ભણવા મોકલતાં. કેટલીક કોમોમાં જરાતરા વાંચતાં-લખતાં શીખવે, પણ નિશાળે મોકલવામાં

જાણે કોઈ જાતની હીણપત હોય એમ મનાતું.''[૨૪] આમ હિંદુ સમાજમાં સ્ત્રીશિક્ષણની ઉપેક્ષા વિરુદ્ધ તેમણે બૌદ્ધિક આક્રોશ નોંધાવ્યો હતો.

અત્રે નોંધનીય છે કે, સ્ત્રીશિક્ષણ એ સમાજથી અળગો વિષય નથી. સમાજની અન્ય સમસ્યાઓ અને સ્ત્રી સાથે સંકલાયેલ કુરિવાજોની પ્રત્યક્ષ અસર સ્ત્રીશિક્ષણ પર પડ્યા વિના રહેતી નથી. બાળલગ્ન જેવા દૂષણને લીધે સ્ત્રીઓને વહેલી જવાબદારી વહન કરવી પડતી હોવાથી શિક્ષણ મેળવવાની તક જ સાંપડતી નહોતી. જે સંવેદનશીલ બૌદ્ધિક તરીકે તેમની ધ્યાન બહાર ન હતું. તેમણે સ્ત્રીઓ માટેના સાહિત્ય અંગે પણ મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. તેમાં પણ પ્રધાનસૂર સ્ત્રીકેળવણીનો રહ્યો હતો. તેમની દૃષ્ટિએ ''આપણા દેશમાં સ્ત્રીકેળવણી પ્રથમ પગથિયે હોવાથી સ્ત્રીઓનું ખાસ સાહિત્ય સ્ત્રીકેળવણીના પ્રચારને અર્થે વિશેષ લાભકર છે. બાળપણથી લગ્ન થયા એટલે સંસારમાં પડવાથી હિંદુ કન્યાઓને કેળવણી જૂજ મળે છે. ઘરસંસારના કાર્યોમાંથી ફૂરસદ મળે તેનો લાભ સ્ત્રીઓ લે એવો હેતુ સ્ત્રીઓ માટેના ખાસ સાહિત્યનો હોય છે.''[૨૫] આ રીતે સ્ત્રીઓ વિવિધ રીતે કેળવણી પ્રાપ્ત કરે એવો હેતુ વિદ્યાબહેનનો રહ્યો હતો. સ્ત્રીઓના અજ્ઞાનનું નિવારણ થાય અને બહેનો વાંચતી લખતી થઈ જાય તેની આવશ્યક્તા પર તેઓ વિશેષ ભાર મૂકતાં હતાં. નિરક્ષરતા એ વિદ્યાબહેનના મતે મોટામાં મોટું કલંક હતું. નિરક્ષરતા ઝડપથી દૂર થાય એ પ્રજાને તેના સુફળ ઝડપથી પ્રાપ્ત થાય, એવું તેમના વિચારોનું તારણ હતું. સ્ત્રી એ સમાજનું અભિન્ન અંગ છે. એક પાસું નબળું હોય તો સમાજમાં સ્થિરતાનો અભાવ સર્જાય છે. આથી તેઓ સમયની નાડ પારખીને આ પ્રશ્ન બાબતે વધુ ધ્યાન કેળવી રહ્યાં હતાં.

વિદ્યાબહેન અન્ય સમાજસુધારકો કરતાં ઘણી રીતે વિશિષ્ટ શૈલી ધરાવતાં હતાં. અન્ય સુધારકો જોરશોરથી પ્રચાર કરતા કે, સ્ત્રીશિક્ષણ હોવું જોઈએ, પણ તેને અમલમાં કેવી રીતે મૂકવું ? તેની પદ્ધતિ શું હોઈ શકે ? તે અંગે તેઓએ ઘણે અંશે મૌન જ સેવ્યું અથવા તો અસ્પષ્ટ જ રહ્યા. એથી વિપરીત વિદ્યાબહેને આ અંગેના વિચારો સ્પષ્ટ કરવાથી લઈ સ્ત્રીશિક્ષણની પદ્ધતિ સુધી વિચાર્યું હતું. ઉદા. તરીકે સ્ત્રી શિક્ષણમાં ક્યા વિષયોને પ્રાધાન્ય આપવું, કેવી રીતે શિક્ષણ આપવું વગેરે. આ બાબતે તેમની કેફિયત જોઈએ : ''પ્રથમ જરૂરનું એ છે કે સારાં પુસ્તકો, મહાન બુદ્ધિમાન મનુષ્યોનાં લખાણ વાંચીને તે સમજી શકાય તેટલું પ્રાથમિક જ્ઞાન મેળવવું જોઈએ. કક્કો અને બારાખડી આવડે તે બસ નથી; અક્ષર ઉકેલી જાણીએ તે ઉપરાંત કાંઈક વિશેષ જાણવાની જરૂર છે. પ્રથમ ભાષાજ્ઞાન પરિપક્વ હોવું જોઈએ. તે પછી કાંઈક ઇતિહાસ, ભૂગોળ, પદાર્થવિજ્ઞાનનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન મેળવ્યા વગર કોઈ પણ વિષય પરનાં શિષ્ટ પુસ્તકો પૂર્ણ રીતે સમજી શકાય તેમ નથી.''[૨૬] આ રીતે જ્ઞાનની સાથે વિદ્યાબહેન સમજશક્તિ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવાનું અને તબક્કાવાર શિક્ષણનું સૂચન કરે છે. પુસ્તકને એક છેડાથી બીજા છેડા સુધી સમજ્યા વિના વાંચી જવાનું નિરર્થક નીવડે છે. આ વાંચનનું કોઈ પ્રયોજન નથી, એવી સર્વવિદિત બાબત પણ વિદ્યાબહેન નોંધે છે. કદાચ તેમનો ઇશારો એવો છે કે, સ્ત્રીઓમાં અર્થઘટન (Interpretation) કરવાની ક્ષમતા કેળવાય તે જરૂરી છે. ઇષ્ટ ફળ મેળવવા માટે આ બાબત આજે પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે !

**વિદ્યાબહેનની સ્ત્રી-સંસ્થાકીય પ્રવૃત્તિઓ :**

વિદ્યાબહેન નીલકંઠની સ્ત્રીકેન્દ્રી સંસ્થાકીય પ્રવૃત્તિઓ તેઓની વિશેષ આભા રજૂ કરે છે. ક્ષમતાઓનો ભંડાર એવાં વિદ્યાબહેન વિવિધ સંસ્થાઓ સાથે વિવિધ સ્વરૂપોમાં જોડાયાં હતાં. પ્રસ્તુત અનુસંધાન વિદ્યાબહેન અને સ્ત્રીસંસ્થાઓ માટે પરસ્પરાવલંબી સાબિત થયું હતું. તેઓ ભગિની સમાજ, લાલશંકર ઉમિયાશંકર મહિલા પાઠશાળા, ગુજરાત કેળવણી મંડળ, અખિલ હિંદ મહિલા પરિષદ જેવી પ્રાદેશિક અને રાષ્ટ્રીય સંસ્થાઓમાં સક્રિય હતાં. આ સંસ્થાઓને તેમણે વૈચારિક અને કાર્યઅમલ બંને રીતે માર્ગદર્શન આપ્યું હતું.

ઈ.સ. ૧૯૨૫ની ૧૨ ફેબ્રુઆરીના રોજ 'ભગિની સમાજને સંદેશ'માં વિદ્યાબહેને કહ્યું હતું કે, ''કન્યાઓને શિક્ષણ આપવામાં શહેરોમાં પ્રયાસો થાય છે અને અગાઉ કરતાં વધારે કન્યાઓ ભણે છે, પણ ઊંચું શિક્ષણ લેનારની સંખ્યા ગુજરાતીઓમાં બીજાની સરખામણીમાં ઓછી છે.'' આ માટે વિદ્યાબહેને સ્ત્રીઓના નિરુત્સાહને જવાબદાર ઠેરવ્યો છે. સ્ત્રીઓએ બહુ પ્રયત્નશીલ બનવાની આવશ્યકતા છે, એમ તેઓ જણાવે છે અને સ્ત્રીઉન્નતિને દેશઉન્નતિ તરીકે લેખે છે. ''કેળવણીથી પૌર્વાત્ય સંસ્કારને હાનિ નથી પહોંચતી બલ્કે વિચારપૂર્વક વર્તવાની એક નવીન દૃષ્ટિ કેળવાય છે એ સિદ્ધ કરવાનું ધ્યેય વિદ્યાબહેને જાણ્યે અજાણ્યે પાર પાડ્યું.''[૨૭]

સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીઉન્નતિના દરેક કાર્યમાં વિદ્યાબહેને અગ્રભૂમિકા ભજવી હતી. શિક્ષણક્ષેત્રે તેઓનું પ્રદાન સીધા અધ્યાપન દ્વારા અને શિક્ષણ સંસ્થાઓના સહકારથી વધુ અસરકારક બન્યું હતું. ''શ્રી લાલભાઈ ઉમિયાશંકર ગુજરાત મહિલા પાઠશાળા અને વિદ્યાબહેનનો સંબંધ સમજવા નીચેની માહિતી મદદરૂપ થશે. ૧૯૨૦-૨૧ના વર્ષના અહેવાલમાં અધ્યાપકોની નામાવલિમાં લેડી વિદ્યાગૌરીનું ગુજરાતી ભાષાનાં માનદ અધ્યાપક તરીકે નામ જોવા મળે છે.

૧૯૨૧-૧૯૨૨ ગુજરાતીના અધ્યાપક તરીકે

૧૯૨૨-૧૯૨૪ માનસશાસ્ત્ર અને બાલમાનસના અધ્યાપક

૧૯૨૪-૧૯૨૫ અંગ્રેજીના અધ્યાપક

૧૯૨૫-૧૯૩૧ માનસશાસ્ત્રના અધ્યાપક

આમ, જુદા જુદા વિષયોના અધ્યાપક તરીકે કામગીરી બજાવવા માટેનું અધ્યાપક તરીકેનું ગતિશીલ વ્યક્તિત્વ (Dynamic Character) તેઓ ધરાવતા હતા.''[૨૮]

આ ઉપરાંત વિદ્યાબહેન ૯ મે, ૧૯૨૨ના રોજ સ્થાપિત થયેલ 'ગુજરાતી કેળવણી મંડળ'માં ૧૯૨૨થી ૧૯૩૦ સુધી મંત્રી તરીકે અને ૧૯૩૨ થી ૧૯૩૩ સુધી પ્રમુખપદે કાર્યાન્વિત રહ્યા હતા. તે સિવાય ઈ.સ. ૧૯૨૭માં સ્થપાયેલ 'અખિલ હિંદ મહિલા પરિષદ' (All India Women's Conference - AIWC)માં તે જ વર્ષોમાં એટલે કે ૧૯૩૨-૩૩માં પ્રમુખપદે રહ્યા હતા. ''૧૯૧૬ના ઑક્ટોબર માસના પહેલા અઠવાડિયામાં માધ્યમિક શાળાના શિક્ષકોના અને સ્ત્રીકેળવણીમાં રસ ધરાવનાર સ્ત્રી-પુરુષોના સંમેલન અનુક્રમે કેશવલાલ ધ્રુવ અને વિદ્યાબહેનનાં પ્રમુખપદે ભરાયાં હતાં.''[૨૯] આમ સ્ત્રીઓની સંસ્થાકીય પ્રવૃત્તિઓના વ્યવસ્થાપનક્ષેત્રે પણ તેમનું પ્રદાન મહત્ત્વનું હતું.

**વિદ્યાબહેનના સ્ત્રીશિક્ષણ અંગેના કેટલાક મહત્ત્વના વિચારો :**

૧. નિશાળે જઈ શકે તેવી ઉંમરની છોકરીઓને શાળામાં મોકલવા માટે મા-બાપે સમજ રાખવી જોઈએ અને સરકારે તેને સાથ આપી મદદ કરવી જોઈએ.

૨. પ્રાથમિક શિક્ષણ લેવાથી છોકરીઓનું શિક્ષણ પૂરું થતું નથી. શિક્ષણની મર્યાદા બાંધી શકાય નહિ. પ્રાથમિક શિક્ષણથી સમાપ્ત કરવામાં આવે તો એ શિક્ષણની વાસ્તવિકતા રહે જ નહિ.

૩. મોટા શહેરોમાં કન્યાઓ માટે અલગ હાઈસ્કૂલો હોવી જોઈએ. સ્ત્રીઓ માટે ખાસ જુદું સાહિત્ય હોવું જોઈએ, કારણ કે બાળાઓનાં લગ્ન જલદી થવાથી, તેઓ નાની ઉંમરમાં સંસારમાં જઈને પડે છે તે કારણે ખાસ કેળવણી મળી શકતી નથી.

૪. અભ્યાસક્રમમાં પાકશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, બાળકોને ઉછેરવા તથા કેળવણી સંબંધી, ગૂંથણકળા

વગેરે સ્ત્રીઉપયોગી વિષયો રાખવા. આ ઉપરાંત સ્ત્રીઓનો શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ થાય તેવો કેળવણીનો હેતુ હોવો જોઈએ.

અંતમાં તેમણે જણાવ્યું કે, આપણે જે જે સુધારા કરવા ઇચ્છતા હોઈએ, જેટલી પ્રગતિ ઇચ્છતા હોઈએ તે સર્વનો પાયો તો શિક્ષણ જ છે."[૩૦]

**મૂલ્યાંકન :**

૭ ડિસેમ્બર, ૧૯૫૮ના રોજ વિદ્યાબહેન મૃત્યુ પામ્યાં. જીવનકાળમાં સમય પ્રમાણે ઘણું વિકટ કહી શકાય, તેવું કાર્ય વિદ્યાબહેને સફળતાપૂર્વક પાર પાડી સ્વજીવનની સાથે અન્યના જીવનને પણ સાર્થકતા અર્પી. જેથી જ તેમના મૃત્યુના ચાર વર્ષ બાદ ગગનવિહારી ન. મહેતાએ લખ્યું હતું કે, "વિદ્યાબહેનના અવસાનને ચાર વર્ષ વીતી ગયાં છે પરંતુ એમના સ્નેહીઓ અને સંબંધીઓનાં હૃદયમાં તો એમનું સ્મરણ તાજું જ છે. મૃત્યુ પછી મનુષ્ય એનાં કાર્યો વડે અને એના સ્મરણ દ્વારા આ પૃથ્વી પર જીવે છે."[૩૧]

વિદ્યાબહેનની સામાજિક પ્રવૃત્તિઓ સ્ત્રી સમાજજીવનનાં અનેક ક્ષેત્રોમાં હોવા છતાં તેમની મુખ્ય ઓળખાણ સ્ત્રીશિક્ષણના દ્યોતક તરીકેની રહી છે. વિદ્યાબહેનના આવા અદ્વિતીય પ્રદાન માટે સ્ત્રીસમાજ તેમનો ઋણી રહેશે.

## (૨) શારદાબહેન મહેતા : (૧૮૮૨-૧૯૭૦)

**જીવનઘડતર :**

મહિલા ઉત્કર્ષના પ્રણેતા, સમાજસુધારક તથા સ્વાતંત્ર્યસૈનિક એવી બહુમુખી પ્રતિભા ધરાવનાર શારદાબહેનનો જન્મ ૨૬ જૂન, ૧૮૮૨ના રોજ અમદાવાદમાં થયો હતો. શારદાબહેનનો જન્મ તેમના મોસાળ (ભોળાનાથ સારાભાઈ દીવેટિયાનું કુટુંબ)માં થયો હતો, પરંતુ તેમને અહીં વધુ રહેવાની તક સાંપડી નહોતી, કારણ કે તેઓના પિતાને ઉમરેઠમાં ક્લાર્ક ઑફ ધી કૉર્ટની નોકરી મળતા, તેણી માતાપિતા સાથે ઉમરેઠ ગયા હતા. પોતાની આત્મકથા 'જીવન સંભારણા'માં તેમણે નોંધ્યું છે કે, "મોટાબહેન વિદ્યાબહેન દશ અગિયાર વર્ષના એટલે ભણવા માટે અમદાવાદ મોસાળમાં રહેતા. એટલે હું ને મ્હારા ભાઈ ગટુભાઈ બે જ ઉમરેઠમાં. હું પાંચ વર્ષની ને ગટુભાઈ એક વર્ષ મોટા એટલે છ વર્ષના. બાળાબહેન અમને ઘેર જ શીખવતાં. પણ વળી કોઈ કોઈ વાર નિશાળે પણ જતાં. બપોરના વખતમાં અમને બંનેને લખવા વાંચવાનું બાળાબહેન શીખવતાં."[૩૨] આ રીતે શારદાબહેનના શિક્ષણના પાયારૂપ ભૂમિકામાં તેમનાં માતા બાળાબહેન હતાં. તેથી જ શારદાબહેને કહ્યું છે કે, "પોતાના છોકરાને સારામાં સારું શિક્ષણ આપવું, ને શિક્ષણમાં સરળતા કરી આપવી એને બાળાબહેન પોતાનું ઘણું મોટું કર્તવ્ય માનતાં." શાળામાં પ્રવેશ કરાવ્યા બાદ પણ તેમનાં માતાં બાળકોના શિક્ષણ અંગે બેધ્યાન બન્યાં નહોતાં, તેની ખાસ નોંધ પણ શારદાબહેન લે છે. તેઓ શિક્ષણ સંદર્ભે પોતાની માતા સાથે અન્ય માતાઓની તુલના પણ કરે છે. "ઘણી માતાઓ પોતાનો શ્રમ ઓછો કરવાને માટે છોકરીઓને નિશાળેથી ઉઠાડી લે છે, પણ અમારા માતૃશ્રીનો તો દૃઢ નિશ્ચય કે પોતાને ગમે તેટલી અગવડ પડે પણ છોકરાની માફક જ છોકરીઓને શિક્ષણમાં કાંઈ પણ નડતર રાખવું નહિ."[૩૩] આ સિવાય પ્રાર્થના સમાજ સાથે તેમનું કુટુંબ ગાઢ રીતે સંકળાયેલું હોવાથી તેનાં મૂલ્યો પણ શારદાબહેને આત્મસાત્ કર્યાં હતાં.

અમદાવાદ આવ્યા બાદ શરૂઆતનો અભ્યાસ તેમણે મગનભાઈ કન્યાશાળામાં કર્યો પણ તેમના મોસાળ પક્ષના કુટુંબવાળા (મામાની છોકરીઓ) અને વિદ્યાબહેન ફિમેલ ટ્રેનિંગ કૉલેજમાં અંગ્રેજી શીખતાં હોવાથી શારદાબહેન પણ તે શાળામાં દાખલ થયાં. આ અરસામાં જ તેમના બહેન વિદ્યાબહેનનાં લગ્ન રમણભાઈ નીલકંઠ સાથે થયાં હતાં. વિદ્યાબહેનના જીવન માટે તો અહીંથી સુવર્ણકાળ શરૂ થયો જ પણ

વિદ્યાબહેનના કુટુંબીઓને પણ રમણભાઈની વિદ્વત્તાનો લાભ મળ્યો હતો. ''રમણભાઈએ શારદા તથા એમના ભાઈ ગટુલાલને ચોથીથી સાતમી સુધી સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો.''[૩૪] ઉલ્લેખનીય છે કે વિદ્યાબહેનના જીવનમાં લગ્ન બાદ આવતા ઉતાર-ચઢાવને કારણે તે અને શારદાબહેન સહપાઠી બની ગયાં હતાં. સ્ત્રીઓની ઉચ્ચ કેળવણી પ્રત્યે ઉદાસીન, વિરોધી એવા સમાજનો સામનો વિદ્યાબહેન અને શારદાબહેને કૉલેજના શિક્ષણ દરમિયાન કરવો પડ્યો હતો, ત્યારે રમણભાઈ જ તેમને હકારાત્મક બળ પૂરું પાડતા હતા. તેથી જ શારદાબહેને કહ્યું કે, ''સ્ત્રીઓને ઉચ્ચ કેળવણી આપવા તરફ અસલથી ગુજરાતી લોકો ઉદાસીન તો ખરા જ. પોતે મોટી ડિગ્રી ધરાવે, જ્ઞાન સંપાદન કરે, જ્ઞાનનો આનંદ મેળવીને જિંદગીનું સાફલ્ય મેળવે પરંતુ સ્ત્રી જાતિને એનાથી બાતલ રાખે, એ લાભ, એ આનંદ, એ સુખ મેળવવા જ ના દે. રા. રમણભાઈએ એ બાબતમાં પહેલ કરીને સ્ત્રીકેળવણીનો માર્ગ ખુલ્લો કરી આપ્યો તે માટે અત્યારની પ્રજાએ તેમનો ખરેખરો ઉપકાર માનવાનો છે.''[૩૫] શારદાબહેનના માધ્યમિક અને કૉલેજ શિક્ષણમાં રમણભાઈ ખૂબ જ મદદરૂપ નીવડ્યા હતા. શારદાબહેન કૉલેજ શિક્ષણ મેળવે એવી રમણભાઈને ખૂબ ઇચ્છા હતી. તેમણે માત્ર આ ઇચ્છા જ રાખી નહોતી પણ તે માટેના સફળ પ્રયત્નો પણ આદર્યા હતા.. ''સંસ્કૃત શીખવવાની શરૂઆતથી જે શિક્ષણનો આરંભ કર્યો તે છેક બી.એ.ની પરીક્ષા આપી ત્યાં સુધી એમના શિક્ષણનો લાભ એ હર હંમેશ આપતા રહ્યાં.''[૩૬]

શારદાબહેન સામે શિક્ષણ મેળવવા માટે સૌથી મોટું પ્રેરકબળ એ તેમનાં મોટાબહેન વિદ્યાબહેન હતા. વિદ્યાબહેને બી.એ.ની પરીક્ષાઓ પાસ કરી એટલે શારદાબહેન માટે પણ ઉચ્ચ અભ્યાસનો માર્ગ મોકળો બન્યો. તેમને વિદ્યાબહેન કરતાં પ્રમાણમાં ઓછી મહેનતે ઉચ્ચશિક્ષણની તક સાંપડી રહી હતી. શારદાબહેન પોતે પણ શિક્ષણની બાબતમાં ઘણાં ઉત્સાહી હતાં. શાળાના શિક્ષણને તેમણે બાળપણનો 'અવનવો લ્હાવો' કહ્યો છે. સાથે સાથે શાળા શિક્ષણ માટે પ્રોત્સાહિત કરતાં એવાં સ્ત્રી શિક્ષકોની પણ સાભાર નોંધ લીધી છે : ''અમારા સ્ત્રીશિક્ષકો એટલા માયાળુ અને સ્નેહાળ હતા કે તેમને ખુશ કરવા માટે અમે તનતોડ મહેનત કરીએ તોયે શ્રમ ન લાગે.''[૩૭] પોતાના ઘડતરમાં આ સ્ત્રીશિક્ષિકોની કેવી ભૂમિકા હતી, તે દર્શાવવા તેમણે મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજના સ્ત્રીશિક્ષકોની ભાવવાહી નોંધ કરી છે : ''મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજમાં તે વખતે મિસ મૅરી સોરાબજી નામના એક ક્રિશ્ચિયન થઈ ગયેલાં પારસી બાનુ અધિષ્ઠાત્રી હતા. કુમળી વયમાં આવા ચારિત્ર્યવાન શિક્ષક મેળવવા એ પણ એક સદ્ભાગ્ય જ છે. તેમના પછી મિસીસ મૅકેફી અમારા સુપરિટેન્ડેન્ટ હતા. ખ્રિસ્તી ધર્મ ઉપર તેમને બહુ જ શ્રદ્ધા હતી અને અમને એ ધર્મના મુદ્દા સમજાવવા બહુ જ પ્રયત્ન કરતાં. તેથી બાઈબલ વાંચવાનો અને સમજવાનો લાભ મળ્યો.''[૩૮] આમ તેમનું યુવામાનસ બિનસાંપ્રદાયિક ઢબે ઘડાતું જતું હતું.

શારદાબહેનના શિક્ષણમાં તેમનાં માતાનો સિંહફાળો હતો. સાથે તેમના પિતાશ્રીની પણ તેઓ ભણે તેવી અભિલાષા હતી અને તે માટે તેઓ શક્ય તેટલી સગવડ પણ આપતા અને શીખવતા પણ ખરા. આ રીતે શારદાબહેન માતા, પિતા, બહેન, બનેવી, શિક્ષકો એમ દરેક સંબંધોમાં ભાગ્યશાળી નીવડ્યાં હતાં. દરેક તરફથી તેમને શિક્ષણ માટેનું માત્ર પ્રોત્સાહન જ નહિ પ્રયત્નો પણ પ્રાપ્ત થયા હતા. શારદાબહેન આ તબક્કાઓમાં પસાર થઈ રહ્યા હતા ત્યારે સાથે-સાથે તેમના લગ્નની વાતચીત પણ ચાલી રહી હતી. વિદ્યાબહેનને તો રમણભાઈ નીલકંઠ એટલે કે મહીપતરામ જેવું સુધારાવાદી કુટુંબ સદ્ભાગ્યે મળી ગયું હોવાથી તે તો વધુ અભ્યાસનિષ્ઠ બનતાં જતાં હતાં. શારદાબહેનને હજી આ સદ્ભાગ્ય મળવાને થોડી વાર હતી !

પોતાના સમાજની જડતા દર્શાવવા શારદાબહેને કહ્યું કે, ''મેટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કર્યા પછી કૉલેજમાં તો જવાનું જ હતું, કેમ કે વિદ્યાબહેને માર્ગ કરી આપ્યો હતો, છતાં આપણા સમાજને એ પગલું

ગળે ના ઊતર્યું. એક સામાન્ય સ્થિતિના કુટુંબની છોકરી - તે પણ કુંવારી. તે વળી કૉલેજમાં છોકરાઓ સાથે બેસીને વિદ્યાભ્યાસ કરે ! એ તો કાંઈ ગજબ જ થઈ ગયો !''[૩૯] સુમન્ત મહેતાના 'સમાજદર્પણ'માંની શારદાબહેનની નોંધ ઉપરોક્ત બાબતને વધુ સ્પષ્ટ કરે છે. ''અમારી જુવાનીના દિવસોમાં સામાન્ય લોકોમાં એક એવી માન્યતા ફેલાઇ રહી હતી અથવા ફેલાવવામાં આવેલી કે જે કન્યાઓ ઉચ્ચ કેળવણી લે છે તે ઘરકામ સંભાળતી નથી. હું ૧૮૯૭માં મેટ્રિક થઇ. મારા મોટાબહેન તેની પહેલા મેટ્રિક થયાં હતાં. અમે એવો નિશ્ચય કરેલો કે રૂઢિચુસ્ત લોકોને જે ખોટો પૂર્વગ્રહ હતો તે અમે ખોટો પાડીશું. જો તેમ ન કરીએ તો સ્ત્રીઓની ઉચ્ચકેળવણીના પ્રશ્નને હાનિ પહોંચે.''[૪૦] શારદાબહેનના આ ઉચ્ચારો તે સમયના સમાજનું જડ માનસ છતું કરવા માટે પૂરતા છે. સાથે તેમાં વિદ્યાબહેન અને શારદાબહેન એ ભગિનીબેલડીનો દૃઢ નિશ્ચય પણ સ્પષ્ટ થાય છે. કૉલેજના અભ્યાસ દરમિયાન તેમને સહન કરવી પડેલી હેરાનગતિ માટે તેમણે ટાંક્યું છે કે, 'એ જમાનામાં તો એટલી છૂટ લેનાર ઉપર શિંગડા ઊગવાનાં જ બાકી રહેતાં, એટલી કનડગત થતી.' જો કે એમના જ વર્ગમાં એમના ભાઈ પણ અભ્યાસ કરતા હોવાની બાબતે તેમણે સંતોષ પણ વ્યક્ત કર્યો છે.

વિદ્યાબહેન બી.એ.ના ક્લાસમાં હતાં ત્યારે શારદાબહેન પ્રિવિયસ કલાસમાં હતાં. તેઓ પ્રોફેસર વર્ગમાં દાખલ થયા પછી જ વર્ગમાં જતાં. પ્રોફેસર બહાર નીકળે કે તરત જ તેમની પાછળ બહાર નીકળી જતાં. પ્રોફેસર કે અન્ય વિદ્યાર્થી ભાઈઓના સંસર્ગમાં પણ આવતાં નહિ. વિદ્યાપ્રાપ્તિને જ એકમાત્ર લક્ષ્ય રાખ્યું હતું. ''આટલો સખત નિયમ પાળતા છતાં લોકોએ ટીકા કરવામાં બાકી નહોતી રાખી. એટલું જ કે એવી ટીકા સાંભળવાને અમે તૈયાર જ હતાં. અમને એની કાંઈ જ અસર થતી નહિ.''[૪૧] શારદાબહેન આવી ટીકાઓથી પર રહ્યાં તેના પરિણામે જ સ્ત્રીશિક્ષણનાં પ્રણેતા બની શક્યાં.

**ગૃહસ્થજીવન અને પ્રગતિ :**

ઈ.સ. ૧૮૯૮માં શારદાબહેનનાં લગ્ન ડૉ. સુમન્ત મહેતા સાથે થયાં. શારદાબહેનને લગ્ન બાદની જવાબદારીમાં તુરત જ સંકળાવવાનું ન બન્યું તથા અમદાવાદમાં જ રહેવાનું હોવાથી વધુ અભ્યાસ કરી શક્યાં. પોતાની બહેન સાથે જ ૧૯૦૧ના વર્ષમાં તેઓ લૉજિક અને મૉરલ ફિલૉસોફીના વિષયો સાથે બી.એ.માં ઉત્તીર્ણ થયાં. ''ચાર વર્ષનો એક સતત અભ્યાસ પૂરો કરીને જ્યારે બી.એ. ની પરીક્ષા પસાર કરી ત્યારે એમ લાગ્યું કે જીવનનું કાર્ય પૂરું થયું. તે વખતે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે એ તો જીવનમાં પ્રવેશ કરવાનો ઉંમરો હતો.''[૪૨] આથી જ શારદાબહેને વિદ્યાભ્યાસને પોતાના હિત પૂરતો સીમિત ન રાખતાં, તેની જ્યોતથી સમાજને પ્રકાશિત કરવાના પ્રયત્નો આદર્યા.

શારદાબહેનનું માનસિક ઘડતર પરંપરાગત સાહિત્યના વાંચનમાંથી થયું હતું. ''શારદાબહેને હિંદુ શાસ્ત્રી, પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્ય, શ્રી અરવિંદનું સાહિત્ય, પંડિત સુખલાલજી અને ડૉ. રાધાકૃષ્ણન્‌નાં રચના-લખાણો તથા કુરાન, બાઇબલ વગેરેનો અભ્યાસ કર્યો હતો. આ રીતના વિશાળ વાંચનનો તેમના વિચારો અને જીવન પર ઊંડો પ્રભાવ પડ્યો હતો.''[૪૩] વડોદરામાં ગૃહસ્થાશ્રમ શરૂ કર્યા પછી સાહિત્ય દ્વારા તથા અન્ય માર્ગે પોતે જ શિક્ષણ મેળવ્યું હતું, તેનો લાભ અન્યને આપવાનું સ્વપ્ન શારદાબહેને સેવ્યું. તેના પ્રથમ સોપાન તરીકે તેમને વડોદરા રાજ્ય તરફથી નાના બાળકો માટે પુરાણોમાંથી ટૂંકી વાર્તાઓનું સંશોધન કરીને પુસ્તક લખવાનું કાર્ય તે વખતના વિદ્યાધિકારી જમશેદજી દલાલે સોંપ્યું. જે તેમણે સફળતાથી પાર પાડ્યું. તે પછી રમેશચંદ્ર દત્તે પોતાની અંગ્રેજી નવલકથા 'The Lake of Palms'નો તરજુમો (ભાષાંતર) કરવાનું કામ તેમને સોંપ્યું. જે તેમણે વિદ્યાબહેન સાથે કર્યું, જે 'સુધાહાસિની' નામે ગુજરાતીમાં પ્રસિદ્ધ થયું. જેનાથી રમેશચંદ્ર દત્ત પણ ખૂબ પ્રભાવિત થયા હતા અને ગુજરાતી અનુવાદ રસપૂર્વક વાંચ્યા બાદ શારદાબહેનને પાઠવેલા અભિનંદનપત્રમાં આ પુસ્તક વિશેનો પ્રામાણિક અભિપ્રાય પણ માગ્યો હતો. અહીં તેમાંની મહત્ત્વની નોંધ

ટાંકવી અસ્થાને નહીં ગણાય :

"Baroda
17th April, 1909

...Tell me your honest opinion, Sharda, do you not think I would do well to devote the remaining years of my life in writing such books as the Lake of Palms."[44]

આ પછી તેમણે આ સંદર્ભ (ભાષાંતર)નાં અન્ય કાર્યો પણ હાથ ધરીને સફળતાપૂર્વક પાર પાડ્યાં હતાં. આમ, વિદ્યાબહેનના જીવનઘડતરનાં જેટલાં પરિબળો કાર્યરત હતાં તેથી વિશેષ સાનુકૂળ સંજોગો શારદાબહેનને પ્રાપ્ત થયા હતા.

**સ્ત્રી શિક્ષણના વિચારો :**

સમયના વહેણ સાથે શારદાબહેનનું લેખન ખીલતું ગયું. તેઓ 'સુંદરીસુબોધ', 'સ્ત્રીબોધ' જેવાં સામયિકોના માધ્યમથી સ્ત્રીઓ, તેમનું શિક્ષણ, તેમનાં કર્તવ્યો વગેરે વિશેના પોતાના વિચારોને વાચા આપતાં હતાં. 'સુંદરી સુબોધ'માં તેમણે નોંધ્યું છે કે, "એટલું લક્ષમાં રાખજો કે કેળવણી એટલે હાલમાં સ્થપાયેલી શાળાઓમાં બે-ચાર ચોપડીઓનો અભ્યાસ અથવા ઠેઠ બી.એ., એમ.એ. સુધીનું જ્ઞાન, એ જ એવો મારો અર્થ નથી; સ્ત્રીની કેળવણીની બાબતમાં એટલું જ કહેવાનું છે કે જે પ્રમાણે પુરુષો સામાન્ય જ્ઞાન ઉપરાંત પોતપોતાના ધંધાની કેળવણી લે છે, તે પ્રમાણે જે પરિસ્થિતિમાં સ્ત્રીઓને જીવન ગાળવાનું છે તેની યોગ્ય કેળવણી લેવી જોઈએ."[૪૫] શારદાબહેનની આ નોંધ પરથી સ્પષ્ટ થાય છે કે, તેઓ માત્ર ઉપલક્રિયા કે પુસ્તકીયા શિક્ષણને પ્રાધાન્ય નથી આપતા. તે સાથે તેઓ સ્ત્રીશિક્ષણ અંગે એ બાબતને કેન્દ્રમાં રાખવાનું સૂચિત કરે છે કે, જ્ઞાન-કેળવણી સ્ત્રીને જે પરિસ્થિતિમાં રહેવાનાં છે, ત્યાં ઉપયોગી થવાં જોઈએ. આમ પણ શિક્ષણની સાર્થકતા ન રહે તો તેને મેળવવાનો અર્થ જ રહેતો નથી. વળી, તેઓ પુરુષોની કેળવણીનો વિસ્તાર ઘણો વધી ગયો હોવાથી આવા વિદ્વાન પુરુષોની ભાગીદારીની ગહન વાત પણ નોંધે છે.

બેસતા વર્ષમાં ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળના સભાસદોને સંબોધીને શારદાબહેને કહ્યું હતું કે, "સ્ત્રી-જાતિનો ઉદ્ધાર તેની કેળવણીના સદુપયોગને આધારે રહ્યો છે. માત્ર કેળવણી અને ઉપયોગી સંસ્થાઓ યોગ્ય સ્વતંત્રતા તથા જ્ઞાન આપવામાં સમર્થ છે. કેળવણીથી, જ્ઞાનથી, સ્ત્રીઓ પતિની સહચરી તથા શુભકાર્ય પ્રેરનાર સહકારિણી બનવા લાયક થઈ શકે. જે કાંઈ ઈષ્ટ છે, તે શુભ શિક્ષણને લીધે જ ઉત્પન્ન થાય છે."[૪૬] આ ઉલ્લેખ પરથી તારણ નીકળે છે કે, શારદાબહેન સ્ત્રીશિક્ષણને સમાજથી અલિપ્ત વિષય તરીકે નથી જોતાં, કે જેનો ઉદ્દેશ માત્ર સ્ત્રીઉન્નતિનો જ હોય કે પછી માત્ર સ્ત્રીવર્ગને જ આનો લાભ મળે. સ્ત્રી જો કેળવણી મેળવશે તો તેનાં શુભ પરિણામો તેના 'સ્વ' પૂરતાં જ સીમિત ન રહેતાં કુટુંબ, સમાજ, રાજ્ય અને દેશને પણ પ્રાપ્ત થાય છે. તેવો વિસ્તૃત ખ્યાલ તેઓએ રજૂ કર્યો છે. આમ સ્ત્રીકેળવણીના તેમના વિચારો નારીકેન્દ્રી નહીં, પરંતુ સાર્વત્રિક ઢબના હતા.

**સ્ત્રી સંસ્થાઓમાં શારદાબહેનનું પ્રદાન :**

શારદાબહેન તેમના જીવનકાળમાં વિવિધ સંસ્થાઓ અને મંડળોમાં ઉપપ્રમુખ કે પ્રમુખ તરીકે રહ્યાં હતાં. શ્રી બાજીગૌરી અને શ્રી. શિવગૌરી દ્વારા ૧૯૦૭માં સુરતમાં સ્થપાયેલ 'વનિતા વિશ્રામ' સંસ્થા શ્રી સુલોચનાબહેનનાં પ્રયાસથી અમદાવાદમાં શરૂ થઈ હતી. જેમાં ૧૯૧૪માં શારદાબહેનની મદદથી 'મહિલા વિદ્યાલય'ની સ્થાપના થઈ હતી. તેઓ 'જ્યોતિસંઘ'ની ૧૦ મે, ૧૯૩૫ની કાર્યવાહક સમિતિની બેઠકમાં ઉપપ્રમુખ તરીકે પણ ચૂંટાયાં હતાં. જે સંસ્થાઓ સ્ત્રીશિક્ષણ માટેનાં ભગીરથ પ્રયાસો કરતી તેને બિરદાવવાનું પણ શારદાબહેન ચૂક્યાં નથી. 'ભગિની સમાજ'ના કારોબારી મંડળના પ્રમુખ તરીકે તેમણે વાર્ષિક સંમેલનમાં

આપેલા ભાષણમાં તેનો સુંદર નમૂનો છે.

''કોઈ પણ કાર્ય સફળતાથી પાર ઉતારવા માટે શિક્ષણની જરૂર છે. સ્ત્રીઓમાં શિક્ષણની ખોટ છે. આ ખોટ પૂરી પાડવા માટે આ સંસ્થાએ એક ઉત્તમ માર્ગ લીધો છે ને તે એ છે કે દરેક સ્રીઉપયોગી વિષયની સરળ ભાષામાં નાની પત્રિકાઓ તૈયાર કરાવવી. Intellectual accomplishment બુદ્ધિની ખીલવણીને પ્રાધાન્ય આપવાનું નથી. સ્રી થતાં પહેલાં મનુષ્યત્વનું ભાન પ્રાપ્ત કરવાનું છે અને તે જ ક્રમ પ્રમાણે કન્યાને કેળવણી આપવી આવશ્યક છે.''[૪૭] ઊંડા અભ્યાસુ એવા શારદાબહેને આ ભાષણમાં રશિયન સ્ત્રીલેખકો અને સાલેહનુમ નામની અન્ય એક લેખિકા જેવી વિદેશની વિદુષી સ્રીઓનાં નોંધપાત્ર ઉદાહરણ પણ ટાંક્યાં હતાં, જે તેમની વિદ્વત્તાને પુરવાર કરવાની સાથે તેમને સ્રીશિક્ષણના ઉદ્દીપક સમા પણ બનાવે છે. તે દેશની ઉન્નતિ માટે સરકારી મદદનું પણ સૂચન કરે છે.

શારદાબહેને પુરુષપ્રધાન સમાજની આકરા શબ્દોમાં ટીકા કરી છે. પ્રણાલિ મુજબ પુરુષવર્ગ જ ઘર, કુટુંબ તથા સમાજ કે રાષ્ટ્રસ્તરે સર્વોપરિ હતો. સ્રીને શિક્ષણ લેવું છે કે નહિ ? તે તો બીજા ક્રમનો પ્રશ્ન હતો. પ્રથમ પ્રશ્ન તો એ હતો કે, પુરુષ સ્રીને શિક્ષણ આપવા ઇચ્છે છે કે નહિ ?! ગોધરામાં ભરાયેલ પ્રથમ 'ગુજરાત સંસારસુધારા પરિષદ' (૧૯૧૭)ના પ્રમુખસ્થાનેથી આપેલ ભાષણમાં શારદાબહેને નિર્ભિક રીતે પુરુષસમાજ પર આકરા પ્રહારો કર્યા હતા. પુરુષોને સંબોધીને તેમણે કહ્યું હતું કે, ''કેળવણીથી તમારી આંખ ઊઘડી છે, તેમને સત્યનો માર્ગ જડ્યો છે. તે કેળવણી તમારી અર્ધાંગનાઓને નહીં આપો તો તમારી એક જ આંખ ઉઘડેલી રહેશે. કદાચ એમ કહેવામાં આવશે કે, પુરુષો સ્રીઓને કેળવણી આપવાના મતની વિરુદ્ધ નથી. કન્યાશાળાઓ ને વિદ્યાલયો ખોલવાને તેઓ તૈયાર છે, પરંતુ આ સઘળા પ્રયાસ ઉપલકિયા જણાય છે. ઊંડા ખૂણામાં જોતાં સ્રીઓને કેળવણી આપવાની પુરુષોની ઇચ્છા છે જ નહિ. ગાડરિયો પ્રવાહ એમ કહે છે કે, કેળવણી આપવી જોઈએ તેથી તેમને એમ કહેવું પડે છે.''[૪૮] પુરુષો સ્રીશિક્ષણના હિમાયતી નથી, તેવો તેમનો દાવો પોકળ નથી, તે સાબિત કરવા તેમણે સ્ત્રીકેળવણીની હિમાયત કરનાર એક માસિકમાં સ્રીશિક્ષણ વિરુદ્ધ નીચેની કાવ્યપંક્તિઓ લખી છે :

''આફ્રિકા ને ઓસ્ટ્રિયાની ભૂગોળના વિહારિણી,
ઘરનાં બારી બારણે જાળાં બાઝ્યાં છે તે કહાડશો ક્યારે ?
છંદપ્રાસ વિનાના કવિ રાજાઓને ઝાટકો છો, સૂપડામાં દાળ ઝાટકશો ક્યારે ?
સરકારી બજેટ તપાસો છો, જરા ઘરનું બજેટ તપાસશો ક્યારે ?''[૪૯]

હજુ તો સ્રીકેળવણી તેના શરૂઆતના તબક્કામાં જ હતી. તેના અકુંર પણ ફૂટ્યા નહોતા, એવા સમયે સ્રી-શિક્ષણ વિરુદ્ધનાં આવાં લખાણો, કટાક્ષોની વચ્ચે સ્રીશિક્ષણનો પોકાર કરવો તથા પોતાની વાત પર અડગ રહીને કાર્ય કરવું તે કેટલું કઠિન હશે, તે સરળતાથી કલ્પી શકાય છે. શારદાબહેનના ચોટદાર ભાષણનાં તો ઇન્દુલાલ યાજ્ઞિકે પણ ખૂબ વખાણ કર્યાં હતાં : ''શારદાબહેને પ્રમુખ તરીકે જે ભાષણ કર્યું, તેમાં સ્રીઓની પરાધીન અને હીન દશા માટે કેળવાયેલા પુરુષોની સામે તેમણે તહોમતનામું પોકાર્યું. તેમના જુસ્સાદાર બોલ જેટલા ખરાવાદી હતા તેટલા જ સર્વને ચાનકરૂપ હતા. કડવાં સત્ય કહીને પ્રમુખે સંસારસુધારા માટે સત્યાગ્રહનો સોનેરી માર્ગ લેવાની સૂચના કરી તેથી આ પરિષદ દીપી ઊઠી.''[૫૦] આ દર્શાવે છે કે, પુરુષવર્ગમાં પણ કંઇક અંશે તેમની માન્યતાઓ, વિચારોને સ્વીકારવાનું શરૂ થયું હતું. જો કે ઇન્દુલાલ યાજ્ઞિકની જેમ સ્પષ્ટ રજૂઆત કરનારની સંખ્યા નહિવત્ હતી.

શારદાબહેન 'સ્રીઓને શિક્ષણ મળવું જ જોઈએ' તેવા વિચારો રજૂ કરીને જ અટક્યા ન હતાં, પણ સ્રીઓએ કેવા પ્રકારનું શિક્ષણ મેળવવું ? તેની પણ વિસ્તૃત છણાવટ કરે છે. સ્રીબોધ સામયિકમાં તેમણે લખ્યું

છે કે, ''સામાન્ય સ્ત્રી વર્ગ માટે શિક્ષણની યોજનામાં ગુજરાતી, ગૃહવિજ્ઞાન, આરોગ્ય, બાળઉછેર, સામાન્ય જ્ઞાન, ઉદ્યોગ-હુન્નરનું શિક્ષણ, પાકશાસ્ત્ર જેવી બાબતો સમાવિષ્ટ કરવી.''[૫૧] ગામડાંની સ્ત્રીઓ અને કન્યાઓને કેવું શિક્ષણ મળવું જોઈએ, તેની પણ ચર્ચા કરી હતી. ''ન્હાની બાળકીઓને અને બાળકોને શાળાઓમાં વાતચીત દ્વારા અને પુસ્તક દ્વારા શિક્ષણ મળવું જોઈએ અને મોટી ઉંમરની સ્ત્રીઓને રાતની વખતે અથવા જ્યારે તેમને નવરાશ મળે તે વખતે એકઠાં કરીને ભજનો, વાંચનો દ્વારા તાલીમ આપવી જોઈએ.''[૫૨] આ માટે તેમણે ચીન અને રશિયામાં મોટી સ્ત્રીઓને અપાતા શિક્ષણનો અભ્યાસ કરી રજૂઆત કરી હતી. જે તેમનો વૈશ્વિક ફલક પરનો સ્ત્રી અભ્યાસ દર્શાવે છે. વિશેષમાં સામાન્ય સ્ત્રીઓ, ગામડાંની સ્ત્રીઓ, નાની બાળાઓ એમ દરેક વર્ગને જીવનઉપયોગી અને સમયની સગવડતા પ્રમાણે શિક્ષણ પ્રાપ્ત થવું જોઈએ, એવું શારદાબહેન દૃઢપણે માનતા હતા. પ્રસ્તુત દૃષ્ટિકોણ આજે પણ સ્ત્રીશિક્ષણના સંદર્ભમાં ઉપયોગી પુરવાર થાય તેવો છે.

શારદાબહેને વિવિધ સંસ્થાઓમાં જવાબદાર હોદ્દા પર રહીને નિષ્ઠાથી ફરજ બજાવી હતી. તેઓની લેખનપ્રવૃત્તિ તો વડોદરા આવ્યા ત્યારથી વિકસિત બની જ હતી, તેની સાથે તેઓ 'મુકુલ' નામનું એક હસ્તલિખિત માસિક પણ પ્રગટ કરતા હતા, જેની ઇન્દુલાલ યાજ્ઞિકે પણ નોંધ લીધી છે. ''વરસો પર શારદાબહેનને ઘરે હું રહેતો, ત્યારે તેમનાં બાળકો, બીજા બાળમિત્રો સાથે મળીને શિશુમંડળ ચલાવતાં અને 'મુકુલ' નામનું એક હસ્તલિખિત માસિક પ્રકટ કરતાં, તેનાથી હું પરિચિત હતો. તેમાંથી ફૂલની કળી જેવી આશાસ્પદ અને સુમધુર વાતો અને લેખો પસંદ કરીને તેનો સંગ્રહ 'મુકુલ' નામથી મેં પ્રકટ કર્યો.''[૫૩] આ ઉપરાંત એમની આત્મકથા 'જીવન સંભારણા' (૧૯૩૮)માંથી એમના વ્યક્તિત્વનો તો ખરો જ સાથે ગુજરાતમાં સ્ત્રીશિક્ષણ-સુધારા પ્રવૃત્તિનો ઉત્તમ પરિચય થાય છે.

આમ, શારદાબહેન સુમન્ત મહેતા માત્ર પ્રથમ ગુજરાતી સ્ત્રીસ્નાતક (બી.એ.) જ નહીં પણ સ્ત્રી-શિક્ષણની આગેવાની દ્વારા સ્ત્રીશક્તિનું પ્રગટીકરણ પણ કરે છે. શારદાબહેને સ્ત્રીશિક્ષણના માળખામાં આમૂલ પરિવર્તન આણવા સ્ત્રીઓ માટે નૂતન અભ્યાસનું મહત્ત્વનું સૂચન કર્યું હતું. તેમનું અવસાન ૧૩ નવેમ્બર, ૧૯૭૦ના રોજ થયું. જીવનકાળમાં માત્ર 'સ્વ' વિકાસને જ પ્રાધાન્ય ન આપતાં સમગ્ર સ્ત્રીસમાજનો યોગ્ય શિક્ષણ પદ્ધતિ દ્વારા વિકાસ થાય તેવા પ્રયાસ તેમણે કર્યા.

## (૩) હંસા મહેતા : (૧૮૯૭-૧૯૯૫)

**જીવન ઘડતર :**

કેળવણી, બાલસાહિત્ય અને અનુવાદ જેવાં વિભિન્ન ક્ષેત્રોમાં નામના ધરાવનાર હંસા મહેતાનો જન્મ ૩ જુલાઇ, ૧૮૯૭ના રોજ સુરતમાં થયો હતો. તેમના પિતા મનુભાઈ મહેતા વડોદરાના દીવાન હતા. હંસા મહેતા ગુજરાતને પ્રથમ નવલકથા 'કરણઘેલો' (૧૮૬૬) આપનાર નંદશંકર તુળજાશંકરના પૌત્રી હતાં. આ રીતે તેમને દાદાનો સાહિત્યવારસો અને પિતાની બુદ્ધિક્ષમતા પ્રાપ્ત થયાં હતાં. તેમનાં માતા હર્ષદકુમારીનું બાળપણમાં મૃત્યુ થવાથી તેમનાં પિતાએ તેમની દેખરેખની જવાબદારી અદા કરી હતી. તેમના ઉછેર અંગે તેમનાં ભત્રીજી અમિતા વર્માએ નોંધ્યું છે કે, "Hansa Mehta was born in a modern upper middle class family of greats and was never treated like a woman. She was always like a son in the family."[54]

''અભ્યાસમાં તેજસ્વી, ગણિત અને ભૂમિતિ પર નાનપણથી જ પ્રભુત્વ. ૧૯૧૩માં મેટ્રિકની પરીક્ષામાં બહેનોમાં પ્રથમ. આથી 'ચેટફિલ્ડ પ્રાઇઝ' અને 'નારાયણ પરમાનંદ ઇનામ' મળ્યાં. નેતૃત્વશક્તિને લીધે 'બૉમ્બે પ્રેસિડેન્સી સ્ટુડન્ટસ ફેડરેશન'ની વડોદરા શાખાના પ્રમુખ ૧૯૧૮માં ફિલૉસોફી સાથે બી.એ.

(ઑનર્સ) થયાં.''[૫૫] આ રીતે હંસા મહેતાની પ્રારંભિક શૈક્ષણિક કારકિર્દી ખૂબ જ આશાસ્પદ રહી, જે સમગ્ર અભ્યાસકાળ દરમિયાન સતત જળવાઈ રહી હતી.

ઈ.સ. ૧૯૧૯માં હંસા મહેતા ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લૅન્ડ ગયાં હતાં. જ્યાં તેઓ સરોજિની નાયડુ અને રાજકુમારી અમૃતકૌરને મળ્યાં હતાં. ''૧૯૦૨માં જિનીવા ખાતેના આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં સરોજિની સાથે હિંદના પ્રતિનિધિ તરીકે હાજરી. એમ વૈશ્વિક કક્ષાએ સ્ત્રીઓની લડતનાં તેઓ અગ્રણી નેતા બન્યાં.''[૫૬] આ સમયે તેમની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. ભારત પરત આવ્યા બાદ તે ડૉ. જીવરાજ મહેતા સાથે લગ્નગ્રંથિથી જોડાયાં અને ૧૯૨૫માં મુંબઇ સ્થાયી થયાં હતાં.

**હંસા મહેતાની સ્ત્રીશિક્ષણની સંસ્થાકીય પ્રવૃત્તિઓ :**

હંસા મહેતાનાં મુખ્ય કાર્યક્ષેત્રોમાં સ્ત્રીવિકાસ અને કેળવણી અગ્રસ્થાને હતાં. તેઓ ઘણી સંસ્થાઓમાં પ્રમુખપદે, સભ્યપદે કે પછી અન્ય કોઈ જવાબદારી સાથે સંકળાયાં હતાં. શિક્ષણના ક્ષેત્રમાં તો પ્રાથમિકથી શરૂ કરી ઉચ્ચ કેળવણી સુધીના વિવિધ સ્તરે તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ''૧૯૨૬માં મુંબઈ મ્યુનિસિપલ સ્કૂલોની કમિટિમાં સભ્ય બની શૈક્ષણિક ક્ષેત્રે કાર્ય કરતાં-કરતાં વિશ્વવિદ્યાલયમાં ઉપકુલપતિ બન્યાં. ભારતમાં આ પહેલી ઘટના હતી કે કોઈ મહિલા કોઈ વિશ્વવિદ્યાલયની ઉપકુલપતિ હોય ! પછી તો વડોદરાના મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પણ આ પદે તે રહેલાં.''[૫૭] આ બાબતે ઇતિહાસકાર ડૉ. મકરન્દ મહેતાએ નોંધ્યું છે કે, ''મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રથમ વાઇસ ચાન્સેલર હંસાબહેન અને વાઇસ ચાન્સેલર પ્રોફેસર એ. આર. વાડીયા હતા. બંને વચ્ચે જે 'ટીમવર્ક' થયું તે તો ખાસ સંશોધનને પાત્ર છે. આ રીતે વિજ્ઞાન, ટૅકનોલૉજી અને મૅડીસીન ઉપરાંત સોશીયલ વર્ક્સ, હોમ સાયન્સ, પરફોર્મિંગ આર્ટ્સ ફાઇન આર્ટ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ જેવા વિભાગો જે ગતિથી વિકસ્યા તેના પરિણામે વિદેશના પ્રોફેસરો અને બૌદ્ધિકો પણ લોહચુંબકની જેમ આકર્ષાયા હતા.''[૫૮]

૧૯૨૭માં હૈદરાબાદમાં ભરાયેલા અખિલ મહિલા પરિષદમાં તેમણે આપેલ વ્યાખ્યાનની નોંધ દેશ-વિદેશના અખબારોએ લીધી હતી. તેમનું વ્યાખ્યાન 'સ્ત્રીઓના અધિકારના ચાર્ટર' તરીકે ઓળખાય છે. તેમણે વ્યાખ્યાનમાં કહ્યું હતું કે, ''જ્યાં સુધી દેશની યુવતીઓ આધુનિક શિક્ષણ લઈને નોકરી કે સ્વતંત્ર વ્યવસાય નહીં કરે ત્યાં સુધી તેનો કૌટુંબિક અને સામાજિક દરજ્જો સુધરવાનો નથી. આધુનિક શિક્ષણ અને આત્મનિર્ભરતા જ સ્ત્રીની મુક્તિની સાચી ચાલ છે.''[૫૯] આમ તેમણે પુરોગામી મહિલા નેતાઓથી આગળ વધી સ્ત્રી સ્વનિર્ભરતાનો ખ્યાલ રજૂ કર્યો હતો.

'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ' નામની સંસ્થાના વિકાસમાં હંસા મહેતાનું મહત્ત્વપૂર્ણ પ્રદાન હતું. ઇન્દુલાલ યાજ્ઞિકે નોંધ્યું છે કે, ''અમે (ઇન્દુલાલ યાજ્ઞિક, ડૉ. સુમન્ત મહેતા અને શારદાબહેન મહેતા) ગુજરાત સ્ત્રીકેળવણી મંડળ નામની નવી સંસ્થા સ્થાપી તેને પાઠશાળા સોંપી દેવાનું વિચાર્યું. તે મુજબ મેની આઠમી તારીખે સ્ત્રીકેળવણીમાં રસ લેતા અમદાવાદના સ્ત્રી-પુરુષોની પહેલી સભા અમે મેળવી. બીજે જ દિવસે નવા મંડળનું બંધારણ પસાર કરીને તે મુજબ સભાસદ નોંધવાનું અમે શરૂ કર્યું. દીવાન મનુભાઈના પુત્રી હંસાબહેન મહેતા શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને ગાંધીજીની સજાને દિવસે અમદાવાદની કચેરીમાં આવેલા ત્યારથી મેં તેમનો સંપર્ક સાધેલો. મેં તેમને નવા મંડળના સભ્ય થવા અને બધી રીતે સહાય કરવા વિનંતી કરી તે તેમણે ખુશીથી સ્વીકારી અને બીજા સભ્યો નોંધવામાં મદદ કરી. સંસ્થા સુયોગ્ય ને સ્થાયી કાર્યવાહકોને સોંપતા તેની ઉત્તરોત્તર પ્રગતિ નિશ્ચિત થઇ.''[૬૦] પ્રસ્તુત વર્ણન બતાવે છે કે સ્ત્રી શિક્ષણની પ્રવૃત્તિને તેઓએ ફરજ અને જીવનધ્યેય તરીકે સ્વીકાર્યું હતું. વિશેષમાં ઇન્દુલાલ યાજ્ઞિક જેવા નેતા હંસાબહેનનું હીર પારખે તે વાત મહત્ત્વની બને છે.

હંસાબહેન મહેતા જ્યારે માધ્યમિક શિક્ષણ સમિતિના સભ્ય હતા ત્યારે તેમણે સમગ્ર અભ્યાસક્રમ અંગે ઘણાં સૂચનો કર્યાં હતાં, તેની સાથે સાથે સ્ત્રી શિક્ષણના અભ્યાસક્રમમાં ઘણા ફેરફારો કરવાની આવશ્યકતા છે, એમ ભારપૂર્વક જણાવ્યું હતું. ઈ.સ. ૧૯૬૨માં નિમાયેલી હંસા મહેતા કમિટીમાં તેઓએ સ્ત્રીશિક્ષણ સંબંધી નીચે મુજબનાં ઘણાં સૂચનો કર્યાં હતાં.

''હંસા મહેતા કમિટી : ઈ.સ. ૧૯૬૨

(૧) છોકરા અને છોકરીઓ માટેના શિક્ષણમાં જે તફાવત છે તેની વચ્ચે ઝડપથી સમાનતા સાધવાનો પ્રયાસ કરવો.

(૨) સ્ત્રી શારીરિક અને બૌદ્ધિક દૃષ્ટિએ પુરુષ કરતાં ઊતરતી કક્ષાની હોવાની પરાપૂર્વની માન્યતાઓને નિર્મૂળ કરવી જોઈએ.

(૩) સ્ત્રીઓને તેમણે અનુકૂળ અભ્યાસક્રમની પસંદગી કરવા દેવી જોઈએ.

(૪) પ્રાથમિક કક્ષાએ છોકરા અને છોકરીઓ માટે અભ્યાસક્રમમાં તફાવત ન રાખવો.

(૫) માધ્યમિક અને કૉલેજ કક્ષાએ સંપૂર્ણ સ્વતંત્રતાની દૃષ્ટિએ સ્ત્રીઓ માટે અલગ સંસ્થાઓ રાખવી.

(૬) ગૃહવિજ્ઞાન અને લલિતકળા જેવા વિષયો કન્યાઓ માટે દાખલ કરવા.

(૭) ભાષા અને સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકોમાં સ્ત્રીઓ માટેના ખાસ તહેવારોને આવરી લેવા તેમજ કન્યાઓને મનપસંદ રમતો અને મહાન સ્ત્રીઓના જીવનની હકીકત લેવી.

(૮) પરણેલી સ્ત્રીઓ માટે પાર્ટ-ટાઇમ નોકરી કરી શકે તે માટેની વ્યવસ્થા કરવી.''[૬૧]

આવાં સૂચનો દ્વારા હંસા મહેતાનો સ્ત્રીશિક્ષણ સંદર્ભનો વ્યાપક દૃષ્ટિકોણ સ્પષ્ટ થાય છે. હકીકત એ જ છે કે જો શિક્ષણનો ક્રમ કોઈ ઉદ્દેશ વિના જ ઘડવામાં આવે તો સ્ત્રી અને પુરુષ એમ બંને વર્ગ પોતાના ક્ષેત્રમાં પૂર્ણતા પ્રાપ્ત કરી શકતાં નથી. આ બાબતને હંસા મહેતાએ ઘણી સારી રીતે પચાવી છે, તેથી જ તેમણે પ્રાથમિક કક્ષા સુધી છોકરા અને છોકરીઓના અભ્યાસક્રમમાં કોઈ તફાવત સૂચિત કર્યો નથી. તથા સહશિક્ષણને પૂર્વ પ્રાથમિક કક્ષાએ આવકારદાયક ગણ્યુ છે, પણ પછીથી તેઓ સંપૂર્ણ સ્વતંત્રતાની દૃષ્ટિએ સ્ત્રીઓ માટે અલગ સંસ્થાની હિમાયત કરે છે. સાથે-સાથે કન્યાઓ માટેના વિશિષ્ટ વિષયોને પણ અભ્યાસક્રમમાં સ્થાન આપવાની ભલામણ કરે છે, જે મહત્ત્વનું છે. તેમનાં સૂચનો - ભલામણમાં નાની વયની કન્યાથી માંડીને ગ્રામ્ય સ્ત્રી, પરણેલી સ્ત્રી એવા દરેક વર્ગ માટે મહત્ત્વની નોંધ મળે છે, જે તેઓના ઊંડા અભ્યાસને ચરિતાર્થ કરે છે. આમ, હંસા મહેતાએ સ્ત્રીશિક્ષણ સંદર્ભે પોતાનાં સૂચનો અને ભલામણો દ્વારા દિશાનિર્દેશ કર્યો હતો, જેનાથી સ્ત્રીશિક્ષણનાં નવાં દ્વાર ખુલ્યાં હતાં. તેમની આ ભલામણો આજના સમય માટે પણ મહત્ત્વની થઈ પડે તેવી છે.

'સ્ત્રીજીવન' સામયિકમાં નોંધાયું છે કે, ''આજે લગભગ દરેક કૉલેજના સ્ટુડન્ટસ યુનિયનોની બોલબાલા છે. એના પ્રથમ સ્થાપક હોવાનું બહુમાન શ્રીમતી હંસાબહેનને ફાળે જાય છે. એનો હેતુ હતો યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓનો અવાજ સંભળાવવાની સુવિધા આપવાનો. મહારાજા સયાજીરાવની આર્ષદૃષ્ટિ અને એમની કલ્પનાને એમણે શૈક્ષણિક ક્ષેત્રમાં સાકાર કરી બતાવી.''[૬૨] ''નવા ગુજરાતે સેવાભાવી સ્ત્રી કાર્યકરો ઉત્પન્ન કર્યા છે તેમાં જયશ્રીબહેન રાયજી અને હંસાબહેન મહેતા એ બંને બહેનોનાં નામ સુપરિચિત છે.''[૬૩] આ રીતે હંસા મહેતાએ સ્ત્રીશિક્ષણની પ્રગતિ અર્થે મહત્ત્વનાં કાર્યો કર્યાં હતાં. ઉપરાંત તેઓ પત્રકારત્વ ક્ષેત્રે પણ

સંકળાયેલા હતાં. તેઓ 'હિન્દુસ્તાન' સાપ્તાહિકના સહતંત્રી અને પછી મુંબઈની 'ભગિની સમાજ'ની પત્રિકાનાં તંત્રી પણ બન્યાં હતાં. ''ગાંધીજીએ 'નવજીવન' કાઢ્યું હતું, તેવી જ રીતે ગુજરાતી ભાષા દ્વારા પ્રગતિશીલ વિચારોનો પ્રચાર કરવા માટે શ્રી લોટાવાળાએ પોતાનું 'હિન્દુસ્તાન' દેશને અર્પણ કર્યું. ખુલ્લી રીતે શ્રીમતી હંસાબહેન મહેતા અને ખાનગી રીતે પ્રો. શાહ (K.T.Shah) આ પેપરનું સંચાલન કરતા હતા.''[૬૪] આમ, સ્ત્રીપત્રકારત્વ તરીકેની સફળ ભૂમિકા એ હંસા મહેતાના જીવનનું નવું પાસું છતું કરે છે.

હંસા મહેતાનું નિધન ૪ એપ્રિલ, ૧૯૯૫માં મુંબઈમાં થયું હતું. 'Time of India' એ તેમને અંજલિ આપતાં નોંધ્યું છે કે,"The Passing away of Dr. (Mrs.) Hansa Mehta is like the passing away of an era in the genesis of Maharaja Sayajirao University which owes many of its birth-marks of this vice-chancellor or who first handled the reins of the erst while Baroda college."[65]

**વિદ્યાબહેન નીલકંઠ, શારદાબહેન મહેતા અને હંસાબહેન મહેતાનો તુલનાત્મક અભ્યાસ :**

૧૯મી અને ૨૦મી સદીની ત્રણ મહાન સ્ત્રીશિક્ષણવિદોના પ્રદાનનું વર્ણન અને વિશ્લેષણ પછી તેમની તુલના પણ રસપ્રદ બનશે. ત્રણેય સ્ત્રી શિક્ષણવિદોના-અધ્યયનમાંથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છે :

(૧) ત્રણે સ્ત્રીઓ ગુજરાતની નાગર જ્ઞાતિની એટલે કે ભદ્રવર્ગીય સ્ત્રીઓ હતી.

(૨) ત્રણે સ્ત્રીશિક્ષણવિદોને કૌટુંબિક અને સામાજિક સંજોગો સાનુકૂળ પ્રાપ્ત થયા હતા.

(૩) ત્રણે સ્ત્રીનેતાઓનો શૈક્ષણિક વિકાસ માત્ર વૈયક્તિક ન હતો પરંતુ આમ સ્ત્રીસમાજમાં સ્ત્રીશિક્ષણ અને સુધારાનો પ્રચાર અને પ્રસાર થાય તે રીતે તેઓએ સાર્વજનિક રીતે તેમના વિચારો લેખિત-મૌખિક સ્વરૂપમાં રજૂ કર્યા હતા. જેનો ઉલ્લેખ કરેલો જ છે. આમ તેઓ સ્ત્રીબૌદ્ધિકો તરીકે પ્રસ્થાપિત થાય છે.

(૪) વિદ્યાબહેન, શારદાબહેન અને હંસાબહેન મહિલા પ્રતિનિધિઓ હોવાની સાથે નગરીય સ્ત્રીનેતાઓ બને છે, કારણ કે તેઓનો ઉછેર, અભ્યાસ અને વિકાસ નગરોમાં થયો હતો.

(૫) વિદ્યાબહેન અને શારદાબહેનના સમયના સ્ત્રીશૈક્ષણિક સંજોગો સહેજ વિપરીત હતા છતાં તેમાંથી માર્ગ કાઢી તેઓએ સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે એક નવી કેડી કંડારી આપી હતી. એ પરિપાટી પર હંસાબહેન મહેતા જેવી સ્ત્રીશિક્ષણવિદોનો માર્ગ પ્રશસ્ત થયો હતો. એટલે હંસાબહેનની શૈક્ષણિક વિકાસ યાત્રાનો પાયો વિદ્યાબહેન અને શારદાબહેન જેવી તેમની પુરોગામી સ્ત્રીનેતાઓમાં જોઈ શકાય. ત્રણેના સમય-સંજોગોમાં ઘણો તફાવત હતો. વિદ્યાબહેન અને શારદાબહેને સ્ત્રીઓની ઉચ્ચ શિક્ષણ-પ્રાપ્તિની દિશામાં પાયાનું કાર્ય કર્યું. પરિણામે ગુજરાતી સમાજમાં સ્ત્રીશિક્ષણ અને સુધારાના ક્ષેત્રે હકારાત્મક દિશામાં લોકમતનું નિર્માણ થયું. તેઓએ લેખો, ભાષણો અને ક્ષેત્રકાર્ય દ્વારા સ્ત્રીશિક્ષણના પાયા પર મજબૂત ઈમારતનું નિર્માણ કર્યું. હંસાબેનનો સમય તેમના પુરોગામીઓ કરતાં માત્ર બેએક દાયકાનો પાછળ હોવા છતાં તે સમયે સ્ત્રીશિક્ષણના ક્ષેત્રે સ્વસ્થ વાતાવરણ પેદા થઈ ચૂક્યું હતું. એનો લાભ લઈ તેઓ સ્ત્રીશિક્ષણ સંસ્થાઓ અને આઝાદી પછી સ્થપાયેલી યુનિવર્સિટીઓમાં મહત્ત્વના હોદ્દા સુધી પહોંચી શક્યાં હતાં.

વિદ્યાબહેન નીલકંઠ, શારદાબહેન મહેતા અને હંસાબહેન મહેતાના સ્ત્રીશિક્ષણના ક્ષેત્રે પ્રદાનને મૂલવતાં જણાય છે કે તેઓ ત્રણે ગુજરાતી સમાજમાં સ્ત્રીશિક્ષણના ઉદ્દીપક તરીકે ઊભરી આવે છે. ૧૮૫૦માં બે છોકરીઓથી શરૂ થયેલી ગુજરાતમાં સ્ત્રીશિક્ષણની યાત્રામાં ઉપરોક્ત ત્રણે શિક્ષણકારો મહત્ત્વના સીમાસ્તંભો છે. આજે ગુજરાતી સ્ત્રીઓએ દેશ અને દુનિયામાં શિક્ષણની વિવિધ શાખાઓ જેવી કે વિજ્ઞાન, ટેક્નોલૉજી,

મેનેજમેન્ટ વગેરેમાં હરણફાળ ભરી છે. પરંતુ આજની સ્ત્રીશિક્ષણની સિદ્ધિઓને મૂલવીએ ત્યારે ઇતિહાસના ગર્ભમાં વિદ્યાબહેન, શારદાબહેન અને હંસાબહેન જેવી સ્ત્રીશિક્ષણવિદોના જીવન અને કાર્યને ક્યારેય અવગણી ન શકાય. આજની સ્ત્રીશિક્ષણની પ્રવૃત્તિઓની વ્યાપક્તાનાં મૂળિયાં ઉપરોક્ત સ્ત્રીનેતાઓમાં પડેલા છે એ ન ભૂલવું જોઈએ. તેથી જ કહી શકાય છે, "People threw stones at them and they turned them into milestones."

## પાદટીપ


૧. Desai Neera, *Women in Modern India*, Bombay, 1957, p.7.
૨. ઠક્કર, પ્રવીણા, 'ગુજરાતનો સ્ત્રીશિક્ષણનો ઇતિહાસ', અમદાવાદ, ૧૯૭૯, પૃ.૩.
૩. મહેતા, ઇન્દુબહેન, 'સ્ત્રી કેળવણી', (સંપા. રામલાલ પરીખ), ''ગુજરાત એક પરિચય,'' ભાવનગર, ૧૯૬૧, પૃ. ૩૬૫.
૪. મહેતા, મકરન્દ, 'ગુજરાતના ઘડવૈયા', ગ્રંથ ૧, અમદાવાદ, ૨૦૦૭, પૃ.૯૦.
૫. પારેખ, હીરાલાલ, 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ', અમદાવાદ, ૧૯૩૨, પૃ.૩૧.
૬. ત્રિવેદી, નવલરામ, 'સમાજ-સુધારાનું રેખાદર્શન', અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૨૫-૨૬.
૭. દેસાઇ, નીરા, 'ભારતીય સમાજમાં સ્ત્રીજીવન', મુંબઇ, ૧૯૬૩, પૃ. ૧૧૪.
૮. એજન, પૃ. ૨૨૦.
૯. મહેતા, ઇન્દુબહેન, પૂર્વોક્ત, પૃ. ૩૬૬
૧૦. દેસાઈ, નીરા, પૂર્વોક્ત, પૃ. ૧૧૭
૧૧. ઠક્કર, પ્રવીણા, પૂર્વોક્ત, પૃ.૮,
૧૨. દીવેટીઆ, કૃષ્ણરાવ, 'નારી શિક્ષા', અમદાવાદ, ૧૯૨૦, પૃ. ૮૬.
૧૩. નીલકંઠ, વિદ્યાબહેન, 'ફોરમ' અમદાવાદ, ૧૯૫૫, પૃ.૫.
૧૪. મ્હેડ, સુસ્મિતા, 'વિદ્યાબહેન નીલકંઠ', જીવનઝાંખી', અમદાવાદ, ૧૯૮૯, પૃ.૨૬.
૧૫. એજન, પૃ. ૧૬-૧૭.
૧૬. નીલકંઠ, વિદ્યાબહેન, પૂર્વોક્ત, પૃ. ૧૨૭.
૧૭. એજન, પૃ. ૧૩૦
૧૮. ઝવેરી, બિપીનચંદ્ર, 'રમણભાઈ નીલકંઠ,' અમદાવાદ, ૧૯૫૩, પૃ. ૧૯-૨૦
૧૯. એજન, પૃ.૨૧
૨૦. ઠાકર, ધીરુભાઈ (સંપાદક), 'ગુજરાતી વિશ્વકોશ', ખંડ ૧૦, અમદાવાદ, ૧૯૯૮, પૃ. ૨૭૭.
૨૧. ઝવેરી, બિપીનચંદ્ર, પૂર્વોક્ત, પૃ.૨૨
૨૨. નીલકંઠ, વિદ્યાબહેન, 'નારીકુંજ', અમદાવાદ, ૧૯૫૬, પૃ.૫
૨૩. ઠક્કર, પ્રવીણા, પૂર્વોક્ત, પૃ.૭૨.
૨૪. નીલકંઠ, વિદ્યાબહેન, 'નારીકુંજ', પૃ. ૯-૧૦.
૨૫. એજન, પૃ.૩૮.
૨૬. એજન, પૃ. ૭૨.
૨૭. મ્હેડ, સુસ્મિતા, પૂર્વોક્ત, પૃ. ૪૭.
૨૮. ભટ્ટ, ઉષા, 'અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વશક્તિ', અમદાવાદ, ૧૯૮૨, પૃ. ૨૦૩.
૨૯. યાજ્ઞિક, ઇન્દુલાલ, 'આત્મકથા' ભાગ-૧, મહેમદાવાદ, ૧૯૫૫, પૃ. ૨૩૭.
૩૦. ઠક્કર, પ્રવીણા, પૂર્વોક્ત, પૃ. ૭૨-૭૩.
૩૧. મહેતા, ગગનવિહારી (વ્યાખ્યાતા), 'શ્રી વિદ્યાબહેન સ્મારક વ્યાખ્યાનો', અમદાવાદ, ૧૯૬૪, પૃ. ૩૫.
૩૨. મહેતા, શારદાબહેન, 'જીવન સંભારણા', વડોદરા, ૧૯૩૮, પૃ.૬-૭.

૩૩. એજન, પૃ. ૧૨.
૩૪. ઝવેરી, બિપીનચંદ્ર, પૂર્વોક્ત, પૃ.૨૦
૩૫. મહેતા, શારદાબહેન, પૂર્વોક્ત, પૃ.૧૭.
૩૬. એજન, પૃ.૨૨.
૩૭. એજન, પૃ.૧૭.
૩૮. એજન, પૃ.૨૦-૨૧.
૩૯. એજન, પૃ.૩૦.
૪૦. મહેતા, સુમન્ત, 'સમાજદર્પણ', અમદાવાદ, ૧૯૬૪, પૃ. ૧૮૬-૧૮૭.
૪૧. એજન, પૃ. ૩૧.
૪૨. એજન, પૃ. ૫૨
૪૩. ઠાકર, ધીરુભાઈ (સંપાદક) 'ગુજરાતી વિશ્વકોશ', ખંડ-૧૫, અમદાવાદ, ૨૦૦૨, પૃ. ૫૩૬.
૪૪. મહેતા, શારદાબહેન, પૂર્વોક્ત, પૃ. ૭૩-૭૪.
૪૫. 'સુંદરી સુબોધ', પુસ્તક ૧૨મું, ડિસેમ્બર, ૧૯૭૪, અંક ૪થો, 'સ્ત્રીનાં કર્તવ્ય', પૃ. ૧૨૩.
૪૬. 'સુંદરી સુબોધ', સપ્ટે.-ઓક્ટો., ૧૯૧૬, અંક ૯-૧૦, 'બેસતા વર્ષમાં ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળના સભાસદોને બે બોલ', પૃ. ૫૦૮-૫૦૯.
૪૭. 'સુંદરી સુબોધ', એપ્રિલ-મે, ૧૯૧૭, અંક ૪-૫, 'ભગિની સમાજ વાર્ષિક સંમેલન', પૃ. ૧૮૩, ૧૮૬
૪૮. 'સુંદરી સુબોધ', માર્ચ-એપ્રિલ, ૧૯૧૮, અંક ૩-૪, 'સંસારસુધારા પરિષદ' નામના લેખમાંથી, પૃ. ૧૨૦.
૪૯. એજન, પૃ. ૧૨૧-૧૨૨.
૫૦. યાજ્ઞિક, ઇન્દુલાલ, 'આત્મકથા', ભાગ ૨, અમદાવાદ, ૧૯૫૫, પૃ. ૫૬.
૫૧. 'સ્ત્રી બોધ', ફેબ્રુઆરી, ૧૯૨૩, વર્ષ ૬૭, અંક ૨જો 'ગુજરાતમાં સ્ત્રી કેળવણી' નામના લેખમાંથી, પૃ. ૫૮-૫૯.
૫૨. 'સ્ત્રીબોધ', માર્ચ, ૧૯૩૮, વર્ષ ૮૨, અંક ૩જો, 'ગામડાંની સ્ત્રીઓ અને કન્યાકેળવણી' પૃ. ૨૧૪.
૫૩. યાજ્ઞિક, ઇન્દુલાલ, 'આત્મકથા', ભાગ ત્રીજો, અમદાવાદ, ૧૯૫૬, પૃ. ૧૧૨.
૫૪. The Times of India, April 6, 1995
૫૫. ઠાકર, ધીરુભાઈ (સંપાદક), 'ગુજરાતી વિશ્વકોશ', ખંડ-૧૫, પૃ.૫૪૦.
૫૬. એજન
૫૭. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૧૪૨મું, માર્ચ-એપ્રિલ, ૧૯૯૫, અંક ૩-૪, '(સ્વ.) શ્રીમતી હંસા મહેતા' લેખમાંથી.
૫૮. ગુજરાત સમાચાર, તા. ૪ મે, ૨૦૦૮ના 'આધુનિક વિઝનરી અને પ્રવાહક હંસાબહેન મહેતા' નામના ડૉ. મકરન્દ મહેતાના લેખમાંથી.
૫૯. એજન
૬૦. યાજ્ઞિક ઇન્દુલાલ, 'આત્મકથા', ભાગ ત્રીજો, પૃ. ૬૩-૬૪.
૬૧. ઠક્કર પ્રવીણા, પૂર્વોક્ત, પૃ. ૧૦૧-૧૦૨.
૬૨. 'સ્ત્રીજીવન', વર્ષ ૫૭, અંક ૧૧ મો, સપ્ટેમ્બર ૧૯૯૬, 'શ્રીમતી હંસા મહેતા' નામના લેખમાંથી.
૬૩. મહેતા, સુમન્ત, પૂર્વોક્ત, પૃ. ૧૨૧.
૬૪. એજન, પૃ. ૧૫૨.
૬૫. The Times of India, April 6, 1995

# Karma, Punarjanma and Vegetarianism : A Hindu Perspective

◆

**Dr. Rasesh Jamindar**

Presently all of us breathe, rather say live, in increasingly technological societies on a globe that gets everyday a little smaller. This has made our lives very complex. Understandably, the traditional answers to our great questions of life and death no longer seem to satify us as they did our ancestors in years past.

The answers, that the religions of Asia in general and that of Bhārat in particular, offer to these fundamental problems engraved in our minds about that of human existence open up afresh perspective that may, in the fullness of time help to generate and accelerate a more satisfying world view for all of us.

To rescue us from this complexity, here we have two books from Sādhu Mukuṅdcharaṇdās : (1) Vegetarianism : A Hindu perspective (2008) and (2) Karma and Reincarnation in Hinduism (2009); which help us to dive deep to get gem-answers and a clear perspective. The books that you hold in your hands should be considered a passport to understand these fascinating questions as embodied in the title of this review.

As we know, since time immemorial religion has been the guiding spirit of the growing societies on the globe. Religion is basically a pivotal point for maintaining individual, national and international peace in society. Religion has made its beginning on the basis of absolute right faith in the existence of the Jiva having deep foundation based on natural facts and truths. It is supposed to observe the spiritual discipline and practices and establish inter-religious harmony and social justice not only amongst human species but also towards animal species. To have more fundamental thoughts in this regard you must read Sādhu Mukundcharandas's book on Vegetarianism. It is no doubt a very thought-provoking and intereseting book with facts and figures along with opinions and statements by scholars of then and now as well as western and eastern.

According to the Geetā, religion contributes to wipe out vengeance, violence, encroachment, bigotry and fraud from society and provides creative, cooperative and constructive solutions to the world's dilemmas. *Vegetarianism* clarifies the cobwebs from our minds.

The author's second book, i.e. *Karma and Reincarnation in Hinduism*, helps us to refrain from any sort of dogmatism. We must know that devotion and faith are not lifeless energies. Both knowledge and faith are two insperable companions in the Universe; for knowledge is science and faith is religion. Religion without science is

* બી/૧૦, વસુ, એપાર્ટમેન્ટ્સ, શ્રીજી પેલેસ સામે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

blind and science without religion is lame. This is aptly shown in this book.

Hence, the study of the Hinduism and to understand the Hindu perspective for humane life are one of the central tasks in the growing world intellectual synthesis that marks the beginning of this century. The author has cogently expressed his understanding to follow that approach; for that he has very elaborately and painstakingly, but patiently and pointedly given us a broad canvass; for our's is a big land of many different traditions and languages and more so a long historio-cultural tradition. Hence, special efforts have been made in these books to organise the material in a manner that will help the reader and seeker with little or no back-ground in the studies of subcontinental *Bharatiya Saṁskruti* to understand the complexity of this interesting region. i.e. *Bharat-desh* and its fascinating religious systems having universal foundations.

As we know religion is not a static thing but rather a living and evolving organism and, therefore, the religious traditions are lucidly examined here beginnig with *Karma* and proceeding to *Punarjanma*. Hence these two books enable both aspirants and scholars to understand the historio-cultural circumstances in which various and variegated faiths of our subcontinent developed with good illustrations as well as a scientific approach along with true examples making an interesting reading. He has very aptly proved the crux embodied in our faiths and traditions with scientific evidence and mechanism. These two books allow us to deal with those problems one after another with flowing language and apt illustrations. What attracts the reader more is best argued in a historical context. The approach here of the author is that it speaks to the heart as well as the head simultaneously.

As we know, no book of research is written in total isolation and certainly not a book of this nature which covers such an immense field of knowledge as the study of *Karma, Punarjanma* and *vegetarianism.*

On cover page four of *Karma and Reincarnation in Hinduism* the author has said about the book thus: Globally over one billion Hindus believe in *Karma* and *Pūnarjanma.* This book examined these two interdependent principles. Part I deals with the principles of *Karma* examining how our past and present karmas affect our present and future lives. Part II discusses *Punarjanma* with examples from the *shāstras* and those discovered by researchers studying children who remember past lives, along with evidence of birthmarks, *deja vu* and xenoglossy. Finally it cites injunctions of the *shastras* of *Sanātan Dharma* about how one can transcend the miserable and perpetual cycle of rebirth. *Iti.* This reviewer after reading this book minutely found that the author's submission is that of truth and nothing else.

The substance of this book consists of 117 pages, followed by five pages of Glossary, four pages of Bibliography and preceded by 15 pages of contents and introduction. The Principle of *Karma* has seven chapters followed by second part with nine chapters pertaining to Reincarnation. At the end of the book there are three appendices followed by frequently asked questions numbering 24 of which 14 such

questions are part of the main text.

Chapters are : (1) The Principle of Karma, (2) Karma and Karma Samskāra, (3) Saguṇ and Nirguṇ Karmas, (4) Karma and its fruits, (5) The Jiva's free will and Karma, (6) The effects of eight factors on the principle of Karma, (7) Karma and the bond of debts, (8) The Principle of reincarnation in Sanātan Dharma, (9) Reincarnation cited in the Shāstra, (10) The benefits of belief in reincarnation, (11) The reasons of reincarnation, (12) Evidence of reincarnation, (13) The scientific evidence-1 (14) The scientific evidence - 2 (15) The mechanism of death and (16) The Jiva's goal : Liberation from rebirth. There are three appendices : (1) Yamapuri / Narak (infernal regions), (2) Preta (Ghosts), (3) Brief medical report of Heli Patel's Near-death experiences.

It is the global experience that *Jeevātmā* is born and reborn into an endless series of bodies and lives. The fundamental concept of *Sanātan Dharma* is that of *Karma* and the belief in an endless cycle of human *Purarjanma* is so much a part of ancient religious thought of our country. It is found not only in Hinduism but in Buddhism, Jainism and Shikhism as well.

These principles have been put before us with analytical and evidential discussion by the author in this book which not only gives an intersting reading but also helps us to understand the oftrepeated questions of *Karma* and *Punarjanma*.Every one should read this book thoroughly. To enhance the main substance the author has given 12 black and white photos, and four diagrams.

The author's second book is on *vegetarianism*. This aspect is again based on one's *Karma*. What to eat is one's own choice but at the same time one has no right to injure other creatures for just food. This is the Hindu perspective which has been thoroughly discussed in this book embodying the concept of *Live And Let Live*. According to the author this small and handy 'book attempts to present vegetarianism from the Hindu perspective. Each chapter of the book begins with a relevant *Sanskrit* verse from the texts of *Sanātan Dharma* which convey the sentiments and foresight of its *rishis* and *avatārs*. This helps the reader to appreciate the vegetarian ethic from the Hindu viewpoint. This involves a brief examination of the law of Karma, the concept of *Ahimsā*-non injury and the concept of diet purity necessary not only for a healthy, physical life but for inner peace and spiritual enlightenment as well.'

Globally many people are increasingly resorting to vegetarianism steadily. However, some *Bharatiyas* some how do not understand the utility of vegetarianism. The publication of this book involves the importance of becoming vegetarian at a pressing time when the debate on eating vagetables or meat is on the front line. While some might see this as a form of social phenomenon, it could equally be seen as a source of hope and encouragement for people whose concern for the environment induced them to become vegetarian. Fortunately, the concept of vegetarianism is gaining momentum. It is scientifically presented in this book with facts and figures.

This book is illustrated with 60 coloured photographs, two maps & four charts. To elaborate this subject further, the author has given nine appendices followed by four pages of bibliography, a four-page index and a glossary. This book is interesting and readable. There are seven chapters : (1) The Human Body, (2) Nutrition, (3) Cruelty, (4) Ecological Hazards, (5) Law of Karma, (6) Ahiṁsā and (7) Hindu Diet : Purity and Spirituality. Appendices are : (1) Vegetarianism in World Religions, (2) Clarification about Ahimsā and Yajñas in the Shāstras, (3) The Sacred Cow, (4) Diet codes and animal welfare in the Swāminārāyaṇ Sampradāy, (5) Cattle camps and Animal Husbandry by BAPS, (6) Frequently Asked questions, (7) Homemade groundnut milk, (8) Vegetarian Recipes and (9) Famous Vegetarians. Appendix 6 is very important as it poses fundamentals to understand the crux of problems hounded to us.

Both these books are simple and straight forward in approach but at the same time expressed with a research aptitude. Understandably, it seems that the author is well read and without exaggeration he has presented the most frequently asked questions in a lucid manner. The writing is flowing with quotes and references and thus makes a piece of historical research. Both books, thus, are documentary and analytical.

This reviewer feels that every one should read these books and heartily congratulate the author for giving us these books to enrich our knowledge of the important problems. Most importantly, the publisher Swāminārāyaṇ Aksharpith of Amadavad, equally deserves my commendation for good publication.

* *Karma and Reincarnation in Hinduism*, first edition 2009, Cost Rs. 30 and *Vegetarianism : A Hindu perspective*, first edition 2008, cost Rs 30, authored by Sādhu Mukundcharaṇdas and published by Swāminārāyaṇ Akshapith, Shahibaug Road, Amadavad, 380004

# 'વેદવિચાર'+ એક સમીક્ષા

◆

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા

ઓગણીસમી સદીની છેલ્લી અને વીસમી સદીની પહેલી પચીસી ગુજરાતના કેટલાક વિદ્વાનો દ્વારા પાંડિત્યપૂર્ણ અને સંશોધનલક્ષી સાહિત્ય સેવાની રહી. જેને દાર્શનિક ચિંતન મનન અને સાહિત્યલેખનમાં પોતાનું જીવન સમર્પી દીધું હતું. એ નામોમાં મ. ન. દ્વિવેદી, ગો. મા. ત્રિપાઠી, આનંદશંકર ધ્રુવ, ન. દે. મહેતા, નરસિંહરાવ દિવેટિયા વગેરે ગણાવી શકાય. એમાં ઉમેરી શકાય એવું નામ સ્વ. રા. સા. પુ. જો. ભટ્ટનું છે. મુલકી અમલદારનાં જીવનવ્યવસાય છતાં વેદ ઇત્યાદિ સાહિત્ય સાથેનો એમનો વિદ્યાવ્યાસંગ સતત રહ્યો હતો. એમના એવા વ્યાસંગનો લાભ 'વેદવિચાર' નામક ગ્રંથથી ગુજરાતને ઉપલબ્ધ થયો છે. આ 'વેદવિચાર' આમ તો 'રુદ્રી'નો એમણે જે સમશ્લોકી અનુવાદ કર્યો એના અનુસંધાને રચેલો ગ્રંથ છે. આમ છતાં એનું સ્વતંત્ર મૂલ્ય પણ હોઈ 'રુદ્રી'ની સાથે સાથે સ્વતંત્ર ગ્રંથ તરીકે પણ એ પ્રગટ થયો હતો.

'વેદવિચાર' વિશે વાત કરતાં પહેલાં જે નિમિત્તે આ ગ્રંથ લખાયો તે 'રુદ્રી' વિશે પણ વાત કરવી અગત્યની બને છે. ૧૯૨૮ માં સ્વ. પુ. જો. ભટ્ટ દ્વારા એનો સમશ્લોકી અનુવાદ થયેલો જે શ્રી. સયાજી સાહિત્યમાળાના ધર્મગુચ્છ વિભાગમાં ૧૩૫ મા પુસ્તક તરીકે ૧૯૨૯ માં પ્રગટ થયેલો. એના અનુસંધાને રચાયેલો ગ્રંથ 'વેદવિચાર' પણ એ સાથે ગ્રંથસ્થ થયો હતો. પછીથી એ સ્વતંત્ર ગ્રંથ તરીકે પણ ઉપલબ્ધ હતો. ત્યારે ગુજરાતી ભાષામાં આ પ્રકારનું કામ થયેલું ન હતું. વર્ષો પછી 'રુદ્રી'ના એ અનુવાદને સસ્તુ-સાહિત્ય વર્ધક કાર્યાલયે સંક્ષેપમાં છાપીને ઉપલબ્ધ કરી આપ્યો. આજે એ સહેલાઈથી મળતો હોઈ આ ગ્રંથ 'વેદ-વિચાર'માં એનું પુનઃ મુદ્રણ કરેલ નથી. છતાં એ ગ્રંથની રચના પાછળનો મૂળ હેતુ તો વેદોમાંથી શિવતત્ત્વનું આચમન કરાવવાનો હોઈ, અહીં 'વેદવિચાર' વિશે કહેતાં પહેલાં, જે નિમિત્તે તે લખાયો છે એવા 'રુદ્રાષ્ટાધ્યાઈ' (રુદ્રી) નામક એ ગ્રંથ વિશે સંક્ષેપમાં કહેવું આવશ્યક છે. 'વેદવિચાર' અંગેની સમીક્ષામાં સાતત્ય સાચવવા પણ એમ કરવું જરૂરી છે.

'રુદ્રી' વિશે વાત કરતાં પૂર્વે આપણા ધ્યાન પર હોવું જોઈએ કે ઈશ્વર કોટીના દેવતા મુખ્ય પાંચ છે : શિવ, શક્તિ, ગણેશ, સૂર્ય અને વિષ્ણુ અને તેના ભક્તિના પાંચ સંપ્રદાયો છે. તે શાક (શિવનો અને શૈવ શક્તિનો), ગણપત (ગણેશનો), સૌર (સૂર્યનો), અને વૈષ્ણવ (વિષ્ણુનો). જ્યારે સાધારણ દેવતા ઇંદ્ર, વરૂણ, મરુત, રૂદ્ર, આદિત્ય અને 'વસુ' છે. ઈશ્વર કોટીના જે પાંચ દેવતા છે તેમની લિંગ પૂજા પણ થાય છે જે શિવજીનું બાણલિંગ, વિષ્ણુનું શાલિગ્રામલિંગ, સૂર્યનું સ્ફટિક બિંબલિંગ, શક્તિ (માતાજી)નું ધાતુ-યંત્ર, ગણેશજીનું લાલરંગ ચતુષ્ટકોણ. લિંગનું જે પૂજન થાય છે તે દેવોની મૂર્તિ વગરનું પૂજન છે અને તેજ દેવોનું નિવાસ-સ્થાન પણ છે. પાર્વતી, રાધા, લક્ષ્મી, સરસ્વતી અને સાવિત્રી આ પાંચ પ્રકૃતિ છે. પ્રકૃતિ એટલે કૃતિ કરવી- સૃષ્ટિની રચના કરવી તે. આ પ્રકૃતિદેવી કલા નામથી પણ અનેક સાથે ઓળખાય છે.

આપણને ખબર છે કે જમીન પર નદીઓને કાંઠે સંસ્કૃતિઓ વિકસી. નાઈલ, યુક્રેટિસ અને ટાઈગ્રીસ નદીઓ પર, હો-આંગ-હો અને યાંગ-સે-ક્યાંગ પર, આમુ સિરદરિયા, કાસ્પિન સરોવર તથા વૅલ્ગા અને યુરલ નદીને કાંઠે, સિંધુ, ગંગા-યમુના, નર્મદા, ગોદાવરી, કૃષ્ણ, કાવેરી ઇત્યાદિ સ્થળે સંસ્કૃતિ, ધર્મ, પદાર્થો ઉત્પન્ન થયાં અને વિકસ્યાં.

---

+ સ્વ. રા. સા. પુ.જો. ભટ્ટ કૃત 'વેદ વિચાર' ગ્રંથનો આમુખ.

સિંધુ અને ગંગા-યમુનાના પ્રદેશમાં જે પુસ્તકો રચાયાં તેવાં યુક્રેટિસ-ટાઇગ્રીસવાળાં સ્થળોએ રચાયાં નહિ. ચીને પણ હિંદમાં ઉત્પન્ન થયેલો ધર્મજ સ્વીકાર્યો. આર્યો ગ્રીસ, રોમ, ઇરાન, હિંદુસ્તાન એમ અનેક સ્થળોએ પ્રસરી ચૂક્યા હતા અને હિંદુ ધર્મ હિંદુસ્તાનની બહાર મીસર, બ્રહ્મદેવ, જાવા-સુમાત્રા અને બીજે ફેલાયો હતો.

હિંદુધર્મના સર્વ શાસ્ત્રોનું મૂળ-'વેદ' કહેવાય છે. આપણી સંસ્કૃતિ સંદર્ભની ખબર માટેની એ પ્રથમ નોંધપોથી છે.

'વેદ' ચાર છે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ. આત્માનું અસ્તિત્વ, કર્મ પ્રમાણે ફળ, સ્વર્ગ-નર્ક, પુનર્જન્મ ઇત્યાદિ પદાર્થો અને ભાવનાઓના બીજ ઋગ્વેદમાં પડેલાં છે. એટલો જ જૂનો ગ્રંથ 'અથર્વવેદ' છે. એમાં જીવનની એક બીજી બાજુ પણ દેખાય છે જે સુધારાની દષ્ટિએ કદાચ અસાધારણ રસદાયી છે. યજ્ઞનું માહાત્મ્ય તથા એને અનુલક્ષીને યજ્ઞ સાધનો અને દેવોનું વિશેષ ગૌરવ પણ એની અંદર દેખાય છે. તથા યજ્ઞની વિગતોના ગૂઢ સત્યો પણ છે. ઋગ્વેદ અને અથર્વવેદ વધારે મહત્ત્વનાં છે કારણ કે બીજા બે વેદોમાં મોટે ભાગે ઋગ્વેદના મંત્રોની પુનરુક્તિ થાય છે અને એને લીધે ખાસ વિશેષ માહિતી નથી.

તોપણ વૈદિક દેવતા શિવજીને યજુર્વેદ સૌથી વધુ પ્રિય છે. માટે યજુર્વેદીય રુદ્રીથી ભગવાન શિવનું પૂજન કરવામાં આવે છે અને અભિષેક કરવામાં આવે છે.

રુદ્રાભિષેક બે પ્રકારે થાય છે. એક તો સંપૂર્ણ રુદ્રાષ્ટાધ્યાયીથી અને બીજો તે ચયન કરેલ ૧૦૦ મંત્રોથી-જે શતરુદ્રિય કહેવાય છે. આ બે પ્રકારોમાં પરિપૂર્ણ રુદ્રાષ્ટાધ્યાયીથી, ભગવાન શિવજીને, જલસિંચન અને વિધિ કરવાનું પ્રચલન વધુ છે. તેથી જ તો સ્વ. રા.સા. પુ.જો. ભટ્ટે પણ સમશ્લોકી અનુવાદ માટે સંપૂર્ણ રુદ્રાષ્ટાધ્યાયીને પસંદ કરેલ છે.

શતરુદ્રીય મંત્રો યજુર્વેદની સર્વશાખામાં છે. શુક્લ યજુર્વેદની માધ્યંદિની શાખામાં પણ તે છે. જેનો પાઠ ઋગ્વેદીઓ અને તૈત્તિરીય શાખાના બ્રાહ્મણો કરે છે. શુક્લ યજુર્વેદીઓ, સામવેદીઓ, અથર્વવેદીઓ પણ આ મંત્રો જપે છે. કેમકે પ્રધાન દેવતાના એ મંત્રો છે અને સરખા છે. જે ફેરફાર છે તે અવાંતર અંગમંત્રોમાં છે. શુક્લ યજુર્વેદની અષ્ટાધ્યાયી રુદ્રી સૂત્રકાળમાં થઈ. એમાં પાંચમાં અધ્યાયના મંત્રો અંગ-દેવતાઓને લગતા છે (જાપ કઈ રીતે કરવો એ બૃહત્પારાશર સંહિતાના ૧૧મા અધ્યાયમાં કહ્યું છે.) સ્વ. પુ. જો. ભટ્ટે આ રુદ્રીને એમના 'રુદ્રાષ્ટાધ્યાયી' નામક ગ્રંથમાં ચર્ચા હેતુએ લીધી છે. (શતરુદ્રીયના સો મંત્રોમાં બે મંત્રો એવા પણ છે કે જે બધી રુદ્રાષ્ટાધ્યાયીમાં આપેલા હોતા નથી તેથી એ બે મંત્રો 'વેદવિચાર' ગ્રંથમાં લેખકે પરિશિષ્ટ તરીકે આપ્યા છે અને છઠ્ઠા અધ્યાયને છેડે ઉમેરી વાંચવાનું સૂચન કર્યું છે.)

આ ઘણા પ્રાચીન વારસા માટે કૃષ્ણ યજુર્વેદની તૈત્તરીય શાખા અને શુક્લ યજુર્વેદની માધ્યંદિની વાજસનેયી શાખાનું સાહિત્ય બહુ જ ઉપકારક રહ્યું છે.

લેખકે આ ગ્રંથ માટે શ્રીશુક્લ યજુર્વેદને આધાર તરીકે લીધો છે. આઠ અધ્યાયો છે. નવમો અધ્યાય જે છે તે શાંતિપાઠ અંગેનો છે અને દશમો તે 'સ્વસ્તિ પ્રાર્થના' છે. આ છેલ્લા બે અધ્યાયો પરિશિષ્ટિરૂપે છે. રુદ્રવિધાનના અંતમાં ભણવાના આ બે છેલ્લા અધ્યાયો પણ લેખકે આ ગ્રંથમાં સમાવ્યા છે. ગ્રંથનું સંપાદન પુ. જો. ભટ્ટે કુલ ૧૭૬ મંત્રો અને એમાં પરિશિષ્ટના બીજા ૩૪ ઉમેરતાં કુલ ૨૧૦ મંત્રોથી કર્યું છે. 'સ્વસ્તિ પ્રાર્થના'માં કુલ ૧૦ મંત્રો છે. તેમાંના પ્રથમ પાંચ પાછળથી ઉમેરાયેલા છે અને છેલ્લા પાંચ બ્રાહ્મણના ઉપનિષદ્ મંત્રો છે. નર્મદાશંકર દેવશંકર મહેતા પણ એ જ મત ધરાવે છે.

'શિવસંકલ્પસૂક્ત' તરીકે ઓળખાતા પ્રથમ અધ્યાયમાં ૬ મંત્રો છે. જેમાં આપણા મનનું સૂક્ષ્મ વર્ણન છે.

તેમાં મર્કટ જેવા મનને સ્થિર કરવા અને પવિત્ર વિચારોવાળું બનાવવાની પ્રાર્થના છે. ઉપરાંત ૧ મંત્ર ગણપતિમંત્ર અને ૩ છંદો મંત્ર છે જે મળી આ અધ્યાયની રચના કુલ ૧૦ મંત્રોમાં છે.

શુક્લ યજુર્વેદમાંથી રુદ્રાષ્ટાધ્યાયી રચનાર મુનિએ પ્રારંભમાં ગણપતિને ભક્તોની વચ્ચે નિવાસ કરવાનું આહ્વાન કર્યું છે. એ એક જ મંત્રની સ્તુતિ ઈશ્વરના સ્વરૂપની પરમ બોધક હોઈ તથા આ મંત્રની પ્રાર્થના સર્વજાતીય સર્વદેશીય થઈ પડી હોઈ ગ્રંથ તૈયાર કરનાર માટે એ મૂકવો અનિવાર્ય છે. ત્યાર પછીના બે મંત્રોમાં વેદના મુખ્ય છંદો ગાયત્રી વગેરે જણાવ્યા છે અને છંદોમાં કરેલી સ્તુતિઓ પ્રભુને પ્રસન્ન કરી, પ્રાર્થના કરનારને સુખ સંપન્ન કરતી હોઈ સંપાદકે અહીં મૂકવા તે સ્વીકારી છે. ચોથો જે મંત્ર છે તે યજ્ઞની પદ્ધતિનો હોઈ તે પણ સ્વીકારાયો છે.

બીજો અધ્યાય 'પુરુષસૂક્ત' નામે છે. એના ૧૬ દિવ્યમંત્રો છે જે પરમાત્માના વ્યાપક સ્વરૂપને વર્ણવે છે. એમાં 'અદ્ભ્ય : સંભૃતઃ'ના બીજા ૬ શ્લોકો ઉમેરાતાં ૧૬ અધ્યાયની એટલે કે 'પુરુષસૂક્ત ઉત્તરનારાયણ'ની રચના છે. અર્થાત્ રુદ્રીમાં સૃષ્ટિની ઉત્પત્તિના વર્ણનનો સૂક્તનો જે ભાગ છે એમાં ઉપાસનાના ફળનાં કથનનો સૂક્ત ભાગ ઉમેરી આ અધ્યાયની રચના કરવામાં આવી છે.

દેવોના રાજા ઇંદ્રને લગતા ૧૭ મંત્રો ત્રીજા અધ્યાયમાં છે.

ચોથા અધ્યાયમાં સૂર્યનારાયણની ઉપાસના છે. સૂર્યસ્તુતિના કુલ ૧૭ શ્લોકો છે.

અંગીદેવતાના મંત્રો અધ્યાય પાંચમાં આવે છે.

સૂર્યપ્રાર્થનામાં સૂર્યને મિત્ર તરીકે, કૃપાળુ તરીકે કહેલ છે તથા એમાં સૂર્ય વરુણની એકતા, સૂર્યની ઈંદ્ર સાથે એકતા વગેરે કહેલ છે અને એ સ્તુતિ પાછળ આત્મબળ તથા જ્ઞાન પ્રાપ્ત કરવાનો હેતુ છે.

રુદ્રદેવતાનો સર્વાત્મત્વ-સર્વાંતર્યામિત્વ ભાવ અંગીદેવતાના મંત્રોમાં વર્ણવેલ છે. મૃત્યુના મુખમાંથી મુક્ત કરી અમૃતના માર્ગે, મોક્ષના માર્ગે લઈ જવાની આ પ્રાર્થના છે.

શિવજીના યજ્ઞમાં બીજા અધ્યાય એક વાર બોલવામાં આવે છે જ્યારે પાંચમો અધ્યાય અનેકવાર બોલવામાં આવે છે. આ અધ્યાય ૧૧ વાર બોલવાથી એક રુદ્રી ગણાય. ૧૧૧ વાર બોલવાથી લઘુરુદ્ર થયો ગણાય. ૧૩૩૧ વાર બોલવાથી મહારુદ્ર અને ૧૪૬૪૧ વાર બોલવાથી અતિરુદ્ર કહેવાય. આ અધ્યાય રુદ્રદેવતાના સર્વાંતર્યામીપણાંના તથા ઈશ્વરત્વના ગાનથી ભરપૂર છે. એ રુદન કરનાર મટી, વાયુના મુખ્ય કરીને સ્થપાયેલા દેવ બની, પ્રાણીઓના જીવ ટકાવી રાખનાર હોવાથી સર્વશ્રેષ્ઠતાને પ્રાપ્ત થયા હતા અને શંકર સ્વરૂપ-પરમેશ્વરપદે તખ્તનશીન થયા હતા. માટે આ અધ્યાયનો એટલો મહિમા છે. - એવો મહિમા કે જેને ભક્તોને રુદ્રી કરવા પ્રેર્યા. એટલેકે શિવજીના યજ્ઞમાં, ગભરાયેલા જીવને પીડામાંથી મુક્ત કરવા માટે, પ્રભુના સંહારરૂપ બાણોમાંથી બચવા માટે, મૃત્યુના મુખમાંથી મુક્ત થઈ અમૃતના માર્ગે જવા માટે, મોક્ષના માર્ગે જવા માટે, ભક્તો રુદ્રીના પાઠ કરે છે. આ પ્રમાણે આપણે જોયું તેમ એકાદશ આવર્તનવાળો પાઠ એક રુદ્ર કહેવાય છે. એવા અગિયાર પાઠ તે લઘુરુદ્ર, એકાદશ લઘુરુદ્ર તે મહારુદ્ર અને એકાદશ મહારુદ્ર તે અતિરુદ્ર કહેવાય છે.

છઠ્ઠો અધ્યાય ૮ શ્લોકોનો છે. અસાધ્ય રોગમાંથી મુક્તિ મેળવવા અને મનોકામના પૂર્ણ કરવા આ અધ્યાયનું પઠન વારંવાર કરવામાં આવે છે. કેમકે એ મંત્રો મૃત્યુંજય મંત્રો છે. એના જપથી અકાળ મરણ થતું નથી. દીર્ઘ આયુ પ્રાપ્ત થાય છે. એના છેલ્લા મંત્રનો ઉપયોગ વૈદિકો વપન-મૂંડન વિધિમાં પણ કરે છે.

સાતમા અધ્યાયમાં ૭ શ્લોકો છે. આ અધ્યાયમાં ભક્ત યજ્ઞ કરે છે. અહીં સર્વસ્વાર્પણનો ભાવ છે. ભક્ત દેહનું તો અર્પણ કરે જ છે પણ ગૃહ, દ્રવ્ય વગેરે બહારના પદાર્થો પણ અર્પણ કરે છે.

આઠમો અધ્યાય તે ૨૯ મંત્રોનો છે અને યજ્ઞસિદ્ધિ અંગેનો છે. એમાં ભક્ત શિવજી પાસે ધનધાન્ય, સોનું, ઈત્યાદિની માગણી કરે છે. માગવામાં કશું બાકી નથી. દેવત્વ પણ એ માગે છે. આમ ભક્ત પહેલાં યજ્ઞ કરે છે, બધું હોમી દે છે અને ત્યારપછી જ માગણી કરે છે. એટલું જ નહિ, પ્રાપ્ત થયેલ સર્વ યજ્ઞાર્થે વપરાય એવી શુભ ભાવના પણ એ વ્યક્ત કરે છે. ગ્રહો-પાત્રો-સાધનોની માગણી પણ યજ્ઞ માટે જ તે કરે છે.

અંતે પરિશિષ્ટ રૂપે આવતા નવમા અધ્યાય શાંતિપાઠમાં ૨૪ મંત્રો છે જેના દ્વારા ભક્તો પ્રભુને વિવિધરૂપે પ્રગટવાની કૃપા કરતા, નિર્ભય કરતા, સુખ આપતા જુએ છે અને પરમ શાંતિનો અનુભવ કરે છે.

દશમો અને અંતિમ અધ્યાય સર્વનું સારું ભલું ઈચ્છવા વિશેનો છે. પંચકત્વ મહાદેવને બધી બાજુથી નમસ્કાર કરતા મંત્રો આ અધ્યાયમાં છે અને અંતે ભક્ત એની કૃપાથી ૐ શબ્દથી નિર્દિષ્ટ થતા મંગળ સ્વરૂપ-શિવસ્વરૂપ બની જવાને માટે અનુગ્રહ કરવા પ્રભુને પ્રાર્થે છે. આ અધ્યાય ક્ષેપક છે.

રુદ્રીના મંત્રો સામાન્ય ભાષાના સાહિત્ય-સ્વરૂપ ન હોઈ એનું શુદ્ધ સ્વર સહિત પઠન જરૂરી છે. તો જ અર્થનું ચિંતન પ્રાપ્ત થઈ શકે અને રૂદ્રદેવતાનો સ્વરૂપ મહિમા જાણી શકાય; દા.ત. અગ્નિ શબ્દ વડે સ્થૂલ દેવતા નહિ, પણ ચૈતન્ય તત્ત્વ એવું સમજાય જે સર્વ જગતને પોતામાં પ્રકટ કરી, પોતામય બનાવી, આત્મારૂપે ઓળખાવે. યજ્ઞવેદીમાં તે સદ્યોજાત રૂપે પ્રકટ થાય છે અને તે રુદ્ર એવા નામે પણ ઓળખાય છે. આ રુદ્ર સંહારરુદ્ર અને શિવ એવા બે ભાવે પરખાય છે. એના કમકમાટી ઉપજાવે એવા શરીરમાં શુભ, કલ્યાણકારી શરીર પણ છે. એટલે કે તમોગુણી અને સત્ત્વગુણી અથવા એમ કહો કે ભવ્ય રમ્ય અને કૃપા કરનારી એમ ઉભય ભાવનાઓ એની અંદર ગુંથવામાં આવી છે. જ્યોતિર્મય પરમેશ્વરના સ્વરૂપ, ગુણ અને પરાક્રમોનું ભાવભરેલું ચિત્ર પણ એમાં આલેખવામાં આવ્યું છે તેથી પણ એના મંત્રોની મોહિની ભક્તોને છે, છતાં આવા મંત્રોના ભાવ ન સમજવાથી જ કેટલાક ખોટા મતો તથા માન્યતાઓ પ્રવર્તે છે.

પુસ્તકની વિશેષતા એ છે કે નર્મદાશંકર દેવશંકર મહેતાએ ગ્રંથનો પુરસ્કાર લખી આપી મંત્રોનો સાચો ભાવ સમજાવ્યો છે. એ જ રીતે સ્વ. રા.સા. પુ. જો. ભટ્ટે પણ 'રુદ્રી'નો પૂર્વાસ્વાદન કરાવી ખોટા મતો અને માન્યતાઓનું ખંડન કરી સાચી દિશા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે જેને કારણે આ ગ્રંથ આર્ય સંસ્કૃતિ અને તેના વિકાસ સંદર્ભના સાહિત્યમાં ઉમેરારૂપ છે.

તો પછી ધર્મ સાહિત્યમાં ઉમેરો કરનાર પુસ્તક તરીકે એનું મૂલ્ય કેટલું ? એ પ્રશ્ન સહજ જ ઊભો થાય. એ દષ્ટિએ પણ એનું મૂલ્ય છે જ. મનુસ્મૃતિ (અધ્યાય-૬-૯૨)માં ધર્મના લક્ષણો કહ્યાં છે. એમાં વિદ્યા (જ્ઞાન)ને પણ ધર્મ કહ્યો છે. એ દષ્ટિએ લેખકે જે જ્ઞાન ઉદ્દ્ઘાટિત કરી આપ્યું છે તે ધર્મનું જ લક્ષણ છે અને એ રીતે એનું ધર્મ સાહિત્યમાં ઉમેરો કરતા ગ્રંથ તરીકે મૂલ્ય છે જ. વળી આ રુદ્રાધ્યાયી કે જે યજુર્વેદના સુંદર મંત્રોની માળા છે તે અર્થ સહિત સર્વ સુલભ કરી આપવાનો લખનારનો પ્રયત્ન છે. એમાં સાયણાચાર્ય, ઉવટ, મહીધર અને બીજા આચાર્યોના જે ભાષ્યો છે તેને લેખકે એ રીતે ઉપયોગમાં લીધા છે કે આ પુસ્તક ધર્મ સાહિત્યમાં ઉમેરો કરનાર ગ્રંથ તરીકે પોતાનું આગવું સ્થાન સ્થિર કરી રહે. એક વિશેષતા એ પણ છે કે પુસ્તકમાં ઐતિહાસિક દૃષ્ટિએ વિવેચના થવા દીધી હોવા છતાં લખનારે પૂજનીયતા સહેજ પણ ઓછી થવા દીધી નથી; ઉ.ત. શિવના કુટુંબને ઐતિહાસિક રીતે કૈલાસ પ્રદેશના રાજાનું કુટુંબ જણાવ્યું છે તેથી શિવની પરમેશ્વર તરીકે વેદમાં આરાધના છે તે સત્ય વાતની લેશ પણ ક્ષતિ લેખકે થવા દીધી નથી. તેઓ કહે છે કે ''હિંદુઓ પીપળાને વિષ્ણુ માની પૂજે છે તો રામ, કૃષ્ણ ઇત્યાદિ ઈશ્વર પ્રેરિત માની પૂજાય તેમાં ચઢતા પ્રકારની ઉન્નતિ સાધી શકે છે અને એમની ઉપાસનાથી શ્રેય સંપાદન કરી શકે છે.'' (૧૪૮). આ રીતે આ ગ્રંથને ધર્મ સાહિત્યમાંથી લેખક કોઈપણ રીતે વિચલિત થતા દેતા નથી.

ઉપર કહ્યા એ અને બીજા આચાર્યોએ (ભાષ્યોમાં) વેદના મંત્રોનો અર્થ, એમનો અમુક ક્રિયા પરત્વેનો ઉપયોગ લક્ષમાં લઈ, કર્યો છે. ત્યાં મંત્રોનો સહજ થતો અર્થ જુદો આપ્યો છે. આ બાબત એ રીતે ઉપકારક રહી છે કે મંત્રોનું માત્ર શબ્દશઃ ભાષાંતર ન આપતાં, જુદા જુદા અર્થવાળું હાર્દ પ્રગટ કરવા લેખકે પ્રયત્ન કર્યો છે અને પદના અલગ-અલગ અર્થ આપી ભાષાંતર સમજવું સરળ કરી આપ્યું છે. વળી ગ્રંથમાં લેખકે બ્રાહ્મણો વેદ મંત્રોનો ભિન્ન ભિન્ન ધાર્મિક ક્રિયાઓમાં - દેવ પરત્વે, યજ્ઞક્રિયા કે અન્ય વિધિઓ ઇત્યાદિ પરત્વે-શી રીતે ઉપયોગ કરે છે એનું વિગતે વિવેચન કર્યું છે. એ ટીકામાં, આર્ય સંસ્કૃતિ અને તેના વિકાસ સંદર્ભના, લખનારના વિચારો શી રીતે ધર્મ સાહિત્યનો ભાગ ગણાય ? એવો પ્રશ્ન જો ઊભો થાય તો એમ કહી શકાય કે આર્યોની ઘણીખરી વિદ્યાની ઉત્પત્તિ ધાર્મિક યજ્ઞોમાંથી થયેલી છે અને આર્ય સંસ્કૃતિના વિસ્તાર તથા વિકાસમાં યજ્ઞે બહુ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પાછળથી યજ્ઞનો અર્થ વિસ્તરતો ગયો અને વેદાભ્યાસ એ બ્રહ્મયજ્ઞ તથા આતિથ્ય કે જનસેવા એ મનુષ્યયજ્ઞ તરીકે ગણાયા. આધુનિક જીવન સંદર્ભે આર્ય સંસ્કૃતિ અને એના વિકાસ સંદર્ભના લેખકના વિચારો આ મનુષ્યયજ્ઞનો જ એક ભાગ ગણાય. વળી પૂર્વે કહી એ તમામ બાબતો પણ ગ્રંથને ધર્મ સાહિત્યમાં ઉમેરો કરનાર ગ્રંથ તરીકે જ સિદ્ધ થવા દે છે.

એક વિશેષ વાતની પણ નોંધ લેવા જેવી છે કે લેખકે વેદોના મિથ્યા અર્થો તથા વેદ વિશે પ્રસરેલી અનેક પ્રકારની ભ્રાંતિઓનું જે ખંડન કર્યું છે તે પરથી જોઈ શકાય છે કે પશ્ચિમના વિદ્વાનોએ વેદો વિશે જે કંઈ કહ્યું છે તે એમણે જોયું છે, એટલું જ નહિ, સાયણ-મહીધર વગેરેના ભાષ્યો જે પશ્ચિમમાંથી આવેલાઓને અનુકૂળ રહ્યા છે તે પણ જોયા છે અને રાજનૈતિક સ્વાર્થોથી પ્રેરાઈને પશ્ચિમના વિદ્વાનોએ આર્યોના આદિદેશ, એમની સભ્યતા-સંસ્કૃતિ વિશે જે નિરાધાર વાતો ફેલાવી છે તેનું એવી રીતે ખંડન કર્યું છે કે જેથી ભારતવાસીઓને પોતાના અતીત પરથી આસ્થા ઊઠી ન જાય. પાશ્ચાત્યોને સામ્રાજ્યનાં સ્થાયિત્વ માટે આર્યોનો ઇતિહાસ વિકૃત કરવો જરૂરી લાગ્યો હતો. એ વિકૃતિને પણ લેખકે છેદી છે. સાયણ-મહીધર વગેરેના ભાષ્યો જોવા પાછળ પણ લખનારનો એ જ હેતુ રહ્યો છે કે નિરાધાર વાતો દૂર કરી શકાય અને વિકૃતિથી બચી શકાય. એ પ્રકારના તત્ત્વો દૂર કરી એમને સત્યતા પ્રસરાવી છે- એવા સબબે કે આપણા વેદ સંદર્ભના વિવેચકો પશ્ચિમમાંથી આવેલાઓના ભારતીય માનસપુત્રો છે એવી ગાળ વિસ્તરતી અટકે. આ બધું સ્વ. રા.સા. પુ. જો. ભટ્ટે એ રીતે કર્યું છે કે વાચકને 'વેદવિચાર' ગમે તેટલો આર્ય સંસ્કૃતિ તથા તેના વિકાસ સંદર્ભનો ગ્રંથ લાગે તોપણ એ ધર્મ સાહિત્યમાં ઉમેરો કરનાર ગ્રંથ પણ બની રહે.

'પૂર્વાસ્વાદન' પણ લેખકે કરાયેલ છે. શંકર-શાંત સદાશિવ ગિરિશંત નીલકંઠ એવા અનેક સ્વરૂપે - આ વિશ્વવંદ્ય તત્ત્વનો પરિચય એમણે આપ્યો છે. શિવને વિવિધ સ્થળે, વિવિધ સ્થિતિઓમાં વિવિધ સ્વરૂપે વિદ્યમાન ગણી આર્યોએ સ્તવ્યા છે એવું શિવનું સર્વવ્યાપકપણું તથા સર્વ પ્રાણીઓમાં અંતર્યામીપણું લેખકને આકર્ષે છે. છતાં વિશેષ ભાર તો શિવતત્ત્વ પર છે.

શિવતત્ત્વ એ આપણી પોતાની ઓળખ. એ ઓળખ એટલે આત્મા અથવા પોતાના સ્વરૂપની ઓળખ કરતાં વિશેષ તો 'હું આર્ય', મારી સંસ્કૃતિ શું ? મારો વિકાસ ક્યાં કેટલો ? જેવા પ્રશ્નોના જવાબો મળે છે : આર્ય પ્રજા અને એક પત્નીત્વ, આર્યોએ ઉપજાવેલી પ્રાચીન ગ્રામ સંસ્થા-સ્વગ્રામ ભાવના, ઉંદર જેવા પ્રાણીઓને દયાળુ આર્યો કઈ રીતે પોષતા, પોતાનાં અંગો જનસમૂહની સેવા માટે વાપરવા, આત્મયજ્ઞની શ્રેષ્ઠતા, મિત્રાચારી, નિહારિકામાંથી સૂર્યની ઉત્પત્તિ જેવા વૈજ્ઞાનિક સત્યો ઇત્યાદિ મંત્રોના અર્થઘટન અને દલીલોથી એ જવાબો ઉપસાવી આપ્યા છે.

દીપમાળાઓ, આરતીઓ, તેજોમય ગર્ભખંડો, ઘંટારવો, નાદો, ધ્વનિઓ કે સંહાર રુદ્ર, સાંબ રૂપ, વૃદ્ધનંદી, આયુધો, ભસ્મ, સર્પમાળા અને બીજાં વિસ્તૃત વર્ણનોમાં પડવાને બદલે અને એવાં વર્ણનોના માધ્યમે

કરીને પરમાત્માનું દર્શન કરાવવા કરતાં લેખકને આર્યો અને એમની વિકસતી સંસ્કૃતિના માધ્યમથી અને એના ભાગરૂપે પરમતત્ત્વને ઉદ્ઘાટિત કરી આપવામાં વિશેષ રસ છે; દા.ત. લેખક કહે છે કે આર્યોને ઈશ્વરે ચોર, લૂંટારા, ઠગ વગેરેને શિક્ષા કરવા પ્રેર્યા પણ આર્યોએ કોઈ પ્રત્યે તિરસ્કાર દર્શાવ્યો નહિ કેમકે પોતાનામાં પણ રુદ્ર અંતર્યામી રીતે વ્યાપ્ત છે તે જોયું, એટલું જ નહિ, ભૈરવ સ્વરૂપ રુદ્રની સ્તુતિ પણ કરી. એ પરથી આર્ય સંસ્કૃતિ કેટલી આગળ વધી છે એ જણાશે.

શિવ સાથે આર્યોની નિકટતા પણ લેખકે સ્પષ્ટ કરી આપી છે; દા.ત. પાંચમા અધ્યાયના ૫૧ મા મંત્ર દ્વારા આર્યોએ શિવની કરેલી સ્તુતિ તરફ ધ્યાન દોરે છે. એમાં કહેવાયું છે કે ''અમારી યજ્ઞશાળામાં અમારાં કાર્યમાં અમને સહાય કરવાનું તપ આદરો'', કેટલો નિકટનો સંબંધ !

જીવનની સંપૂર્ણતા માગતા આર્યો જે આઠમા અધ્યાયમાં દેખાય છે તે ધ્યાન પર લઈ કૃષિ ખનિજ અને એવા બીજા ક્ષેત્રોમાં પણ સંસ્કૃતિ સંદર્ભે એઓ કેટલા વિકસિત હતા એ લખનારે દર્શાવ્યું છે.

નવધા ભક્તિમાંથી આત્મનિવેદન ભક્તિ અને સર્વ દ્રવ્ય યજ્ઞોમાં આત્મયજ્ઞની શ્રેષ્ઠતા દર્શાવી તેમ પરમાત્મામાં એકરૂપતા પામવા આર્યો શી રીતે મુક્તિ પામે છે અને વિશ્વમાં સ્વાતંત્ર્યતાનું આનંદમય વાતાવરણ વિસ્તારે છે ઇત્યાદિ કહી ને એમના જીવનકાર્યને વર્ણવી લેખક આર્ય-સંસ્કૃતિ તથા આર્યજીવનની પરાકાષ્ઠા વર્ણવે છે.

એમાં દેખાતા આર્ય પ્રજાનાં સામુદાયિક આનંદ-ઉત્સવો, વીર્યવતી પ્રાર્થનાઓ, વીરરસ ભરી ઓજસ્વતી આવેશવાળી ભાષા, સર્વને કર્મનું ફળ પ્રદાન કરતા સૂર્યદેવની આરાધના કરતા તથા તત્ત્વજ્ઞાનમાં આગળ વધતા આર્યો વગેરે લેખકને મોહિત કરતા વિષયો છે.

ટૂંકમાં રુદ્રાષ્ટાધ્યાયીનો કર્મમાં, યજ્ઞક્રિયામાં, ઉપાસના કે ધ્યાનમાર્ગમાં જ વિનિયોગ કરવાને બદલે લેખકે એને તત્ત્વજ્ઞાનમાં વિશેષ વિનિયોગ કરી લોકદૃષ્ટિએ ભયંકર એવું આ રુદ્રરૂપ તત્ત્વદૃષ્ટિએ કેવું વિચારણીય છે એ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

આમ 'રુદ્રી' વેદનો ભાગ હોવા ઉપરાંત લેખકને મન એનું મૂલ્ય તત્ત્વજ્ઞાનથી ભરેલા એક વિશિષ્ટ ગ્રંથ તરીકે વધુ છે. એમાંની ઉદાત્ત કલ્પનાઓ, સુંદર વર્ણનો, ઇત્યાદિ એમને આકર્ષે જ છે. છતાં વૈજ્ઞાનિક મહત્તાવાળો અને આર્યો દ્વારા સંસ્કૃતિની ઓળખ કરાવતા ગ્રંથ તરીકે પણ એમને મન એનું ઊંચું મૂલ્ય છે. ધાર્મિક અંશોની સાથે સાથે મંત્રોના રચનારની વિવેકબુદ્ધિ તથા સૃષ્ટિરૂપ યજ્ઞ જેવી અદ્ભુત કલ્પનાઓ એમને વિશેષ મોહ પમાડે છે.

રુદ્રીના તમામ મંત્રો પુ.જો. ભટ્ટ દ્વારા યથાતથ સમશ્લોકી અનુવાદ પામ્યા છે તોપણ એઓ એ મંત્રોનો અથવા એ મંત્રો સંબંધી જુદી જુદી માન્યતાઓનો સંપૂર્ણ સ્વીકાર કરે જ છે એમ નથી. જે એમને સ્વીકાર્ય નથી તેનો વિરોધ પણ કરે છે; 'પુરુષસૂક્ત'ના મંત્ર ૮ અને ૧૬ માં હોમવાના પશુની વાત આવે છે. લેખક એનો વિરોધ કરે છે અને પાદટીપમાં નોંધ છે કે ''આ પશુઓનો બલિદાન અર્થે ઉપયોગ થવો જોઈએ નહિ. માંસાહારી પ્રજામાં પશુઓનો યજ્ઞમાં બલિદાન અર્થે પહેલાં ઉપયોગ થતો હતો. હાલના સમયમાં પશુઓની ઉપયોગિતાનો વિચાર કરી માંસાહારીઓએ તથા અહિંસાના વિચારથી વનસ્પતિ આહાર કરનારાઓએ આ રિવાજ જ્યાં પ્રચલિત હોય ત્યાં તદ્દન બંધ કરવો જોઈએ.'' અમુક પાયાની બાબતો તરફ ઉપેક્ષા સેવી કેટલાક વિસ્તૃત રીતે વિવરણ કરનારાઓએ કેવળ પ્રાણીઓને લગતી - પંચમહાભૂતો સંબંધી પદ્ધતિ અનુસાર જ વેદમંત્રોના અર્થો કર્યા. પશુહિંસા જેવા અનેક કર્મકાંડો તથા જટિલ ખ્યાલોનું વેદો પર આરોપણ કર્યું. પરિણામે વેદોનું દેદીપ્યમાન સ્વરૂપ ઝાંખું થવા લાગ્યું અને વેદો યાજ્ઞિક કર્મકાંડની માત્ર પોથી કહેવાવા લાગ્યા તથા

તિરસ્કારનો ભોગ બન્યા અને સમાજ એનાથી વિમુખ થતો ગયો. એ સંજોગોમાં સ્વ. રા. સ. પુ. જો. ભટ્ટે ઉપર કહ્યા એવા વિચારો મૂકી વેદો સંદર્ભની ફેલાતી નિરાધાર વાતો અને માન્યતાઓમાંથી વેદો અને સમાજને બચાવવાનો પ્રયત્ન કર્યો છે. કોઈવાર મંત્રોને આધુનિક વિજ્ઞાનનો આધાર મળે છે તેની પણ તેઓ નોંધ લે છે; દા.ત. એક મંત્રમાં (અધ્યાય ૨:૧૭) જે રસનું વર્ણન છે તે નિહારિકાના વિચારને મળતું આવે છે તેથી કહે છે કે હાલમાં વિજ્ઞાનની શોધ પ્રમાણે સર્વ ગ્રહો તારા વગેરેની ઉત્પત્તિ નિહારિકા નેબ્યુલામાંથી થયેલી કહેવામાં આવે છે. (-એ માટે પૃ. ૧૭૧) તો રુદ્રીના છઠ્ઠા અધ્યાયના છેલ્લા મંત્રનો વૈદિકો વપન-મુંડનવિધિમાં ઉપયોગ કરે છે. એના એવા અર્થના આધારે વાળંદો બ્રાહ્મણપણાનો દાવો કરે છે : પણ પુ. જો. ભટ્ટ એ દાવાનું ખંડન કરતાં કહે છે. જેઓ બ્રાહ્મણ ગણાવા ઈચ્છતા હોય તેમણે વેદ શીખવા. વળી તેઓ એમ પણ કહે છે કે 'હવે દુનિયા બ્રાહ્મણોથી મુંડાય એવી રહી નથી.' (પૃ. ૧૮૧)

આ રીતે ધર્મના નામે મંત્રોમાંથી ઉદ્ભવેલી ખોટી માન્યતાઓનું લેખક વખતો વખત ખંડન કરે છે; બ્રાહ્મણોને મુખમાંથી ઉત્પન્ન થયેલા વર્ણવવાથી ચડિયાતાપણું એ માન્યતાને રદિયો આપતાં કહે છે કે ''મંત્રનો આશય તો આ ચારે વર્ણો, પુરુષના અવયવો રૂપે, જનસમાજને એક સરખી ઉપયોગી છે એમ જણાવવાનો છે.'' (પૃ. ૧૭૦) મંત્રમાં વિરાટ પુરુષને બે સ્ત્રીઓ કલ્પી છે. તેથી આ રીવાજને વેદનું પ્રમાણ માનનારાઓની દલીલો કે વાદને આ રીતે તોડી પાડે છે : ''મનુષ્યનો સ્વભાવ છે કે અમુક કાર્ય જનસમાજમાં બહુ સ્તુત્ય ગણાતું ન હોય તો તે શાસ્ત્રીય પ્રમાણનો આશ્રય લે છે. શાસ્ત્ર પ્રમાણનો સદ્વર્તન વધારવામાં ઉપયોગ થતો હોય તો તે વધારે ઈચ્છવા યોગ્ય છે. આ મંત્રનો આશય તો વિરાટ પુરુષની માફક તેના ઉપાસકને આ લોકનાં સર્વ સુખ પ્રાપ્ત કરાવતી લક્ષ્મી તથા ઉચ્ચ ચારિત્ર્યથી પ્રાપ્ત થતી શોભા એ ઉભય સંપત્તિ સંપન્ન થાય એ છે.'' (પૃ. ૧૭૨) તો વળી મંત્રના આધારે સૂર્યને લેખક લોક-નેતાઓ માટે ઉત્તમ આદર્શ દર્શાવે છે અને કહે છે કે નેતા પણ સૂર્યની જેમ જનસમાજનો ઉદ્ધારક હોવો જોઈએ.

આ પદ્ધતિએ જ, એટલે કે રુદ્રી વિશે જે રીતે એમણે વાત કરી છે બરાબર તે ક્રમે જ, તેઓ 'વેદવિચાર' લખે છે જે સમગ્ર ગ્રંથનો જ એક ખંડ છે અને સ્વતંત્ર પુસ્તકરૂપે પણ એ જ નામે પ્રગટ થાય છે. નામ જોતાં જ કોઈ ઋષિ કે મુનિ, ધર્માચાર્ય અથવા ભાવવિભોર ભક્ત દ્વારા ખૂબ જ આસ્થા તથા ભક્તિપૂર્વક વેદો વિશે કહેવાયેલો આ ગ્રંથ હશે એવું કુદરતી રીતે મનમાં આવે. ઈશ્વર, જીવાત્મા, પ્રકૃતિ, સૃષ્ટિ, વેદવાણી, પ્રાર્થના, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, આયુષ્ય અને બીજા વેદ વિષયો કે વેદોની ઉત્પત્તિ, અસાધારણતા, ઉપાસના, સાધના, મહત્તા ઈત્યાદિ એમાં દર્શાવાયું હશે અને દિવ્યતા, રૂપક તથા અતિશયોક્તિ પ્રકારની હિંદુ લેખકોની વર્ણન પદ્ધતિ, જે મૂળ વેદોમાં પણ છે, એ પ્રકારનું આ ગ્રંથ લખનારનું વલણ હશે એમ પણ સ્વાભાવિક રીતે લાગે. પણ ગ્રંથ વાંચતા જુદી જ પ્રતીતિ થાય છે; દા.ત. લખનારે 'વેદની અપૌરુષતા'નો સ્વીકાર તથા એની ચર્ચા, સત્ય જ્ઞાનના પ્રમાણ તરીકે વેદો, વેદોના ઈશ્વર પ્રેરિત ઉદ્ગારો, તત્ત્વજ્ઞાન વિષયોમાં એનું ઊંચું જ્ઞાન તથા એના અર્થ કેવી રીતે કરી શકાય, આત્મા અને એના સત્ય ચૈતન્ય આનંદ તથા અવિનાશી સ્વરૂપની તેમ પરમાત્મા સાથે એની ઓળખાણ અને બીજી ચર્ચા કરી છે, છતાં એમ પણ કહ્યું છે કે ''એ વેદો અન્યને સંભળાવાય પણ નહિં એવું નથી'' (પૃ. ૩૯) વળી કહે છે કે ''વેદના પ્રામાણ્યને અતિ ઘણું મહત્ત્વ આપવાની જરૂર નથી. વેદના પ્રામાણ્યની સહાયતાથી જે યાજ્ઞિક ક્રિયાઓ આ જમાનાને બંધ બેસતી નથી તે તે પુનઃ પ્રચલિત કરી શકાય તેમ નથી'' (પૃ. ૮૮) અને ''આર્યોએ અમુક માન્યતામાં બંધાઈ જવા કરતાં શોધાયેલાં તત્ત્વજ્ઞાનથી માહિત થઈ બુદ્ધિને કસી આગળ વિચાર કરવો જોઈએ. કંઈક શાસ્ત્રોનો વિસ્તાર જોઈ હવે કંઈ વિચારવા જેવું રહ્યું નથી એમ માને છે, પણ તે બુદ્ધિની નિર્બળતા સૂચવે છે... અમુક જ્ઞાન અંતિમ પ્રમાણરૂપ છે. એવું છે જ નહિં.'' (પૃ. ૮૯) એટલું જ નહિ, વેદ અને વેદાંગોમાંથી હંમેશના ખપનું અને હાલમાં શું

ઉપયોગનું એનું તારણ કરવાના, પ્રાચીન શાસ્ત્રોનો નવી શોધખોળો સાથે મેળ પાડવાના અને નવીન શાસ્ત્રીય ગ્રંથો રચવાના, વેદાંત પરિભાષા, વેદાંત સિદ્ધાંત મુક્તાવલિ વગેરેનું પરિશીલન કરવું ઇત્યાદિ આગ્રહો પણ એમણે રાખ્યા જ છે. (-એ માટે પૃ. ૭૭ અને પછી, પૃ. ૮૫ અને પછી)

ઉપર જે કંઈ કહ્યું છે તે પરથી જોઈ શકાય છે કે લખાણ વેદો પ્રત્યે આસ્થા, ગૌરવ વગેરે તત્ત્વો સાથે જેટલું સંકળાયેલું છે તેટલું જ બુદ્ધિવાદ સાથે પણ સંકળાયેલું છે. 'વેદની અપૌરુષતા'નો સ્વીકાર કરે છે ત્યારે એવી માન્યતા કેમ છે તે સમજાવતાં યથાર્થ જ કહે છે કે ''મનુષ્યો ગમે તેવા બુદ્ધિવાદી હોય છતાં તેઓ મનુષ્યો હોવાથી તેમની કૃતિમાં કાંઈને કાંઈ ખામી હોવાનો સંભવ છે. તેને સ્વયં જગદીશ્વરથી પ્રેરિત થયેલા ગ્રંથો જોઈએ છે. તેને જ તેઓ સંપૂર્ણ ગણી શકે છે, અને તેના પર શ્રદ્ધા રાખી શકે છે. આ પ્રકારની જનસમૂહની ભાવના હોવાથી વેદના ગ્રંથો ઈશ્વર પ્રેરિત અપૌરુષેય મનાયા છે.'' (પૃ. ૨૯) આ પ્રકારની સ્વતંત્ર દૃષ્ટિ જે તત્ત્વોની તારવણી અને વિવેચનમાં દેખાય છે તે આ ગ્રંથની વિશેષતા છે.

આ જે કંઈ કહ્યું તે પદ્ધતિએ જ એટલે કે વર્ણન અને ચિંતન એવી એકઠી તરહે વેદોની - વેદો એટલે ચારે વેદો, બ્રાહ્મણો, આરણ્યકો તથા ઉપનિષદોનો જેમાં સમાવેશ કરવામાં આવે છે તેની ચર્ચા થયેલી છે. પછી એમાંના દિવ્યતાની ભાવના, ચમત્કાર તત્ત્વ, રૂપકો, અતિશયોક્તિ કે વર્ણનપદ્ધતિ, કોઈ પણ અંશ વિશે વાત થતી હોય તો કોઈ ઋષિ, ધર્માચાર્ય, અથવા ભાવવિભોર ભક્તનો નહિ પણ એક બુદ્ધિવાદી અને સુબોધક અર્થવાળું વિવેચન કરનાર તરીકે અથવા જે તે અંશને ઐતિહાસિક અને બૌદ્ધિક રીતે જોનાર તથા લખનારનો પરિચય થાય છે.

વેદોમાં જુદા જુદા રૂપકોમાં કુદરતી બનાવોનું વર્ણન છે અને તેના પરથી પુરાણોમાં વિસ્તારવાળી આખ્યાયિકાઓ ગુંથાયેલી છે તે અંગે લખનાર કહે છે કે ''આવાં વર્ણનોને યથાર્થ સ્વરૂપમાં જણાવી, લોકોને પોતાનાં ધર્મનો બચાવ કરવાને શક્તિમાન કરવાની જરૂર છે.'' (પૃ. ૫૩) અને આવું કહેતાં કહેતાં, એટલે કે પુરાણોના લેખકોની વર્ણન પદ્ધતિ કે જેના મૂળ વેદમાં પડેલાં છે તે બતાવતાં બતાવતાં જુદાં જુદાં રૂપકો, વર્ણનો ઇત્યાદિને ઉ.ત. લઈ એમાંના યથાર્થ સ્વરૂપને સમજાવી એનો દુરુપયોગ થતો અટકાવવાનો અને એ રીતે પરધર્મીઓના હુમલાઓથી અને એમના હિંદુધર્મ પ્રત્યે અવિશ્વાસ ઊભો કરવાના પ્રયત્નોમાંથી હિંદુપ્રજાને બચાવવાની એમની કોશિશ રહી છે; જેમકે અગસ્ત્ય મુનિએ સમુદ્રપાન કર્યાના વર્ણન અંગે કહે છે કે ''ક્યાં તો પ્રથમ સમુદ્રયાત્રાનું સાહસ તેમણે કર્યું હશે તેને લીધે હોય કે કુદરતમાં અગત્સ્ય નામના તારાના ઉદય સમયે પૃથ્વી પર મહાન ધરતીકંપ કે એવા કોઈ વિપ્લવથી ભૂમધ્ય સમૃદ્ધ જેવા નવા સમુદ્ર ઉત્પન્ન થઈ આફ્રિકામાં સહરાનું વિશાળ રણ નીકળી આવ્યું, હિંદુસ્તાનમાં રજપૂતાના કે કચ્છનો વાલુકા પ્રદેશ પ્રકટ્યો અને મધ્ય એશિયામાં મંગોલિઆનું વિસ્તીર્ણ રણ બહાર આવ્યું એવા કોઈ બનાવનું રૂપક હશે. સમુદ્ર સાથે તેમાં ગભરાઈ બેઠેલા રાક્ષસોનું પણ પાન કરી ગયા તે ચાંચિયાનો નૌકાસૈન્યથી નાશ કર્યો હોય તેનું રૂપક હશે.'' (પૃ. ૫૬) -આ જ ક્રમે લેખકે રૂપકો, અતિશયોક્તિઓ ઇત્યાદિને સુબોધ અર્થ આપી યથાર્થ સ્વરૂપ આપવાનો અને સ્પષ્ટ કરવાનો બૌદ્ધિક પ્રયત્ન કર્યો છે.

આ ગ્રંથ દ્વારા વેદોનો અને વેદ-ધર્મનો પરિચય મળતો હોવા છતાં ઉપર કહી એ પ્રકારની લખવાની ઢબને કારણે લેખકના ચિંતન અને વિવેચનમાં કેટલાક વિધાનો, સ્પષ્ટતાઓ, અભિપ્રાયો એવા પણ મળે છે કે આ ધર્મ-ગ્રંથો વિશે પુનઃ પુનઃ વિચાર કરવાની અને પુનઃ મૂલ્યાંકન કરવાની પ્રેરણા પણ આપણને મળે.

લખનારે કરેલી ટીકામાં આપણી ધર્મભાવનાની સાથે સાથે પ્રજાનું માનસ, આર્યોનો ઇતિહાસ, સંસ્કૃતિ, આદર્શો, ઉદારતા ઇત્યાદિ પણ સતત ઉદ્‌ઘાટિત થતું રહ્યું છે. અમુક વર્ણનોને એઓએ કેવળ કાલ્પનિક ગણી કાઢ્યાં છે, રૂપકોને સદ્‌બોધ આપવા રચાયેલાં કે નૈસર્ગિક બનાવો દર્શાવતાં કહ્યાં છે જ્યારે કેટલાકને યથાર્થ

સ્વરૂપમાં ઐતિહાસિક વૃત્તાંતરૂપ ગણ્યાં છે ને ક્યાંક કલ્પના રૂપક તથા ઇતિહાસનું મિશ્રણ થયેલું જોયું છે. લેખકનો પ્રયાસ વેદ તથા પુરાણોમાંથી બની શકે એટલો આર્યોનો જૂનો ઇતિહાસ શોધી કાઢવાનો, રૂપકની ભાષામાં રહેલો સુંદર ઉપદેશ સમજાવવાનો તથા આર્યોની ધાર્મિક સામાજિક ઇત્યાદિ વિષયોમાં થયેલી પ્રગતિ કે અવનતિ દર્શાવવાનો છે. વૈજ્ઞાનિક બાબતોમાં આર્યોની કલ્પનાઓ, ભૂગોળ સંબંધી માહિતી, તત્ત્વજ્ઞાન વિષયમાં સ્થાપેલા સિદ્ધાંતો, ઐતિહાસિક દૃષ્ટિએ એમની વિદ્યા, કલા, સમાજ, રાજ્યવ્યવસ્થા વગેરેની ચર્ચા અથવા એ તરફ અંગુલીનિર્દેશ એમણે સતત કર્યો છે.

અહીં એ વાતની પણ નોંધ લેવી જોઈએ કે વેદો સર્વ વિદ્યમાન છે, એમાં કેવળ વ્યક્તિ, કુટુંબ, સમાજ કે રાષ્ટ્રીય અભ્યુદય સંબંધી જ વાતો નથી, પરંતુ પારલૌકિક આધ્યાત્મિક તથા મનુષ્યના ભૌતિક આધ્યાત્મિક ઉત્કર્ષની વાતો પણ છે. સમસ્ત વિદ્યાશાખાઓ, વેદોમાં બીજરૂપે વર્ણિત છે, પછી એ ગણિત હોય કે ખગોળ અથવા રાજનીતિ, સમાજશાસ્ત્ર, આયુર્વેદ અથવા કોઈપણ. પરંતુ આ બધા વિશે વિગતે કહેવું કે વિવેચન કરવું કોઈપણ લેખક માટે દુષ્કર અને વિસ્તાર તથા ઘણો સમય અને શ્રમ માગી લે એવું કામ છે. લેખકે ચર્ચામાં પોતાનો હેતુ સિદ્ધ થાય એ માટે જે લેવા જેવું છે એટલા વિશે કહ્યું છે અને બાકીનું પડતું મૂક્યું છે જે ઠીક જ કર્યું છે, કારણકે એથી કરીને કોઈપણ પ્રકારના બોજ વગર આપણે વેદનો આસ્વાદ સંક્ષેપમાં લઈ શક્યા છીએ અને ખાસ જાણકારી માટે અન્ય ગ્રંથોના વિશેષ વાચન તરફ જવા પ્રેરાઈએ છીએ.

હેતુ શો છે એ પણ લેખકે સ્પષ્ટ કર્યું જ છે :

''આપણો પ્રાચીન સમયનો ઇતિહાસ પ્રગટ થાય તો આપણા પૂર્વજોના પરાક્રમોથી સાહસોથી આપણામાં નવો જુસ્સો ઉત્પન્ન થાય અને આપના પતન સમયનો ઇતિહાસ વાંચવાથી જે નિરુત્સાહ, જે મંદતા, જે નિર્માલ્યપણું આવે છે તે આપણને હતાશ અને હતવીર્ય કરે નહિં, અને પાછું આપણી દશાનું ચક્ર થોડા સમયમાં ઉપર આવશે એવી આશા બંધાય.'' (પૃ. ૪૯)

ચર્ચામાં વેદો વિશેની માન્યતાઓ સંદર્ભે પણ એમણે પ્રજાનું માનસ શક્ય એટલું ઉદ્‌ઘટિત કરી આપવાનો પ્રયાસ કર્યો છે; દા.ત. તેઓ કહે છે ''... આર્યપ્રજાની દિવ્યતાની ભાવના જે શિતળાના રોગમાંથી રક્ષણ માટે શિતળાદેવી કલ્પી પૂજે, જે વેદના સુગંધમય-સ્ફટિકમાલાના સુવર્ણમય મેરુરૂપ ગણાતા એક ગાયત્રી મંત્રની અધિષ્ટાત્રી ત્રિવદના ગાયત્રી દેવી કલ્પે..... તે આર્યો ચારે વેદોની વિવિધ આકૃતિ કલ્પવાનું અને તેમને દેવત્વ અર્પણ કરવાનું ભૂલ્યા નથી....'' (પૃ. ૪૫)

ઉપર કહી એ તમામ માન્યતાઓ બાબત 'વેદવિચાર' ગ્રંથ લખનારના વિધાનો અથવા વિચારો વિસ્તારથી લખવા શક્ય નથી પણ કેટલુંક ઉદાહરણરૂપ જોવાનો પ્રયત્ન કરીએ.

(૧) ''........ કોઈપણ ઉપકારક વસ્તુ જડ કે ચેતન હિંદુઓને પૂજ્ય છે. કોઈપણ અસાધારણ પુરુષાર્થવાળી વ્યક્તિ ઉત્પન્ન થઈ તો તેને ઈશ્વરના અવતાર તરીકે ગણવાને હિન્દુઓની આ પ્રકારની મનોભાવનાએ વિલંબ કર્યો નથી.'' (પૃ. ૩૦)

(૨) ''........ દિવ્યતાની ભાવનાને લીધે હિંદુઓ વેદને ઈશ્વરપ્રણીત-અપૌરુષેય માને છે.'' (પૃ. ૩૩)

(૩) ''........અમુક વ્યક્તિઓની પયગંબર કે ઈશ્વરાવતાર તરીકેની માન્યતામાં હાનિ એ છે કે જનસમાજ તેમના ચારિત્ર્યનો આદર્શજીવનનો સંપૂર્ણ લાભ લઈ શકતો નથી. તે એમ ધારે છે કે એ વ્યક્તિઓ દિવ્યાંશી હોવાથી તેમના જેવું ચારિત્ર્ય કે આત્મબળ ખીલવવું એ મનુષ્ય શક્તિની બહાર છે.....'' (પૃ. ૩૯)

(૪) ભગવદ્‌ગીતાની દિવ્યતાની અને અવતારવાદની ભાવના દ્વારા હિંદુઓને મળતા આશ્વાસનને લેખક

ઈશ્વરની કૃપા દર્શાવે છે. છતાં અંતે તો કહે છે કે 'મનુષ્યે ઈશ્વર બધું કરી લેશે એવા ખ્યાલથી તેના પર આધાર રાખી કર્તવ્યશૂન્ય બની એની રાહ જોયા કરતા બેસી રહેવું યોગ્ય નથી, પરંતુ ઈશ્વર અવતાર ધારણ કરે ત્યારે તેમનો આદેશ ઝીલી શકવાની યોગ્યતા સંપાદન કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ..." (પૃ. ૪૨)

(૫) "....આપણાં અવતારી પુરુષોનાં જીવન ઊંચાં પણ માનવજીવનની સ્વાભાવિક ભૂલોને નિર્બળતાઓને પાત્ર ચિતરાએલાં છે.... આ મહાપુરુષોની મહત્તા દર્શાવવાને એમના જીવનમાં અમાનુષી લીલા કે ચમત્કારો ગૂંથવાની જરૂર નથી. એમના માનુષી કાર્યો એમને જગત્ વંદ્ય સ્થિતિમાં સ્થાપવાને પૂરતાં છે....." (પૃ. ૪૨-૪૩)

છતાં એ નોંધવું પડશે કે લખનારે જે કંઈ લખ્યું છે એનાથી જુદો મત ન જ હોઈ શકે અથવા એમાં કેટલાક ખાંચ, કેટલીક અપેક્ષાઓ નથી જ કે પૂર્તિ કરવા જેવું કંઈ નથી જ એમ તો ન જ કહી શકાય; દા.ત. એઓ આર્યોનો સામાન્ય નિવાસ જે યુરોપિયન વિદ્વાનોએ કહ્યો છે તે મધ્ય એશિયાને, સ્વીકારે છે. પણ પાર્જિસ્ટરે ૧૯૨૨માં 'એન્સિયન્ટ ઈન્ડિયન હિસ્ટોરિકલ ટ્રેડિશન્સ'માં ઋગ્વેદનો આધાર લઈ એમ કહેલું કે 'આર્યો હિમાલયના મધ્યપ્રદેશમાં થયેલા' તેની નોંધ પણ તેઓ લેતા નથી. એ જ રીતે વેદોની પ્રાચીનતા સંબંધી પશ્ચિમના વિદ્વાનો અને અહીંના વિદ્વાનો ભાણ્ડારકર, વૈદ્ય, તિલક વગેરેના મતો નોંધે છે ખરા, પણ પછીના વિદ્વાનોના મતોનો કોઈ ઉલ્લેખ કરતા નથી, એટલું જ નહિ, પોતાના તરફથી પણ કોઈ ચોક્કસ મત કે નિર્ણય ઉચ્ચારતા નથી. આ તમામ એવા સ્થાનો છે કે જ્યાં વાચકોએ પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી આ ખાંચ, અપેક્ષાઓ, સ્થાનોની પૂર્તિ કરી ચોક્કસ મત બાંધવો જોઈએ.

લેખકે વેદોના લેખન, શિક્ષણ અને ઉચ્ચારણ પદ્ધતિની અસાધારણતાઓ પણ વર્ણવી છે. જુદા જુદા વેદ તથા શાખાના બ્રાહ્મણોની ઉચ્ચારણ પદ્ધતિની વિવિધતાની એઓ નોંધ લે છે અને જુદા જુદા શબ્દ ઉપર ભાર મૂકવાથી જુદો જુદો ભાવ અર્થ દર્શાવી શકાય એ દૃષ્ટાંતો સાથે સમજાવે છે તેમ મંત્રોને યથાસ્થિત જાળવી રાખવા પદ, ક્રમ, જટા વગેરે યોજનાઓ જે હતી તેની ચર્ચા કરે છે. કોઈ એક તૈલંગણ વેદપાઠી પંડિત પાસેથી લેખક આ જુદી જુદી પદ્ધતિઓ જાણી લે છે. અને વિગતે દર્શાવે છે. તે આ ગ્રંથની વિશેષતા છે. વેદના ઉચ્ચારણના નિયમ માટે શિક્ષા નામનું વેદાંગ જે રચાયું હતું તેની પણ તેઓ વાત કરે છે અને ઉદાત્ત, અનુદાત્ત વગેરે સ્વરો જે દર્શાવવામાં આવતા તથા વેદભાષાના કેટલાક વિશિષ્ટ ચિહ્નો હતા તેની તેઓ ઓળખ આપે છે. મંત્રો બોલતી વખતે શબ્દો પર કઈ રીતે ભાર મૂકવો અને વ્યંજનો બેવડાવવા વગેરે પણ કહે છે. ગ્રંથનો આ ખૂબ જ અગત્યનો અને જરૂરી ભાગ છે. આપણા સાહિત્યમાં આ પ્રકારની ચર્ચા થયેલી ખાસ દેખાતી નથી. એવું મહત્ત્વનું અને આવશ્યકતાવાળું કામ લેખકે સિદ્ધ કરી આપ્યું છે. એ મહત્તાવાળું અને જરૂરી એટલા માટે છે કે જુદા જુદા વિલક્ષણ અર્થ ગદ્ય-પદ્યના કરી શકાય એવો સંસ્કૃત ભાષાનો ખાસ ગુણ છે. એ રહસ્યને પામવા માટેનો સરળ માર્ગ લેખકે અહીં કરી આપ્યો છે.

વેદોના અર્થ હેતુએ પુરાણોમાં રૂપકમાં અને બીજી રીતે જે વર્ણનો થયાં છે તેના પણ બૌદ્ધિક અર્થઘટનો લેખક આપે છે; દા.ત. સુર-દેવ પ્રજા સાથે અસુરોને રાજ્ય માટે જે યુદ્ધો થતાં તેનાં પુરાણોમાં રૂપકમાં અને બીજી રીતે જે વર્ણનો થયાં છે તે સમઝાવતાં કહે છે :

"દેવ અને દાનવ એ એક પિતા કશ્યપની અદીતિ અને દીતિ એ બે સ્ત્રીઓથી થએલી પ્રજા છે અને ઓરમાન ભાઈઓ થાય છે. અસુર એટલે, બળવાન ગણાતી ઈરાન દેશની પારસી પ્રજા સાથે, મધ્ય એશિયા-તિબેટ વિ. પ્રદેશ પર રાજ્ય કરતી સુર-દેવ પ્રજા સાથે રાજ્ય માટે યુદ્ધો થયાં હશે." (પૃ. ૬૭)

આ જ રીતિએ દેવત્વ અને બીજા વિષયોને પણ ગ્રંથ-લખનારે તપાસ્યા છે, જેમકે શિવ શબ્દ વેદમાં જે અર્થમાં વપરાયો છે તેની ચર્ચા કર્યા પછી પોતાના તરફથી એવું ઉમેરે છે કે "શિવ, પાર્વતી, ગણપતિ,

દેવસેનાધિપતિ સ્કંદ વિ. આખું કુટુંબ તેની ભૂત પિશાચની સેના સહ, કૈલાસ પ્રદેશના પવિત્ર શિવનામ ધારણ કરતા, કોશલ પ્રદેશના રાજ શિરોમણિ રામચંદ્ર જેવા, અન્ય રાજાધિરાજનું કુટુંબ ભૂતપિશાચ નામની જાતિ પર રાજ્ય કરતું હોય અને તેમના અતિ પ્રાચીન સમયમાં કરેલા પરાક્રમોને લીધે દેવત્વને પામ્યું હોય એમ પણ સંભવિત છે.'' (પૃ. ૬૮)

તો પુ. જો. ભટ્ટ વેદો અને ઉપનિષદોમાંથી યાજ્ઞવલ્કય અને મંડનમિશ્ર જેવા મુનિઓની સ્ત્રીઓની વેદો પ્રત્યેની રૂચિ તથા જ્ઞાનનાં ઉદાહરણો ટાંકી તથા પ્રમાણો આપી સ્ત્રીઓનો વેદાભ્યાસ અંગેનો અધિકાર સાબિત કરી આપે છે. જાનશ્રુતિ જેવા શૂદ્રે બ્રહ્મવિદ્યા રૈકવમુનિ પાસે પ્રાપ્ત કરી હતી એવા આધારો શ્રુતિમાંથી લઈને શૂદ્રની પણ વેદાભ્યાસ અંગેની પાત્રતા સિદ્ધ કરી આપે છે અને એ રીતે હિંદુ ધર્મ પાળતાં સર્વ મનુષ્યોનો સંસ્કાર પામવાનો અધિકાર છે એમ કહે છે (-એ માટે પૃ. ૭૪), વેદોનો આધાર લઈ એઓ આર્યોની પરદેશની મુસાફરી પણ સાબિત કરી આપે છે. (પૃ. ૭૬)

ઉપર કહ્યું એવું બધું નિશ્ચિત કરી એઓ ત્યાં અટકી જતા નથી પણ સ્ત્રી શિક્ષણ, પરદેશગમન, સમાનતા ઈત્યાદિ જે જરૂરી છે તે વિસ્તારથી વર્ણવે છે. એમાં એમનું સુધારાવાદી વલણ તથા આર્ય સમાજની અસર સ્પષ્ટ વરતાય છે. એ રીતે પોતે સનાતની હોવા છતાં સનાતનીઓના જડ આગ્રહોના સપ્ત વિરોધી અને સુધારવાદી તરીકે બહાર આવે છે, એટલું જ નહિ, બીજાઓને પણ એવા જડ આગ્રહો છોડાવવાનો પ્રયત્ન કરે છે; દા.ત. વેદ-શાસ્ત્ર વિ.ના અભ્યાસ માટે ઉપવીત અને બીજા સંસ્કારને એઓ અનિવાર્ય ગણતા નથી અને પોતાની વાત બળપૂર્વક સમજાવવા કટાક્ષો તથા ચાબખા ઈત્યાદિનો પણ ઉપયોગ કરે છે. કહે છે; ''ઉપવીત સંસ્કાર કર્યો અને વેદશાસ્ત્રોનો અભ્યાસ કર્યો નહિં તો સંસ્કાર માત્રથી બહુ લાભ નથી'' (પૃ. ૭૫). વળી એમ પણ કહે છે કે ''સંસ્કાર કરેલા બ્રાહ્મણો શૂદ્રનાં કાર્યો કરી રહ્યા છે. સંસ્કાર રહિત પણ વેદ-શાસ્ત્ર વિ.ના અભ્યાસ બળે બ્રાહ્મણેતર વર્ણોના મનુષ્યો જન્મથી નહિં તો કર્મથી ઉત્તમ બ્રાહ્મણો જેવા થયા છે.'' (પૃ. ૭૫)

પ્રાચીન સમયમાં આર્યસંસ્કૃતિના વિસ્તાર-વિકાસમાં યજ્ઞનું મહત્ત્વ અને ગૌરવ એઓ સ્વીકારે છે તથા જુદા-જુદા યજ્ઞોની યોજના આર્યોએ જે કરી તેનું પૃથ્થકરણ પણ કરી આપે છે. તેમાં પશુ હિંસા વગરના મહારુદ્ર વિષ્ણુ યાગ વિ. પૌરાણિક દેવતાના યજ્ઞોને એઓ વિશેષને વિશેષ આવકારે છે, કેમકે એ યજ્ઞોમાં વિદ્વત્ચર્ચાઓ અને એ દ્વારા વિદ્યામાં પ્રગતિ થતી. એનું એમને આકર્ષણ છે. લેખકને મન કર્મકાંડ કરતાં જ્ઞાનકાંડનું મહત્ત્વ વધારે છે. એઓ કહે છે : ''વિદ્યાના પ્રચાર માટે લક્ષ્મીનો સદ્દુપયોગ થાય તે ઉત્તમ યજ્ઞ છે અને આ યજ્ઞથી 'यज्ञोवै विष्णुः યજ્ઞ સ્વરૂપ વિષ્ણુ વધારે પ્રસન્ન થાય છે... આ આત્મસમર્પણ એ પ્રભુની ઉત્તમોત્તમ અંતિમ ભક્તિ છે અને તેથી જેવા પ્રભુ પ્રસન્ન થાય તેવા બીજી ઉપલકિઆ ભક્તિથી થાય તેમ નથી.'' (પૃ. ૯૪)

પુરાણોમાં તેમજ સાહિત્યમાં કળિકાળ અને બીજા જે વર્ણનો છે તેને આધારે લેખકે 'યુગની ભાવના'નું વિસ્તૃત વર્ણન આપ્યું છે અને તેમાં પ્રજાની થયેલી ઉન્નતિ અવનતિની ચર્ચા કરી છે તથા જ્યાં અવનતિ કે ઉદાસીનતા દેખાય છે તે સાંમે લાલ આંખ કરી છે અથવા ચાબખા માર્યા છે; દા.ત. એઓ કહે છે કે ''શંકરાચાર્યે ગૃહમાંથી નીકળી જઈ સંન્યાસ ગ્રહણ કરવાનો જે બોધ કર્યો તેનાથી વિરક્તિ વગરના નિરુદ્યમી સન્યાસીઓનો સાધુઓનો વધારો થયો.'' (પૃ. ૯૬) એમના મતે સંસારને સ્વપ્ન સરખો-નકામો ગણી તેની ઉપેક્ષા કરવી જોઈએ નહીં. તો વળી કહે છે કે ''કળિયુગના બીહામણા ખ્યાલો તથા વ્યવહારનાં કર્તવ્ય પ્રત્યે ઉદાસીનતા છોડી દઈ આ યુગને સત્યયુગ કરવા મથવું જોઈએ'' (પૃ. ૯૭) એવા આગ્રહો એઓ સેવે છે. પ્રાચીનતાનું ઉપયોગી હાર્દ જે છે તેને જ જાળવી રાખવાનું કહે છે અને ઉમેરે છે કે ''૫૦૦૦ વર્ષ પરની Out of date હાલના સમયને અનુકૂળ નહિં એવી બંધ પડી ગયેલી ક્રિયાઓ કે રીતિઓને વળગી રહેવાનો કે પ્રચલિત કરવાનો આગ્રહ કરીશું નહિં'' (પૃ. ૯૭)

વેદધર્મનો વિકાસ પણ કશી અંધશ્રદ્ધા વગર જ આલેખે છે. એ આલેખનમાં બુદ્ધિવાદ આધાર છે; જેમકે સૂર્ય, ચંદ્ર, ઇંદ્ર અને બીજા દેવોની સ્થાપના તથા એમના પ્રત્યેની ભાવના પાછળ માનવ કલ્પનાએ કઈ રીતે ભાગ ભજવ્યો છે, મૂર્તિ-પૂજાનાં મૂળ પાછળ માનવીના કયા વિચારો પડેલા છે ઇત્યાદિની ચર્ચાનો આધાર બુદ્ધિવાદ છે. ચર્ચામાં આર્યાવર્તમાં તત્ત્વજ્ઞાનની વૃદ્ધિ પાછળ પડેલી સામાન્ય બુદ્ધિગમ્ય માન્યતાઓ, કુતૂહલ, જિજ્ઞાસા, જાણવાની વૃત્તિ, કલ્પનાએ શી રીતે કામ કર્યું છે તે લેખકે દર્શાવ્યું છે. એ તત્ત્વજ્ઞાન વેદમાં સંપૂર્ણ કળાએ અને ઉપનિષદોમાં પરાકાષ્ઠાએ પહોંચ્યું - એવી રીતે કે દેહનો ચાલક કોણ, એનું સ્વરૂપ શું, પુનર્જન્મ, અમરત્વ, સ્વર્ગ નર્ક, સૃષ્ટિની ઉત્પત્તિ અને તેનું કારણ શું, ઈશ્વર જગત અને જીવનો સંબંધ શો, ચૈતન્ય શું, અને બીજા તમામ પ્રશ્નોના જવાબો એમાંથી મળી રહે. આમ છતાં પછી ઘણા શાસ્ત્રો થયાં એમાં ઘણા સ્વતંત્ર વિચારો થયા. એમાં પડેલા બુદ્ધિવાદનું લેખક ગૌરવ કરે છે; દા.ત. ન્યાયશાસ્ત્રે બુદ્ધિવાદની, તર્કની, ન્યાયની ઘણી ઝીણવટ ભરી પદ્ધતિ ઉપજાવી. યજ્ઞ એ બહોળા અર્થમાં વપરાયો અને પ્રત્યેક ધાર્મિક-પરોપકારી જનસેવાના કાર્યનો યજ્ઞ શબ્દમાં સમાવેશ કરવામાં આવ્યો વગેરે ચર્ચાને તેઓ વેદાંતના મહાન સંપ્રદાયો સુધી, રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો અને પુરાણો સુધી અને પછી પણ વિસ્તારે છે. એ રીતે વેદધર્મના વિકાસ ક્રમની ઐતિહાસિક રૂપરેખા તૈયાર કરી આપે છે ને એમાં વેદધર્મ વિરુદ્ધ પરિવર્તન-બળવારૂપે ઉત્પન્ન થયેલા જૈન અને બૌદ્ધ ધર્મને તથા પ્રમાણવાદી ચાર્વાકનો મત અને એમની માન્યતાઓને પણ લે છે. ચર્ચામાં કશો જ પૂર્વગ્રહ કે સનાતનપણાને વચ્ચે આવવા દેતા નથી અને પોતાને જે ઠીક લાગ્યું છે તે પ્રામાણિક રીતે કહ્યું છે; ઉ.ત. ચાર્વાક મત માટે કહે છે કે ''આ જીવન ઉત્તમ રીતે ગાળવામાં આવ્યું હોય તો પરલોકની ચિંતા કરવાનું તેમને પ્રયોજન નથી. આ મતને આ દૃષ્ટિથી જોવાય તો તેને નિંદ્ય ગણવાનું કારણ નથી. આ પ્રાપ્ત લોકને સુધારવામાં આ મત ઘણો ઉચ્ચ અને ઉજ્જ્વળ ભાગ ભજવી શકે તેમ છે. ઈશ્વર પર આધાર રાખી બેસી રહેનાર કરતાં સ્વપરાક્રમ પર ઝૂઝનાર ઓછો માનપાત્ર ભાગ્યે જ ગણી શકાય.'' (પૃ. ૧૦૫). ગ્રંથની વિશેષતા એ છે કે ચર્ચાને બલ આપવા લેખકે કોઈ કોઈ વાર બ્રહ્મોસમાજ, પ્રાર્થના સમાજ, થિયોસોફિકલ સોસાયટી જેવા સમાજો અને બીજાના વિચારો પણ દલીલો કે ચર્ચાની જરૂરિયાત માટે ઉપયોગમાં લીધા છે. એ ચર્ચામાં પારસીઓનો ધર્મ, મુસ્લિમ કે ખ્રિસ્તી ધર્મ અથવા અંગ્રેજ કવિઓ કે ગ્રીક તત્ત્વજ્ઞાનના પણ ઉલ્લેખો છે. આ વિકાસયાત્રાને એઓ છેક ગુરુ નાનક, કબીર ઇત્યાદિ સંતો સુધી લંબાવે છે. એમને મન જનસમાજની આ સંસ્કૃતિ યાત્રા છે અને તેથી જ શિલ્પ, સ્થાપત્ય, સંગીત, ચિત્રકળા વગેરેની પ્રગતિને પણ ઉલ્લેખે છે અને એજ કારણે ધર્મમાંના સર્વ મનુષ્યોની સમાનતા, સામાજિક એકતા વગેરે સારાં સ્વીકારવા જેવાં તત્ત્વો તારવી આપે છે. દીવાલો ભાંગવાની, હિંદુ સમાજની પુનર્ઘટના કરવાની, ધાર્મિક સ્વાતંત્ર્યની, સહિષ્ણુતાની વગેરે વાતો એમણે જે કરી છે તે આ સંસ્કૃતિના તથા વેદધર્મના વિકાસ હેતુએ જ કરી છે. એટલું જ નહિ, આ સંસ્કૃતિના, વેદધર્મના, ઇતિહાસ આલેખનનો પણ આગ્રહ સેવતાં તેઓ કહે છે કે ''વેદનો, વેદના સમયની પરિસ્થિતિનો, વેદધર્મે કેવી રીતે સર્વ અનાર્ય પ્રજાનો પોતામાં સમાવેશ કરી દીધો અને વેદધર્મનો ઋષિમુનિઓએ અન્ય દેશોમાં પ્રચાર કર્યો એ ઇતિહાસનો ઊંડો અભ્યાસ થવાની જરૂર છે.'' (પૃ. ૧૧૪) હિંદ તત્ત્વજ્ઞાનને ઇતિહાસની દૃષ્ટિએ 'નિરુપવાનો આગ્રહ આનંદશંકરભાઈએ 'વસન્ત' (માર્ગશીર્ષ ૧૯૭૦)માં રાખ્યો હતો અને નર્મદાશંકર દેવશંકર મહેતાએ ૧૯૧૯ થી એને નિરુપવાનો પ્રારંભ કરી પણ દીધો હતો જે કામ ૧૯૨૪ અને ૧૯૨૫ માં ગ્રંથરૂપે પ્રગટ થયું. પુ. જો. ભટ્ટ એ જ દૃષ્ટિ ધરાવતા હતા. તેથી એઓએ પણ આ પ્રકારનું કામ થવું જોઈએ એવો આગ્રહ સેવ્યો હતો જે એમણે કરેલા વિધાનોમાં જોઈ શકાય છે.

એ તો સ્પષ્ટ જ છે કે ધર્મ એટલે પરમેશ્વરને જાણવો ભજવવો તથા એને ગમતાં કામ કરવા. એ સંબંધી બહુ પ્રાચીનકાળથી જે પુસ્તકો લખાતાં આવ્યાં છે તે શાસ્ત્ર કહેવાયા. એમાં એવાં વચનો છે કે જે આજ્ઞા તથા બોધ માટેનાં છે. એ શાસ્ત્રોનું મૂળ 'વેદ' છે. 'વેદ' એટલે જ્ઞાન, 'શ્રુતિ', એટલે કે સાંભળેલું જ્ઞાન. મંત્ર

દૃષ્ટાઓએ તે સાક્ષાત્ પરમાત્મા પાસેથી સાંભળ્યું હતું. માટે વેદ અપોરુષેય ગણાયા. એમાં પરમાત્માનું સ્વરૂપ, સ્તુતિ તથા યજ્ઞનાં વર્ણનો છે. એ સંબંધી ઉપલબ્ધ પુસ્તકો સંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષદો છે. જૂના મુનિઓએ સૌને સાંભળાવ્યું. એ વિષે નવું દર્શન પામનાર નવા પુરુષોએ તાજા ગ્રંથો રચ્યા એ 'સ્મૃતિ' ગ્રંથો. એમાં પરમાત્મા સંબંધી વિચાર ઉપરાંત માનવસમાજ માટે પણ કહેવાયું છે. એવા બહુ પુસ્તકો થયા ત્યારે તેમાંથી ધર્મ સંબંધી સાર બતાવનારા ભાષ્યો થયાં. એ ભાષ્યો બનાવનાર મુખ્ય તે શંકરાચાર્ય રામાનુજાચાર્ય અને વલ્લભચાર્ય. પછી તો સંત-સાધુઓએ જે તે ભાષામાં જ્ઞાન અને ભક્તિનાં પદો જે ગાયા તે પણ હિંદુ ધર્મશાસ્ત્રમાં ગણાવા લાગ્યા. એના કર્તાઓ ગુરુ કહેવાયા અને કેટલાકના મોટા પંથો થયા- આ બધા પરથી આપણે હિંદુ ધર્મના ઇતિહાસને અને હિંદુ સમાજ તથા સંસ્કૃતિને કલ્પી શકીએ છીએ- એને ઉપસાવી આપવાનું 'વેદવિચાર'ના લેખકને આકર્ષણ છે.

ઉપર જે પ્રકારના કામની આપણે ચર્ચા કરી તેને ખૂબ જ ઉપકારક બની રહે એવો આ ગ્રંથ 'વેદવિચાર' છે. ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનું કામ જે બહુ ઓછું થયું છે તેમાં રા. સા. પુ. જો. ભટ્ટનું આ લખાણ આગવું સ્થાન ધરાવનાર બની રહેવાનું.

નોંધીએ કે ગ્રંથમાં સ્વ. રા.સા. પુ. જો. ભટ્ટે જગતના મિથ્યાત્વ અને મુક્તિમીમાંસાની તથા અધ્યાસવાદની અને શિવલિંગ રહસ્ય ઇત્યાદિની પણ ચર્ચા કરી છે અને રુદ્રાભિષેક પદ્ધતિ સુદ્ધાં બતાવી છે.

'ભાષ્ય' રચનાર આચાર્યોના જે જુદા જુદા મતો છે તેમાં વેદધર્મના બે સંપ્રદાયો; શંકર સંપ્રદાય અને વલ્લભ સંપ્રદાય એના મુખ્ય ભેદને લેખકે આ ચર્ચામાં સમજાવ્યો છે. શંકરાચાર્ય જે જગતને મિથ્યા કહે છે અને વલ્લભાચાર્ય કે જે જગતને સત્ય કહે છે તે કઈ રીતે એ ઉપનિષદ્, શ્રીમદ્ ભાગવત પુરાણ ઇત્યાદિમાંથી પ્રમાણો તથા આખ્યાયિકાઓ અને દૃષ્ટાંતો આપી કહ્યું છે. એમનું આ નિરૂપણ વેદાન્તના વિદ્યાર્થીઓને ચોક્કસ જ ખૂબ ઉપયોગમાં આવે એવું છે. પણ સાથે રામાનુજના વિશિષ્ટાદ્વૈતમતનું નિરૂપણ થયું હોત તો ઠીક ન થાત ? એવો પ્રશ્ન સહેજે થાય. પણ એમ કરવા જતાં એમને શ્રી નાથમુનિ, રામાનુજાચાર્ય વગેરે તથા પ્રસ્થાનત્રયી ઉપર ઘડાયેલા મતોને પણ ચર્ચામાં લેવા પડ્યા હોત અને એ ઉપર ઘડાયેલા મતોના સિદ્ધાંતોની સરખામણી પણ કરવી પડી હોત જેને આ ગ્રંથને ઘણા વિસ્તારવાળો બનાવી દીધો હોત. એમાંથી બચવા માટે જ લેખકે કદાચ પડતું મૂક્યું છે.

આ ચર્ચા, એટલે કે વેદધર્મનો વિકાસ, જગતનું મિથ્યાત્વ, મુક્તિમીમાંસા ઇત્યાદિની ચર્ચા, પૂર્વે એમની શૈલી જે ખંડનમંડનની હતી તે તટસ્થ તાર્કિક વિવેચનમાં પલટાય છે. દરેક તત્ત્વને સમજાવવાની સાથે સાથે દૃષ્ટિ સમન્વયની પણ રહી છે; દા.ત. વેદ-પ્રામાણ્યને ન સ્વીકારતા જૈનોનું દર્શન, કોઈપણ આગમ પ્રમાણને ન સ્વીકારતા બૌદ્ધોનું દર્શન, ચાર્વાકનો પંથ વગેરેનો પરિચય તથા એમનો સ્વતંત્ર પ્રવાહ ચર્ચે છે. છતાં ત્રણેને એક ગંગા તરીકે નિરૂપવાની સમન્વય દૃષ્ટિ દેખાય છે ને એમાંય એમના યુગનું શિક્ષણ, સંશોધન તથા ખ્રિસ્તી અને મુસલમાનોના ઉત્તમ ગુણોને સાંકળી લેવાની ઉદાર દૃષ્ટિનો લાભ એ નિરૂપણને મળ્યો છે. બીજું ઉદાહરણ લઈએ તો શંકર તથા વલ્લભસંપ્રદાયને સ્વતંત્ર રીતે અને વિસ્તારથી વર્ણવી બંનેની જુદાઈને સ્પષ્ટ કરી આપે છે, પણ પછી એવી રીતે પણ વિચારે છે કે એ જુદાઈ કે વિરોધ માનવાના કોઈ ખાસ કારણો રહે નહીં; ઉ.ત. તેઓ કહે છે, ''થોડો સિદ્ધાંતમાં શાબ્દિક ભેદ છે. બાકી ઉભયની માન્યતાઓ ઘણે ભાગે એક સરખી છે. ભગવદ્ગીતામાં પ્રભુએ કહ્યું છે કે સાંખ્ય અને યોગ બાળક-બુદ્ધિનાં મનુષ્યો પૃથક્ પૃથક્ સિદ્ધાંતો છે એમ કહે છે, પણ જે સ્થાન સાંખ્યથી - જ્ઞાનથી મળે છે તે કર્મયોગ-ઉપાસના-ભક્તિથી મળે છે. તેમ શંકરાચાર્યમતમાંએ પ્રભુભક્તિ કરી વૈકુંઠ પ્રાપ્ત કરે તે ઇષ્ટ છે.'' (પૃ. ૧૩૩)

આ સમન્વય દૃષ્ટિને કારણે જ એમણે ઘણું દૂરનું પણ જોયું છે; ઉ.ત. એમનાં નીચેનાં વિધાનો જુઓ.

''ખ્રિસ્તી મિશનરીઓ તથા પાશ્ચાત્ય વિદ્વાનો અત્રેના વેદાંત સિદ્ધાંતોથી જાણીતા થઈ બાઈબલનું વિવેચન કરતાં પોતાના ધર્મગ્રંથોમાં અત્રેના સિદ્ધાંતો ગુંથવા તથા ઉપજાવી કાઢવા પ્રયત્નો કરે છે અને તેજ વેદ ધર્મનો વિજય દર્શાવે છે. વેદ ધર્મના સિદ્ધાંતોનો સર્વ પ્રજા યથેચ્છ રીતે લાભ ઉઠાવી શકે છે. તેને માટે તેમણે હિંદુ ધર્મ અંગીકાર કરવો જોઈએ એવો આગ્રહ રાખવાનું કારણ નથી.'' (પૃ. ૮૮)

ઉપરની વાત લેખકે ૧૯૨૮-૨૯માં કરી. આજે ૨૦૦૮માં પણ એ ધ્યાન પર લેવા જેવી છે. અથવા એમ કહો કે લેખક દૂરનું-૨૦૦૮ અને તે પછીના સમય સુધીનું - જોઈ શક્યા છે; દા.ત. કેરલમાં પ્રગટ થયેલ બાઈબલ, બાઈબલના 'ઇન્ડિયનાઈઝડ' અવતારમાં ઉપનિષદ્ ભગવદ્ગીતા અને મનુસ્મૃતિ જેવા હિંદુધર્મના ગ્રંથોના સંદર્ભ ટાંકવામાં આવ્યા છે. એના જનરલ ઓડિટર ફાધર ઓગસ્ટનના કેટલાક વિધાનો લેખકે ઉપર જે વાત કરી તેને બળ આપે છે; દા.ત. તેઓ કહે છે કે ''બાઈબલના ટ્રેઝર ઇન હેવન ઑફ માઉન્ટમાં આવતો ઉપદેશ ભગવદ્-ગીતાના નિષ્કામ કર્મના ઉપદેશ સાથે બરાબર મળતો આવે છે.'' (એ માટે, ગુજરાત સમાચાર, તા. ૬-૮-૨૦૦૮)

આમ જોઈ શકાય છે કે કશીક શુભ વસ્તુ એક પ્રજા પાસે હોય તો એનું ગૌરવ અને સહાય સર્વત્ર પ્રસરે છે ને સમભાવ તથા સમન્વય જેવાં તત્ત્વો પણ ચમત્કાર સર્જે છે. આ રીતે એક જ પ્રજામાંના અથવા પ્રજા પ્રજા વચ્ચેના ઘણા અંતરાયો તથા ગેરસમજો દૂર થાય છે.

શિવલિંગની પૂજા સંબંધમાં પણ ઘણી ગેરસમજ પ્રવર્તે છે. એ દૂર કરવા પણ લેખક ચર્ચા કરે છે. એમના મતે શિવ-પરમાત્માનું સ્વરૂપ જે જગતમાં ગુપ્ત રહેલું છે, જે અજ્ઞાન છે, તેને જણાવે છે તે શિવલિંગ. પરમાત્માનું સ્વરૂપ પ્રકૃતિથી આચ્છાદિત-ઢંકાયેલું છે તેથી મનુષ્યોના જાણવામાં આવતું નથી. ન્યાયશાસ્ત્રની ભાષામાં લિંગ એટલે હેતુ - સહચારી અજ્ઞાત વસ્તુનું જ્ઞાત વસ્તુથી અનુમાન જ્ઞાન થઈ શકે તે. તે ચિહ્ન અથવા પ્રતીકના અર્થમાં પણ વપરાય છે. આગળ જ્યોતિઃ શબ્દ મુકતાં એનો અર્થ પરમેશ્વરના તેજનું ચિહ્ન એવો થાય. દીપ કે અગ્નિની જ્વાલાનો આકાર એવો હોય છે. વિષ્ણુની સગુણ ઉપાસનામાં એમના પુરુષ જેવા આકારમાં ચતુર્ભુજ મૂર્તિને હિંદુઓ પૂજે છે જ્યારે વિષ્ણુના આકાર વગરના નિર્ગુણ સ્વરૂપની પૂજા માટે એમના પ્રતીક તરીકે કાળો લીસો ગોળ પથ્થર જે શાલિગ્રામ કહેવાય છે તે પૂજાય છે. આ રીતે ઈશ્વરની ઉપાસનામાં શિવલિંગ અને શાલિગ્રામ મધ્યસ્થ છે.

આ જે ચર્ચા કરી તેમાં પ્રશ્ન એ છે કે દેવોની મનુષ્ય દેહાકારની પૂજા થાય છે. તો પછી ભગવાન શિવજીની મૂર્તિ ઉપર જળસિંચન કે તેનો વિધિ ન કરતાં શિવલિંગ ઉપર એવો વિધિ કરી પૂજા શા માટે કરવામાં આવે છે ? એ પ્રશ્નનો જવાબ ઉપરની ચર્ચામાં એ રીતે સમાયેલો છે કે જ્યારે બધું અવ્યક્ત હતું, દૃષ્ટા-દૃશ્ય, જ્ઞાત-જ્ઞેય એવો ભેદ ન હતો, ત્યારે ''ચૈતન્ય'' પોતાની સ્વરૂપગત જ્યોતિથી પ્રકાશિત પોતાનામાં જ સ્થિત હતું. એ શિવ - સર્વવ્યાપક જ્યોતિરૂપ-વિશ્વનું સારરૂપ સ્વરૂપના પ્રતીકરૂપ ઈશતત્ત્વ - પરમાત્મા - સચ્ચિદાનંદ બ્રહ્મ - શિવલિંગનું યોગીઓએ ધ્યાન ધર્યું અને વેદી તે જગત નિર્માણ કરનાર પ્રકૃતિનું - બ્રહ્માંડનું - પ્રતીક છે. બ્રહ્મ અને પ્રકૃતિથી બ્રહ્માંડ વિસ્તર્યું- બંનેનું પ્રતીક તે શિવલિંગ. આમ જે કંઈ પ્રકાશિત છે તે બ્રહ્મની ચિત્ જ્યોતિને લીધે. એ કારણે જ શિવલિંગની પૂજા - આરાધના થાય છે. એટલે કે જેના દ્વારા જે લક્ષિત છે, નિર્દેશિત છે તે બ્રહ્મ લિંગ છે, ચિહ્ન છે, કલ્યાણકારી છે, શિવરૂપ છે, જેમાં બ્રહ્મ તત્ત્વ છૂપાયેલું છે તેને પ્રગટ કરવાવાળું ચિહ્ન તે શિવલિંગ જે નિર્ગુણ નિરાકાર બ્રહ્મને પ્રતીકરૂપે પ્રગટાવે છે. દૃશ્ય જગત જેનામાં લય પામે છે તે, એટલે કે બ્રહ્મતત્ત્વ - ઈશતત્ત્વ, શિવલિંગ છે માટે પણ તે પૂજાય છે. કહેવાય છે કે લિંગ તથા લિંગ દેવીની પૂજાથી બધા દેવ દેવી પણ પૂજાય છે. આ વાતને લિંગપુરાણનો પણ આધાર છે. તેથી જ તો અબાલ વૃદ્ધ, નાત-જાતની વ્યક્તિ ઈત્યાદિના ભેદભાવ વગર શિવલિંગની પૂજા થાય છે. એ દૃષ્ટિએ સામાજિક અને

આર્થિક નજરે પણ એનું મહત્ત્વ છે.

શિવલિંગ ઉપર સતત જળ કે દૂધની અખંડ ધાર કરીને રુદ્ર પઠન કરવું એટલે 'રુદ્રાભિષેક'. એ કરવાની પદ્ધતિ ન. દે. મહેતાએ ગ્રંથના પુરઃસ્કારમાં કહી છે પણ એ કઠિન હોઈ લેખકે સર્વથી સરળ એવી પદ્ધતિ વર્ણવી છે અને એ રીતે રુદ્ર, રુદ્રી, લઘુરુદ્ર, મહારુદ્ર, અતિરુદ્ર એ પાંચ પ્રકારના અનુષ્ઠાનને તથા તેના ત્રણ ભેદો- જપાનુષ્ઠાન (માત્ર પાઠ કરવો), અભિષેકાનુષ્ઠાન (અભિષેક સહિત પાઠ કરવો) અને હોમાનુષ્ઠાન (હોમ સહિત પાઠ કરવો)ને વર્ણવે છે. સંકલ્પ કરવાની તથા એ કર્યા પછી ષડંન્યાસ કરી અભિષેક કરવાની રીતો પણ બતાવે છે. કૈવલ્ય ઉપનિષદ્, જાબાલ ઉપનિષદ્, વાયુપુરાણ વગેરે ધાર્મિક ગ્રંથોનો આધાર લઈ ફલશ્રુતિ પણ ચર્ચે છે - આમ પાપની નિવૃત્તિ, પુણ્યની પ્રાપ્તિ, શંકરનું શરણ, મોક્ષરૂપ ફળ મળે છે એમ દર્શાવે છે.

આ ફળ પ્રાપ્તિના વિષયમાં પ્રમાણનું ઔચિત્ય જાળવીને લેખક વાત કરે છે એ આ ગ્રંથની અસાધારણતા છે. બાકી આપણે ત્યાં 'મહેશ્વરનાં ધ્યાનસહિત એકવાર રુદ્રીનો જપ કરે તો તેને આખી પૃથ્વીનું દાન કરતાં વિશેષ ફળ મળે છે.' જેવી અતિશયોક્તિથી ફળ પ્રાપ્તિની વાત થતી રહી છે અને રુદ્રના જપથી ગૃહદોષ, બધા કષ્ટ દૂર થાય, બધા રોગોની શાંતિ થાય, બધી ઈચ્છાઓ પૂર્ણ થાય એમ સતત કહેવાતું રહ્યું છે. તથા સંતતિ ન થવી, અસાધ્ય બિમારી જેવા સંકટોને મહાત કરવા, જેવા પરિણામકારક ઉપાય તરીકે 'રુદ્રાભિષેક'ને કહ્યો છે.

લેખક એ અતિશયોક્તિને ઉપહાસના ભયમાંથી મુક્ત કરી શી રીતે જોઈ શકાય એ સમજાવે છે. એમને મતે રુદ્રીનો અર્થ સમજી જપ કરનારને ઘણો લાભ, ઘણું પુણ્ય, થાય છે અને શ્રદ્ધાપૂર્વક કરેલી ઉપાસના વિશેષ ફળદાયી નીવડે છે.

આ તમામ ચર્ચાઓમાં ઈતિહાસ, સંસ્કૃતિ, સમાજ-ઉત્થાન ઈત્યાદિ વિષયો પર પણ લેખકની દૃષ્ટિ અને એનું આલેખન કરવાના એમના પ્રયત્નો સતત રહ્યા છે. એમ થવું સ્વાભાવિક પણ છે. કેમકે હિંદુધર્મ અને હિંદુ સમાજ હજારો વર્ષ જૂનો છે. એનાં પ્રાચીન પુસ્તકો હજુ પણ વિદ્યમાન છે. પરિસ્થિતિ પ્રમાણે ધર્મના ઘાટમાં ઘણા ફેરફારો થયા છે. છતાં એનાં પાયાનાં તત્ત્વ-એની સાધારણ રચના સ્થાયી હોવાની પ્રતીતિ કરાવે છે. પ્રાચીન આર્યોએ જે સિદ્ધાંતો આપ્યા તે આજે પણ હિંદુઓને સ્વીકાર્ય છે. એ જે રીતે ઈશ્વરની આરાધના કરતા, સ્તુતિ કરતા, રુદ્રી ઈત્યાદિ કરતા તે આજે પણ હિંદુઓ કરે છે. તેથી જ તો લેખકને એના ઈતિહાસ, સંસ્કૃતિ, સમાજ ઈત્યાદિ વિશે આ 'વેદવિચાર' ગ્રંથના માધ્યમે કહેવું ગમ્યું છે. એ કહેવાને માટે ૧૯૨૮ માં લેખકે આ ગ્રંથની રચના કરી હતી ત્યારે ગુજરાતી ભાષામાં જે પ્રકારે જોડણી પ્રવર્તતી હતી તે લેખક દ્વારા ઉપયોગમાં લેવાઈ છે. આ દ્વિ.આ.નું સંપાદન કરતી વેળાએ પણ ઐતિહાસિકતા અને અન્ય ઉપયોગી ઉદ્દેશોએ એ સાંચવી રાખવામાં આવી છે. એ વેળાએ જોડણી સ્થિર થઈ નહોતી. તેથી 'નહીં'ને બદલે 'નહિં' તથા 'આવિએ' 'છિએ' 'કરિએ' વગેરે જે છે તેમાં કોઈ ફેરફાર કરેલ નથી.

ઈતર, ઈશ્વર, ઈ.સ., ઇંદ્ર જેવા શબ્દોમાં એકવાક્યતા જણાતી નથી. કેટલાકમાં મોટી ઈ તો કેટલાકમાં નાની ઇ જોવા મળે છે. મુદ્રણાલયમાં બીબાંની અછતનું અથવા બીબાં તૂટી જવાનું એ કારણ હોવું જોઈએ. મેં એમાં એકવાક્યતા લાવવાનો પ્રયત્ન કર્યો છે; જેમકે ઈશ્વર, ઈ.સ., ઇંદ્ર વગેરે. સામાન્યતઃ પદ્યમાં વપરાતા 'આપણ' (सं. आत्मन्, प्रा. अप्पण) જેવા શબ્દોનો ઉપયોગ એમણે ગદ્યમાં કર્યો છે તેને સ્થાને પ્રાયઃ ગદ્યમાં વપરાતા શબ્દો એ જ હેતુએ મૂક્યા છે. આપણે ત્યાં 'છીએ' લખવાનું રૂઢ છે. માનો કે એમણે 'ઇયે' પ્રત્યય સ્વીકાર્યો છે. તોપણ 'છિયે' એવું લખાય. છતાં લેખકે 'છિએ' એવા પ્રયોગો કર્યા છે. એ પણ અમે બદલ્યા નથી. 'દેખાયતું છે' વગેરે પ્રયોગો પણ અમે બદલ્યા નથી. નિયમ તો એવો છે કે જુવો, ધુવો નહિ પણ જુઓ,

ધુઓ લખવું, પણ લેખકે તો જુવો, ધુવો એ પ્રમાણે જ લખ્યું છે. એ એટલા માટે કે જે તે સમયે પ્રવર્તતી અને લેખકને સ્વીકાર્ય જોડણીનું એ પરિણામ છે. એ સાંચવી રાખવા પાછળ પણ હેતુ તો ગ્રંથની ઐતિહાસિકતા સચવાઈ રહે એ છે. એ જ સબબે 'અને' પહેલાં એમણે કરેલા અલ્પવિરામ (કે પૂર્ણવિરામ)ને (અથવા અલ્પવિરામને સ્થાને 'કે' વાપર્યો હોય તોપણ 'કે' 'પૂર્વેના કે પછીના વિરામચિહ્નને) દૂર કર્યું નથી. કોઈ ખૂણામાં - ખૂણા પડતી અપરિચિત જગા માટે આપણે 'ખૂણેખાંચરે' જેવા શબ્દ પ્રયોગો કરીએ છીએ. લેખકે એ માટે અપવાદો સ્વીકાર્યા છે, દા.ત. 'ખૂણેખોચરે વગેરે. એ સુધ્ધાં દૂર કરેલ નથી. ફૂલ (ન.)ને બદલે એમણે ફુલ (અપ.)નો પ્રયોગ કર્યો છે તે પણ દૂર કરેલ નથી. ભાષા વિજ્ઞાનના અભ્યાસીઓને પણ એ ઉપકારક બની રહેવાનું. પણ હિંદુ, હિન્દુ એમ જે લખેલ છે તેવા શબ્દોમાં વાચનની સગવડતા માટે એકવાક્યતા લાવવાનો મારો પ્રયત્ન રહ્યો છે.

આ ગ્રંથમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તે કહેવામાં લેખકની નિષ્ઠા, શ્રમ, પ્રામાણિકતા, વગેરે જે દેખાય છે તે આપણને ગમી જવાનાં. એ આનંદની - ગમાની - ભૂમિકા પર જ 'વેદવિચાર' ગ્રંથને બારીકાઈથી જોઈને એના લખનારનો - સાધકનો - સત્કાર કરું છું.

# સં. ૧૬૫૦ (ઈ.સ. ૧૫૯૪)નો હાજાપટેલની પોળનો 'ગૃહવિક્રય' દસ્તાવેજ

◆

રસીલા કડીઆ

અમદાવાદ હાજા પટેલની પોળમાં આવેલ સંવેગીના ઉપાશ્રયમાંથી મને અન્ય દસ્તાવેજોની સાથે પ્રસ્તુત દસ્તાવેજની ઝેરોક્ષ નકલ વાંચવા માટે સાંપડી છે. દસ્તાવેજ ફારસી તથા દેવનાગરી એમ બન્ને લિપિઓમાં લખાયેલો છે જેમાંથી મેં અહીં માત્ર દેવનાગરી લિપિમાં લખાયેલું લખાણ ઉકેલ્યું છે. ફારસીથી હું અનભિજ્ઞ છું.

આખો દસ્તાવેજ ૯૦'' × ૧૦'' લાંબો છે. દેવનાગરીમાં લખાણ ૩૬''× ૧૦'' જગ્યા રોકે છે. ફારસીનું લખાણ ૫૩''માં સમાવિષ્ટ છે. ફારસી લખાણને અંતે 'દેવરાજ નાનજી મતૂની ગુજરાતી લિપિમાં લખાયેલી સહી જોવા મળે છે. ગુજરાતી ભાષાનું લખાણ મતૂ અને સાખને બાદ કરતાં કુલ ૪૨ લીટીઓમાં છે. આ લખાણમાંની ૩૨ લીટીથી જમણી બાજુનું લખાણ કાપડ ફાટી ગયું હોવાથી જતું રહ્યું છે. સાખમાંની થોડીક સહીઓ પણ જતી રહી છે. આમ, આ દસ્તાવેજ અતિ જીર્ણ, ફાટેલી ધારીવાળું, છિદ્રાળુ અને અંતનો થોડોક ટુકડો ફાટી ગયેલો છે. આમ છતાં, તેમાં સ્થળ, ગ્રાહક-દાયકનાં નામો, મતૂ તથા સાક્ષીઓનાં નામો છે. મકાનની કિંમત ઠરાવેલી છે તે પણ જાણવા મળે છે. ફારસી લખાણમાં સ્ટેમ્પ છે. તેથી એ અભ્યાસ કરવા યોગ્ય રહ્યો છે. સમયની દૃષ્ટિએ પણ આ જ પોળના અન્ય ઉપલબ્ધ દસ્તાવેજો મેં ઉકેલેલા છે તેમાં આ સૌથી જૂનો-અકબર બાદશાહના સમયનો છે તેથી તેનું મહત્ત્વ છે. અકબર બાદશાહનો રાજ્યઅમલ વિ.સં. ૧૬૧૨ થી ૧૬૬૨ પર્યંતનો હતો.

દસ્તાવેજની ભાષા સંસ્કૃત મિશ્રિત જૂની ગુજરાતી છે. તેમાં અક્ષરવિન્યાસની લાક્ષણિકતાઓ જોતાં, ત્રિપાંખિયો 'અ' પ્રયોજાયો છે. આજની ગુજરાતીના 'ણ' તથા 'લ' જોવા મળે છે. 'ખ' માટે 'ષ' તથા 'ख' બન્ને જોવા મળે છે. આ જ રીતે 'છ' વર્ણ 'ळ' તથા 'छ' એમ બન્ને રીતે પ્રયોજાયેલા છે. ड માટે ઝ (જૂનો ડ) છે. દીર્ઘ ઈ માટે દેવનાગરી ઈ ને દીર્ઘ ઈકારાન્ત ચિહ્ન ड़ी લાગેલ છે. उ (ड़) અને ओ (ओ) નો મરોડ ધ્યાન ખેંચે છે.

**સારાંશ :**

દસ્તાવેજની ૧ થી ૧૯ લીટીઓમાં તેનો સંવત, સાલ, માસ, તિથિ તથા વારનો ઉલ્લેખ થયા બાદ અમદાવાદના સ્થળનો, ઘરવિક્રયનો દસ્તાવેજ હોવાની વિગતો છે, જે મુજબ આ દસ્તાવેજ સં. ૧૬૫૦ (ઈ.સ. ૧૫૯૪), શક સંવત ૧૫૧૬ના સમયનો છે. ઉનાળાની ઋતુ છે. જેઠ સુદ ૧૩, મંગળવારે અમદાવાદમાં લખવામાં આવ્યો છે. ઘરના વેચાણ અંગે તે છે. ત્યારબાદ તે સમયની દસ્તાવેજ લેખનની રૂઢિ પ્રમાણે એના શાસકની-બાદશાહ અકબરના ઉપનામ જલાલુદ્દીન ના ઉલ્લેખ સાથે-ગુણવિશેષોની યાદી આપવામાં આવી છે. હાજા પટેલની પોળના અન્ય દસ્તાવેજ કરતાં જુદા પડતા ગુણવિશેષો - 'ભુવનકુલતિલક', 'વિક્રમાક્રાંત', 'દિગ્વલય', 'વારિવાહન' - ધ્યાન ખેંચે છે. ત્યાર બાદ અમદાવાદ ખાતે મુકાયેલા શાસનાધિકારીઓનાં નામો તેમના ખાતાના ઉલ્લેખ સાથે જણાવાયાં છે. અકબર બાદશાહનો પુત્ર મુરાદશાહ ત્યારે અમદાવાદનો સૂબો હતો અને જહાંગીરના સમયમાં જે સૂબો બન્યો હતો તે કુલીખાનનું નામ અહીં

સાંપડે છે તે ઉલ્લેખપાત્ર છે. વળી, આ જ પોળના અન્ય દસ્તાવેજોમાં 'નગરશેઠ'નો ઉલ્લેખ મળે છે તેવો અહીં નથી, જે સૂચિત કરે છે કે આ પદ પાછળથી અસ્તિત્વમાં આવ્યું હોઈ શકે.

પંક્તિ ૨૦ થી ૩૧ માં સ્થળનામ, ગ્રાહક. દાયક નામો તથા ઘરનું વર્ણન સાંપડે છે. પ્રસ્તુત ઘર ઢીકુઈ વિસ્તારમા હાજા પટેલની પાડીમાં લાંબી શેરી તથા શક્તિ વડલી આપેલ છે. ત્યાંના શ્રીમાળી જ્ઞાતિના વૃદ્ધિ શાખાના શાહ લાલજી લક્ષ્મીદાસ તેજપાલે ઓશવાલ જ્ઞાતિના વૃદ્ધિ શાખાના ઝવેરી શાહ દેવરાજ નાનજી મણોર તથા દેવરાજની માતા રંગાદે અને તેની ત્રણ પુત્રીઓ - નાકૂબાઈ, યંકૂબાઈ તથા ચુથીબાઈ - આ સૌએ હસ્તાક્ષર કરી આપ્યા છે.

'લાંબી શેરી' એ આજનો લાંબેશ્વરનો વિસ્તાર જ હોવો જોઈએ. રિલિફ રોડ બન્યો ન હતો ત્યારે લાંબેશ્વર એ હાજા પટેલની પોળનો જ અંતર્ગત ભાગ હતો. 'અમદાવાદનો ઈતિહાસ' (મગનભાઈ વખતચંદ કૃત) માં લાંબેશ્વરની પોળ હાજા પટેલની પોળમાં જ આવેલી હોવાનું જણાવેલ છે. લાંબેશ્વરમાં શક્તિ વડલીમાં આવેલ આ ઘર છે.

વેચાણ માટે ઘર છે તેમાં એક ઓરડો ડાગલી, મજૂસ તથા પરસાલ અને પ્રિયાંગણમાં આવેલી એક ઓરડી તથા ખડકી બહાર આવેલી ઓરડી છે. પ્રિયાંગણ અને શેરી બહાર આવેલી છેલ્લી ખડકી છે. તેની શેરી વચ્ચે ત્રણનો ભાગ છે. એનો વાડુ (વાડો) લાલજીના ભાગે - પણ સહિજપાલનો ખડકી વચ્ચે ચાલવાનો સંબંધ ખરો, તે સિવાય બીજો કશો સંબંધ નથી. સહજપાલની ઘરની ભીંતથી અડીને શરૂ થતી ખડકી છે.

૩૩મી અને ૩૪મી લીટીમાં મકાનની ઠરાવેલી કિંમત ૧૨૮ાા) રૂ. રોકડા ચોખ્ખા આપવાના છે. ત્યારબાદની લીટીઓમાં ખૂંટની વિગતો છે, ત્યાંથી દસ્તાવેજનો અર્ધો ભાગ ફાટી ગયો છે. આથી જે ભાગ મળે છે તેની વિગતો જોતાં - આ ઘર ઉત્તરાભિમુખનું છે. એક ખૂંટે પનિઆનું ઘર છે. એક ખૂંટે સહિજપાલના ઘરની વાત છે. સાહ દેવરાજનો ત્રણેકવાર ઉલ્લેખ છે પણ આજુબાજુની વિગતોવાળું કાપડ ફાટી ગયેલ છે. છેલ્લી ત્રણ લીટીઓ દ્વારા જાણવા મળે છે કે શાહ દેવરાજે નવનિધાન સાથે આ ઘર વેચ્યું છે અને ખાળ, પ્રણાલ, નિક્ષારિક, વાડુ વગેરે પૂર્વરીતિ પ્રમાણે હોવાં જોઈએ એમ ઇંગિત કરે છે.

અંતે મતૂમાં સાહ દેવરાજ, તેની માતા રંગાદે તથા ત્રણ બેનોની સહીઓ છે જેમાં એક બેનનું નામ દસ્તાવેજમાં યંકૂ છે પણ અહીં ટામૂ કે રામૂ જેવું વંચાય છે. સાક્ષીઓ ઘણા છે અને એમાં બધી જ સહીઓ સહજવાચ્ય નથી, જેટલું, જેવું ઉકેલાયું છે તેવું લખ્યું છે. સાક્ષીની સહીમાં દોશી લહૂઆની સહી અગત્યની છે કારણ કે આ કુટુંબનો દસ્તાવેજ મળ્યો છે તેમાં એ નગરશેઠનું કુટુંબ છે. આ કુટુંબ આટલાં વર્ષોથી આ સ્થળે રહે છે તેની જાણકારી એમાંથી પ્રાપ્ત થાય છે.*

આમ અકબરના સમયનો અતિ જૂનો દસ્તાવેજ હોઈને તથા અમદાવાદના એટલા જૂના વિસ્તાર ઢીંકવા ચોકી વિસ્તારમાં આવેલ હાજા પટેલની પોળનો દસ્તાવેજ હોઈને તેનું મૂલ્ય ઘણું છે.

---

★ (જુઓ : 'સંબોધી', XXIII માં સં. ૧૭૪૯નો રસીલા કડીઆનો લેખ).

# દસ્તાવેજનો પાઠ

१ :॥ स्वस्ति श्री श्रीमन्नृपविक्रमाऽर्क । समयातीत । स(सं)वत्(त) १६५० वर्षे शा-
२ के १५१६ प्रवर्त्तमाने । उत्तरायने । ग्रीष्मर्त्तौ । माहामांगल्यप्रदे । ज्येष्ठ मासे
३ शुक्लपक्षे । त्रयोदश्यां १३ तिथौ । भोमवासरे । अद्येह श्री अहिमदावा-
४ {वा}द मध्ये वास्तव्यं । घर व्रिक्रत पत्रमभिलख्यते । अद्येह श्री गूर्जरा-
५ धीश । अगंजगंजन । रिपुरायां मानमर्द्दन । सकलरायां श(शि)रोमणि
६ अभिनव मार्त्तंडावतार । वाचाविचल । संग्रामांगण धीर । दानैकवीर ।
७ भुवनकुलतिलक । विक्रमाक्रांत । खलु दिग्विलय । (दिग्वलय) वारिवाहन । प्रौढ-
८ प्रताप । माहाराजाधिराज । पातसाह श्रीश्रीश्रीश्रीश्रीश्रीश्री-जलाल-
९ दीन अकबर शाह राज्ये । तत्समये पातसाह लाहुर मध्ये विजयराज्य-
१० क्रीयते । तत्पादकोपि(प)जीवित । विजारित्यां खांन श्री ५ कुलि च महिम्मद
११ खांन धर्मसंज्ञके । तत्समये श्री अहिमदावादनगरे पातसाह अकब-
१२ रनु पुत्र शाह मुरादशाह धर्मन्यायां प्रकाश्यते । तस्याग्रे वजीरषां(खां)न श्री
१३ ५ साधिक महिमदषां(खां)न धर्मन्याय प्रवर्त्तते । तत्र अदलीषां(खां)न श्री ५ हस
१४ नषां(खां)न सदर धर्मसंज्ञके । तत्र चुतरि । तथा शाहाणे सहिर । तथा मी-
१५ रकोई समस्त होदिषां(खां)न श्री ५ सरंदाजषां(खां)न धर्मन्याय प्रवर्त्तते । तत्र
१६ श्री अहिमदावादे धर्माऽधर्मविचारणार्थेक जाइ कादी श्री ५ मीर श्री ५
१७ शांहान । तथा नेब कादी काशम । तथा मीआं **बराकति** । तथा मीआं
१८ कमाल महिमद । तथा मीआं अबदलसमन एतान् समस्त धर्मन्याय-
१९ यां प्रकाश्यते । तत्र सर्वोपरि समस्त होदि मीआं श्री ५ शेष(ख) फरीद । धर्म-
२० संज्ञके । एवं पंचकुल प्रल(ति)पत्तौ । तत्र ढीकूअि । पाडि हाजा पटेलना मध्ये ।
२१ तथा लांबी शेरी । तथा शकति वडलि । तत्र हवेल्यां मीआं लाडू धर्म-
२२ संज्ञके । एवं पंचकुलान्वये । श्री श्रीमाल ज्ञातीय वृधि शाषा(खा)यां । साह
२३ लालजी बिन लक्ष्मीदास बिन तेजपाल । पारस्यात् । श्री ओशवंश ज्ञा-
२४ तीय । वृधि शाषा(खा) । जह्निरी । साह देवराज बिन नानजी बिन म[णो]र । त–
२५ था देवराजनी मातृ बाई रंगादे । तत्पुत्री ३ त्रां(त्री)णि । बाई नाकूं । [त]था यंकू
२६ तथा बाई चुथी । एतान् समस्त हस्ताक्षराणि दत्ता । जित ओरहु एक १ डा-
२७ गली सहित न्तथा मंजूस सहित । तथा परसाल सहित । तथा प्रियांग-

२८ ण मध्ये ओरडी एक १ तथा ष(ख)डकी बाह्य ओरडी एक १ तथा वली ष(ख)डकी एक १
२९ ते बाह्य प्रियांगण तथा शेरी । तथा ष(ख)डकी एक १ छेहल्यी । तेहनी शे-
३० री मध्ये भाग ३ त्रीनि तथा वाडु ते लालजीना भाग त्रीजा मध्ये सहितपाल ही-
३१ ढाकी ष(ख)डकी मध्ये हीडवानु समेध । बीजु किस्यु समं[ध] [नही] ष(ख)डकी साह [स]
३२ हिजपालनी भिहिआ पछी ष(ख)ड[की] अडतीमांडि । भि- - - - - - - - । जित अ[हि]-
३३ मदावादनी टंका(क)सालना चुषू(खू)टा । आकरा - - - - - - - - - एकसु सा—
३४ ढी एकवीर (स) पूरा रोकडा आपीनि ए घर [अदबद वेचातू लीधू] छि ते घरनां—
३५ षूं(खूं)टानि । ते घर उत्तर द्वारनु छि । - - - - - - - - - - त पनी—
३६ आनूं घर । पिसतां जमणि पा[सि- - - - - - - - - - - - - - - देवा
३७ सहिजपालनू घर । अग्रे: - - - - - - - - - - - - - - - - - - - -
३८ आवि तेहनी साह देवरा[ज] - - - - - - - - - - - - - - - - - - - -
३९ करि तेहनी साह देवराज - - - - - - - - - - - - - - - - - - - - - -
४० नवनिधान सहित । विक्रतं - - - - - - - - - - - - - - - - - - - - -
४१ षा(खा)ल परनाल । नीछारिक वा[डु] - - - - - - - - - - - - - - - - -
४२ अस्य लक्षित विधेः पर(रि)पाल [नाय]

| अत्र मतुं | [अत्र साख्य] |
|---|---|
| १ देवराज नानजी मतू | |
| 卐 बाई चोथी मतू | १ स |
| 卐 बाई नाकू मतू १ लतीफ | १ स |
| 卐 बाई टामू मतू १ अबदूल | |
| 卐 बाई रंगादे मतू | १ सा |
| | १ सा गणीआ |
| | १ सहा लखराज<br>सख उपर<br>गोपजी रवा |
| | १ परीक्र । उ[पर]<br>साख - - - |
| | १ दोशी संघाजी<br>साख सतंगज स—<br>नजीनी |
| | १ दो काहन नीतोजी<br>साख लीखा पमाणे |
| | १ द० गदाधर जसरज साख |

१ संठ संधा तौ हनि - - -
१ सा. जसवीर अमरजीस-
१ दो लक्की चन पछीअ साख
१ मीनी सतथी - -
१ तेजमल देवा
१ सो बहअ रतन अ सख
करीआप्पावा स-
परणाम
१ दो लहूआ - - -
आ साखं उप - -

## शब्दार्थ

| | | | |
|---|---|---|---|
| ३ | भोमवासरे | = | મંગળવાર |
| २७ | मंजूस | = | મંજૂષા, મોટી પેટી |
| २९ | प्रयोगण | = | ? |
| २९ | छेहल्यी | = | છેલ્લી |
| ३१ | किस्यु | = | કશું |
| ३२ | भिहिआ | = | ભીંત |
| ३२ | अडती | = | અડીને - ખૂબ નજીક |
| ३३ | तुखूटा | = | ચોખ્ખા |
| ३४ | अदबद | = | છે તેવું જ |

२० प्रतिपतो = હાજરીમાં
डागली = ?

★ ડાગળો શબ્દ છે અને એનો અર્થ છાપરાવાળો નાનો મેડો અથવા પાલખ થાય છે.


॥ स्वस्ति श्री श्रीमन्नृपविक्रमार्कसमयातीतासंवत् १६५० वर्षे शा
के १५१६ प्रवर्त्तमाने उत्तरायनगते श्रीसूर्ये माहामांगल्यप्रदे ज्येष्ठमासे
शुक्लपक्षे त्रयोदशीपुण्यतिथौ सोमवासरे अद्येह श्रीअहिमदा
वादमध्ये वास्तव्यं परविक्रतपत्रमालिलख्यते अद्येह श्रीगूर्जर
धीत्रा श्रीगंजनंजन ॥ रिपुराय मांनमर्द्दन ॥ स्वकजरायांत्र रोमणि
अस्रिन वमार्ले डाबतारा वस्राविवल संग्रा मगिएधीर दानेकणी
भुवनकुलतिलक विक्रमार्कोच रवलुदि विलव पारिवारलाग
श्रीतापासा हाराजाधिराज पातसाह श्री श्री श्री श्री श्री श्री श्री जलाल
दीनअकबर स्वाररराज्ये तत्समये पातसाह जहांगीर मध्ये विजयर
क्रीयतेतान स्वादकोपिजी विता विजारित्ती खांन श्री ५ कोलिबमाहिर
खांनधर्मसंदेके तत्समये श्री अहिमदावादनगरे पातसाह अकबर
रजुजनशाहमुरादशाह धर्मन्याय प्रकौररपते तस्यान्ये वजीरखांन
५ साधिकमाहिमद खांन धर्मन्याय प्रवर्त्ततीत अश्वदली खांन श्री ५ र
नवीनसदरधर्मसंदेके तत्र जुतारि तथा शाहाणेसाहिर तथा
रकोटीसमस्त होदि खांन श्री ५ सारंदाज खांनधर्मन्याय प्रवर्त्तती
श्री अहिमदावाद धर्मो धर्मविचार राचेकि जोदि काजी श्री ५ मीरम
खो हान तथा मेबकादी कारास तथा मीश्री बराकति तथा मी
वसाजमा हमदा तथा मी श्री अबदलरसमन ए नानरसानस्व धर्मन्य
यीप्रकारपते तत्र सर्वोपरिसमस्त होदि मी श्री श्री ५ शेखफरीद
संहकोए वर्ष बकुलमजपत्तो तव ढीकत्तश्च पाणि हाजापटलबास
तथा पो. खिरोरि तथा शाकृति वकलि तत्र स्वेजणी मी श्री लालच
संहके एवं पंचकु लान्वये श्री श्री राजहांतीयाई घरगव्यायां स्त्री
बालजी विनवदमोदरसा खिन तेजपाल पारस्मात श्री तेरावं
तीया हाधरायली जाकिरी स्माह देवराज विन नानजी विनम
पादेवराजनीमातृ बाहीरंगादे तस्यत्रीरशीआणि पाहीनाचंद तथा
तथा वाहबाई एतान समस्तरह स्वाहियणिदत्ता जिनजोरसुएको
गलसाहवा तथा मजरेस्व ता तथा परसाजसहित तथा खिया
एमध्येमेरसी एक तथा बतकी बालजोरसी एक तथा वतीवतकी
तेथा लो पियोगण तथा वोरी तथा वतकी एरा छे हल्यो ने हनत
रीन भेनागरजीत तथा वाकू ने लालजीनानागत्रीजामध्ये साहिजपालन
ओदी व्यतकी मध्ये शीमतवनसमध बीजुसुरुमुसमं मतरीना ६



સં. ૧૬૫૦ (ઈ.સ. ૧૫૯૪)નો હાજાપટેલની પોળનો 'ગૃહવિક્રય' દસ્તાવેજ





યુ.એસ.એ.ના બોસ્ટન શહેરમાં આવેલી હાર્વર્ડ યુનિવર્સિટી (જુઓ ડૉ. ભાનુમતી શાહનો લેખ.)



બાળ સંસ્કાર કેન્દ્રનું એક દૃશ્ય.



અમદાવાદના શાહવાડી વિસ્તારના સોમનાથ મહાદેવ-મંદિરમાંનું શિવલિંગ (જુઓ : ડૉ. ભારતી શેલતનો લેખ.)



Bhīṣma on bed of arrows